કુમુદા અને કાન્તા.

લેખક,

શિવલાલ પોપટલાલ અડાલજા.

મુ. હલવદ.

પ્રકાશક,

શાહ દામોદર પરસોતમ—મુંબાઈ.

આવૃત્તિ ૧ લી. પ્રત ૨૦૦૦.

સંવત ૧૯૭૨. સને ૧૯૧૬.

કિંમત રૂ. ૧-૮-૦.

અમદાવાદ.
ધી "ડાયમંડ જ્યુબિલિ" પ્રિન્ટિંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપી.

તે પતીતપાવન, સતીઓનાં
શિયળના રક્ષક, પાપીઓના
સંહારક, દીનના અને અ-
નાથોના નાથ તથા ધર્મા-
ત્મા-પુણ્યાત્માઓના
સહાયક પરમપ્રભુના
પાદ કમળમાં
અર્પણ.

કિંચિત નિવેદન.

કુમુદા અને કાન્તા જનસમાજ સમક્ષ રજુ કરતી વખતે, તેમાં સમાયેલું રહસ્ય ઉલ્લેખવું આવશ્યક છે. આધુનિક સમયમાં જન સમાજમાં અન્ય વિષયો કરતાં નવલકથાનો વિષય વિશેષ આદરપાત્ર થઈ પડે છે. નવલકથાઓ પૈકી કેટલીક કથાઓ બહુધા વિવિધ ભાષાઓમાંની નવલકથાઓના ભાષાંતરરૂપેજ પ્રગટ થતી દ્રષ્ટિગોચર થાય છે. પરંતુ આ નવલકથા એક કાલ્પનિક અને તદ્દન અવનવિન નવલકથાજ છે. આ નવલકથાની મુખ્ય નાયિકાઓ કુમુદા અને કાન્તા છે. અને તે નૈસર્ગિક રીતેજ પાવિત્ર્યથી પ્રકાશીત હોવાથી તે સત્ય Ideal નો Specimen નમુનો હોઈ આ નવલકથાને તેજ નામ આપ્યું છે.

\+ \+ \+ \+ \+ \+ \+

પ્રસ્તુત નવલકથાની એક નાયિકા Heroine કુમુદા એક પતિપ્રેમી પવિત્ર અને પૂન્યશીલ આર્ય યૌવના છે. કુમુદાનું સૌંદર્ય તેહેના હૃદય સૌંદર્યવડે સવિશેષ દીપે છે. સદ્‌ગુણ અને સદ્‌વિદ્યા એ તેનાં અણુમોલ અલંકારો હતા, તથા પવિત્ર પ્રેમ એ તેના હૃદયનું અમૂલ્ય રત્ન હતું. તે દુર્ભાગ્યવશાત પતિના સંભ્રમ Spersition વડે સંસાર સુખથી હતાશ બની બદમાસની ષડયંત્ર જાળનો ભોગ બનેલી છે, અને તેના પતિનું સંભ્રમવાદી હૃદય બદમાસની પ્રપંચજાળથી સવિશેષ વ્હેમજાળમાં ગુંચાતું જાય છે. અને આથી તે પોતાની પ્રીયતમા એક પવિત્ર પુન્યશીલા છતાં પાપિની અને કલંકિની માની તેનો સત્વર ત્યાગ કરે છે.

તથાપિ તે પુન્યશીલ બાળા કિંકર્તવ્ય વિમૂઢ ન બની જતાં પોતાના પવિત્ર શીયલવૃતનું સંરક્ષણ કરે છે. તે સમય દરમ્યાન કુમુદાના સરિતા વતનથી કથાનું સ્વરૂપ Tregodic અને Romantic થાય છે. અને તેથી વાંચકવૃંદ સહજ ખિન્ન થશે. પરંતુ ખરી રસિકતા અને વાર્તાનું સત્ય Romance તે વિના પ્રદર્શિત થઈ શકતું નથી. અને નવલકથાનું વસ્તુ Plot **જો ક્ષણે ક્ષણે યત્નવતા મુપૈતિ તદેવ લપં રમણીયતાયા:** એ સૂત્રાનુસાર પ્રતિક્ષણે નવિનતા ધરાવે એવું રસપ્રદ હોય અને વાંચક રસ–ગુણગ્રાહી હોય તો કથા વાંચનમાં અધિક પ્રીતિ થાય છે. તેથીજ આ કથાની વિષયશૈલી અવનવિન રચેલી છે. કુમુદાગૌરી છેવટે પ્રભુની મહાન દયાથી, તેના પતિના સત્ય પ્રેમનું

પરિભ્રમણ કરે છે. તદનુસાર અન્ય નાયિકા કાન્તા પણ એક પુન્ય-શીલા દેવીજ છે. અને તે પણ કુમુદ્દા સમાન વિપદ્ ચક્રમાંથી પોતાના પાવિત્ર્યથી છૂટી જાય છે.

પ્રસ્તુત નવલકથા જો કે અકટોબર માસની અધવચમાંજ પ્રજા સમક્ષ રજુ કરવા વિચાર હતો, પરંતુ કેટલાક અનિવાર્ય પ્રસંગોને લીધે તે પ્રકટ કરવાનો સમય લંબાવ્યો છે. તથાપિ તે પ્રભુ કૃપાથી હમણાં પ્રકટ થાય છે, એજ અમારા હૃદય આનંદનું પાત્ર છે. અમારો પ્રથમ આશય, આ કથા બે વિભાગમાં વ્હેંચી નાંખવાનો હતો. પરંતુ નવલકથાના ખંડ કરવાથી વાંચકનું મન રસહાનિ થવાથી અસંતુષ્ટ થાય છે. અને પ્રથમ ભાગ વાંચનારને અપૂર્ણતાના સબબે આતુરતા થાય છે, કિંતુ તે પ્રમાણે અમારા પ્રિય વાંચકવૃંદને રસક્ષતિ ન થવા પામે તે માટે આ કથા એકજ ભાગમાં પરિસમાપ્ત થાય છે.

આ કથાના વાંચનારને કથા વાંચન વખતે કથામાંના પાત્રને જાણે નાટયભૂમિ ઉપરના પાત્રો માફક પ્રત્યક્ષ દર્શન થતાં હોયને એવું રસિક કથા પ્રદર્શન Denouncements કરેલું છે. અને એક વનવાસ નિવાસી મનુષ્યને આપણા આધુનિક સંસારમાં પ્રવેશ કરતી વેળાએ સઘળુ અવનવિન અને આશ્ચર્યકર લાગે છે. કિંતુ સંસારના નાટકના સૂત્રધારને મન તે સરલ અને એક સ્વભાવિક વિષયજ હોય છે અને તે પ્રમાણે આ કથાનો વિષય Problem અતિ રસદાયક અને સુબોધપૂર્ણ થાય, તે માટે અમે વિશેષ લક્ષ આપ્યું છે, એમ કહીશું, તો તે અસત્ય તો નહિજ લેખાય એમ આશા છે. અને તેથી આ કથાનો રસિક વૃત્તાંત વાંચકવૃંદને સ્તબ્ધ બનાવે તેમાં આશ્ચર્ય સરખું તો નથીજ.

આ નવલકથા એક અવનવિન રસિક નવલકથાજ છે. અને તે શ્રૃંગાર લાલિત્ય કરૂણહાસ્ય વિગેરે રસોથી પૂર્ણ હોવાથી ખરેખર તે નવરસ વિભૂષીતજ લેખી શકાશે. કથાની ભાષા રસિક કઠિન....સાલંકૃત કવચિત સરલ પણ ગંભિર રાખી છે કે જે કથાની વિવિધપ્રસંગે રસક્ષતિ ન થવા પામે તે માટે અવશ્યનાજ છે.

પ્રસ્તુત નવલકથા જો કિંચિત પણ જનસમાજને પ્રમોદ અને પ્રબોધનું પાત્ર થઇ પડશે તો તે ખરેજ અમને આનંદદાયક વાર્ત્તા થઈ પડશે. ભૂલચૂક માટે યાચના છે. એજ વિજ્ઞાપના.

હલવદ નિવાસી.
જીલ્લો કાઠીયાવાડ.
પોષ કૃષ્ણનવમી શનિવાર.
તા. ૨૯-૧-૧૯૧૬.

લેખક,
Shivlal Popatlal Adalja.

અનુક્રમણિકા.

કુમુદા અને કાન્તા.

પ્રકરણ ૧ લું.

વિચિત્ર દશ્ય.

"મનમાં કંઈ ને કંઈ કહે, કરે કુટિલ કંઈ કામ;"

(રણછોડભાઈ.)

"કુટિલ પાપથી નવ ડરે, બાળ કુટિલનું નામ."

(ગવરીબાઈ.)

નિશાના અંધકારને વિદીર્ણ કરીને જગત્‌માં પ્રકાશનો વિસ્તાર કરવા વાસ્તે નભમંડળમાં નિશાનાથ ચંદ્રનો ઉદય થઇ ચૂક્યો હતો, વનપશુઓ અને હિંસક પ્રાણીઓ પોતપોતાનાં નિવાસ-સ્થાનમાં સંતાઈ જઈ નિઃશંક અને નિર્ભય થઇને શયન સુખનો ઉપભોગ લેતાં હતાં, સર્વત્ર શાન્તિ અને શૂન્યતા પ્રસરેલી જણાતી હતી, તારામંડળ પ્રકાશ યુકત રાત્રિમાં મંદ મંદ ચમકી રહ્યું હતું, મહાસાગરના જળપ્રદેશમાં ચંદ્રનાં ઉજ્વલ કિરણો નાચતાં હોવાથી તેની સૌંદર્યતા વિલક્ષણ ભાસ કરાવતી હતી, આકાશ કિંચિત્ અભ્રાચ્છાદિત હોવાથી અંધકારની મંદ છાયા ક્યારેક ક્યારેક પ્રસરતી હતી, શીતલ અનિલદેવ પણ મંદ મંદ ઝરઝર ધ્વનિ કરતો ઉડી ઉડીને આનંદ તોફાન હ્રદયમાં જગાવતો હતો અને પવનના આઘાતથી આન્દોલિત થતાં વૃક્ષો જાણે પ્રભુજનનો ધ્વનિ ઉદિત કરતાં હોયની એવો જ વિલક્ષણ ભાસ થતો હતો; આવા ભયાનક અને નિર્જન અરણ્ય પ્રદેશમાં ટ્રેન, મોહમયી (મુંબઇ) નજીકના પ્રદેશમાં, સુસવાટ કરતી ધસી આવતી હતી. આ ટ્રેનના પહેલા વર્ગના એક ડબામાં એક નવયૌવન તરૂણ બાળા બેસીને પ્રવાસ કરતી હતી. નવયૌવનાથી કેટલાક અંતરે પોતાનાં છોકરાં સહિત એક દમ્પતિ અને સામેની બાજુએ એક મુંબઈ નિવાસી યુવક–બદમાશ બેઠો હતો.

ઉપરોક્ત સુંદર બાળા શરીરે એટલી સૌંદર્યવતી હતી કે તેને નીહાળી મદમાતી અને સુંદર યુવતીનો મદ પણ ઉતરી જાય. તેણીના કમળદંડ સમાન ગોળ હાથમાં સૌભાગ્યસૂચક કંકણ શોભાવૃદ્ધિ કરી રહ્યાં હતાં, નાજુક પગમાં નૂપુર ચળકાટ મારતાં હતાં અને સુગોળ ગળામાં પણ એક ચળકતો ચંપાહાર પહેરેલો હતો. આ ઉપરાંત અન્ય વસ્ત્રો પણ તેણે પરિધાન કર્યાં હતાં. તેણે પહેરેલી રેશમી ઝીક ભરેલી આસમાની રંગની સાડીથી તેનું સુંદર શરીર ઢંકાયેલું હતું. મંદ અનિલ તેના છેડાને ઉડાડી વિલાસભાવે રમત રમતો હોય તેવો ભાસ થતો હતો. આથી અભ્રાચ્છાદિત ચંદ્ર, વાદળાં ખસી જતાં જેમ શોભાસ્પદ જણાય તેમ સાડી ખસી જતાં તેની મનોહર મુખમુદ્રા હાસ્યની છટા ચમકાવતી હતી. પગની મંદ હિલચાલથી નૂપુરનો કર્ણપ્રિય રણઝણાટ સંભળાતો હતો. આ નવયૌવન બાળાની તેજસ્વી મુખપ્રભાનું ચાતકવત્ પાન કરતો ઉક્ત યુવક ખિન્ન હૃદયે મુસાફરી કરતો હતો. તેણે પાશ્ચાત્ય પ્રજાને અનુકરણ કરતો પોશાક એટલે, કોટ, પેન્ટલૂન અને ટોપી એટલો પોષાક પહેરેલો હતો અને સ્ટોકીંગ સાથે બુટ ચડાવેલા હતા. આ નવયૌવનાનો મધુરો નૂપુર ધ્વનિ આ યુવકના દિલને જાદુ જેવી અજબ અસર કરતો હતો. કેમ જાણે સાક્ષાત્ કામદેવતાનું સમર બાળા જ હોય ને?

પ્રિય વાંચકવૃંદ! કામદેવના પ્રબળ પાસમાં પ્રાણી માત્ર બદ્ધ થયેલાં છે. પાંડુ જેવા પ્રતાપયુક્ત રાજા શાપિત હોવા છતાં મદનરસમાં લુબ્ધ અને લીન થવાથી તત્કાળ મૃત્યુને પાત્ર થયા હતા. સંવરણુક રાજાએ પરસ્ત્રીના અભિલાષથી પોતાના મિત્રની કન્યા સાથે વ્યભિચાર કરી મિત્રદ્રોહનું પાતક વ્હોરી લીધું હતું. આવા જ મદનવિકારવડે રાજાઓનાં અને અન્યજનોના વિનાશનાં અન્ય પણ સહસ્રાવધિ ઉદાહરણો મળી શકે છે. એ કામદેવે મહાનુભાવ મુનિજનોનાં તપોમાં પણ ભંગાણ પાડયું છે તો પછી આ વિલાસપ્રિય યુવકની શી વીશાત? વળી નિશા સમયે ગમે તેવી બદસુરત સ્ત્રી પણ એક સુંદરી સમાન મનોમોહક અને રમ્ય દીસે છે તો વસંતવિહારી અનિ-

લદેવે પ્રેમથી ચુંબન કરેલાં ગુલાબકુસુમના સરખાં સૌંદર્ય-યુક્ત આ સ્વરૂપવતી બાળા વિષે તો કહેવું જ શું? ખરેખર આ નવયૌવનાના ચંચળ અને ઉજ્વલ પણ પવિત્ર નેત્રકટાક્ષથી એ તરૂણ મોહાંધ થઇ ગયો જ હતો !

સર્વત્ર શાન્તિ અને નિઃસ્તબ્ધતા પથરાઇ રહી હતી, રાત્રિનો સમય હોવાથી ઉતારૂઓ નિદ્રાના પાસમાં જ સપડાયા હોય તેમ જણાતું હતું; વળી આ પહેલા વર્ગના ડબામાં ગીર્દિ જેવું ન્હોતું એટલે સૌને પાસુ લંબાવવાનો ઠીક યોગ મળ્યો હતો. આમ સર્વ નિદ્રાના અંકમાં ઉતારૂઓને પડેલા જોઈ આ પતિ પ્રેમી બાળા મંદ મૃદુસ્વરે ઉચ્ચારવા લાગીઃ—

“ વ્હાલા નાથ ! મારા મુકુટમણી ! ! હું રંક સ્ત્રી છું, તોપણુ તમારી ધર્મપત્ની છું, અર્ધાંગના છું, તમારા પુન્યશીલ પદકમળની દાસી છું—તમને ઉપદેશ કરવા યોગ્ય તો નથીજ, છતાં પણ બોલું છું; કારણુ કે આપના વિયોગ દુઃખને લીધે હું ધૈર્ય ધારી શકતી નથી. પ્રભુ ! જ્યાંસુધી આપના પદકમળની સેવાના સુખનો ઉપભોગ નહિ મળે ત્યાંસુધી મારા આ વિરહ વહ્નીથી દગ્ધ થતા હૃદયમાં કોઈ કાળે પણ શાન્તિનો સંચાર થવાનો નથી ! અહો ! હું કેટલી મંદભાગિની.! શો હૃદયેશ્વરનો સંભ્રમયુક્ત સ્વભાવ ! એ મારા વાસ્તે કેટલો હૃદયદ્રાવક પ્રસંગ ! અરેરે ! પ્રાણુ વલ્લભ ! મ્હારા મુકુટમણી ! કહો, આપના હૃદયમાં સંભ્રમવાદી વિચાર શાથી ઘોળાય છે ? કે જેનો ભરતીમાંથી ઓટ થતો જ નથી ! અરેરે ! લગ્ન પૂર્વનું હાસ્ય અને મધુરાં વચનો ક્યાં ? અને હમણાંનો સંભ્રમયુકત કોપાનલ ક્યાં ? પ્રભુ ! હું કેવળ નિર્દોષ છું. દયા કરો, સંભ્રમ ન રાખો. ભલે, આપનો સંભ્રમ ચાલુ જ રહે, પરંતુ આપનો વિયોગ સહન કરવા જેટલી શક્તિ હું ધરાવતી નથી, આપના વિના મારા સર્વ વૈભવો વિપત્તિસમાન છે, મને તો આપના ચંદ્રમુખ દર્શનમાં જ આનંદ છે, પરંતુ તેટલોયે પ્રમોદ મેળવવાનું શું મારા ભાગ્યમાંથી ભુંસાઈ જશે ? પ્રભુ !” આમ ગદ્દગદ્દ સ્વરે બોલતાં બોલતાં આ અભાગિની બાળાની આંખોમાંથી અશ્રુનું પુર વહન થવા લાગ્યું અને તેના હૃદયપ્રદેશને ચુંબન કરવા લાગ્યું.

પ્રિય વાંચક વૃંદ ! એ દુર્ભાગિની પતિવિયોગી બાળા કોણ હશે તે જાણવાની તમને સહજ અભિલાષા પ્રકટી હશે, વાસ્તે એ સૌંદર્યવતી બાળાનો કિંચિત્ ઉલ્લેખ કરવો એ આ સ્થળે ઉચિત લેખાશે.

ઉકત અજ્ઞાત બાળા આ કથાની એક નાયિકા કુંદનપુરના રહીશ પણ હાલ મુંબઈમાં વસતા વિનોદચંદ્ર શેઠનાં નવલ વધૂની એકની એક લાડકવાઈ પુત્રી **કુમુદા** છે. વિનોદચંદ્ર શેઠને નવી અને જુની બે સ્ત્રીઓ હતી. તેમાં જુનીને એક પુત્ર તથા પુત્રી હતાં અને નવીને આ **કુમુદા** હતી. જુનીની પુત્રીનું નામ કાન્તા અને નવીની પુત્રીનું નામ **કુમુદા** હતું. જો કે કાન્તા અને કુમુદા બન્ને સાવકી બહેનો હતી પણ કોઈ પૂર્વજન્મના સંસ્કારથી તે બન્નેને એક બીજા ઉપર એવો સ્નેહ હતો કે અજાણ્યાને એમ જ લાગે કે આ બન્ને સગી બહેનો હશે. બહુ દિવસથી **કાન્તા** અને **કુમુદા** છુટાં પડેલાં હોવાથી **કુમુદાને**, **કાન્તાને** મળવાની પ્રબળ ઇચ્છા થવાથી તે થોડા દિવસથી કુંદનપુર ગઈ હતી. અને ત્યાંથી તે હાલ પાછી વળી મુંબઈ તરફ આવતી હતી. **કાન્તા** માટે પોતાને અંતઃકરણથી બહુજ લાગણી હતી, પણ પોતાના માતાના દબાણથી તે વધુ વખત તેના સહવાસમાં રહી શકતી નહિ, તો પણ પોતે એકની એક પુત્રી નવી સ્ત્રીને હોવાથી **વિનોદચંદ્ર** શેઠને તેનાપર બહુજ મમતા હતી. અને તેથી કોઇ કોઈ વખત કુમુદાનું દીલ ન દુઃખાય તો ઠીક એમ ધારી શેઠ પણ કાન્તાને મળવા જવાની રજા કુમુદા જ્યારે માગતી ત્યારે તેને આપતા હતા.

કુમુદા સુશિક્ષીત અને બુદ્ધિમતી હતી એટલે કે તેણે મેટ્રીકની પરિક્ષા પસાર કરી હતી. તે જોકે કેવળ નિર્દોષ પતિપ્રેમી અને પુન્યશીલ હતી છતાં પણ તેના અયોગ્ય સ્વાતંત્ર્યથી પતિપ્રેમથી ચ્યૂત થઇ હતી. તેની મંદસ્વરે ઉચ્ચરાએલી હૃદયદ્રાવક દુઃખકથા સાંભળીને ઉકત અજ્ઞાત યુવક ચમકી જતાં જ બોલ્યો:—

"અહો ! આ શું ? બ્હેન ! આટલો ગભરાટ શાને ? આટલાં બધાં શોકાતુર શાને થાઓ છો ? કહો, કહો, ભદ્રે ! તમારૂં હૃદયવેધક વૃત્તાંત શું છે ?"

"ભાઈ! મારી કરૂણાજનક દુઃખદ સ્થિતિનો સંપૂર્ણ ખ્યાલ આપના સમાન મુસાફર અને એક અપરિચિત યુવકને કહેવા જેટલી હિમ્મત હું ધરાવતી નથી તો મારા હૃદયના ગુપ્ત વ્યાધિને હું આપની પાસે કેવી રીતે ખુલ્લો કરી જણાવું? તો-પણ અનાયાસે કુદરતે આપને અહિં ઉપસ્થિત કર્યા છે તો હું ટૂંકામાં જ કહીશ કે, મારી આટલી મનોવ્યથાનું કારણ મારા હૃદયેશ્વરનો સંભ્રમયુકત સ્વભાવ! મારી પવિત્રતા ઉપર કૃષ્ણ કલંક! અરેરે! વીર સહોદર! પુન્યશીલા છતાં પાપિની ગણાવા જેટલો અન્યાય! આથી એક ધર્મપરાયણ અને નીતિશાળી સાધ્વિ સ્ત્રીને વિશેષ દુઃખ અન્ય કયું હોઇ શકે?" કુમુદાએ ગદ્‌ગદ્ કંઠે કહ્યું:—

કુમુદાને આશ્વાસન આપતાં યુવક બોલ્યો: "બ્હેન! તમારા સમાન સાધ્વિનું દુઃખ પ્રભુ વિદીર્ણ કરો! ભદ્રે! સ્વસ્થ થાઓ, ધૈર્ય ધરો. તમારી સુશીલતા અને પવિત્રતા જ તમારા પ્રણયકાન્તના પ્રેમને અવિચલ રાખશે અને તે સાથે સમસ્ત સંભ્રમ વાદળને છિન્નભિન્ન કરી નાખશે. પ્રભુ પવિત્ર અને ધર્મશીલ જનને તાવે છે પરંતુ કંઈ ત્યજી દેતો નથી. આ સંસારમાં સુખદુઃખ આવે એ જીવનની સ્વાભાવિક અવસ્થા જ છે, અને દુઃખ તો જીવનની શુદ્ધિ અને પવિત્રતાની કસોટી છે. યુધિષ્ઠિર સમાન ધર્મપરાયણ મહાપુરૂષને પણ એ દુઃખની કસોટીમાંથી પસાર થવું પડયું હતું, તો પછી સામાન્ય જનની તો વાર્તા જ શું કરવી? પ્રત્યેક પ્રાણિના માથે દુઃખના વિકટ પ્રસંગો આવે છે પરંતુ એ વેળાએ ધૈર્ય અને ક્ષમા રાખીને પોતાની ફરજ બજાવવીજ ઉચિત્ લેખાશે. તેમાંથી એ Moral Paradox નૈતિક ગુણ પ્રાપ્ત થાય છે. સહોદરા! શ્રીરામચંદ્રજીને સીતાજીનો વિયોગ થયો હતો, તારામતીને ત્યજી દેતાં ધર્મશીલ હરિશ્ચંદ્ર આકુળવ્યાકુળ થયા હતા અને દ્રૌપદીને વિછોડતાં પાંડવ અકળાયા હતા. પરંતુ સીતા, તારામતી, કિંવા દ્રૌપદીએ તો ધર્મપરાયણ રહી વિકટ કષ્ટ સહન કરવામાં જ મહત્તા માની હતી અને અંતે એ પતિપરાયણ સાધ્વી સતીઓ સુખોદધિમાં લીન બની હતી; તદ્વત્ તમારે

પણ મુંઝાવાનું કિંચિત્ પણ પ્રયોજન નથી, તેમ ભય પામવાનું પણ કારણ નથી. न्यायात्पथः 'प्रविचलन्ति पदं न धीराः'[1] એ સૂત્રાનુસાર આપત્તિમાં પણ ધૈર્ય રાખવું જ ઉચિત છે. વળી સેનીકાજેવો રાજ્યપંડિત કહે છે કેઃ—

The greatest man is he who chooses right with the most invincible resolution; who resists the sorest temptation from without; who bears the heaviest burdens cheerfully; who is calmest in storms, and most fearless under menaces and frowns; whose reliance on truth, on virtue and on good is most unfaltering." એ સૂત્રાનુસાર ઈશ્વર ઉપર વિશ્વાસ રાખી વિપત્તિમાં શાન્ત રહેવું જ ઉચિત્ છે." એમ કહી આ તરૂણે કુમુદાને આશ્વાસન આપ્યું.

અહો! કુટિલનાં હૃદય કેટલાં વિલક્ષણ હોય છે? સાદાં નાટકીય વસ્ત્રો પરીધાન કરવાં, મહાગંભીર અને પવિત્રતા સૂચક વિચિત્ર મુદ્રા દર્શાવવી અને આવા દુઃખદ સમયે અલૌકિક નીતિયુકત વચનો ઉચ્ચારવાં, એ પાપીષ્ટ અને કામાંધ જનોના, માત્ર પોતાની કુટિલતા અને અધમતાને છુપાવવા માટેના સલામત શસ્ત્રોજ છે! "ખરેખર એક સુજ્ઞ અને ધર્મશીલ પુરૂષના મુખમાંથી જ આવા અમૂલ્ય શબ્દો નીકળે છે. આજે જાણે મારી પુજ્ય માતુશ્રીના મુખના શબ્દો જ મારા શ્રવણોમાં અથડાતા હોય એવો જ મને અનુભવ થાય છે. ભાઇ! આટલી દિલસોજી અને સહાનુભુતિ દર્શાવનાર આપ કોણ અને કયાંના રહેવાસી છો? અને હમણાં કયાં પધારો છો? તેમજ આપનું નામ શું?" કુમુદાએ મૃદુ સ્વરે કહ્યું.

આ મુગ્ધ બાળાના પ્રશ્નોના ઉત્તર આપતાં તે અજ્ઞાત યુવક બોલ્યોઃ—"મારૂં નામ કુમતીચંદ્ર છે અને રાજ્યસ્થાનમાં આવેલાં કેટલાંક ઐતિહાસિક સ્થળો જોવા વાસ્તે હું નીકળ્યો હતો ત્યાંથી હમણાં પુનઃ મુંબઇ જાઉં છું. કારણ કે હું હમણાં

---

૧. જે ધૈર્યવાન પુરૂષો હોય છે, તે ન્યાયના માર્ગ વિરૂધ એક પગલું પણ ચાલતા નથી.

મુંબઈમાં જ રહું છું; પરંતુ મારૂં પૂર્વ જન્મસ્થાન સુંદરપુર નજીકના એક નાનકડા ગામડામાં છે. અરેરે! હિંદુ સંસારના અસહ્ય દુ:ખભારથી મારી સાંસારિક સ્થિતિ પણ શોચનિય થઈ પડી છે. એટલે કે મારી કલેષિની પત્નિથી મારો ગૃહ-સંસાર કલુષિત બન્યો છે. અરેરે ઘણું ખોટું! આપણા હિંદુ સંસારનું બંધારણ ઘણું જ ખોટું!"

કેટલીક વારે ચુપકી તોડીને કુમુદા બોલી:–" કુમતી-ચંદ્ર! તમારા કહેવા ઉપરથી એમ જ જણાય છે કે તમારો સંસાર પણ દુ:ખી અને નિષ્ફળ નીવડયો છે. આથી આપની એ વિલક્ષણ પૂર્વ કથા જાણવા મને સ્વાભાવિક અભિલાષા થઇ આવી છે તો આપની એ કર્મકથા કશો પ્રત્યવાય ન હોય તો મને કહી સંભળાવો. તે જાણવા મારૂં મન અતિશય ઉત્સુક થઈ રહ્યું છે." કુમુદાએ આશ્ચર્યયુકત મુદ્રા કરતાં જ કહ્યું.

"સુશીલ કુમુદા! ત્યારે લ્યો સાંભળો" એમ કહીને કુમતીચંદ્રે નીચે પ્રમાણે પોતાનો પૂર્વ વૃત્તાંત કહેવા માંડયો:—

" મારૂં પૂર્વ જન્મસ્થળ પ્રતાપપુર નામક એક સાધારણ ગામ–ગામડું છે. એ ગામ નાનું સુનું હોવા છતાં અમારી ભુદેવ જ્ઞાતિના તે ગામમાં લગભગ સેંકડો ઘર છે અને તે પૈકી અર્ધો અર્ધ તો કુળવાન ઘર લેખાય છે. એ કુળ ગૌરવ-તાનો એટલો પ્રચાર વૃદ્ધિ પામ્યો છે કે તેનું હૃદયદ્રાવક વર્ણન કરતાં મને કંપારી છૂટે છે. અરે! અનેક અજ્ઞાન નિર્દય મા-બાપો એવી માન્યતા ધરાવે છે કે પોતાની રૂપવતી અને ગુણ-વતી કન્યાને કોઇ કુળવાન વર મળે એટલે બેડો પાર! ભલે પછી તે વૃદ્ધ હોય કિંવા અલ્પ વયનો હોય. એવા વર–ધુવ-ડને ગળે પોતાનું કન્યારત્ન બાંધીને પોતાની રૂપવતી અને ગુણવતી કન્યાને જીવતા પતિએ રંડાપો આપવાને અને તેના સંસાર સુખનું સત્યાનાશ વાળવાની બાજી રચે છે; તદુપરાંત વરવાળાને કન્યાનો બાપ વેવીશાળના સાટામાં મ્હોંડે માગ્યો દાયજો, પહેરામણી તરીકે આપવાને તૈયાર થાય છે. આ પ્રમાણે વર-વિક્રયનો મહા દુષ્ટ રિવાજ એક સાચા સીક્કા સમાન પ્રચલીત થયો છે. એ દુષ્ટાચારના શાસ્ત્રને વિશેષ પ્રકાશીત કરવાને મારા

પિતા ધૂર્તશંકરે અમારી જ્ઞાતિનો જે બ્રહ્મદેવ પુષ્કળ નાણાંની નવાજેશ કરે તેની કન્યા સાથે મારૂં લગ્ન કરીને મારા સંસાર સુખની બાજીને સંકેલી મૂકવાનો દુષ્ટ સંકલ્પ કર્યો. પછી ભલે કન્યા અશિક્ષિત અને કદરૂપી હોય ! પરંતુ ગૃહરાજ્યમાં લક્ષ્મીનાં પનોતાં પગલાં થાય એટલે બેડો પાર ! આવા દુષ્ટ અનાચારનું કાંઈ જેવું તેવું પાપ નથી. વળી 'દિકરીએ દીવો ટળજો !' 'રોમ રોમ કીડા પડજો !' 'રૌરવ નર્કમાં જજો !' એવા શ્રાપો આવા વિક્રય કરનાર નિર્દય બાપને તેની દુઃખ દરિયામાં ડુબી મરતી પુત્રીઓ જ આપે છે. પરંતુ એ ક્ષુદ્ર કલ્પનાનો દિપક લક્ષ્મીના પવન ઝપાટે ગુલ થઇ જાય છે. એટલે કે લક્ષ્મીના લાલિત્યમાં એ પાપરૂપ કૃતિનો પશ્ચાતાપ તેવાં દયાહીન અજ્ઞાન માબાપોના હૃદયમાં ઉદિત થતો જ નથી ! અરેરે ! લક્ષ્મીના લોભથી આવા દુષ્ટ મનુષ્યો સંસારના ક્ષણભંગુર સુખને માટે જે કાળાં ધોળાં કરે છે, તે બધાંને વાસ્તે '**જેવી કરણી તેવી પાર ઉતરણી** અથવા **जेसा करेगा एसा पावेगा**' કિંવા 'As shall he sow, so shall he reap' એ ધર્મના અમૂલ્ય વચનાનુસાર અંતે તેમનો નાશ થઇ જાય છે. તદુપરાંત દેવોના દેવ સર્વ શક્તિમાન ન્યાયી પરમેશ્વરની આગળ તેમને આપેલી અમૂલ્ય મનશક્તિઓની બક્ષીસોનો અસદ્ પ્રયોગ કરવાનો જવાબ ન અપાયાથી તેઓના આત્માને રૌરવ નર્કમાં પડવું પડે છે. જો એ પરલોકની નરકયાતનાની ભીતિ ન હોય તો કોઇ ધર્મ પરાયણ વર્ત્તે જ નહિ. શ્રીવ્યાસજીએ પણ કહ્યું છે કે—

> " **नाभीतो यजते राजन, नाभीतो दातुमिच्छति ।**
> **नाभीतः समये कश्चित्तस्थातुमीहेत मानवः** "

એ સૂત્રાનુસાર જો ઇશ્વરનો ભય ન હોય તો કોઇ પણ મનુષ્ય, 'વ્યવહાર બંધારણને તાબે રહી વર્ત્તે પણ નહિ. પરંતુ મારા સ્વાર્થાંધ પિતાના મનોરાજ્યમાં તો એવા ધર્મના વિચારોને બદલે પાપીષ્ટ લક્ષ્મીલાલસા વ્યાપ્ત થઈ હતી ! આ વખતે મારા વેવીશાળને વાસ્તે ઘણીએ માગણીઓ થવા લાગી. કેટલાક તો મારા પિતાને પુષ્કળ રૂપિયા આપવાની લાલચ

આપવા લાગ્યા અને મારા ગરીબ અને અજ્ઞાન પિતાને તે લાલચમાં આનંદ મળવા લાગ્યો. અરેરે ! એવા અભદ્ર અને અનીષ્ટ વિચારોનું ફળ પણ તેટલી જ ભયંકરતા ધારણ કરે છે. આવું શોકકારક દુષ્કાર્ય તેના અધિષ્ટાતાને હાનિકારક ભલે ન જ થાય પરંતુ તેઓની નિર્દોષ અને બિચારી કોમળ હૃદયની કન્યાઓ હૃદયના મહાવ્યાધિથી પીડાય છે અને તેવી અનેક સુકુમાર "**સ્નેહલતાઓ**"નાં શરીરો શોકતાપના હુતાશનમાં બળીને ખાખ થઈ જાય છે. અરેરે ! બહેન ! આવા અત્યાચારથી કેટલાં સુકુમાર હૃદયો દુખાગ્નિમાં દગ્ધપ્રદગ્ધ થતાં હશે ? ઘરડા ઘુવડને પરણેલી બિચારી નવયૌવન, રસિક અને સ્વરૂપવતી બાળાઓ વિધવા થાય છે. કેટલી ભયંકર ઘટના ! આથી એ કોમળ બાળાઓની બુદ્ધિ મદનવિકારના ઉદ્‌ભવથી ભ્રષ્ટ થાય છે અને એવી માનસિક વ્યાધિથી શારીરિક વ્યાધિ ભોગવતી બાળાઓ વૈધવ્યના ભયંકર પ્રહારને સહન કરી શકે નહિ, તેમાં શું આશ્ચર્ય ! મદનવિકારના પાસથી મહાન અરણ્યવાસી ઋષિમુનિયો પણ છટકી નથી શકયા તો એ પાસમાંથી બિચારી અજ્ઞાત યૌવનાઓ છટકી જાય એ કેવળ અશકય અને અસંભવિત જ છે. અરેરે ! કુમુદા બહેન ! આવા અત્યાચારથી અનેક નિર્દોષ પંખીડાં ગૃહકલહના દુઃખાગ્નિથી પ્રજ્વલીત થાય છે. આવો જ વડિલોપાર્જીત વારસો મેળવવાને મારી ભાગ્યહીન કર્મરેખામાં સદાને માટે અંકિત થયું છે. એટલે મારા વૃદ્ધ પિતાએ લક્ષ્મીલાલસાથી મારા સંસારસુખનું સત્યાનાશ વાળી દીધું છે; કહો કે બુઢાપણે ધોળામાં ધૂળ નાંખી મારા સંસારિક સુખનો વિનાશ કરી નાખ્યો છે.

મારા સ્વાર્થાંધ પિતાએ ધીરે ધીરે પોતાના પાપીષ્ટ વિચારોની ભયંકર જાળ પ્રસારવા માંડી એટલે કે દ્રવ્ય મેળવવાની પાપશીલ લાલસાથી તેણે કેટલીક સુશિક્ષિત અને સૌંદર્યવતી મુગ્ધ કન્યાઓનાં કહેણ પણ પાછાં વાળ્યાં હતાં; કારણ કે એ ભયંકર પાપજાળમાં મનમાન્યું ભક્ષ સપડાયું નહોતું. જો કે આપણા કર્માનુસાર સુખદુઃખ આવે છે અને એજ કર્મે કરીને મહાપુરૂષો પણ પીડાય છે. એ રીતે તો કર્મના નચાવ્યા

સર્વને નાચવું પડે છે. વળી કહ્યું છે કે:—

तादृशी जायते बुद्धिर्व्यवसायोपितादृशः
सहायास्तादृशा एव यादृशीभवितव्यता.[1]

એ સૂત્રાનુસાર જે પ્રસંગે જે બનવા કાળ હોય તે પ્રમાણે સઘળાં સાધનો એકત્ર થાય છે. પરંતુ દોષભાગી તો મારા જન્મદાતા પિતાશ્રી! આખરે સુંદરપુરનિવાસી કમળાશંકર પંડયાએ પોતાની એકની એક પુત્રીનું વેવીશાળ મારી સાથે કરવાનું કહેણ મોકલ્યું. અને તે માગણી છેવટે પુષ્કળ રૂપિયા સમર્પણ કરવાની શરતેજ મારા પાપી પિતાએ કબૂલ કરીને હામાં હા મેળવી દીધી. એ અનાચારથી મારી ઉન્નતિ કિંવા અધોગતિ થશે એ કલ્પના તેમના અંધકાર વ્યાપ્ત હૃદયમાં ઉપસ્થિત થવી એ તો આકાશ કુસુમવત્ નિરર્થકજ હતું. અરેરે! જ્યાં સ્વાર્થસાધુપણાનો વાસ હોય છે ત્યાં પુત્રની જીંદગીની આહુતિ અપાય તેમાં નવાઇ પણ શાની! જોતજોતામાં સ્વલ્પ સમયમાં એ અશિક્ષિત અને કલહપ્રિય કન્યા સાથે મારૂં લગ્ન પણ સમેટી દીધું. અહો! મારા જીવનનો એ પ્રસંગ કેટલો વિચિત્ર? પિતા! ગમે તેવા પણ એ સગા પિતાએજ ક્ષુદ્ર લાલચની વેદીમાં મારી જીંદગીની આહુતિ આપી તેને ભસ્મરાશિના રૂપમાં ફેરવી નાખી. કહો કે લાકડે માંકડું વળગાડવાની અમારી જ્ઞાતિપ્રણાલિકા અદા કરી દીધી. અરે! બ્હેન! એ વેળા હું કેવળ નિર્દોષ બાળક વત્ અજ્ઞાન હતો. અહો! હું કેટલો દુર્ભાગી! મારા વાસ્તે એ કેટલો હૃદયવેધક પ્રસંગ! આપણા હિંદુસંસારનું બંધારણ પણ કેટલું ખોટું! એ રીતે તો આપણા હિંદુસંસારમાં આ એક મોટામાં મોટી ખામી છે કે, પોતાની પુત્રપુત્રીઓની અજ્ઞાત અવસ્થામાંજ અને લગ્ન જેવા જોખમદારીના ગંભીર વિષયમાં તેઓની કિંચિત પણ સંમતિ લીધા સિવાય વડીલો લગ્ન કરી નાખે છે. કેવું મ્હોટું સાહસ! એ મારી અજ્ઞાનાવસ્થામાં એ ભયંકર દુષ્કાર્યની કિંચિત કલ્પના પણ મારા

---

૧. જે પ્રકારનું ભાવી હોય છે તે પ્રકારની મનુષ્યની બુદ્ધિ થાય છે, તે પ્રકારનો વ્યવસાય મળે છે; અને તેજ પ્રકારે સહાયકર્ત્તાઓ થાય છે.

મનોરાજ્યમાં ઉદિત થઇ શકી નહોતી. ખરેખર આવું અવિચારયુકત નિંદ્ય અને નિષ્ઠુર પાપકર્મ આચરીને માંરા પિતાએ મારી જીવનવેલી સદાને માટે ઝેરી અને દુઃખદાયિની બનાવી મૂકી છે. એ અત્યાચારરૂપ અન્યાયનું સ્મરણ થતાં પણ મારૂં શરીર કંપાય છે અને હૃદયગુહામાં ભયંકરતાનો આઘાત થાય છે; અને આથી જાણે કોઇ કારાગૃહનિવાસી કિંવા જેના અવયવોને ભગ્ન કરવામાં આવ્યા હોય, એવા દુઃખી મનુષ્ય સમાન જ મારી દયાજનક દશા થએલી હોય ને! એવી જ પરિસ્થિતિ મને જણાય છે. સારાંશ કે કલહ અને કુસંપથી દિવસ અને રાત મારા જીવને અખંડ ત્રાસ થયા કરે છે. વસ્તુતઃ મારા અટનનું એજ નિમિત્ત છે. સુખ નથી, વિશ્રામ નથી, આવી કલુષીત જીંદગી કરતાં તો મરણ જ વિશેષ આનંદકારક અને ઉચિત જણાય છે. બજારમાં શાક ખરીદવા જતી વેળાએ આપણે તેના માલિકને શું કિંચિત પણ ઓછો સતાવીયે છીએ? તેમજ કુંભાર પાસેથી હાંલ્લાં ખરીદતી વખતે પણ કેટલા ટકોરા મારી ઘરમાં લાવીએ છીયે? આવી નિર્જીવ બાબતોમાં કેટલી ચોકસી રાખીએ છીએ? ત્યારે આ તો આખા ભગ્નની જંજાળ. જેની સાથે આખું જીવન ગાળવાનું હોય તેને માટે કેટલી નિઃસ્પૃહ લાગણી! એ પણ આ ભયંકર કલિયુગની બલીહારીસ્તો. કુમુદા બ્હેન! જમાનો પણ કેટલો વિચિત્ર! ધિક્ક છે એવા પિતાને અને તેના હિમાયતીઓને. આવાં દુષ્કર્મથી તેઓએ પોતાને વાસ્તે નર્કદ્વાર ઉઘાડેલાં છે. પરંતુ એ મારા દુષ્ટકર્મયોગનો દોષ કે મારા પિતાનો હોઇ શકે? વસ્તુતઃ રામને વનવાસ અને હરિશ્ચંદ્રને સ્મશાનવાસ કરવો પડયો એ રીતે તો ભાગ્ય યોગ જ બળવાન લેખાશે. તે ભાગ્યની ગતિને લીધે કહો કે, પછી પરિવર્ત્તનશીલ સંસારની અદ્‌ભૂત માયાને લીધે કહો. ગમે તેમ પણ આજે એ દુઃખદાવસ્થાથી મારૂં હૃદય બળીને ભસ્મીભૂત થઇ જાય છે. અલબત, એ પાપકર્મના નિમિત્ત તો મારા પિતાસ્તો. દુઃખદરિયામાંથી પોતાનાં કોમળ પુત્ર પુત્રીઓને ઉગારી લેવાં એ શું વડિલોનું કર્તવ્ય નથી? આવા અત્યાચારથી તેમણે ઇશ્વરી પવિત્ર નિયમનો પણ ભંગ કર્યો છે. એ મારી પત્નિનો સ્વ-

ભાવ એક કલેશિની કર્કશાને પણ હઠાવે તેવો છે. આથી મારો ગૃહસંસાર કેવળ દુઃખપૂર્ણ અને કલેશભરિત છે." એમ કહેતાં કહેતાં આ બદમાસની આંખોમાં કૃત્રિમ આંસુનું પૂર ઉભરાઇ આવ્યું અને તેના રૂપેરી આંસુનો ચળકાટ **કુમુદાના** કોમળ હૃદયને પણ વિદીર્ણ કરી રહ્યો !

કુમુદા આશ્ચર્ય અને ખેદગ્રસ્ત બનતી ચમકી જતાં જ બોલી:–"અરેરે ! ભાઇ ! આજકાલ આપણાં હિંદુસંસારમાં કન્યાવિક્રય, વરવિક્રય અને બાળલગ્નાદિ અભદ્ર દુઃખદાયક રીવાજોએ તિક્ષણ મૂળીયાં રોપ્યાં છે. લક્ષ્મીલાલસાને લીધે પુષ્કળ પાપીષ્ટ માબાપો પોતાનાં પ્રિય સંતાનોના સંસારસુખનું નિકંદન કહાડી નાખે છે. લગ્નનું કામ જેટલું જોખમકારક તેટલુંજ ગંભીર છે. કારણ કે લગ્ન કરવું એ આખા ભવનું સાટું કરવા જેટલું જ ભયંકર છે; છતાં કેટલી ક્ષુદ્ર દરકાર ! અરેરે ! આવા બાળલગ્ન, વરવિક્રય અને કન્યાવિક્રયના અનાચારથી હિંદુસંસારને કેટલી હાનિ પહોંચે છે તે દર્શાવતાં હૃદયમાં શોક અને ખેદ પ્રકટયાવિના રહેતો નથી. બાલ્યાવસ્થામાં પરણેલાં બાળકો હમેશાં અલ્પાયુ જ નિવડે છે. આથી દુર્ભાગ્યે પોતાની પુત્રીના સૌભાગ્યને નષ્ટ થયેલું નિહાળી અનેક માબાપો શોક અને ચિંતાની જવાળામાં બળી મરતા થયા છે. જાણી જોઇને કષ્ટાલિંગન દેવા જેવોજ એ પ્રકાર કે બીજું કંઇ? એમ કરવા પર્વેજ પોતાના સંતાનોનું હિત જાળવવું એ શું કિંચિત પણ ઓછું આવશ્યક લેખાય ? અરેરે ! તમે પણ એ દુઃખદાયક જ્ઞાતિબંધનના ભોગ થઇ પડયા હોવાથી તમારો સંસાર પણ દુઃખપૂર્ણ અને નિષ્ફળ નિવડે તેમાં નવાઇ શાની?" એમ કહી કુમુદાએ આ યુવકની પત્નિસાથે પોતાનો પૂર્વ પરિચય જણાવવાના આશયથી કહ્યું:–" ભાઇ ! જે બાળાસાથે તમે વિવાહિત થયા છો તે મારી બાળાવસ્થાની સ્નેહિની છે અને એ તમારા કુમળાશંકર સસરાને પણ હું પુર્ણતાથી પીછાનું છું. તેની પુત્રી **સુશીલા** બાળાવસ્થાથી જ લાડમાં ઉછરેલી છે અને આવી લાડકવાઇ બનેલી **સુશીલામાં** તે વખતે જ કલેષ અને ઉછાંછળીપણું પ્રવેશ પામ્યાં હોય તેમ પ્રત્યક્ષ થતું હતું; અને

સમય વહન થવા સાથે જ એ કલુષિત સ્વભાવે ધીરે ધીરે ભયંકરરૂપ ધારણ કર્યું હોય, તો તે કિંચિત્ પણ આશ્ચર્યકારક નથી. વળી એક ઉદ્ધત અને કલહપ્રિય કન્યા સાથેનો તમારો સંસાર કષ્ટપ્રદ અને નિષ્ફળ નિવડે તેમાં પણ શું નવાઈ? તેથી તમને સુખ પણ હોઇ શકે જ નહિ. એવી કલહપ્રિય કન્યા સાથે લગ્ન થવાથી ગૃહ સુખ કે અંતરનો પ્રેમ Internal love પણ ક્યાંથી જ હોઇ શકે? ખરેખર તમારી દુઃખદાવસ્થાથી મારૂં હૃદય દુઃખ અને શોકની જ્વાળાથી બળતું જણાય છે. પરંતુ હતાશ થવાની અગત્ય નથી. વખત વખતની છાંયડી છે. આ સંસાર સાગરમાં મનુષ્ય જન્મે છે ત્યારથી જ તેના ભાગ્યમાં ભરતી ઓટ પેઠે સુખદુઃખ સર્જીત થયેલાં જ હોય છે. સમસ્ત જગત્માં એક પણ પ્રાણી એવું નહિ હોય, કે જેણે સુખદુઃખનો અનુભવ કર્યો નહિ હોય. ભાઇ! ધૈર્ય ધરો. હું તમ દમ્પતિને હૃદયપૂર્વક આશીર્વાદ આપું છું કે, તમો દમ્પતિ સુખી થાઓ, દીર્ઘાયુ બનો, આરોગ્ય અને સૌખ્ય ભોગવો, અને સંતતિ અને સંપત્તિના ભોક્તા થાઓ. તમારાં કલેશ અને સંકટનો સંહાર થાઓ. હું પણ સર્વથા એ મારી બાળસખીના હૃદયમાંના કુલેશકંટકને વિદીર્ણ કરીને તેના સ્થાનમાં પતિપ્રેમધર્મના બીજનો સંચાર કરીશ." એમ કહી કુમુદાએ આ યુવકને આશ્વાસન આપ્યું.

કુમતીચંદ્ર કૃત્રિમ આંસુ લૂછતાં જ બોલ્યોઃ—"બ્હેન! તમે જ્ઞાનશીલ છો એટલે મારા દુઃખની કલ્પના કરી શક્યા છો. ત્યારે, શું તમને મારા દુઃખથી વિદીર્ણ બની ગએલા વદનની જરા પણ દયા પ્રકટવી ઉચિત નથી જણાતી? ચાલાક બ્હેન! શું આ મારો મનોવ્યાધિ તમે દૂર કરી શકો તેમ નથી? અને બ્હેન! તમે મુંબઇમાં જ રહો છો, છતાં પણ એ તમારી સહચરીને કદિ પણ મળવા કેમ ન આવ્યાં? શું એ જ પ્રેમમહત્તાની પરિસીમા હોઇ શકે કે? કુમુદા! કેમ બોલતાં નથી? પ્રત્યુત્તર આપો." કુમતીચંદ્રે અધીરતાનું દિગ્દર્શન કરાવતાં જ કહ્યું.

"ભાઇ! તમો દમ્પતિ અહિં મુંબઇમાં જ હશો એ વાતથી તો હું કેવળ અજ્ઞાત જ હતી અને તમારા નિવાસસ્થાને નહિ આવવાને માટે પણ એજ અંતરાય કારણભૂત હતો;

એથી અન્ય વિશિષ્ટ હેતુ કશો પણ નથી.” કુમુદાએ ઉત્તર આપતાં જ કહ્યું.

“વારૂ કુમુદા બ્હેન! શું તમે એ તમારી બ્હેનપણીને કલુષિત માર્ગે જતી નહિ અટકાવો? શું મારા માટે એટલું પુણ્ય ઉપાર્જન પણ નહિ કરી શકો? મારી શોચનિય સ્થિતિની શું તમને કિંચિત્ પણ દયા નહિ આવે? કહો, કુમુદા! શું તમારી બાળ સખીને તમારી સદ્ગુણ વિભાગિની નહિ બનાવો? શું તેને છેક હતભાગી જ રાખશો.” કુમતીચંદ્રે શકમંદ મુદ્રા કરતાં કરૂણ સ્વરે કહ્યું.

“ભાઈ! નિશ્ચિંત રહો. હું તેટલી દયાહીન નથી. જેમ કોઈ પ્રભુનો ભક્ત તેના જ સ્તવનમાં ચુસ્ત રહે તદ્વત્ આવા પારમાર્થિક કાર્યમાં મારૂં હૃદય મસ્ત અને નિમગ્ન રહે છે. તદુપરાંત મારૂં નિવાસસ્થાન મુંબઈમાં ભુલેશ્વર લતામાં જ છે; એટલે નિવૃત્તિ પ્રસંગે એ મારી બાળ સખીના કલુષિત સ્વભાવને વિદીર્ણ કરવા અને તેના સ્થાને ગૃહિણી ધર્મનાં બીજ ઉદિત કરી તમારો સંસાર સુખવાસી કરવા માટે હું તમારા ઘેર વારંવાર આવતી રહીશ.” કુમુદાએ આશ્વાસન આપતાં કહ્યું.

ઉપરોક્ત વાર્તાલાપ ચાલી રહ્યા હતા એ વખતે રેલવે ભયંકર અરણ્ય પ્રદેશમાં પસાર થતી વિદ્યુત જેવી ગતિથી સુસવાટાબંધ ચાલી જતી હતી. કુમતીચંદ્રે પછી પોતાના એડ્રેસનું કાર્ડ આ મુગ્ધ બાળાના કોમળ હાથમાં સેરવી દીધું, અને આ પવિત્ર પ્રેમવતી પ્રમદા સામે એક ભેદભર્યું કટાક્ષ ફેંક્યું અને આથી બદમાસે પોતાના વિરહાગ્નિથી દગ્ધ થતા વિલાસપ્રિય હૃદયનું કિંચિત્ દર્શન કરાવ્યું. પરંતુ નિર્દોષ પુન્યશીલ કુમુદા તો કંચન સમાન કેવળ નિર્દોષજ હતી. એ પ્રેમઘેલી પુન્યશીલા તો આ બદમાસ પ્રતિ પવિત્ર પ્રેમદૃષ્ટિ અને પ્રેમભાવથી જ જોતી રહી. કુમુદા પોતાના શુદ્ધ પ્રેમસ્વરૂપને કિંચિત્ પણ ભૂલી નહોતી. પરંતુ રંગભૂમિનું એક પાત્ર જેમ નિશામાં ચકચૂર બની જેમ સ્ટેજ ઉપર ઉભું રહે તેમ ચાતકવત્ યુવક મોહમાં ગુંચવાતો જતો હતો. ઉભયમાં જો કે સ્નેહનું સામ્રાજ્ય પ્રવર્તી રહ્યું હતું, પરંતુ ભોળી બાળા તો પવિત્ર પ્રેમની પાંખ ઉપર જ ઉડતી હતી. એટલે કે તેનું

હૃદયપૂર્વકનું પ્રેમપ્રદર્શન પવિત્રતાયુક્ત જ હતું. આ પ્રેમ પ્રસંગમાં ટ્રેન તો માર્ગક્રમણ કરતી ચાલી જ જતી હતી. જોતજોતામાં કેટલાંક સ્ટેશનો વટાવી ટ્રેન ગ્રાન્ટરોડના સ્ટેશને આવી લાગી. કુમતિચંદ્રે આજની રજની પોતાના અતિથિ તરીકે નિર્ગમન કરવાના આશયથી કહ્યું:–"કુમુદા બ્હેન! મારી બ્રુમ સ્ટેશન બહાર આવી હશે તો તમારી એ વિયોગીનિ અને કલેશ વિભુષિત બાળસખીને મળીને સવારે ઘેર જાઓ તો શું અડચણ છે? ભલા, તમારા દર્શનથી તેને પણ આનંદ થશે."

કેટલીક વારે વિચાર કરી કુમુદા બોલી:–"ના, ના, ભાઈ! અગત્યનું કામ હોવાથી હાલ તો મ્હારે સીધે સીધું ઘેર જ જવું પડશે પરંતુ નિવૃત્તિ પ્રસંગે હું એ મારી બાળસખીની સુધારણા નિમિત્તે તમારે બંગલે આવતી રહીશ."

આટલું કહેતાં કહેતાં ઉભય સ્ટેશન બહાર નીકળી આવ્યાં. એટલે કુમતિચંદ્રે હાથ લાંબો કરીને કુમુદા સાથે છેવટનું સેકહેન્ડ કરી લીધું અને પછી તુર્ત જ સામે ઉભેલી પોતાની બ્રુમમાં તે બેશી ગયો. કુમુદા પણ પોતાને ઘેર જવા ભાડુતી ઘોડાગાડીમાં બેઠી.

જૂદા જૂદા નાગરિકોની ગાડીઓ રસ્તા ઉપર ગમનાગમન કરી રહી હતી. કુમતીચંદ્રની બ્રુમ આગળ અને કુમુદાની ગાડી તેની પાછળ એમ બન્ને ગાડીઓ દોડવા લાગી. કેટલોક માર્ગક્રમણ કરી ઉભય ગાડીઓને જૂદા પડવાનો નિરાળો માર્ગ આવી લાગ્યો. આથી આ બદમાસની ગાડી અન્ય રસ્તા તરફ વળી અને તતક્ષણ સામેથી ભું ભું કરતી ધસી આવતી મોટર સાથે કુમુદાવાળી ઘોડાગાડી અથડાઈ પડી. આ અકસ્માત્‌થી કુમુદા બેશુદ્ધ બની ગાડીમાંથી બહાર ધરણી ઉપર ઉછળી ઢળી પડી, અને કરૂણ કુમુદાની ભયંકર ચીસ અને શાંતિને–શૂન્યતાને ભંગ કરતો પ્રચંડ અવાજ કુમતિચંદ્રને પણ સંભળાતાં તે ચમકયો અને પોતાની બ્રુમ પાછી વળાવી આ બદમાસ કુમુદા પાસે દોડી આવ્યો. તેણે કુમુદાને બેભાનાવસ્થામાં જ ઉંચકી પોતાની બ્રુમમાં સુવાડી દીધી અને ગાડી પોતાના બંગલા તરફ પુરપાટ ગતિમાં દોડાવી મુકી.

પ્રકરણ ૨ જું.

સાવકી માતા અને પાપીષ્ટ પિતા.

पतिर्हि देवो नारीणां पतिर्बन्धुः पतिर्गतिः
पत्युर्गतिसमा नास्ति दैवतं वा यथा पतिः ॥[1]

સાયંકાળના ૭ લગભગ થયા હશે. આ વેળા સૂર્ય ભગવાન અસ્તાચળ ગમન કરવાને રક્તવર્ણ દર્શાવતા મંદ પ્રકાશનો પ્રસાર કરતા જોવામાં આવતા હતા. નભોમંડળમાં વિહંગમોનાં સમૂહો કિલકિલારવ કરતા આશ્રમસ્થાન પ્રતિ પ્રયાણ કરતા દૃષ્ટિગોચર થતાં હતાં. શીતલ અનિલ મંદતાથી લહરીઓનો પ્રસાર કરી વૃક્ષોને આલિંગન દેતો હોય તેમ ભાસ થતો હતો.

આ વેળા ભુલેશ્વર લતાના એક માળાના ત્રીજે દાદરે પોતાના ભાડુતી દિવાનખાનામાં એક મુગ્ધ બાળા વિચારમાં લીન બની એક ચટાઇ ઉપર બેઠેલી છે. તે બાલીકા આ કથાની એક નાયકા કાન્તા છે. તે પિતા અને સાવકી માતાના તિરસ્કારથી કંટાળો ધરાવતી થઈ હતી. એથી જ તેનું મગજચક્ર અત્યારે પણ ભ્રમતું હતું. તેના કોમળ કમળદંડ સરખા સુગોળ હાથમાં Shakespeare Tales નામક નવલકથા હતી, છતાં પણ અત્યારે તે સંશયગ્રસ્તતા અને ઉદ્વિગ્નતામાં પરિભ્રમણ કરતી હોવાથી વાંચન પ્રતિક્ષામાં નિરીહતાનું જ દર્શન કરાવી રહી હતી. પ્રિય વાંચક! સુશીલ બાળા કાન્તા સર્વદા આટલી જીવન વ્યાપિની ઉદ્વિગ્નતા અને અશાંતિ શા માટે ધરાવતી થએલી હશે તે જાણવા તારી ચિત્તવૃત્તિ કદાચિત આકર્ષાય તો તે ઉચિત જ લેખાશે. તે એક સુશીલ ચાતુર્યવતી ચાલાક બાળા આટલી અન્યમનસ્કા અને વ્યાકુળ શા માટે બની હશે તે જાણવા આપણે પણ પ્રસ્તુત દિવાનખાનામાં અત્યારે તો પ્રવેશ કરીશું.

---

૧. "પતિ જ સ્ત્રીઓનો દેવ, સખા અને ઉત્તમ ગતિ ગણાય છે. સ્ત્રીઓને પતિના જેવો આશ્રય અથવા દૈવત (અન્ય) નથી."

માનવકલ્પના કંઇ હોય છે; ત્યારે ઈશ્વરની ધારણા કંઇ જુદી જ દિશામાં વિસ્તરેલી દૃષ્ટિગોચર થાય છે. નિસર્ગની અકળિત કળાનો દેવ દાનવ કે માનવ કોઈ પાર પામી શકતું જ નથી. માયામાં લીન મતલબી જગતને આત્મહિત પુનિત માર્ગે નિહાળી શકાતું જ નથી. એવી જ વિલક્ષણ ઘટનાનો અત્રે સાક્ષાત્કાર થએલો પ્રત્યક્ષ થઈ શકશે.

ગુજરાતની સરહદ સમિપમાં આવેલા કુંદનપુર નામક ગામના વિનોદચંદ્ર વતની હતા અને પુત્ર પ્રાપ્તિની ઉત્કટ અભિલાષાથી તે બે સ્ત્રીઓ પરણેલા હતા. તેમાં નવલવધુ અને તેની લાડીલી એકની એક પુત્રી કુમુદા, ઉભય માતા પુત્રીને વિનોદચંદ્ર મુંબઇ સાથે લાવ્યા હતા અને કાન્તા તો હમણાં અત્રે જ અભ્યાસ કરતી હતી. તેની માતા મણીગૌરી પોતાના પુત્ર સમેત કુંદનપુરમાં જ રહેતી હતી. કાન્તાના પિતા વિનોદચંદ્ર બાલ્યાવસ્થાથી જ નિર્ધનાવસ્થામાં ઉછરેલા હતા. આથી જગતના સુખ દુઃખની ઠીક ઝાંખી તેને થયેલી હતી. કાન્તા જો કે સુશીલા અને સદ્ગુણ ધરાવતી યૌવનના પૂરમાં પ્રવેશતી યૌવના હતી, અને વિનોદચંદ્ર જ્યાં સુધી નવલવધૂ પરણ્યા નહોતા ત્યાં સુધી તો માતાપિતા ઉભયના લાડમાં તે ઉછરી હતી, પરંતુ નવલવધૂના ગૃહ પ્રવેશ પછી કાન્તા, પિતાના પ્રેમથી ભગ્ન અને હતાશ બની રહી હતી. અત્યારે તો નવલવધૂની લાડકવાઈ પુત્રી કુમુદા પ્રતિ જ તે પિતૃપ્રેમ નિર્ઝરનું વહન થતું જોવામાં આવતું હતું. કાન્તા હમણાં યૌવનના ઉદયકાળમાં વિહરતી સુકુમાર યૌવના હતી. તે હમણાં ઇંગ્રેજી ગર્લસ્કૂલના મેટ્રીક્યુલેશનના કલાસમાં પ્રવેશ પામી ચૂકી હતી, છતાં પણ તેનામાં ખોટો સુધારો કે ઉછાંછળાપણું કિંવા તેવાજ અન્ય દુર્ગુણો પ્રવેશ પામ્યા નહોતા. જો કે તે અત્યાર આગમચ પ્રેમની જાળમાં ગુંચાયેલી યૌવના હતી, તોપણ તે સર્વાંશે અત્યાર સુધી પરમ પવિત્ર જીવન ધરાવતી હતી અને કોઇ પણ પ્રકારના અપવિત્ર વિકારથી તો તે રહિત જ હતી. અત્યારે તે પિતૃપ્રેમથી હતાશ બની રહી હતી. આથી તે હમણાં ચિંતાતુર અને અન્યમનસ્કા જ બની રહેલી

હતી. તેનું નવલ પ્રસ્ફુટિત થતું યૌવન આ વેગશૂન્ય જણાતું હતું અને ચિંતા નિમગ્નતાથી તેનું મનોહર તેજસ્વી મુખમંડળ શૂષ્ક અને મ્લાન થતું જતું હતું. અજ્ઞાનશીલ યૌવનાઓની માફક તે કોઈના કુસંગ પાસ કે કુથલીમાં પડતી જ નહોતી. તે બાળા સૌંદર્ય વિભૂષીત આકૃતિની હતી. વિશાળ ભાલપ્રદેશ, ચાંચલ્યતાદર્શક ચક્ષુઓ, ગુલાબી ગાલો, શુકસમાન મનોહર નાસિકા ઈત્યાદિ તેનાં સુંદર અવયવો, જોનાર પુરૂષોના ચિત્તનું આકર્ષણ કરતાં હતાં. જો કે કાન્તાના અંગ ઉપર ચળકાટ મારતા વસ્ત્રાલંકારો હતા નહિ પરંતુ તેનું કુદરતી સ્વરૂપ અઢળક સૌંદર્યમય હતું.

કાન્તા પોતાની સાવકી માતામાં પણ સગી જનેતાસમાન પ્રેમ ધરાવતી હતી. સાવકી માતાના કલેશજન્ય સ્વભાવથી પણ તેના પવિત્ર પ્રેમની ઉજ્વલિત જ્યોતિ ઉપર વૈરભાવની મંદ છાયા કદિ પણ છવાયેલી નહોતી. આ વેળા કાન્તા, કુંદનપુરનાં રાણી સાહેબે કાઢેલી સ્કોલરશીપના આધારે મુંબઈની એક હાઈસ્કુલમાં અભ્યાસંગશીલતા જાળવી રહી હતી. કાન્તાએ પોતાની બુદ્ધિ ચાતુર્યતા—ચાલાકી—થી જ ઉક્ત સ્કોલરશીપ સંપાદન કરેલી હતી. અને ધીરે ધીરે કાન્તાએ મેટ્રીકની પરિક્ષા પણ પસાર કરી દીધી. દરમ્યાનમાં કાન્તાનું વેવીશાળ કરવાને અનેક માગણીઓ ઉપરાઉપર આવ્યે જતી હતી; પરંતુ તેનો પિતા પત્યુત્તર વાળતો કે, મારી પુત્રી કાન્તાએ પરિપૂર્ણ કેળવણી લીધા પછી જ હું તેનું વેવીશાળ કરવાનું ઉચિત ધારૂં છું. હમણાં તો તેણે મેટ્રીક્યુલેશનની પરીક્ષા પણ પસાર કરેલી હોવાથી ચાલાક ગ્રેજ્યુએટોની માગણીઓ થવા લાગી હતી; પરંતુ કાન્તાનો પિતા વિનોદચંદ્ર આવા સંજોગો વચ્ચે એક પાપીષ્ટ વિચારે ચડી ગયો. આથી પોતાની રૂપવતી અને ચાતુર્યતા ધરાવતી પુત્રીને કોઈ ધનવાનને ત્યાં વરાવી ધનનો ગાંસડો બાંધવાની બાજી તેણે રમવા માંડી. આવે કવખતે કન્યાવિક્રય કરવાની કાન્તાની સાવકીમાતા પણ હિમાયત કર્યા કરતી હતી અને કાન્તાની વિરૂદ્ધતામાં વિનોદચંદ્રના કાન ભંભેર્યા કરતી હતી. આ રીતે

કાન્તા પિતૃપ્રેમથી છેક હતાશ બની રહી. પોતાના પિતાનો સ્નેહ–નિર્ઝર સુકાઈ જવાથી કાન્તાના હૃદયમાં કારીઘા વાગ્યો. આ ભયંકર દુઃખનો ડામ તેના હૃદયને પણ અત્યંત વિદીર્ણ કરી રહ્યો. સાવકી માતામાં પ્રેમલા બનેલા પોતાના પિતાનો પ્રેમ પોતાને વાસ્તે હમેશાંને માટે ઉડી જવાથી તેનું સ્નેહ-શીલ હૃદય દુઃખભારથી રડયા જ કરતું હતું. આ વેળા પોતાની વિયોગિની માતાની વાત્સલ્યતાને સંભાળી તે હતાશ અને ઉદાસીન બની જતી હતી અને તેનું હૃદય–કાળજું કંપાયમાન થઇ જતું હતું. આવી પુન્યશીલ પ્રેમાળ પુત્રી પિતૃપ્રેમથી હતાશ બને તે પણ પૂર્વ જન્મના કર્મનો દોષ જ લેખી શકાશે; અને સાવકીમાતામાં લુબ્ધ બનેલા પિતાના હૃદય-માંથી કાન્તાને વાસ્તે પ્રેમનો લોપ થાય તો તે સર્વથા સ્વાભાવિક લેખાશે. તેની પુન્યશીલ સગી માતા પણ પતિના પ્રણયથી હતાશ બની પરાધિનતાથી ઓશિયાળી ગરીબ ગાય સરખી બની રહી હતી. આવી ધર્મશીલ નીતિમાન પુન્યશીલ માતાને માથે પણ પોતાની પુત્રીનું આ ધર્મસંકટનું અગાધ દુઃખ આવી પડયું હતું..એ પણ પૂર્વ જન્મના પાપ કર્મનો પરિપાક જ હોવો ઘટે છે, એ તો નિઃસંદેહ અને નિર્વિવાદ વાર્તા છે. વસ્તુતઃ સતી સીતાને અરણ્યવાસ અને તારામતીનો પરઘર વાસ એ રીતે તો ભાગ્યયોગ જ બળવાન કહી શકાશે. હવે કાન્તાના સ્વાર્થસાધુ પિતાએ ધીરે ધીરે પાપ-શીલ વિચારોની ભયંકર જાળ પ્રસારવા માંડી. દ્રવ્ય લાલ-સાથી તેણે કેટલાક સુશિક્ષિત અને સદ્‌ગુણ વિભૂષિત ગ્રેજ્યુએટોની માગણીઓ પણ તિરસ્કારી કાઢી. અહા ! પ્રિય વાચક ! બિચારી ગભાગિની કાન્તાને વાસ્તે પણ કેવો આ હૃદયદ્રાવક પ્રસંગ ! કાન્તાના પિતાનો વિચાર કેવળ દ્રવ્ય ઉપાર્જન કરવાનો જ હોવાથી તેવી સૂકી માગણીઓપ્રતિ તે દુર્લક્ષ આપતો હતો. આથી હમણાં તે પોતાની લક્ષ્મી લાલશાને પરિતૃપ્ત કરવાને કુંદનપુરનો પરિત્યાગ કરી ઉદરપોષણ બ્હાને મુંબઇમાં જ આવી વસ્યો હતો. ધીરે ધીરે પોતાની જ્ઞાતીના એક ધનવાન યુવક કંચનલાલની ભાળ લાગતાં તે લાભ લેવાનો

કાન્તાના પાપીષ્ટ પિતાએ વિચાર કર્યો. વળી તેની સાવકી-માતા પણ તેવા કામમાં અત્યંત શૂરી હતી. આથી તેણે પણ પોતાના પ્રિયકાન્તની અભિલાષાને અનુમોદન આપ્યું.

કંચનલાલ એક ગર્ભશ્રીમંતનો નવયુવાન પુત્ર હતો. પોતાના પિતાના પરલોકવાસ પછી તે અઢળક લક્ષ્મીની માલીકી ધરાવતો થયો હતો; પરંતુ તે સટ્ટાખોર, રંડીબાજ અને દુર્વ્ય-સની મિત્રોના કુચ્છંદમાં ફસાયેલો હોવાના પરિણામે પિતાની લક્ષ્મીનું તેવા જ કુમાર્ગમાં પાણી કરતો હતો. સત્કર્મથી કે દુષ્કર્મથી મનુષ્યો જગતમાં નામના મેળવે છે. કોઇ સત્કર્મવડે પોતાનું નામ જનસમાજમાં દિપ્યમાન અને ઉજ્વલિત કરે છે તો કેટલાક પાપીષ્ટ જનો કુમાર્ગે ચાલી પોતાનાં દુષ્કાર્યોવડે પ્રજા વર્ગમાં હાસ્યાસ્પદ ને નિંદાને પાત્ર થાય છે—લક્ષ્મીને લુંટાવી શરીરમાં વિવિધ રોગરૂપી વિષવેલીને વાવી પોતાના વડિલોની ઉજ્વલ કીર્તિને કલંકીત બનાવે છે. એ રીતે ગૃહ-સુખને તીલાંજલી આપી કેટલાક મંદભાગી યુવકો પોતાના પાપકર્મનો પરિપાક ભોગવવા સીધે સીધા યમસદનને માર્ગે સંચરી જાય છે. તેવો જ બદમાશ કંચનલાલ હતો, પરંતુ વિનોદચંદ્રને તો તે કાંઈ વિચાર કરવાનો જ નહોતો. તેમ જગતબત્રીશીએ ચડવાથી પણ તે હતાશ બને તેવો નહોતો. અહા ! હિંદુ સંસાર ! તારી કેવી દુર્દશા ! દ્રવ્ય ઉપાર્જન માટે ધનવાનને ત્યાં સહુ કોઇ પોતાની સુશિક્ષિત શાણી સુતાને વરાવે છે. એ રીતે વેવીશાળ કરતી વેળા કેળવણીનું કે યોગ્યા-યોગ્યતાનું કોઈ નામ દેતું નથી. જમાઇરાજ ભલે ગાંડો—ઘેલો, અશિક્ષિત કે અપંગ હોય પરંતુ ધનવાન હોય એટલે બેડો પાર ! મારી પુત્રી અઢળક લક્ષ્મીની માલીકણ થશે, રાજ્ય સાહ્યબીનું ઉચ્ચ સુખ ભોગવતી અને અમનચમન કરતી થશે અને તે સાથે પોતાનું દારિદ્ર પણ વિદીર્ણ થશે એવી જાતના ઉમળકા વિનોદચંદ્રને પણ થઈ આવતા હતા. એવા સ્વાર્થ-સાધુ પિતાના હૃદયમાં પુત્રીની હિતૈષીતાનો ઉદ્ભવ થાય તે કેવળ અશકય અને અસંભવનીય જ કહી શકાશે. એ રીતે કંચ-નલાલને દસ હજાર રૂપિયાની શરતે વિનોદચંદ્રે પોતાની પુત્રીનું

વાગ્દાન આપવાની મહત્વાકાંક્ષાથી કહેણુ મોકલ્યું; પરંતુ એ બિચારાને પોતાની પુત્રી કેવા સુખકર પ્રદેશમાં વિહરતી હતી તેની કિંચિત્ કલ્પના પણ ક્યાં હતી! તે મુગ્ધ બાળાએ તો ક્યારનુંએ ઉચિત પાત્ર શોધી પ્રીતિનું સામ્રાજ્ય પ્રસરાવ્યું હતું. કાન્તા કેવળ સાદું જીવન જ ગાળતી હતી. ધનવાનની મદમાતી પુત્રીઓવત્ તેઓના સહવાસમાં ઉછર્યા છતાં ઉછાંછળાપણું કે સાંસારિક ધન વિભવાભિલાષા તે ધરાવતીજ નહોતી. આથી તે સ્વયં એક કેળવાયેલ યુવક સાથે પ્રીતિની જાળમાં ગુંચવાતી જતી હતી. તે પોતાના પ્રણયપાત્રને પ્રણયદાન આપી તે ઉપર માતાની સંમતીરૂપ વાગ્લગ્નની મહોર મારવાને ચૂકી નહોતી. આ વેળા તે બાળા Shakespeare Tales નામક નવલકથા વાંચતી દિવાનખાનામાં બેઠી હતી. અત્યારે તે ખંડમાં વિનોદચંદ્રે પ્રવેશ કર્યો અને એક ખુરશી તાણી તે ઉપર બેસતાં જ તે બોલ્યોઃ—

" કાન્તા! હમણાં તારા વેવીશાળ માટે મેં આપણા લાયક ઘર શોધી કાઢ્યું છે. તે મારી માનિનતા મુજબ બહુ મજાનું ઘર છે. આવી વાર્તાથી તું કદાચિત શરમંદી બની જશે; પરંતુ તારી જનેતાની ગેરહાજરીમાં તારી સલાહ લેવી ઉચિત જ ધારૂં છું તેથી ચકિત થવાનું કે શરમ ધરાવવાનું કિંચિત્ પણ પ્રયોજન નથી." આટલું સાંભળી કાન્તાને ફાળ પડી હોય તેમ ચકિત અને શોકપ્રદ મુદ્રા દર્શાવતાં તે બોલીઃ—

" પિતાજી! તમે મારા જન્મદાતા પાલક પિતા છો, સુરખ્બી છો અને શિરછત્ર છો. આથી હું જીવનભરની તમારી ઓશિંગણ છું અને તમારી આજ્ઞાની અનુવર્ત્તિની થવું તેમાં જ મારો પરમ ધર્મ સમાયેલો છે. તેથી, જો કે હું આપને કાંઈ પણ કહેવા લાયક નથી, કિન્તુ આ એક એવો પ્રશ્ન છે કે, જેના ઉપર મારા સમસ્ત જીવનનો આધાર લટકેલો છે અને તેમાં સમાયલું જોખમ હું સમજતી થઈ છું, તેથી હું આપને ખોળા પાથરીને વિનતિ કરૂં છું કે આપે મારા વેવીશાળ માટે કયું ઘર હમણાં ઉચિત ધાર્યું છે? પિતાજી! ધનવાનની કશી દરકાર નથી, માત્ર આપનો પિતૃ ધર્મ અને કીર્તિ

જળવાય તથા મારી હિતૈષીતાને આંચ ન આવે એટલે બસ. પછી મારૂં તો જે થવાનું હશે તે જ થશે." કાન્તાએ ઋજુતા અને આર્જવતાનું દર્શન કરાવતાં કહ્યું.

"બ્હેન કાન્તા! શું તું કુંચનલાલ શેઠને નથી ઓળખતી? બેટા! તારા સદ્ભાગ્ય યોગે આવું ધનવાન ગૃહસૂત્ર મળી આવ્યું છે. તનેઆટલી ઉમર સુધી કુંવારી રાખી તેનું અત્યારે ઉત્તમ ફળ મળ્યું છે, એમ મારૂં માનવું થાય છે. બાપુ! ધનવિભવથી વિમુખ રહેવામાં અને ખીલતી આશાઓને નષ્ટ કરવામાં ફળ શું? તું ધનહીન રહેવામાં જ સન્નિષ્ઠા ધરાવી રહી છે તેમાં પણ તું ગંભીર પ્રકારની ભુલ કરે છે. ખરેખર તારૂં નિર્દોષ સરળ અને નિર્મળ હૃદય નિહાળી મને પણ તારી અનુકમ્પા આવે છે; તે વાસ્તે તારા સરખા પુત્રી રત્નને તેમ ગુમાવી દેવું હું અનુચિત ધારૂં છું. શું તારી હિતૈષીતાનો મારો ઉત્તમ ધર્મ પણ હું ભૂલી જાઉં કે? તે માટે તારી નઠોર પ્રાર્થના હું માન્ય નહિ રાખું. કાન્તા! શું તું મારી હિતૈષીતામાં અવિશ્વાસીની બની જશે કે? કહે જોઉં, બાપુ! હવે તું મને શું કહે છે?" વિનોદચંદ્રે કિંચિત્ વદનમંડળમાં આનંદનું દર્શન કરાવતાં કહ્યું.

કાન્તા એ સાંભળતાં અવાચ્ય બની રહી, તેની આંખોમાં ઉત્કટ આંસુનું પૂર ઉભરાઈ આવ્યું, નેત્રોની અસ્ખલિત જળધારામાં નીરવતાથી વહન કરવાનો અને હૃદયસ્થ વેદનાને વ્યક્ત કરવાનો અપૂર્વ ગુણ પ્રવેશ પામેલો જ હતો. કેટલીક વારે ચુપકી તોડતાં કાન્તા બોલી:—"પિતાજી! આટલી ઉચ્ચ કેળવણી આપી શું હવે તમે મને છેતરી શકશો કે? તમે શું મારૂં કપાળ હિતૈષીતા ધરાવતા હતા? આપની હિતૈષીતા આપને જ મુબારક હો! મને તેની કશી પરવા નથી. અરેરે! સાવકી માતામાં મુગ્ધ બનેલા પિતામાં પુત્રી વાત્સલ્યતાનો ઉમળકો ક્યાંથી હોઇ શકે? પ્રભુ! આટલું સંકષ્ટ વાદળ તું શાને નાખે છે? નાથ!" કાન્તા ગદ્ગદ્ કંઠે બોલી.

પા કલાક થયાં બારણા પાછળ ચુપચૂપ લપાઇ પિતા પુત્રીની વાતો સાંભળી રહેલી ચંદનગવરી બોલી ઉઠી:—"હ્યો,

લેતા જાઓ. આટલી મોઢે ચડાવવાનાં અને આજકાલની કેળવણીનાં અનિષ્ટ ફળ. આ ચબાવલી છોકરી ગમે તે બોલે તે મુંગે મોંઢે સાંભળી શું રહ્યા છો ? કાંઇ નાના મોટાની તો તે શરમ જ ધરાવતી નથી. તેને કુળની કે લાજની પણ ક્યાં દરકાર છે ?" સાવકી માતાનો સ્વાંગ ભજવતી ચંદનગવરી બોલી.

આ સાંભળતાં વિનોદચંદ્રની ક્રોધઉદ્વિગ્નતામાં અને આકુળવ્યાકુળતામાં દ્વિગુણ ઉમેરો થયો. તે ભગ્નસ્વરે બોલ્યોઃ—"કાન્તા ! કાન્તા !! આ તું બોલે છે શું ? તું આટલી મોટી ભણેલી ગણેલી થઇ છતાં હજુ બોલવાનું એ ભાન નથી રાખતી ? શું અમે તારાં દુશ્મન છીએ કે ? જરા શાન્ત થા. કોઈ જાણે તોયે શું કહે ? જગતને મોઢે કાંઇ ઢાંકણુ છે કે ? વળી આમાં વિચારવા જેવું પણ શું છે ? મને તો આ સંબંધ દુધમાં સાકર ભળવા જેટલો જ આનંદપ્રદ જણાય છે. શું તું એવી જ માનિનતા ધરાવે છે કે તારા વાસ્તે મારા હૃદયમાં પણ દયા વાત્સલ્યતા કે કરૂણાનો લેશ પણ વાસ નથી !" વિનોદચંદ્રે આશ્વાસન આપતાં જ કહ્યું.

"બાપુ ! આપ મારા હિતચિન્તક શુભકર્ત્તા વત્સલ પિતા છો અને આપની પવિત્ર આજ્ઞા પણ મને શિરસાવંદ્ય છે; પરંતુ આપની અભદ્ર માગણીનો હું સ્વીકાર કરી શકતી નથી. વળી આપ જ્યારે આટલી દલીલપૂર્વક તે ભયંકર રહસ્યનું દર્શન કરાવો છો તો હું ખુલ્લે ખુલ્લું કહું છું કે તે વેવીશાળ મને માન્ય નથી. તમે સમજુ છો. વળી મારી હિતૈષીતાનો પણ આપને વિચાર કરવો ઘટે છે. પ્રજાવર્ગમાં તે યુવક નિંદાપાત્ર અને તિરસ્કાર ધરાવતો થયો છે. કેમ જાણે સકળ દુર્વ્યસન અને કુચ્છંદનો જ તેણે કંટ્રાકટ લીધો હોય ! એ તો પાપીષ્ટ ચળકતો બદમાશ છે. એ રીતે એવા પાપાત્માના દુષ્કાર્યનું હું શું વર્ણન કરૂં ? તેનું વર્ણન આલેખવાની શક્તિ મારી વાણીમાં પણ નથી. બાપુ ! આભ ફાટયો હોય ત્યાં થીગડું ક્યાં દેવું ? મને તો તેવા પાપીષ્ટના પનારે પડવા કરતાં મૃત્યુ જ વિશેષ સુખમય જણાય છે. છતાં જો મારી એ પવિત્ર ભાવનાને ભસ્મ કરવામાં આવશે તો મારે આત્મહત્યાનું પાપ ઉપાર્જન કરવું પડશે. તેનું પણ આપને સ્મરણ રાખ-

વાનું છે. આપના વિચિત્ર કાર્યથી ઘવાયલી હું હવે ખૂલ્લે ખૂલ્લું જ જણાવું છે કે, મારૂં વેવીશાળ સુરતના આપણી જ્ઞાતિના એક ઉચિત યુવક સાથે નિર્માણ થઇ ચૂક્યું છે અને તે ઉપર મારી જનેતાની વાગ્દાનરૂપ મ્હોર પણ લાગી ચુકી છે. તે હવે નાકબુલ થાય તેમ નથી. વાસ્તે, હવે તમારે મારી વાતમાં પંચાત કરવાની રહી નથી.” કાન્તાએ “ **आहारे व्यवहारे च स्पष्टवक्ता सुखी भवेत्** ”[1] એ સૂત્રનું દર્શન કરાવતાં કહ્યું.

“ અલી ! અજ્ઞાનશીલ છોકરી ! આ તું બકે છે શું ? પારકા છોકરા સાથે તારે આટલું બધું શું ? જોઉં છું કે હવે તું શી રીતે પરણે છે ? કેમ જાણે મોટી સાક્ષરની સુતા હોય ને ! મને તું શું શિખામણ દેતી’તી ? હવેથી તારે મારા કામમાં ડહાપણ કરવાનું નથી. શું તારૂં વેવીશાળ થઇ ચૂક્યું છે ? અને શું તે પણ મારી સંમતિ વિના જ ? અહા ! આજકાલની કેળવણીનાં કેવાં અનિષ્ટ ફળ ? અરેરે ! સદ્‌વિદ્યાનાં શું આવાં અભદ્ર ફળ હશે કે ? તારી પાપિની જનેતા પણ કેટલી નિષ્ઠુર અને દુષ્ટા ! ” આમ કહેતાં કહેતાં વિનોદચંદ્રનો ક્રોધ ભરતીના સમુદ્ર પેરે નિમિષ માત્રમાં વધી ગયો અને ભવાં ચઢાવી કોપીત મુદ્રા દર્શાવતાં જ તે બોલ્યો:—

“ બસ, લુચ્ચી છોકરી ! જા તું અત્યારે ને અત્યારે જ કુંદનપુર ચાલી જા. મારા આગળથી તારૂં કાળું કર. રખેને તું લોકોમાં મને અપકીર્તિત કરશે. તું તારી આવી અભદ્ર આદતથી આખો ભવ દુ:ખી જ રહી જશે. જા, અહિંથી ચાલી જા. મારે હવે, તારૂં કામ નથી. ”

‘ **प्रज्ञान मानसं दुखं हन्यात शरीरमौषधम्** ’[2] એ સૂત્રનું અવલંબન કરતી કાન્તા ગૂપચૂપ દિવાનખાનામાંથી પોતાની ટ્રંક ઉપાડી બહાર નીકળી પડી અને સત્વર એક ભાડુતી વિક્ટોરીયા જોડાવી ગ્રાન્ટરોડ ઉપર આવી લાગી અને આ વેળા મળી આવતી મેલટ્રેનમાં તેણે કુંદનપુર પ્રતિ પ્રસ્થાન કર્યું.

---

૧. આહારમાં તથા વ્યવહારમાં સ્પષ્ટ કહેનાર છે, તે જ સુખી થાય છે.

૨. “ જ્ઞાનથી માનસિક દુઃખ અને ઔષધથી શારીરિક દુઃખ દૂર કરવું. ”

પ્રકરણ ૩ જું.

પ્રણયનું પ્રાબલ્ય.

In loving thou dost well, in passion not;
× × × × +
Love refines the thoughts and heart enlarges;
Has its seat in reason and is judicious in the scale.
By which to heavenly love thou may'st ascend.

—*Milton.*

મોર ચહે ઘનઘોર ઘટા, શશિ તેજ છટાથકી શું સુખ પામે;
દર્શન ચંદ્ર ચકોર ચહે, ઘનઘોર ઘટાથકી કેમ વિરામે.

(દલપતરામ.)

શુકલપક્ષની પંચમીનો બાલચંદ્ર કેવલ નભોમંડળમાં હાસ્યની છટા વિસ્તારી રહ્યો છે, તેની સુશીતળ રસિક જ્યોતિકલાથી સમસ્ત વિશ્વ શાન્તિમય થઇ રહ્યું છે, વ્યોમભૂમિમાં તારકમંડળ મંદ ચળકાટને પ્રસાર કરતું હસી ઉઠ્યું છે. સમુદ્રના જળપ્રદેશ ઉપર ચંદ્રની જ્યોત્સ્ના–ચંદ્રિકા પડતી હોવાથી જળતરંગોમાં એક પ્રકારની સૌંદર્યતા છવાયેલી દૃષ્ટિગોચર થાય છે. ઉન્નત આકાશમાં શુભ્ર ચંદ્ર ચઢી રસિકભાવે સમુદ્રના હૃદય પ્રદેશ ઉપર શ્વેત ચંચળ કિરણો વર્ષાવી કેમ જાણે પ્રેમાલિંગન કરતો હોયની? પરંતુ મંદ અનિલ દાખલ થઇ કેમ જાણે સ્પર્ધા કરતો હોય તેમ તરંગો ઉત્પન્ન કરતો હતો. સ્પર્ધા કાંઈ મનુષ્યજાતિમાં જ છે? નહિ જ! ઇંદુ, અનિલ, સૂર્ય, જળ, ઇત્યાદિ નૈસર્ગિક પદાર્થોમાં પણ સ્પર્ધાનું સામ્રાજ્ય ઉદિત થયેલું જણાય છે. શુભ્ર ચંદ્ર સમુદ્રના જળને સૌંદર્યથી ઉભરાવે છે ત્યારે મંદ અનિલ તેને હાલકડોલક કરી નાંખે છે; છતાં પણ સમુદ્ર કેમ જાણે કૌમુદીનિનો પ્રેમ દેવતા હોયને તેમ સુશીલ રસજ્યોતિનું સીંચન કરતી કૌમુદીનિનો સત્કાર કરી પોતાની સૌંદર્યતાનો અપૂર્વ વિસ્તાર કરી રહ્યો છે. નિશા સુંદરી તારલાઓના પ્રતિબિંબરૂપ રૂપેરી સાડીમાં સોનેરી બુટ્ટા શોભે તેવી સુંદર સાડીથી પોતાની દેહલતાને ખીલાવી રહી છે. જંગલી હિંસક વનપશુઓનો ભયંકર કઠોર ધ્વનિ કાન સાથે

અથડાતો હતો. આવા ભયંકર અને અંધકાર મિશ્રિત જંગલ પ્રદેશમાં મેલ ટ્રેન કુંદનપુર પાસેના પ્રદેશમાં ધમધમાટ ધ્વનિ કરતી ધસી આવતી હતી. વારંવાર રસ્તામાં પસાર થતા પુલો ઉપર રેલવેનો ઘોર ધ્વનિ સંભળાતો હોવાથી નિદ્રિત મનુષ્યોના કાર્યમાં ભંગાણ પડતું હતું. આથી તેઓ સફાળા ચમકી પ્રસરેલી શાન્તિને પલાયન કરતા હતા અને કેટલાક પેસેન્જરો કુતુહલતાથી ત્યાંની નૈસર્ગિક સૌંદર્યતા નિહાળી ઈશ્વરની અલૌકિક લીલાનું અવલોકન કરતાં હતાં, ત્યારે કોઇ રસિક યુવકો આકાશમાંથી રસસ્ત્રવતી સુશીતળ ચંદ્રિકા પ્રતિ નિહાળતા હતા. વિશાળ મહાસાગર પોતાનાં વિકાળ મોજાંઓ ઉછાળી જાણે આવકાર દેતો હોય અને અતિથી ધર્મનું સૂચન કરતો હોય તેમ જણાતું હતું. આ રેલવે ટ્રેનના થર્ડ કલાસના ડબામાં એક અજ્ઞાત યૌવના બેઠેલી હતી. તેમજ આ નવયૌવન બાળાથી કેટલેક અંતરે અન્ય દમ્પતિ પણ વિવિધ વાર્તાલાપ કરતાં પ્રવાસ કરતાં હતાં.

ઉપરોક્ત તરૂણ સુંદર બાળા શરીરે ગૌરવવર્ણી હતી, શુક સમાન મનોહર નાસિકા, કમળદંડ સરખા કોમળ સુગોળ બાહુ અને અન્ય પણ મોહક અવયવોથી આ બાળાનું સુંદર યૌવન-કુસુમ ખીલ્યું—વીકસીત થયું હતું. મનોહર રંગના પુષ્પ ગુચ્છાથી કેશકલાપ શૃંગાર્યો હતો. મૃદુ અને કુમાશદાર ઝીણા આસમાની રંગના સાળુથી શરીરને આચ્છાદિત કર્યું હતું. સાદો સાટીનનો કમખો હૃદયપ્રદેશ સાથે તંગ કર્યો હતો. સુશોભિત ઝાલરવાળો સાદો લેંઘો પરીધાન કર્યો હતો. આ શિવાય સામાન્ય સ્થિતિના કુટુંબની બાળાઓ જેવાં જ અન્ય વસ્ત્રાલંકારો આ મુગ્ધ બાળાએ પહેરેલાં હતાં. કિન્તુ તે બાળામાં જે કાંઇ આકર્ષક હતું તે તો જુદું જ હતું. તે તેનું નૈસર્ગીક સૌંદર્ય જ હતું. તેનું ગૌર વદન હાસ્યની છટા ચમકાવી રહ્યું હતું. આ બાળાની અપ્રતિમ લાવણ્યતા નિહાળી મદમાતી મુગ્ધ બાળાઓ પણ પળવાર મોહલુબ્ધ બની જતી હતી. મુંબઇથી ઉપડેલી ટ્રેન કુંદનપુરનું સ્ટેશન આવી પહોંચતાં તુર્તજ થોભી. સર્વ પેસન્જરો સાથે આપણી આ કથાની એક નાયકા કાન્તા પણ ઉતરી. સ્ટેશનથી ગામ લગભગ ચાર માઇલ જેટલું દૂર હતું. આથી

સ્ટેશન ઉપર ભાડુતી ટપાઓ હાજર રહેતા હતા. એટલે એકાદ ટપ્પો ભાડે કરી કાન્તા તેમાં બેઠી. અત્યારે રાત્રિનો ઘોર અંધકાર, ચંદ્ર અસ્તાચળ પાછળ ઠેકી પડયો હોવાથી, વ્યાપ્ત થઈ રહ્યો હતો. સર્વત્ર શાન્તિ અને શૂન્યતાનો જ સંચાર થયેલો પ્રત્યક્ષ થતો હતો. ટપ્પો પથરવાળી જમીન ઉપર ચાલતો હોવાથી અથડાતો હતો. આથી ટપ્પામાં બેસવાની કાઠિન્યતાનો પુનઃ અનુભવ આ સુકોમળ બાળાને થવા લાગ્યો. એકાદ બે માઈલ જેટલો રસ્તો પસાર કરતાં તો તે મુગ્ધકલિકા–બાળા–નું કોમળ શરીર વ્યથિત–પીડીત થઈ રહ્યું. અને તે દીર્ઘ પ્રવાસથી આ પ્રવાસીની પવિત્ર પુન્યશીલાના કોમળ કમળ જેવા કપોલ પ્રદેશ ઉપર પણ દુઃખનો આઘાત થવા લાગ્યો. ખડબચડા અને કઠિન માર્ગ પ્રદેશ ઉપર રગશીયો ટપ્પો માર્ગ ક્રમણ કરતો હોવાથી તેના કઠેરા સાથે કાન્તાની કોમળ દેહલતા ભટકાતી અથડાતી હતી. મુંબઈનિવાસીની આ બાળાએ દીર્ઘકાળ થયાં જે દુઃખનો કિંચિત્ પણ અનુભવ ન્હોતો કર્યો તે આજે પુનઃ અનુભવાયો. પિતાની ભયંકર અભદ્ર નીચતા યાદગાર થતાં આ નવયૌવનાનું હૃદયકમળ કંપીત થઈ રહ્યું અને હૃદય ખિન્નતા અને ચિંતાતુરતાથી ઘવાયું હોવાથી ભરાઈ આવ્યું. આ દુઃખશોકનો ઉભરો ખાલી કરવા તે મંદ સ્વરે રૂદન કરી રહી. મનમાં જ વિવિધ કલ્પના અને તરંગમાળા ચાલતી હતી. છેવટે જોતજોતામાં ટપ્પો કુંદનપુરના પાદરમાં આવી લાગ્યો.

આ સમયે રાત્રિના બારેક વાગ્યાનો સમય એટલે લગભગ અર્ધ નિશાનો સમય થઈ ગયો હતો, એટલે આ ગામ સામાન્ય હોવાથી લોકોના ગમનાગમનનો વ્યવહાર બિલકુલ શૂન્યવત હતો. આખરે એક સામાન્ય દેખાવના ઘર સમિપે અંધકારનું ભેદન કરી ટપ્પો આવી પહોંચ્યો. એટલે ટપ્પાવાળાને ભાડાના પૈસા ચૂકાવી ટપ્પો પાછો વાળ્યો, અને બાળા મંદ પગલે ધીરે ધીરે અંધકારનું ભેદન કરતી, માર્ગ ક્રમણ કરતી ઘરના મુખદ્વાર સાનિધ્યમાં આવી લાગી. તુર્તજ દ્વાર ઠોકયું અને તે સાથે "મનહર" એમ કહી કેટલીક બૂમ મારી.

મનહર આ વખતે ગાઢ નિદ્રાદેવીના અંકમાં નિર્ભય અને નિઃશંકતાથી પડેલો હોય તેમજ જણાયું. કારણ કે કેટલીક

બૂમો માર્યા પછી જ અંદરથી પ્રત્યુત્તર મળ્યો કે, "કોણ? કાન્તા બેન?" મનહરની માતાએ આવતાં આવતાં પૂછ્યું.

"હા, માતુશ્રી! શું મનહર નિદ્રાવશ છે કે તમે ઉઠયાં? બાળાએ ખુલાસો કરતાં જ કહ્યું. એટલામાં તુર્તજ ગૃહદ્વાર સાનિધ્યનું ખડકીનું દ્વાર ખુલ્લું થયું અને આગળ માતા અને પાછળ કાન્તા એમ અંદર જવા માંડયું. સામેની ઓસરીમાં મનહર પણ જાગૃદાવસ્થામાં જ બેઠેલો જણાતો હતો. તે પણ ભગિનીના દર્શનથી હર્ષાનંદયુક્ત મુદ્રા કરતો ઓસરીમાં બીછાવેલી એક ચટાઈ ઉપર આવી બેઠો, એટલે કાન્તા સમેત તેની માતા પણ ત્યાં આવી લાગી. આ વખતે ઓસરીમાં એક મંદ દીપકનો પ્રકાશ અંધકારનો પ્રતિકાર કરતો વ્યાપી રહેલો જણાતો હતો. આ બાળા કાન્તાનું વદન દીપક પ્રકાશમાં કેવળ મ્લાન જણાતું હતું. તેણે ગૂપચુપ હૃદયવેધક ડૂસકાં ભરી ભરીને રૂદન કરવા માંડયું; કેમ જાણે આથી તેનો હૃદયસ્થ દુઃખભાર વિદીર્ણ થતો હોય! બિચારી મણીગવરી તો પુત્રીની આવી દુખદાવસ્થા નિહાળી સખેદાશ્ચર્ય પામી અને પુત્રી વાત્સલ્યતાથી હૃદય દ્રવવા લાગ્યું. આંખોમાંથી પણ ઉત્કટ આંસુનું પુર ઉભરાઈ આવ્યું. તે આંસુ લુછતી ગદ્‌ગદ્ કંઠે ધૈર્ય અને આશ્વાસન આપતાં જ બોલી:—

"કાન્તા! પુત્રી! આ શું? આટલી ગભરાય છે શા માટે? કહે, કહે, બેટા! એવું તે શું તને દુઃખ થાય છે, કે આમ છેક ધૈર્યભ્રષ્ટતાથી રૂદન કરવા માંડે છે. જરા સ્વસ્થ થા અને સઘળી વિતક વાર્તા મને કહી સંભળાવ કે જેથી તારાં દુઃખનો ઉપાય થઇ શકે. હતાશ થવાનું કે ચિંતાનિમગ્ન થવાનું કિંચિત્ પણ કારણ નથી." આમ કહી અશ્રુપ્રવાહને મણીગૌરી લૂછવા લાગી. તેના ચકચકિત્ રૂપેરી આંસુનો ઉત્કૃષ્ટ ચળકાટ મનહરના હૃદયને પણ વિદીર્ણ કરી રહ્યો.

"માતુશ્રી! કાળસમાન વિકરાળ પિતાનો જાલમ જુલ્મ હવે તો મારાથી સહ્યો નથી જતો. અરેરે! માડી! મને કાંઇ માર્ગ સૂજતો નથી. સગા પિતાની કેટલી બધી ક્રુરતા?" એમ કહેતાં કહેતાં કાન્તાએ અસ્ખલિત અશ્રુધારા વહેરાવવા માંડી.

" ફીકર નહિ. કાન્તા ! બેટા ! ગભરા ના. સર્વ સારૂં જ થઈ રહેશે. આપણે ઉભય, તારા કુપિત થયેલા પિતાને મન દુશ્મનો જ છીએ. તારા પિતાનું હૃદય એકાએક આટલું ક્રૂર શાથી બની ગયું ? તે હું સંપૂર્ણપણે સમજું છું અને તે માટે મારા પણ બેમત છે જ નહિ. પેલી નવલવધૂએ ઘરમાં પ્રવેશી તેમની કોમળ પ્રકૃતિ ફેરવી નાંખી છે, અને કાંઇક સ્વાર્થાંધતાથી તેમની આંખો બંધ થઇ ગઈ છે. તેથી પણ શું થયું ? તારે આટલું બધું શોકાતુર પણ શાને થવું ? હજી તો હું જીવનવતી છું. જો કોઈ સાંભળે તોય શું કહે ? જરા ધૈર્ય ધર. તારા પૂર્વ પત્રથી જ હું તને અત્રે તેડાવી લેવાને ઉત્સુક બની હતી એવામાં તુંજ આવી તે સારૂં થયું છે. આંખમાંથી આંસુ લોહી નાખ અને શાન્ત થા. તારા કુપિત થયેલા પિતાએ એવાં શું કટુ વચનો તને સંભળાવ્યાં કે તું આટલી રડે છે ? દુઃખનું ચક્ર પ્રાણીમાત્ર ઉપર આવે જાય છે, એમાં રડવું શાને ? દુઃખ આવે છે ત્યારે સઘળી દિશાઓથી દોડતું આવે છે. એતો સત્ય અને સ્પષ્ટ વાર્ત્તા છે. પણ મને કહે તો તારા પિતાએ તને કહ્યું શું ? કે જેથી આટલી રડે છે !" મણીગૌરીએ આશ્વાસન આપતાંજ કહ્યું.

કાન્તાએ આંસુ લુછતાં ગદગદિત સ્વરે ટૂંકામાં સઘળું વૃત્તાંત કહી સંભળાવ્યું. તે હૃદયવેધક કથા સાંભળતાં મણીગૌરીની આંખોમાંથી આંસુનો પ્રવાહ ઉભરાઈ રહ્યો. અરે ! દુઃખાર્ત મનુષ્યનું કરૂણ આક્રંદ–કલ્પાંત અને શોચનિય સ્થિતિથી કઠિન હૃદયના મનુષ્યના હૃદયમાં પણ દયાના અંગારા પ્રજ્વલિત થાય છે, તો પછી આવી સગી સ્નેહીની જનેતા વિષે તો શું જ કહેવું ?

એકાદ પળ રહીને મણીગૌરીએ પુત્રીને આશ્વાસન આપતાં જ કહ્યું: " તે વાસ્તે આટલું દુઃખ શાને લગાડવું ? અરે નશીબ રૂઠે છે ત્યારે સગાં પિતામાતા પણ શત્રુતુલ્ય બની જાય તેમાં આશ્ચર્ય પણ શું વારૂ ? ત્યારે આ તો સાવકી માતામાં સપડાએલા તારા શત્રુની ગરજ સારે છે તેમાં નવાઇ પણ શાની ? " સમય સમજ બળવાન છે, નહિ પુરૂષ બળવાન. " એ

સુવચનાનુસાર હમણાં તો ચાલુ પરિસ્થિતિમાં જ સંતોષીત રહેવું એજ ઉચિત છે."

"અરેરે! માતુશ્રી! પણ મને તે પિતાએ અત્યંત હૃદય-વેધક કડવાં વેણો કહ્યાં છે. તે કડવાં વચનો સ્મૃતિમાં આવતાં મારા હૃદયના ચીરે ચીરા કરી નાખે છે. નૈસર્ગનો પણ આ કેવો કોપ? સંતોષથી વર્તું એટલું બળ પણ મારામાં રહ્યું નથી. મારા વિશુદ્ધ હૃદયમાં એ મ્લાન કટુ વેણની છાપ એવી પડી છે કે તે ભુંસાય તેમ નથી." આટલું બોલતાં બોલતાં કાન્તાની છલાછલ આંસુથી ભરાએલી આંખોમાંથી ઉત્કટ બિંદુધારા સરવા માંડી, શોક સાગરે હૃદયમાં ઉલ્કાપાત કરવા માંડયો. આ રીતે કાન્તાનું રૂદન અસ્ખલિત ચાલુજ રહ્યું.

"બેટા! કાન્તા!! ધૈર્ય ધર! બાપુ! સ્વસ્થ થા! તારે ચિંતાતુરતા ધરવાનું કારણ નથી. તારૂં લગ્ન હવે હું સત્વર કરી જ નાખવાની ગોઠવણ કરૂં છું એટલે પછી તું આ સઘળી મનોવ્યથાથી મુક્ત થશે. કિન્તુ જોને એ કર્કશા–કલુષિત કુભાર્યાના વશવર્તિ તારા અજ્ઞાન પિતાએ મારી પણ કેવી દુર્દશા કરી નાંખી છે? તું તો હવે દુઃખમાંથી સ્વલ્પ સમયમાં જ છૂટી થશે પરંતુ મારે જીવન પર્યંત એ દુઃખો જોવાનાં અને સહેવાનાંસ્તો! જા, હવે તું વાળુની તૈયારી કર અને જમી લે જેથી મનોવૃત્તિ કિંચિત્ શાંત થશે" એમ કહી ડાહી મણી-ગૌરીએ વાતને વિસ્મૃત કરાવી નાંખી એટલે કાન્તા ઉઠીને વાળુ કરવાના કાર્યમાં ગુંથાઈ ગઈ.

રાત્રિ ચાલી ગઇ અને પ્રાતઃકાળ થઇ રહ્યો. ભગવાન સૂર્ય-દેવ અંધકારનો પ્રતીકાર કરી પૂર્વ દિશાની ક્ષિતિમાં પોતાના મંદ કિરણોનો વર્ષાદ વર્ષાવતા પ્રકટી રહ્યા અને ઉષાસુંદરીની સૌંદર્યતામાં કેમ જાણે વિસ્તાર કરતા હોય તેમ સર્વત્ર પ્રકાશનો પ્રસાર કરવા લાગ્યા. આ વેળા કાન્તા દાતણ કરતી પરશાળના બાહ્ય વિભાગમાં સાદડી ઉપર દંતમંજન–દાતણ કરતી બેઠી હતી. તેનું હૃદય વિચાર નિદ્રામાં દોલાયમાન–લીન બન્યું હતું. તે વિચારમાં એટલી નિમગ્ન બની રહી હતી કે મણીગૌરી સમીપમાં આવી ત્યારે જ તે વિચાર નિદ્રામાંથી જાગૃત થઈ.

" કાન્તા ! કાન્તા ! આ શું કહેવાય ! અરેરે ! પુત્રી ! આટલી ચિંતાતુર શાને બને છે ? આટલા વિચારમાં ગુંથાવાની કિંચિત્ પણ અગત્ય નથી. તું ગભરાટ શાને ધરે છે ? એમ ચિંતાનિમગ્ન થવાથી કદાચ તબીયત પણ લથડે. તું તો ભણેલી અને ડાહી છે માટે તારા પિતાની નીચતાને સ્મરણમાંથી દૂર કર. ગમે તેવા પણ તે તારા પિતા છે. ચાલ, આ તારનું ફોર્મ ભરી આપ એટલે તારાં સર્વે દુઃખો એક કાળે જ પરિસમાપ્ત થઈ જાય." મણીગૌરીએ ધૈર્યબળ ઉત્પન્ન કરાવતાં જ કહ્યું.

કાન્તાનું હૃદય હજુ જોઈએ તેટલું સ્વસ્થ થયું ન્હોતું પરંતુ ભાવિ ભર્ત્તારની નવીન સ્નેહસૃષ્ટિનાં દર્શનથી સતેજ થઇ નિરાશાના ગાઢ અંધકારમાં આશાનું ઉત્કટ–ઉજ્વલ કિરણ ચમકી રહ્યું. તેનું હૃદય ખિન્ન હતું તોપણ અત્યારે આનંદ-સાગરમાં સ્નાન કરી રહ્યું.

અહો ! પ્રિયજનનો મોહ કેટલો સ્વાભાવિક અને અનિવાર્ય છે ? પ્રેમબંધનમાં બંધનયુક્ત થયેલાં પ્રણયી પાત્રોના સ્નેહનું ઉચ્ચ સૌખ્ય કેવું પરિણામ પામે છે ? કાન્તાનું રસિક હૃદય હૃદય-મણીના ચિંતનમાં લીન થયું. આશાનાં ચમકતાં કિરણથી પ્રફુલ્લિત થયેલા વદનને સ્વસ્થ કરી કાન્તાએ તેની માતુશ્રીની આજ્ઞાનુ-સાર નીચલો તાર પોતાના હૃદયેશ્વર ઉપર કર્યો અને તેમાં પોતાના પ્રણયકાન્તને બનતી ત્વરાએ કુંદનપુર આવવાનો ઉલ્લેખ કર્યો.

Kishorlal Manmohanlal

SURAT.

Come soon don't delay your presence needed

Koondanpur. MANIGOWRI

ઉપરોક્ત તાર મનહર સાથે જ તાર ઓફીસે પંહોંચતો કર્યો. પ્રેયસીનો ઉક્ત પ્રેમસંદેશો મળતાં બીજે જ દિવસે કિશો-રલાલ કુંદનપુર આવી લાગ્યો એટલે ભાવિ પતિના દર્શનથી કાન્તાની ચકિત આંખોમાંથી અદૃશ્ય પ્રેમનિર્ઝરનું વહન થવા લાગ્યું. તેના ચૈતન્યહીન જણાતા શરીરમાં જીવ આવેલો હોય તેમ જણાવા લાગ્યું અને અંતરના ગુહ્ય પ્રદેશમાંથી સહસા

ઉદ્‌ગાર સ્ખલિત થયા કે, “ આખરે પ્રભુ આવ્યા તો ખરા ! અહો ! પૂર્વની વંદનીય વિદુષીઓ હૃદયમણીને પ્રેમાનંદમાં કેવી રીતે લીન–પ્રફુલ્લિત કરતી હશે ? મારા હૃદયેશ્વર સર્વગુણના અધીશ્વર છે. તેમના આંતરરંગને આનંદિત કરવા એ મારો પરમ ધર્મ છે. પરંતુ તે માટે શું યત્ન કરૂં ? અહા ! પ્રણયનો પ્રવાહ કેવો વેગમાં વહે છે ? પ્રિયજનનું પ્રત્યક્ષ દર્શન અહા ! કેવું આહ્‌લાદજનક છે ! હૃદયપટ ઉપર જે પ્રેમપાત્રનું ચિત્ર આલેખાય છે, તે કદિ પણ ભુસાતું નથી.” હૃદયની ઉચ્ચાભિલાષામાં હૃદય નિઃશબ્ધતાથી વિદીર્ણ થયું. નિષ્પંદ ચંચળ–ચકોર નયનોથી કાન્તા ભાવી ભર્ત્તારની મુખજ્યોતિ ઉપર દૃષ્ટિ ઠારી રહી. અહો ! દેવાધિદેવ પ્રભુ ! ખરેખર અત્યારે મારા હૃદયમણીને હૃદયપારણેથી પ્રેમપારણે ઝુલાવવા, ડોલાવવા અને મારા આમ્રરંગી પ્રેમરંગે રંગવાનો સંયોગ કરાવી આપ્યો ! અહા ! પ્રભુ ! કેટલી દયા ! કેવી આશ્ચર્યકારક ઘટના ! ”

આ પ્રસંગે કાંઇ અગત્યના કાર્ય વાસ્તે મણીગૌરી બહાર ગઈ એટલે કાન્તા પણ કાંઈક મિષ કાઢી અંદરના ઓરડામાં એક સાદડી ઉપર જઈ બેઠી અને કિશોરલાલ પણ અંદરના ભાગમાં પડેલી એક જુની ખુરસી તાણીને તે ઉપર બેઠો. અને આ બન્ને પ્રણયનાં પાત્રો વચ્ચે નીચે પ્રમાણે વાતચિત થવા લાગી.

લજ્જાવિનિત મુદ્રા કરતાં પ્રેમભરેલે સ્વરે કેટલીક વારે ચુપકી તોડી કાન્તા બોલી:–“મારા હૃદયમણી ! આશા અને નિરાશાના હિંડોળે ક્યાં સુધી મને આમ હીંચાવશો ? નાથ ! મારા હાથનો સ્વીકાર કરવાને વિલંબ શાને કરો છો ? કૃપા કરીને હવે વિશેષ તલસાવો નહિ, પ્રભુ !” કાન્તાએ અધૈર્યતાનું દર્શન કરાવતાં જ મંદ પણ મૃદુસ્વરે મંગળાચરણ કરતાં કહ્યું.

“ ધૈર્ય ધરો. ભદ્રે ! ગભરાવાનું કિંચિત્ પણ પ્રયોજન નથી. પરંતુ સાંભળો. હું એક ધનહીન યુવક છું. આથી તમારાથી લગ્ન કર્યા પછી ધનના વિવિધ વૈભવવિહીન હું તમને કેવી રીતે સંતોષીત રાખી શકીશ ? કહો જોઉં ! એક ગરીબ સ્થિતિના મનુષ્ય સાથે તમે પ્રેમબંધનથી સદાને માટે બંધન-

યુક્ત થાઓ છો, તેનો વારંવાર વિચાર કરજો, અનેક વાર વિચાર કરજો." કિશોરલાલે કાન્તાને ચેતવણી આપતાં જ કહ્યું. "નાથ! આ તમે શું કહો છો? શું તમે મને લક્ષ્મીની લાલચુ–પુજારણ લેખો છો કે? નહિ નાથ! હું તો તમારા સદ્‌ગુણો અને ઉચ્ચ જ્ઞાનને જ લીધે તમારા પ્રેમ-પ્રવાહમાં આકર્ષાએલી છું. પ્રભુ! જો ધનથી આશ્વાસન મળતું હોય તો અનેક ધનવંતની હતાશ બનેલી નવયૌવન યુવતીઓ દુઃખી અને હતભાગિની શા માટે રહે? અને જો મને ધનથી આશ્વાસન મળી શકતું હોત તો હું મારા પિતાના વચનોની અવગણના શાને કરત? પ્રભુ! હું તો આપના પવિત્ર પ્રેમ-બંધનથી જ બંધાએલી છું. આપના ચંદ્રમુખ દર્શનમાં જ આનંદ અને અહોભાગ્ય માનું છું. શું મારાં આ વચનોમાં આપને વિશ્વાસ નથી આવતો? નાથ! શું તમે મને સ્વાર્થસાધુ કિંવા લક્ષ્મીની પુજારણ લેખો છો? નહિ નાથ! મારા મુકુટમણી! મારામાં તેવું કશું જ નથી. વ્હાલા! મારાવિષે આપ કિંચિત્ પણ અમંગળ શંકા ધરાવતા ન થાઓ, એજ જગતનિંયતા પ્રભુના પવિત્ર પુન્યશીલ પદકમળમાં મારી પ્રેમપ્રાર્થના છે. શું મારાં આ વચનોમાં આપને વિશ્વાસ નથી આવતો? નાથ!" કાન્તાએ ગદગદ કરૂણ કંઠેજ કહ્યું અને પછી તે અવાચ્ય બની રહી.

"વારૂ! પ્રાણ! તમારી એ પ્રેમયાચનાનો હું સ્વીકાર કરૂં છું. કિંતુ મારો વિચાર આર્થિક સ્થિતિ સુધારણા વાસ્તે વિદેશગમન કરવાનો છે અને આવતા ડીસેમ્બર માસની પહેલી તારીખે જ જાવા બંદર તરફ પ્રયાણ કરવાને મેં શેઠને કરાર-નામું લખી આપી મારી સંમતિ વ્યક્ત કરી છે. તેથી તેનો હમણાં પ્રતીકાર થઇ શકે એ કેવળ અસંભવનીય અને ઉપ-દ્રવકારક કાર્ય છે. તો શું તમે હમણાં પરદેશ પ્રવાસમાં સહ-ગમન કરી શકશો કે?" કિશોરલાલ બોલ્યો.

"એમાં શું હરકત છે? નાથ! આવા ક્ષુદ્ર કારણથી કિંવા તમે ધનહીન હો તેથી પણ શું વારૂ? સતી સીતાજીએ વન-વાસ જતી વેળાએ કિંચિત્ પણ વૈભવસુખની અભિલાષા ધારણ કરી હતી કે? નહિજ. પતિપરાયણ પુન્યશીલ પદ્મિ-

નિઓને તો પતિમુખદર્શન અને પતિના સહવાસમાં જ સ્વર્ગ-સુખ કિંવા તેથી વિશીષ્ટ સુખની પ્રાપ્તિ હોય છે. મારો અંતરનો પ્રેમ:આપના પ્રતિ નૈસર્ગિક રીતે જ ઉશ્કેરાય છે. તેનું કારણ પણ મને કેવળ અકલ્પનિય અને અકથનીય જણાય છે. કહોને નાથ ! શકુંતલા કયે દિવસે દુશ્યન્ત, રાજા હતો વાસ્તે જ પ્રેમ ધરાવતી થયેલી હતી ? પ્રભુ ! એમ હતું જ કયારે ? નૈસર્ગના આકસ્મિક સંયોગ બળથીજ પ્રેમીપાત્રોમાં પ્રેમાકર્ષણ થવું સંભવે છે અને ઉભય પાત્રોનાં હૃદયો પ્રેમરસથી દ્રવીત બને છે કે જેમ આપણા પ્રેમવાસ્તે બન્યું છે. કહો, ખરૂં ને ? અહા ! પ્રેમનું આકર્ષણ કેટલું સ્વાભાવિક છે ?" આટલું કહી કાન્તા અવાચ્ય રહી. "ઓ યસ, ડીયર, ધેર ઇઝ નો ડાઉટ ઇન ઈટ. તેમાં શંકાશીલતા ધારણ કરવાને કિંચિત્ પણ કારણ નથી. પ્રિયે ! તમે અક્ષરસઃ સત્ય જ કહો છો. તો પછી હવે આપણાં લગ્નને વિલંબ શાને ? લગ્ન તો હાલ તુર્ત વેળાએ થવાં જ જોઇએ. કેમ ખરૂંને ડીયર ! તારો તે વાસ્તે શું મત છે, પ્રાણ !" યુવકે ઉત્સુકતાપૂર્વક ઉલ્લસિતવદને જ પ્રશ્ન કર્યો.

"પ્રભુ ! આપણાં પ્રીતિ બંધન-લગ્નબંધન વાસ્તે તો મારા બે મત બિલકુલ નથી, નાથ ! પણ મારા કઠોર પિતાના ત્રાસ અને તિરસ્કારથી હું છેક કંટાળો ધરાવતી બની છું. તેમના હૃદયમાં મારે વાસ્તે પ્રીતીનો ઉદ્દભવ થવો એ કેળળ આકાશકુસુમવત્ નિરર્થક છે. અરેરે ! મારે વાસ્તે આ કેટલો હૃદયવેધક પ્રસંગ ? મારા નેત્રાનંદ ! મુકુટમણી ! આપના ચંદ્રવદન દર્શનનો વિયોગ મારાથી તો હવે નહિ વેઠાય." બાળા બોલી.

હાસ્ય ફરકાવતાંજ કિશોરલાલ બોલ્યો:—"ત્યારે શું તમારા ફાધર એજ્યુકેટેડ મેન નથી ? શું તે પોતે તમારો ઉદયકાળ જોવાને તિરસ્કાર ધરાવતા થયા છે ?"

"ખરેખર તે વિલક્ષણ વિચારના છે. I can not like his thoughts. હું તેના વિચારો પસંદ કરી શકતી નથી, પ્રાણેશ ! અને તેથીજ યોગ્યતાનો કિંચિત્ પણ વિચાર કરવા પૂર્વેજ મારો વિવાહ એક ધનવાન અજ્ઞાન યુવક સાથે કરવાને તેઓ તત્પર બન્યા હતા. મારા પિતાની મહત્વાકાંક્ષા મને તેવા ધનવાનને

ત્યાં વસાવી પોતાની લક્ષ્મીલાલસા તૃપ્ત કરવાનીજ હતી. કિંતુ હું કાંઈ એટલી મૂર્ખ બાળકી નથી કે તેમની અયોગ્ય અને અભદ્ર આજ્ઞાને અનુમોદન આપું ! આજ્ઞાગુરુણામ્ વિચારણીયા.[1] એ સૂત્ર કાંઈ એવા સ્વાર્થસાધુ વડીલને વાસ્તે હોય એમ હું માનિનતા ધરાવતી નથી." એમ બોલતી બાળા રસિક દૃષ્ટિથી લાચારી દર્શાવતી ચૂપ થઇ રહી.

એટલામાં ઓસરીમાં કોઇનો પગરવ સંભળાવા લાગ્યો. કિશોરલાલ શિશિર ઋતુમાં ડોલતાં મનુષ્યપેરે એકાએક ચમકયો અને ઉતાવળે પગલે સત્વર તે ઓરડા બહાર નીકળી આવ્યો. એટલે એક ઘરડા ખખખ ગોર મહારાજ સાથે મણીગૌરીને ઓસરીમાં પ્રવેશ કરતાં નિહાળ્યા.

મનહર પણ બહારથી હમણાં જ તેઓની સાથે આવ્યો હતો. તેણે એક સાદડી ઓસરીમાં પાથરી દીધી એટલે ગોર મહારાજ પોતાનું લાંબુ લચરક ટીપણું ઉકેલતાં લગ્નમૂહૂર્ત જોવામાં ગુંથાઈ ગયા. થોડીકવાર શાન્તતા અને શૂન્યતાનો સંચાર થઈ રહ્યો. આંગળાના ટેરવાં ઉપર કાંઇક અગડમ બગડમ Unintelligible જેવું શુદ્ધાશુદ્ધ બડબડી ગાંભિર્યતાની છાપ પાડતાં તેણે એક લગ્નનું મંગળમૂહૂર્ત ખોળી કાઢયું. અહા ! આપણા લોકાચારની પણ આ કેવી વૈચિત્રતા ! શાસ્ત્રજ્ઞ ગોર હોય તો તો સારૂંજ, કિંતુ ગમે તો અશિક્ષીત અને કાળા અક્ષરને કુટી મારનાર—નિરક્ષર ગોર હોય, પરંતુ "ગોર" એવો ટ્રેઇડમાર્ક હોય એટલે ગંગા નાહ્યા. કેટલી અજ્ઞાનતા ! કેટલું ધતિંગ ! પવિત્ર લગ્ન તો કેમ જાણે એક હાસ્યાસ્પદ નાટક હોય ! કોઈ પણ માનવ હૃદયમાં તે વિષે વિચાર ઉદ્દભવે છે ખરો ? કદાચિત્ એ વિચાર કોઇ માનવહૃદયમાં આવતો હોય તોપણ તે સાંભળે છે કોણ ? અહો ! પવિત્ર ભારત ! આ તારી કેટલી અધોગતિ ! ખરેખર આ આર્યાવર્તમાં આવા લાડુભટોની પણ બલિહારીસ્તો. એ વિષે વિશીષ્ટ વિવેચન કથાવિભાગમાં નિવેદન કરવામાં આવશે, એટલે અત્રે તત્સંબંધે

---

૧ ગુરુઓની આજ્ઞા વિચારવા યોગ્ય છે.

વિશીષ્ટ પિષ્ટપેશણ કરવું અનાવશ્યક જ લેખાશે. વળી એ હિસાબે આપણા હિંદુ સંસારનું બંધારણ પણ કેટલું ખોટું ? છેવટે લગ્નનો દિવસ પણ આવી લાગ્યો અને જોતજોતાંમાં લગ્નોત્સવનું કાર્ય પણ પરિસમાપ્ત થઈ ગયું. આ મંગળ વર્ત્તમાન તાર દ્વારા કિશોરલાલે પોતાની પ્રિય જનેતાને પણ સુરત પહોંચતા કર્યા. આવા હર્ષપ્રદ સમાચારથી તેનું હૃદય કેટલી સાનંદાશ્ચર્યતાથી દ્રવ્યું હશે ! એક સ્નેહાર્દ્ર માતાનું હૃદય પોતાના એકના એક પુત્રના આટલા આનંદપ્રદ સમાચારથી હર્ષના ઉભરાથી દ્રવે તેમાં નવાઇ પણ શું વારૂ ? તે એક જનેતાની વત્સલતા પોતાનાં પ્રિય સંતાનો પ્રતિ ઉત્સુકતા અને પ્રીતિમિશ્રિત જ હોય છે; પરંતુ કાન્તાના પિતા વિનોદચંદ્રના હૃદયમાં એ પ્રીતિ અને વત્સલતા હતી જ કયે દહાડે ! તે તો આવા સમાચારથી સહસ્રાવધીગણો દગ્ધ પ્રદગ્ધ થવા લાગ્યો. તેના હૃદયમાં તો સામાન્ય મમતા પણ અસ્તિત્વ ધરાવતી નહોતી અને એક સ્વાર્થાંધ પિતાને વાસ્તે એમ બને તેમાં નવાઇ પણ શાની !

હમણાં લગ્નોત્સવનું કાર્ય લગભગ સંપૂર્ણ થઈ ચૂકયું હોવાથી કિશોરલાલે પોતાની સાસુ પાસે વિદાય–શીખ માગી. અને એજ અરસામાં “ જાવા બંદરે જવું છે સત્વર આવો. ” એવી મતલબનો નવીન શેઠનો તાર આવવાથી પોતાની નવલવધૂસમેત તેની સાસુ સમ્મતિથી બીજે જ દિવસે જાવાની મુસાફરી વાસ્તે સુરત તરફ પ્રસ્થાન કર્યું.

કાન્તાની સાવકી બેન કુમુદ હમણાં શ્વસુર ગૃહવાસિની થઇ હતી. તે વિનોદચંદ્રની નવલ વધૂની એકની એક લાડકવાઈ પુત્રી હતી. માતાપિતાના લાલનપાલનમાં ઉછરેલી કુમુદમાં કેવા સંસ્કારો નવપલ્વીત થયા હતા તેનું વર્ણન વાર્તા વિભાગમાં હવે પછી વિદીત કરવામાં આવશે. હાલ તો પ્રિય વાંચક ! ચાલો, આપણે કુમુદના ભાવી સંસાર ચિત્રનું અવલોકન કરવા મુંબઈ તરફ જ પ્રસ્થાન કરીએ.

પ્રકરણ ૪ થું.

પાપીષ્ટની પ્રપંચ જાળ.

" ઘાતકી ઘાટ ઘડે ઘણા, ખાટકી કરતાં છેક;
નીચમાં નહિ ડર કે દયા, પાપિ પ્રાણી એ એક."
(શીવલાલ.)

સાયંકાળનો સમય હતો; પાંચેકના ટકોરા ટાવરમાં ટનટન સંભળાતા હતા. ભગવાન્ સહસ્રરશ્મી સૂર્યદેવ નભોમંડળમાંથી પશ્ચિમ દિશાની કક્ષામાં વિશ્રાંતિ અર્થે ડુબી જવાની તૈયારીમાં હતા, સમુદ્રના જળ પ્રદેશ ઉપર નાચતા જળ તરંગો ઉપર સૂર્યનાં ઉજ્જવળ કિરણો ફેંકાતાં હોવાથી અત્યંત મનોહર દ્રશ્ય પ્રત્યક્ષ થતું હતું, વિશાળ આકાશમાં રૂપેરી રંગની રમણીય અને સ્ફટિક સમાન સ્વચ્છ છટા પ્રસરેલી હોવાથી એક પ્રકારની વિચીત્રતાનો ભાસ થતો હતો, વિવિધ રંગનાં વાદળાં સૂર્યના તાપને આચ્છાદન કરી તેની ઉષ્ણતાનો મદ ઉતારતાં હોય તેમ દૃષ્ટિગોચર થતું હતું. કેટલું સુંદર દ્રશ્ય ! કેવી નૈસર્ગિક મનોહર કળા ! અનેક વાદળાંથી વ્યાપ્ત થયેલું નભોમંડળ અત્યંત વિશાળ હોવા છતાં આ મહાસાગરમાં તેનું પતન થવાથી સર્વત્ર સુંદરતા પ્રસરી રહી હતી. કેટલું મનોહર દ્રશ્ય ! સાયંકાળ વખતે નૈસર્ગસુંદરીનું આવું અનુપમ સૌંદર્ય નિહાળી પ્રણયી જનોનાં હૃદયો પ્રેમાર્દ્રતા દ્રવે એ સ્વાભાવિક છે.

ચોપાટી એ મુંબઈ નિવાસી ધનાઢય કિંવા ધનહીન પ્રત્યેક મનુષ્યને માટે વિશ્રાંતિનું સ્થાન–ધામ છે, અને આ રમણીય સ્થળે પ્રતિદિન યુવક–યુવતીઓની વિશાળ મેદની ત્યાંની ખુલ્લી સુશીતળ પવન લહરીઓનું આસ્વાદન લેવા ઉતરી પડે છે. તદનુસાર આજે આ સ્થળે અસંખ્ય સ્ત્રી-પુરૂષો આમતેમ ફુટપાથ ઉપર પરિક્રમણ કરતાં હતાં, તેમજ ભોં ભોં ધ્વનિ કરતી મોટરો પણ દૃષ્ટિનું આકર્ષણ કરતી દોડી રહી હતી, તેમજ બાઇસીકલ, બ્રુમ અને અન્ય ગાડીઓ દોડાદોડ કરી રહેલાં જણાતાં હતાં. પાશ્ચાત્ય પ્રજાનું અનુકરણ

ફરનાર પારસી યુવક યુવતીઓની વિચિત્રતા દૃષ્ટિને આકર્ષતી હતી. કોઈ કોઇ અલબેલી લલિતલલનાઓ ઘોડાગાડીમાં જ બેસી વિશાળ મહાસાગર તરફ ચંચળ દૃષ્ટિપાત કરી રહી હતી, ત્યારે કોઈ અલંકારોનો ગાંસડો ગળામાં લાદી મસ્તાન બનેલી મુગ્ધાઓ મનમાન્યા પ્રિયતમ Loverની માર્ગ પ્રતિક્ષા ઉત્સુક દૃષ્ટે કરી રહી હતી. બીજી તરફ કેટલીક પારસી બાનુઓ પોતાના પ્રાણવલ્લભ સાથે મંજુલ સ્વરે સાંસારિક વાર્તાલાપ કરતી આમતેમ ભ્રમણ કરતી દૃષ્ટિગોચર થતી હતી, ત્યારે કેટલીક મદમાતી અલબેલી યુવતીઓ ચશ્મા ચઢાવી હાવભાવ યુક્ત ચેષ્ટા કરતી અને ધિટતાનું પ્રદર્શન કરાવતી જણાતી હતી. તેમજ કેટલીક દક્ષિણી યુવતીઓ પણ પોતાના પ્રિયતમ સાથે તે સ્થળે પ્રસરતી શીતળ હવાનું આસ્વાદન લઇ સુખ પ્રદેશમાં રમતી–ફરતી હતી. ઘોડાગાડી, મોટર અને બાઇશીકલ ઈત્યાદિ વાહનોની હાર ચોતરફ લાગી રહી હતી. આ સૌંદર્યતા ઉપરાંત સણસણાટ ધ્વનિ પ્રકટાવતી ચાલી જતી ટ્રેન ત્યાંની સૌંદર્યતા અને વિચિત્રતામાં અભિવૃદ્ધિ કરતી હતી. કેટલીક તરૂણ બાળાઓ બેન્ચ ઉપર બેઠેલી હતી, તો કોઇ ફુટપાથ ઉપર સમાનવયસ્ક સખીવૃંદ સાથે આમતેમ લટાર મારી રહી હતી. વળી કેટલાક યુવક ઘોડાગાડીમાં તો કોઇ ત્યાં છવાયેલી રેતી ઉપર ઠંડા પહોરની ગપસપ મારતા બેઠા હતા. વિવિધ રંગના ફેશનદાર પોશાકમાં સંખ્યાબંધ સ્ત્રીપુરૂષોની આ ગીર્દીથી આ સ્થળ ખરેખર નંદનવન સમાન રમણીય જણાતું હતું. ગંડેરીવાળા પોતાના માલની બૂમ મારી જાહેર ખબર આપી રહ્યા હતા, તો બીજી બાજુએ કુરમરાવાળાનો ગગન ચુંબીત ધ્વનિ કર્ણગોચર થતો હતો ત્યારે કોઈ સ્થળે મેવા, મીઠાઈ ઈત્યાદિ વેચનારા પોતપોતાના માલની જાહેરાત આપી કોલાહલ મચાવી રહ્યા હતા.

આ પ્રશાંત વખતે એક સોળેક વર્ષની સ્વર્ગીય અપ્સરા સમાન સૌંદર્યવતી બાળા ભાડુતી બગીમાં બેસી આ ચોપાટીની હહેજત લેવા આવી લાગી. આ અજ્ઞાત યૌવના આપણી આ કથાની એક નાયકા કુમુદા હતી. તે, બગીને

ગાડીઓની હારમાં ઉભી રાખવાનું સૂચન કરી, ચોપાટી ઉપર મંદમંદ ગતિથી ફરવા લાગી અને જોતજોતામાં આ મદમાતી બાળા આ વિશાળ મેદનીમાં અદૃશ્ય થઇ ગઇ. પરંતુ એક બદમાસ કે જે આ નવયૌવનાની પાછળ ભ્રમણ કરતો હતો, તેની દૃષ્ટિ મર્યાદાનું ઉલ્લંઘન આ મુગ્ધબાળા કરી નજ શકી. પ્રકરણ ૧ માં જણાવેલ અકસ્માત્ થવા પછી દ્વિતિય દિવસે તે શ્વસુરગૃહનિવાસીની થઈ હતી અને યોગ્ય ઉપચારોથી હમણાં તંદુરસ્ત સ્થિતિમાં પ્રવેશ કરવા સદ્‌ભાગીની થઈ હતી, તોપણ જોઇએ તેટલા પ્રમાણમાં તો સ્વસ્થ નહોતી. તેણે ક્ષીણ આસમાની રંગની સાડીથી પોતાનું ચંપકવર્ણ યુકત સુંદર શરીર છુપાવ્યું હતું. સુંદર ફેન્સી પોલકું અને ઝાલર યુકત લેંઘો એ આ યૌવનાના યૌવનને શોભાસ્પદ બનાવતાં હતાં. તેનું તિલક વિભૂષિત ઉજ્જવળ નિષ્કલંક વદન ચંદ્ર સમાન મંદહાસ્ય કરતું હતું. તેના શ્યામ કેશકલાપમાં શોભતી પુષ્પવેણી શોભી રહી હતી. વિવિધ સુંદર વસ્ત્રાલંકારો કુમુદાની શરીર કાન્તીમાં અપૂર્વ વૃદ્ધિ કરી જોનારની દૃષ્ટિને આકર્ષણ કર્યા વિના રહેતા નહોતા. એક તરફ સુંદર સ્ત્રીને લજ્જીત કરે તેવું મનમોહક તેજસ્વી રૂપ અને બીજી બાજુ ચળકાટ માંરતા અલંકારો: કહો, પછી સૌંદર્યતામાં શી મણા હોઈ શકે ? એ રીતે કુમુદાએ શરીર ઉપર ધારણ કરેલા અલંકારોથી તેનું સ્વરૂપ પ્રકાશ મારતું હતું. આ યૌવના કુમુદા રસવારીનું સીંચન કરતી હતી. જ્યોત્સ્ના સમાન મંદહાસ્ય કરતી મુખમુદ્રાથી વિદ્યુતની માફક આસપાસના જનમંડળનું મન હરણ કરતી હતી. સુંદર સ્ત્રીઓ પણ તેની દિવ્ય શરીર કાન્તિ નિરીક્ષણ કરવામાં લીન થતી તો પછી અન્ય યુવકની તો વાત જ શું કરવી ! નૂપુરનો કર્ણપ્રિય મધુરો રણુગણાટ કરતી કુમુદા સાગર સાનિધ્યમાં આમ તેમ ભ્રમણ કરતી હતી. દરિયામાં પણ આ વખતે તરંગો થતા હતા; કેમ જાણે આ મુગ્ધ કુમુદાની ચંચળતાનું અનુકરણ કરતાં હોય ! આ વખતે કોઇનો પ્રેમ ભરેલો પરિચિત સ્વર કુમુદાએ સાંભળ્યો એટલે તે તત્ક્ષણાત એકાએક ચમકી અને ત્યાં જ સ્થંભી રહી. કુમુદાએ તે સ્વર ઓળખ્યો, એટલામાં કુમતીચંદ્ર તેની પાછળ પાછળ ભ્રમણ કરતો આવતો જણાયો અને એ સ્વર

પણ તેનો જ હતો. આ બદમાસ હૃદયમાં કુમુદા માટે કલંકિત અને અપવિત્ર પ્રેમાંકુરનો ઉદ્ભવ થયેલો હતો. છતાં પણ કુમુદા એ અપવિત્ર પ્રેમમાં પવિત્રતાનો સંચાર થએલો જ નિહાળી રહી હતી. ખરેખર આવી પવિત્ર પ્રેમવતી પ્રમદા આવા કુટિલ મનુષ્યના હૃદયની કલ્પના કરી શકે એ તો અતિશય દુર્ઘટ કાર્ય જ લેખાશે. વળી કહ્યું છે કેઃ—

નમે દગલબાજ નર છળવા,
નમે ચાંપ ફરીથી ઉછળવા;
નમે નારી જારીણી નીજ ધાર્યું ફળ ફળવા,
નમે વાઘ તલપતાં ચોટ ન દેવા કળવા.
નમે ઉંદર ફૂંકી ખણવા,
નમે દુશ્મન કપટે હણવા;
નમે ધનુષ્ય જન જીવીતહારક લણવા,
નમે અતિષય તેને પોતાના નહિ ગણવા. (રસીક–મણી.)

એ સુવચનાનુસાર આ કુટિલ કુમતિચંદ્રનું હૃદય પાપકર્મથી આચ્છાદન થયેલું જ હતું. તે કુમુદાની નજીકમાં જ આવી જતાં પ્રેમભરેલે સ્વરે બોલ્યોઃ—

કેમ છો, કુમુદા ! હવે તો તમારી તબીયત મારી માનિનતા પ્રમાણે સુધરી ગઈ જ હશે.

“હા, રે, ના, હા” કુમુદા અચકાતાં અચકાતાં જ બોલતી હતી, તેવામાં કુમતીચંદ્ર વચમાં જ બોલી ઉઠયો.

“કેમ કુમુદા ! આમ બોલતાં બોલતાં જ અટકી પડો છો ?”

“કુમતીચંદ્રભાઈ ! આજે એકાદ અઠવાડીયાં થયાં શરીર સ્વસ્થ રહે છે, તોપણ જોઇએ તેટલું તો નહિસ્તો. આથી આજ પ્રથમ જ આ ચોપાટીની વિશુદ્ધ હવાનું આસ્વાદન લેવા આવી શકી છું, તેવામાં આકસ્મિક રીતે તમારૂં દર્શન કરવાને સદ્ભાગિની થઈ છું.”

કુટિલ કુમતીચંદ્રનું ચિત્ત આ સુંદર બાળાના સૌંદર્યમાં ગુંથાયું હતું. નિરંતર તેનાજ નામનું રટણ કરી રહ્યો હતો અને આ નિર્દોષ યૌવના કુમુદાને પ્રપંચજાળમાં ગુંચવવાને મથતો હતો. તે કુમુદાને પ્રણયવિભાગીની બનાવવા તેની સાથે સ્નેહથી વાતચિત કરતો, કયારેક કયારેક તેના સદ્ગુ-

ણુની પ્રશંસા કરતો અને ક્યારેક ક્યારેક મર્મમાં બોલી તેના હૃદયનું હાર્દ જાણવાને ઉત્સુકતા ધરાવતો થયો હતો. આ સમય સાનુકૂળ હતો. આ સ્થળે આ બાળા કુમુદા એકલી અટુલી અને પોતે પણ પોતાની ધુમ દૂરજ રખાવી આ સ્થળે ભ્રમણ કરતો આવ્યો હતો અને પોતે પાથરેલી પ્રપંચજાળમાં આ મુગ્ધ બાળા લુબ્ધ થાય તે વાસ્તે આ પાપાત્મા વિચાર-માળા ગુંથતો હતો. પોતાના દર્શનથી સદ્‌ભાગિની થવાના ઉદ્‌ગારો આ સ્નેહલતા કુમુદાના મુખમંડળમાંથી ખરતાં જ આ બદમાસે ઝીલી લીધા; કહો કે પુષ્પવત્ વધાવી લીધાં. સંયોગ હતો, પરંતુ પ્રસંગ પ્રતિકૂળ હતો. આ તરૂણ બાળા કુમુદાના ઉજ્જવળ મુખચંદ્રમાં લીન થયેલો આ યુવક પ્રપંચમય પ્રેમપ્રદર્શન ભજવવા આ બાળાની રેશમી ભરતવાળી સપાટ પણ એક કુસુમહાર માફક વધાવી લેવાને કિંચિત્ પણ હઠે તેવો નહોતો ! ખરેખર પાપીજનોની પણ બલીહારી જ છે ! સાયં-કાળના પ્રશાંત વખતે મંદમંદ વહેતા પવનની શીતળ લહરીનો આસ્વાદ ચાખવા આ બાળા એકલી જ ઉતરી પડેલી હોવાથી તેવી મહા મૂલ્યવાન તક તે વ્યર્થ જવા દે તેવો નહોતો. તે આ સુંદરાંગી કુમુદાના ચંદ્રવદનમાંથી સ્રવતી તેજપ્રભા તરફ આ વખતે સકૌતુક, સપ્રેમ અને અતૃપ્ત દૃષ્ટિથી અવલોકન કરતો હતો. અહો ! કેટલો મોહ ! અને કેવું અદ્‌ભૂત આકર્ષણ ! એથીજ તેના હૃદયમાં પાપવાસનાનો ઉદ્‌ભવ થયો હતો. આ સઘળાનું કારણ મોહમદિરાનો જ નિશો હતો. આથી જ આ કામાતુર યુવકને રાત્રિનિદ્રા પણ ત્યજી ગઇ હતી. સત્ય કહીએ તો તેના હૃદયાકાશમાંથી કુમુદાનો મુખચંદ્ર દૂર ખસતો જ નહોતો. **कामातुराणां न भयं न लज्जा.**[1] એ સૂત્રાનુસાર તેના હૃદયયંત્રનું સંચાલન થતું હતું. કેટલીક વારે વિચાર વમળમાંથી જાગૃત થઈ કુમતીચંદ્રે સસ્મિત મુખે કહ્યું:—

"કુમુદા ! કુમુદા ! શું મારો દુઃખી સંસાર તમારા સ્મરણમાં રહ્યો છે ? જો તેમ હોય તો આમ છેક કઠોર અને વચનભંગ થઇ શકો કે ? અરેરે ! બ્હેન ! શું મારી હૃદયવેદનાની તમને દયા નથી આવતી ?"

---

૧. કામાતુરને ભય કે લજ્જા હોતી નથી.

"ધૈર્ય ધરો, કુમતીચંદ્ર ! આમ કંટાળો ખાવાનું પ્રયોજન નથી. જુઓ, હું જોઇએ તેટલી સ્વસ્થ તો હજુ હમણાં જ થઇ શકી છું. એટલે હવે હું તમારી એક ભગિની તરીકે તમારી દુ:ખવિભાગિની બનીશ અને તમારા દુ:ખવાદળને વિદીર્ણ કરવાને તમને મદદ કરીશ. માટે આટલા શકમંદ થવાનું કિંચિત્ પણ કારણ નથી." કુમુદાએ ધૈર્ય અને આશ્વાસન આપતાંજ કહ્યું.

"કુમુદા ! જો તમારી હૃદયપૂર્વકની લાગણી છે તો એ હું મારૂં સદ્‌ભાગ્ય સમજું છું. પરંતુ મારા ખિન્ન હૃદયમાં આવી અમંગળ શંકાનો સંચાર થયો એ જ મને શોકાતુર બનાવે છે. બ્હેન ! શું દુ:ખી જનોના હૃદયમાં ચિતઉદ્વિગ્નાથી આવી ભ્રમણાનો ઉદ્‌ભવ થાય, એ સ્વાભાવિક હશે ?" કુમતીચંદ્રે ગદ્‌ગદ્ સ્વરેજ કહ્યું.

"કુમતીચંદ્ર ! વીર સહોદર ! સ્વસ્થ થાઓ. ધૈર્યભંગ થવાનું કિંવા શોકાદ્રતા ધારણ કરવાનું કશું પણ કારણ નથી. અને ભાઈ ! એ મારી બાળ સખી આનંદમાં તો છે ને ?" કુમુદાએ શોકનું વિસ્મરણ કરાવતાં જ કહ્યું.

"કુમુદા ! તમારા સુખદાયક મેળાપ પછી એ તમારી સ્નેહાળ સખી તમારા વિયોગ વ્યાધિથી ચાતક પેઠે તલસ્યા કરે છે અને તમારા અલ્પ સહવાસથી તેના હૃદયમંદિરમાં પ્રેમ ધર્મનું પ્રતિબિંબ પ્રસરી રહ્યું છે. આથી તમારા પ્રત્યે તેનો પ્રેમભાવ એટલો ઉંડી છાપ પાડી રહ્યો છે કે, કદાચ જો તમારૂં દર્શન નહિ થશે તો તે ભ્રામકસ્થિતિનો ભોગ થઈ પડશે. વળી તેના કલુષિત સ્વભાવના અભ્યુદય વાસ્તે પણ મારા બંગલે વારંવાર આવી જવા મારી પ્રાર્થના ચાલુ છે. શું મારી આ યાચનાનો અસ્વીકાર કરશો કે ? કહો, કહો, કુમુદા ! હવે કયે દિવસે તમે મારા બંગલે ઉપસ્થિત થઈ શકશો ? કહો જોઉં બ્હેન !" કુમતીચંદ્રે કિંચિત્ શકમંદ થતાં જ કહ્યું.

કુમુદા થોડી વાર સુધી કંઇ બોલી શકી નહિ. કુટીલના પ્રેમ અને વિનયભરેલા શબ્દો સાંભળી તે સ્તબ્ધ થઈ રહી.

કેટલીક વારે વિચારનિદ્રામાંથી જાગૃત થઇને મંદસ્મિત ફુર-કાવતાં જ તેણે કહ્યું: "ભલે, કુમતિચંદ્ર ! મારી સ્નેહશીલ બ્હેનપણી જ્યારે આટલી ઉત્સુકતા ધરાવે છે તો આજથી આઠમે દિવસે એટલે આવતા રવિવારે હું તમારા બંગલે ઉપસ્થિત થઇશ અને મારી ટેવ પ્રમાણે તમ દમ્પતિના પ્રણય પરિહારને પુનઃ સજીવન કરવાને ઘટિત મદદ કરીશ."

ઉપરોક્ત વાર્ત્તાલાપ ચાલતો હતો એટલામાં એક અજ્ઞાત યુવક આ સ્થળે ભ્રમણ કરતો કરતો આવી લાગ્યો. આ નવીન યુવક કુમુદાના પતિનો પરિચીત અને કુટિલ કુમતીચંદ્રનો સુહૃદ–સ્નેહી હતો. આ પ્રેમવાર્ત્તાના ત્રુટક ત્રુટક શબ્દો તેના સાંભળવામાં આવ્યા હતા. આ યુવકને નિહાળી કુમતીચંદ્રે પછી સત્વર પોતાના પ્રણયની નિશાની માટે પોતાની છબીવાળી મુદ્રીકા કુમુદાને આપી દીધી અને ત્યારબાદ કુમુદા સાથે છેવટની સેકહેન્ડ કરી કુટિલ કુમતીચંદ્રે રસ્તો માપ્યો. ઉભય છુટાં પડચાં. કુમતીચંદ્રે આ નવિન યુવક પાસે જઇને તેના હાથમાં એક સો રૂપિયાની નોટ સેરવી દીધી અને પછી તુરત જ તેના કાનમાં કાંઇક ગુપ્ત ભયંકર મંત્રનો સંચાર કર્યો કે જે ભયાનક મંત્રે કુમુદાના સંસારસુખનું સત્યાનાશ વાળી દીધું. અરે ! એજ અઘોર મંત્રે એ નિર્દોષ પ્રેમી દમ્પતિને પોતાના પ્રણય ધર્મમાંથી પતીત કર્યાં અને એજ અદ્ભૂત મંત્રે કુમુદાના પ્રાણવલ્લભના હૃદયપ્રદેશમાં ભયંકર ભ્રમણાનો સંચાર કરી તેમના પ્રેમના સ્થાને કલહ અને કુસંપનાં કંટકબીજ નવપલ્લવિત કર્યાં. અરે ! એજ મહામંત્રના પ્રભાવથી કુમુદાને પતિપ્રેમથી ખંડિત થઈ વિયોગ દુઃખ સહન કરવું પડચું.

પ્રિય વાંચનાર ! આ કુટિલ કુમતીચંદ્ર આ પુન્યશીલ પવિત્ર સુંદરી સાથે જે ભયંકર કપટબાજી રમતો હતો તેની કિંચિત્ કલ્પના પણ આ પતિપ્રેમી કુમુદાના મનોરાજ્યમાં ઉદ્ભવવા પામી નહિ એ સ્વાભાવિકજ લેખાશે. કારણ કે આ નિર્દોષ સુંદરીનું ઉજ્જવળ હૃદય પવિત્રતાથી આચ્છાદિત હતું. પાપીષ્ટે એવી ભયદર્શક ઇંદ્રજાળ પ્રસારી દીધી કે શંકાશીલતાના ક્રોધાગ્નિ ઉપર કોપ અને તિરસ્કારનો દારૂ પડતાં કુમુ-

દાના પતિનું હૃદય બળીને ભસ્મીભૂત થઈ ગયું. જેમ પુર્ણીમાના ઉજ્જ્વળ ચંદ્રને રાહુ પ્રકાશહીન બનાવે, તદ્વત આ સ્નેહશીલ દમ્પતિના પ્રેમનો પ્રકાશ ઘોર અંધકારના રૂપમાં ફેરવાઇ ગયો. ખરેખર આ નરાધમે આ નિર્દોષ દમ્પતિની સ્નેહલતાને છુંદી નાખી શેકસપીયરની એક કથામાં જેમ એક પાપીષ્ટ બદમાસે અન્ય એક યુવકની જીંદગી ઉપર ત્રાપ મારી હતી તેટલી જ પાપયુક્ત અને ભયંકર કપટજાળ આ પાંપીષ્ટે પ્રસારી દીધી હતી. કેટલો અઘોર અત્યાચાર! કેવો કુટિલ એ ઘાતકી! ખરેખર આવા પાપાત્માનાં પાપ અંતે તો સર્વશઃ ઉભરાઈ આવ્યા વિના રહેતાં નથી. આવી ધર્મશીલા સાધ્વીના ભયંકર શ્રાપથી તેઓનાં ઇંદ્રભુવન સમાન વૈભવયુક્ત વિલાસભુવન પણ અંતે ભસ્મ અને વૈભવવિહીન બની જાય છે અને યૌવન અને ધનસંપત્તિમાં મદાંધ બનેલાં આવાં પાપીષ્ટ જનો આખરે પરસ્ત્રીના અભિલાષરૂપ અઘોર પાપકર્મથી વિનાશને પાત્ર થાય છે. વળી કહ્યું છે કે:–

" લોભે અને વળિ કૂડ કપટે કામ માઠાં થાય છે,
જરૂર જાણો પાપકેરો ફટ ઘડો ફૂટી જાય છે;
વિણ મોતથી મરતાં ન પામે દુષ્ટ જરા વિશ્રામને,
સમજી જજે મન! પાપનાં ફળરૂપ એ પરિણામને. "

(કેશવલાલ).

એ નીતિ વચનાનુસાર અત્યાચાર અને પાપકર્મના માર્ગમાં પદ સંચાર કરવાથી આવા દુષ્ટાત્માઓ સર્વથા પ્રભુકોપની ભયંકર જ્વાળામાં બળીને ભસ્મીભૂત થઈ જાય છે.

પ્રિય વાંચક! એ ભયંકર મંત્ર એવો તે શું ભયાચ્છાદિત હશે કે તેથી આ પ્રેમી દમ્પતિના સંસારસુખનો વિઘાતક બની તેને સ્મશાનના રૂપમાં ફેરવી નાંખશે એ ભયંકર પાપકર્મ જાણુવા તમને અભિલાષા પ્રકટે એ સ્વાભાવિક છે. વાસ્તે ચાલો, એ બદમાસ કેવી ભયંકર કપટજાળ પ્રસારે છે તે જાણુવા આપણે ખુદ તેનાજ વિલાસભુવનમાં પ્રવેશ કરવો પડશે. વળી નિર્દોષ મનુષ્યો પણ વારંવાર દૃષ્ટિના જ માત્ર ઝેરવેરથી કેવી ભયંકર વ્હેમજાળમાં ગુંથાય છે તે વિલક્ષણ વાર્ત્તા જાણુવાને આ કથા પ્રસંગ આપણુને સર્વથા આદર્શરૂપ જ થઈ પડશે.

પ્રકરણ ૫ મું.

પ્રપંચી પ્યાર.

કાળચક્ર વિષે કાયા પીલતીરે, શેષનાગની ઝાળને ઝીલતીરે;
તેથી કઠણ છે પ્રેમ પ્રકારરે, પૂરેપુરા પ્રેમીને પૂછજોરે.

(શ્રી સંઘવી.)

મધ્યરાત્રિનો ભયંકર સમય પ્રવૃત્તિ રહ્યો હતો. સમસ્ત સૃષ્ટિમાં અંધકારનું સામ્રાજ્ય વ્યાપી રહ્યું હતું. તારકમંડળ વ્યોમભૂમિમાં ઉજ્વલિત ચળકાટ પ્રસારી રહ્યું હતું. આકાશમાં ક્ષીણ આસમાની રંગની છટા પ્રસરેલી હોવાથી કેમ જાણે ઉદાસીનતા છવાઇ હોય? લાલ, કાળાં અને શ્વેત રંગીય વાદળાં પરસ્પર પ્રેમાલિંગન આપતાં હતાં. આ વાદળાંથી છવાયેલું મનોહર અંબર અતિ વિશાળ હોવા છતાં પણ સમુદ્રના જળપ્રદેશમાં તેનું પ્રતિબિંબ જણાતું હતું. આ વિશાળ મહાસાગર જાણે સ્પર્ધા કરતો હોય, તેમજ આકાશના વિશાળત્વનો મદ ઉતારતો હોય તેમ પ્રત્યક્ષ થતું હતું.

મહાસાગર કેવળ શાંત હતો, અનિલલહરી મંદમંદ વ્હાતી હતી, કવચિત્ કવચિત્ સમુદ્રનાં મોજાંઓ ઉછાળા મારી શાન્તતામાં ભંગાણ પાડતાં હતાં. આવા પ્રશાંત વખતે મહાસાગરના હૃદયપ્રદેશ ઉપર સ્ટીમર માર્ગક્રમણ કર્યે જતી હતી. આવી ભયંકર નિશામાં ભયકારક પાપકૃતિ થવાના વિલક્ષણ વિચારે કાન્તાનું મનોનાવ ચડેલું હતું. નિદ્રાદેવી તો આજે તેનાથી સેંકડો કોશના અંતરે વિચરતી હતી. ખરેખર ચિન્તારૂપી અગ્નિમાં જેનું સુકોમળ હૃદય દગ્ધ થતું હોય, તેને નિદ્રા પણ શાની આવે? આ વખતે આ બાળાનો પતિ કિશોરલાલ આ સ્ટીમરના માલિક પાસે ગયો હતો, અને અર્ધ નિશાપર્યંત તે પાછો નહિ ફરવાથી પોતાના પ્રિયતમની માર્ગ પ્રતિક્ષા કરતી આ તરૂણ બાળા એક ઇઝીચેર ઉપર લોટતી હતી. તે મધ્યરાત્રિ વ્યતિત થવા છતાં પોતાનો પતિ પાછો નહિ ફર-

વાથી હજારો અમંગળ શંકાની પાંખ ઉપર ઉડતી હતી. આખરે એ વિલક્ષણ શંકાએ ભયંકર રૂપ ધારણ કર્યું. મહાસાગરના જળપ્રદેશમાં કોઈ વ્યક્તિના પતન થવાનો ઘોર ધ્વનિ કર્ણસાથે અથડાયો. તે સાથે "કોઈ બચાવો, રક્ષણ કરો" એવો ધ્વનિ પણ સંભળાયો. આ પરિચિત ધ્વનિ પોતાના પ્રિયતમનો જ હતો. ચતુર બાળાએ એક પાટિયું જે બાજુમાંથી ધ્વનિ સંભળાતો હતો તે બાજુ વિદ્યુતવેગે સત્વર ફેંકી દીધું અને એજ જીવનરક્ષક પાટિયા સાથે કિશોરલાલ સુદૃઢરીતે વળગી પડયો. આ ભયકારક કટાકટીના વખતે પોતાની પ્રિયતમાના વરદ હસ્તે પોતાનું સદાને માટે સંરક્ષણ થઇ ગયું એવા વિચારસાગરમાં પડેલો આ યુવાન પ્રચંડ પવનના ખેંચાણ ભણી ખેંચાતો ચાલ્યો. એ હતભાગી યુવાનને તેના નશીબનાવ ઉપર મૂકી ચાલો, આપણે પુનઃ સ્ટીમર તરફ વળીએ.

પ્રસ્તુત ભયંકર કુટિલ કાવત્રું કર્યા બાદ આ વહાણના શેઠે ઉપરોક્ત ચાર વ્યક્તિને કાન્તાને પોતાની સાનિધ્યમાં ઉચકી લાવવાને પાપીષ્ટ ફરમાન કર્યું. એટલે એ નરપિશાચો ત્વરાથી જે સ્થળમાં તરૂણ કાન્તા ચિંતાગ્રસ્ત દુઃખદાવસ્થામાં ઉભેલી હતી ત્યાં ધસી આવ્યા અને પોતાના માલિકનો કુર આદેશ સંભળાવી દીધો. આથી સુકોમળ લતા ઉપર જેમ વજ્રપાત થાય તેવો દુઃખકારક આઘાત એ સુંદર બાળાના હૃદયપ્રદેશ ઉપર થયો અને એ દુઃખભારથી એ તરલનયન તરૂણીનું હૃદય કંપી ઉઠયું. તો પણ એ દુઃખપ્રદ વેદનાને કાન્તાએ દબાવી પ્રત્યુત્તર વાળ્યો કે "એ નરાધમ બદમાસ સન્મુખ આવી તેનું કાળું કલંકિત મુખ જોવાને હું ઇચ્છતી નથી." આવા પ્રકારનું શબ્દોચ્ચારણ કરતી આ લલીત લલના કરૂણસ્વરે રોદન કરવા લાગી, ભાલ પ્રદેશ ઉપર પ્રસ્વેદ છુટવા લાગ્યો, વદનકમળ ઉપર ગ્લાનતા પ્રસરી ગઇ. પ્રસ્વેદ બિંદુ કપોલ પ્રદેશ ઉપર થઇ તેણે પરીધાન કરેલી રેશમી ચોળીને ભીંજવવા લાગ્યાં. તેમ જ વહન થતી અશ્રુધારા મોતી સરખાં અશ્રુબિંદુ ટપકાવી તેમાં એકત્ર થવા લાગી. પથ્થરને પીગળાવે એવું તેનું કરૂણ રૂદન આ નરપિશાચોને અસરકારક ન જ

થઈ શકયું અને અરણ્યરોદન સરખો આ તરૂણીનો વિલાપ નિરર્થક નીવડયો. છેવટે કાન્તા નથી જ આવતી તેવું દૃશ્ય જોઇ તેને યથેચ્છ બદમાસોએ ખેંચવા માંડી. કાન્તાએ રૂદન કરતાં કહેવા માંડયું: "અરે ! પાપીષ્ટ નરાધમો ! મારા સરખી નિર્દોષ બાળાને આવા પ્રકારનું દુઃખ આપવાથી તમારૂં કદિ પણ સારૂં થનાર નથી. પરસ્ત્રી પ્રત્યે કુદૃષ્ટિ કરનાર પાતકી બને છે તો તમારી અધમાવસ્થામાં શું ન્યૂનતા રહેશે. પાપીષ્ટો ! રૈરવ નર્કમાં પણ તમારો ઉદ્ધાર થનાર નથી. આવા પ્રકારનો રૂદનોચ્ચાર કરતી જેમ પવનના ખેંચાણ ભણી તેનો પ્રિય પતિ ખેંચાતો હતો તેમ જ આ પાપીષ્ટોના ઘસડી જવા પ્રમાણે આ સુંદરાંગી ઘસડાવા લાગી. અને જોતજોતામાં એ પ્રપંચી શેઠની સાનિધ્યમાં આ પવિત્ર પ્રેમદાને હાજર કરી. એટલે શેઠના પૂર્વ સંકેતાનુસાર આ ચંડાળચોકડી ત્યાંથી નિમીષમાત્રમાં પસાર થઈ ગઇ. એ પાપીષ્ટ બદમાસે સુંદરીને સંબોધીને શબ્દોચ્ચારણ કર્યું.

"દિલોજાન ! આ પ્રેમના પૂજારીને તારા અધરામૃતનું પાન કરાવી શાંત કર. વળી તારા યૌવન વિહારાર્થે આપણા સુખકર માર્ગમાં કંટકરૂપ થનાર તારા પતિ કિશોરલાલનો ઘડોલાડવો પણ કરી નાંખ્યો છે. એટલે, તારા પ્યારની અજબ પ્યાલી પાવાને તને પણ કિંચિત્ પ્રત્યાય રહ્યો નથી. બોલ, વ્હાલી માશુક ! તારી શી ઇચ્છા છે વારૂ ?"

"પાપીષ્ટ નરપિશાચ ! મારા સરખી નિર્દોષ બાળાને આવું ભયંકર દુઃખ આપવાથી તારૂં એકે ભવમાં સારૂં થનાર નથી. પરસ્ત્રી પ્રત્યે કુદૃષ્ટિ કરનાર નરકનિવાસી બને છે. તો પાપીષ્ટ ! યમસદનમાં પણ તારો ઉદ્ધાર થનાર નથી. આ વિશાળ સમુદ્ર મર્યાદાભંગ થાય તો પણ મારૂં શીયળ ભ્રષ્ટ થવા દેનાર નથી. નરાધમ ! કુલાંગાર ! ! મારા નિર્દોષી પતિને અંધારી રાત્રે, તેં જ આ સાગરમાં ધકેલી મૂકયો છે. 'પરંતુ રામ રાખે તેને કોણ ચાખે' એ પવિત્ર ગાથા જ મારા પવિત્ર પતિનું સંરક્ષણ કરશે. રૂપ, યૌવન અને ધનના મદમાં તું અંધ બન્યો છે પણ જ્યાં સુધી મારા શરીરમાં આત્મા છે ત્યાં સુધી તું જખ મારે છે." કાન્તાએ ક્રોધાવિષ્ટતાથી જ કહ્યું.

"અરે અજ્ઞાનશીલ બાળા ! આવી નિરર્થક રકઝક કરવાથી શું ફળ ? તારા સમાન સુંદરીના મીલન અર્થે મારી નિદ્રા પણ પવન ઝપાટે ઉડતાં પુષ્પ માફક ઉડી ગઇ હતી. ચાલ ચતુર બાળા ! વ્યર્થ હઠનો ત્યાગ કર અને મારા ગૃહરાજ્યની રાજ્ય બાળા થા. નહિ તો મારી પ્રબળ સત્તાથી પણ તારે મારા સ્વાધિન થવું પડશે. સમજી કે હઠીલી બાળા !" બદમાશ બોલ્યો.

"કુલાંગાર ! કલંક વિભુષિત શેઠ ! તું મારા શરીર ઉપર ગમે તે અત્યાચાર કરી શકશે પણ એ ક્ષણિક દેહમાંથી કેમ છુટવું એ અકસીર ઉપાય મારી શીયળ પોથીમાં સલામત છે. ભલે પછી એ નશ્વર શરીરને તું ગમે તેવી યંત્રણાએ પહોંચાડ, તેની મને કિંચિત્ પણ દરકાર થનાર નથી. મારા આત્મભોગે પણ કર્તવ્યથી હું વિમૂખ થનાર નથી અને એવા આત્મભોગથી જ મનુષ્યો ધર્મના માર્ગમાં આદર્શરૂપ થઈ શકે છે. જે વિશ્વંભરે અનેક પવિત્ર બાળાઓના સતીત્વનું સંરક્ષણ કર્યું છે એજ પ્રભુ મારા શીયળ ધર્મનું પાલન કરશે. પાપીષ્ટ ! સતીની છેડ કરવી, એ છંછેડાયલી સિંહણને ખીજવવા જેટલી બલ્કે તેથી વધારે ભયંકર ઘટના છે. સમજે છે ? કુલાંગાર શેઠ !" કાન્તાએ પવિત્રતાનું દર્શન કરાવતાં કહ્યું.

ઉપરોક્ત શબ્દોચ્ચારણ સાંભળતાં શેઠ તો દિગ્મૂઢ જ થઈ ગયો. અને આ છંછેડાયેલી પવિત્ર પ્રેમદાની વધારે છેડ કરવી એ પણ ભયાવહ લાગ્યું. પરંતુ આવું મોંઘા મૂલ્યનું રમણી રત્ન જતું પણ કેમ કરાય ? પણ ત્યારે કરવું શું ? એ વિચાર પ્રવાહમાં તેનું મનોનાવ તણાતું ચાલ્યું. આખરે એક ભયંકર યુક્તિ સુઝી આવી અને તેનો ત્વરાથી અમલ પણ કરી નાંખ્યો.

શેઠે ઇશારત કરવાથી ઉક્ત ચાર વ્યક્તિ ત્યાં આવી લાગી એટલે આ બદમાશે ફરમાન કર્યું કે આ કુલટાને આ સામેના દિવાનખાનામાં કેદ કરો અને મારા પ્રેમની અધિષ્ટાત્રી થાય તેવી તેના શરીરે યંત્રણા પહોંચાડજો.

આ ચાર વ્યક્તિએ આ પવિત્ર બાળાને ઉંચકી સાનિધ્યમાં આવેલા એક દિવાનખાનામાં તેને ધકેલી દીધી. આ દીવાન-

ખાનું વિલાસી પદાર્થોનું સંગ્રહસ્થાન હતું. કામોત્પાદક વિલાસી પદાર્થો આંખ સામે તરવરતા હતા, મનરંજીત રંગ બેરંગી વિવિધ નરરત્નો અને સ્વર્ગીય અપ્સરાસમી રમણી રત્નોની છબીઓ સૌંદર્યવૃદ્ધિ કરી રહી હતી, સુંદર ફેશનેબલ રેશમી ગાદી તકીયાઓ બીછાવેલા હતા, બીજી બાજુ દુધના ફીણુ-સમાન મૃદુશય્યાયુક્ત છત્રપલંગ યૌવન વિહાર રસમાં અ-ભિવૃદ્ધિ કરતો હતો તથા વિવિધ પ્રકારના મીષ્ટ પદાર્થોના કંડિયા દૃષ્ટિ મર્યાદામાં પ્રત્યક્ષ થતા હતા. ખરેખર આ દિવાનખાનાને વિલાસમંદિર કહીશું તો કિંચિત્ પણ બાધ આવે તેમ નથી. આ વિલાસભુવનમાં આ તરલનયન સુંદરીને હડસેલી દેવામાં આવી. આ નંદનવન સરખું વિલાસભુવન પણ આ પુન્યશીલા પવિત્ર કાન્તાને તો કાતિલ નર્કનિવાસ સમાન ભયંકર નિવડયું. આ વિલાસભુવનમાં પ્રવેશ થતાં વેંતજ એક કારમી હૃદય-દ્રાવક ચીસ પાડી અશ્રુ વર્ષાવતી આ અભાગિની બાળા ધરણી ઉપર ઢળી પડી અને નિશ્ચેષ્ટીત બનતી અચેતનાવસ્થાનો ભોગ થઇ પડી. ઉક્ત બદમાશો આ દિવાનખાનામાં એક મંદ દિપક પ્રકટાવી, તેનાં દ્વાર બંધ કરી, પોતાના નિયંત્રીત સ્થાનમાં પસાર થઈ ગયા.

પ્રિય વાંચનાર ! આ કુટિલ પાપાત્માઓ આ પતિપ્રેમી કાન્તા ઉપર કેવા અભદ્ર અને હૃદયવેધક અત્યાચાર કરશે અને આ લલિત લલનાને કેવા ભયંકર સ્થળે ખસડી જશે, તથા આ સ્વરૂપવતી અને મનોમોહક પુન્યશીલા કાન્તા પોતાના મહા મૂલ્યવાન શીલવ્રતનું કેવી આશ્ચર્યકારક રીતે રક્ષણ કરશે એ અદ્ભૂત અને ચમત્કારિક ઘટના જાણવા તમારા મનમાં અભિ-લાષા થાય એ સ્વાભાવિક છે; છતાં પણ હમણાં તો કાન્તાને કારાગૃહમાં મુકી, તેમજ તેના હૃદયેશ્વર કિશોરલાલને તેની ભાગ્યદેવીના અંકમાં સમર્પણ કરી, ચાલો હવે, આપણે આ કથાનાં અન્ય પાત્ર કુમુદા અને કાન્તિલાલની ભાળ લઇએ.

પ્રકરણ ૬ ઠ્ઠું.

હેમમાં વૃદ્ધિ.

છે શક સાહસનું પરિણામ, બહુ સંતાપ થશે જ થકી તે;
નિર્દોષ પ્રિયા પૂરી નિહાળી, દટાય દુઃખે પછી નાથ નકી તે.

(ભૂપતરાય.)

પ્રાતઃકાળનો વખત હતો, સહસ્ત્રરશ્મી ભગવાન સૂર્યદેવ બાલરૂપે વ્યોમ ભૂમિમાં પૂર્વ દિશાની કક્ષામાં ઉદિત થયેલા પ્રત્યક્ષ થતા હતા, લગભગ નવેકના ટકોરા ઘટિકા યંત્રમાં વાગ્યા હતા, આ વખતે શહેરનાં ભાવિક યુવક–યુવતીઓ દેવાલયો તરફ દર્શન કરવાની દોડધામમાં ગુંથાએલાં જણાતાં હતાં, વિશાળ રાજમાર્ગો ઉપર ઘોડાગાડીઓ, ટ્રામ અને મોટર આદિ વાહનોની દોડાદોડી મચી રહી હતી, વસ્તુતઃ આ શહેરમાં ધંધોરોજગાર એટલો ધમધોકાર નિરંતર ચાલે છે કે જેથી હમણાં પણ મનુષ્યો સર્વશઃ વિવિધ કાર્યક્રમમાં પરિભ્રમણ કરતાં જ દૃષ્ટિગોચર થતાં હતાં. આ વખતે ભુલેશ્વર લતામાં એક માળાના ત્રીજે દાદરે પોતાના દિવાનખાનામાં એક યુવક અસ્વસ્થતાપૂર્વક આમ તેમ ભ્રમણ કરતો હતો. તે ક્ષણમાં એક વસ્તુ લેતો, તો બીજી ક્ષણે કાંઇક બીજીજ વસ્તુ ગ્રહણ કરતો; ઘડીકમાં ટ્રંક ઉઘાડતો, તો ઘડીકમાં કબાટમાંથી પુસ્તકો કાઢતો. આ વખતે તેની મુખમુદ્રા ખિન્ન જણાતી હતી. આવા પરિશ્રમથી તેના કોમળ કપોળ પ્રદેશ ઉપરથી બિંદુઓ છુટી તેના હૃદયપ્રદેશને ચુંબન કરવા લાગ્યાં, તે તેના રૂમાલવડે લુછી નાખી કોઈ ભ્રમિત મનુષ્યની માફક પુનઃ કામ કરવામાં લીન થઈ જતો હતો. રાત્રિએ નિદ્રાદેવી પોતાની સત્તા આ યુવક ઉપર જણાવી શકી ન હોય તેમ તેની અસ્વસ્થ આંખોથી પ્રત્યક્ષ થતું હતું. **ચિન્તાતુરાણાં ન સુખં ન નિદ્રા.**[1] એ સૂત્ર આ યુવકના સંબંધમાં અક્ષરસઃ મળતું આવે છે. એવામાં અચાનક આ યુવક આ પરિભ્રમણમાંથી નિવૃત જ થતો જણાયો,

---

૧. ચિંતાતુરને સુખ હોતું નથી, તેમજ નિદ્રા પણ આવતી નથી.

અને સાહજીક રીતે જ તેની ખિન્ન મુદ્રા ઉપર આશ્ચર્ય, શોક અને ઉદ્વિગ્નતાની છાયા પ્રસરી રહી. આવા વિલક્ષણું પરિભ્રમણનું કારણ શું હશે ? માત્ર પ્રિય પત્ની માટેનો સંભ્રમ ! ત્યારે આ યુવક આટલા પરિશ્રમ પછી સહસા શાન્ત શાથી થઇ ગયો ? એ પ્રશ્ન, કદાચ પ્રિય વાચક ! તમારા હૃદયમાં ઉપસ્થિત થયો હોય તો તે સ્વાભાવિક જ લેખાશે. તેના માટે અત્રે સ્પષ્ટિકરણ કરવું ઉચિત લેખાશે કે, કુમુદાએ જે મુદ્રિકા કુટિલ કુમતીચંદ્ર પાસેથી પ્રેમની યાદગીરી માટે ચોપાટી ઉપર મેળવી હતી તે મુદ્રિકા સાડી ઉચકતાં જ તેમાંથી સરી પડી અને એજ ભેદભરી મુદ્રિકાએ અચાનક આ યુવકના હૃદયનું આકર્ષણ કર્યું એટલે સહસા આ ભ્રમણ નાટકની પરિસમાપ્તી થઈ ગઈ. આ યુવક વિંટી હાથમાં લઇ એક ઝુલતી ઇઝીચેર ઉપર જ પડેલા પરિશ્રમનો પરિહાર કરવા બેસી ગયો. આ અજ્ઞાત યુવક આપણી આ કથાની એક નાયકા કુમુદાનો પતિ કાન્તિલાલ હતો, અને તેની અનુમતિથી કુમુદા આ વખતે દેવદર્શન કરવા દેવમંદિર તરફ ગઇ હતી, એટલે, આ પ્રસંગે આ યુવક દિવાનખાનામાં એકલોજ હતો. તે પ્રસંગોપાત તેના સંભ્રમયુક્ત સ્વભાવ પ્રમાણે પોતાની પ્રિયતમા માટે શકમંદ બની વિવિધ અમંગળ શંકાઓની પાંખ ઉપર ઉડયા કરતો હતો. આજે આ વિંટી એ શંકાને માટે કિંચિત્ આદર્શરૂપ થઈ પડી. આથી તેની ખિન્ન મુખમુદ્રા ઉપર આશ્ચર્ય, ક્રોધ અને સંભ્રમની વારંવાર આવૃત્તિ ઉપર આવૃત્તિ થવા લાગી. તે મનોગત બોલ્યો:—"અહા ! વિંટી ! આ શું ? તેમાં છબી કોની ? અરરર ! આ હું શું જોઉં છું ? કેટલું અઘોર નિંદ્ય કર્મ ! જેના શીલવ્રત માટે હું પ્રેમ ધરાવતો હતો તેણે જ શું આવું દુરાચરણ કર્યું ? આવી કુભાર્યામાં સંસાર સુખની આશા પણ કયાં રહી ? અરેરે ! 'भार्या रुपवती शत्रु' એ વાક્યની સત્યતા આ સ્થળે પ્રત્યક્ષ થાય છે. આવી અમંગળ શંકાઓ અચાનક કરવી એ પણ શું ઉચિત છે ? અરેરે ! આ વિષયમાં મારૂં હૃદય દુઃખથી વિદીર્ણ થાય છે. ત્યારે હવે કરવું શું ? અરે કરવું શું, એવી માનસિક નબળાઈ ધારણ કરવી એ તો ઉચિત નથી. હવે તો હું આ પાપીની વિશ્વાસઘાતીની

કુભાર્યાના દુષ્કર્મની ખાત્રી કરીશ અને પછી તેના તે પાપકર્મનું શાસન કરીશ ત્યારે જ મારૂં ભ્રમિત ખિન્ન હૃદય શાન્ત થશે.”

પ્રિય વાચક! આ વિંટીનો પ્રસંગ કુમુદાને માટે કેવો અશુભકારક થઇ પડયો? પરંતુ આ બાળા તો કેવળ પતિપ્રેમી અને નિર્દોષ હતી. આ પુણ્યશીલા કુમુદા પોતાના હૃદયમણીને જ પ્રભુવત્ માનતી હતી. પતિસેવામાં એટલી પ્રેમઘેલી અને મસ્ત રહેતી હતી કે જેમ કોઇ ભકતજન પ્રભુના ભજનમાં ગુંથાઇ જાય તેવીજ રીતે આ કુમુદા પતિસેવામાં મસ્ત રહેતી હતી. પોતાના શીયળવ્રત માટે તો તે જીંદગીનો ભોગ આપે એવી પવિત્ર અને પુન્યશીલા હતી.

પતિવ્રતપણું રક્ષવા, અતિશય સહેવાં દુઃખ;
જીવ લેવો કે આપવો, ખોવાં સઘળાં સુખ. (રણછોડભાઈ)

એવા જ વિચારમાં કુમુદા અહર્નિશ નિમગ્ન રહેતી હતી. આવી પવિત્ર પુન્યશીલા કુમુદાને માટે તેના પ્રણયકાન્તના હૃદયમાં સંભ્રમનો ઉદ્ભવ થાય, એ પણ કેટલું દુર્ભાગ્ય? ખરેખર ભાવી મિથ્યા થઇ શકતુંજ નથી. આ રીતે આ વિંટીના પ્રસંગથી તેનો પતિ શકમંદ થાય તો તે આશ્ચર્યકારક વાર્ત્તા નથી. આપણે પૂર્વ વાર્તા વિભાગમાં અવલોકન કરી ગયા તેમ કુમુદાની અયોગ્ય સ્વતંત્રતા અને વિવિધ સ્થળે ફરવા જવાની છુટથી તેને માટે તેનો પતિ શકમંદ થયો હતો. જો કે કુમુદાની રીતભાત તો કેવળ પવિત્ર અને પરોપકારશીલ હતી, છતાં પણ કાન્તિલાલને તેનું પરિભ્રમણ અનુચિત જણાતું હતું અને આ વિંટીના પ્રસંગથી તો તે અત્યારે પતિના વ્હેમ અને તિરસ્કારનો ભોગ થઇ પડી હતી. એજ વિચારે તે યુવક અત્યારે મુંઝવણરૂપી મહાસાગરમાં મનોનાવને વેગથી તરાવતો હતો. એવામાં અચાનક દાદર ખખડયો, કોઇનો મંદ પગરવ થતો સંભળાયો એટલે કાન્તિલાલનું હૃદય દ્વાર તરફ આકર્ષાયું અને તેની વિચારમાળા અટકી પડી. જોતજોતામાં એક પરિચિત યુવક દિવાનખાનાના દ્વાર સાનિધ્યમાં આવી લાગ્યો.

“ કેમ છો? નયનલાલ! કેમ કાંઇ માર્ગ ચૂકયા કે શું? ભુલા તો નથી પડયા ને?” આ નવિન યુવકનું નામ નયનલાલ હતું, તેને સંબોધીને કાન્તિલાલે કહ્યું.

"મારા આગમનનું કાર્ય અત્યંત ગુહ્ય અને મહત્વનું છે કે જે જાણ્યા પછી તમે આશ્ચર્યચકિત થઈ જશો." એમ ગોળમટોળ જવાબ આપતાં જ નયનલાલે બાજુમાં પડેલી ખુરશી ઉપર સ્થાન લીધું.

"અરે, વારૂ નયનલાલ! એટલું માર્મિક રહસ્ય શું છે? કહો જોઉં, તે વિલક્ષણ વાર્તા જાણવા મારા હૃદયમાં ઉત્સુકતા વ્યાપી છે; માટે કશો પ્રત્યવાય ન હોય તો સત્વર સ્પષ્ટતાથી વ્યક્ત કરો. હું તમારૂં મર્મયુકત ભાષણ સમજી શકતો નથી." કાન્તિલાલે અધિરતાનું દર્શન કરાવતાં જ કહ્યું.

"કાન્તિલાલ!" આસપાસ દૃષ્ટિ ફેંકતાં અન્ય કોઈ વ્યક્તિ દૃષ્ટિગોચર નહિ થવાથી પૂર્વોકત ભયંકર મંત્રનું નયનલાલ ઉચ્ચારણ કરવા લાગ્યો. "ચાલાક સુહૃદ! મેં તમારાં ગૃહસુંદરીને આજકાલ બદમાશ તરીકે માનપ્રદ ખીતાબ ધરાવતા કુમતીચંદ્ર સાથે ચોપાટી ઉપર પરસ્પર પ્રેમવાર્તા કરતાં નજરોનજર નિહાળ્યાં. એ પ્રેમ પ્રસંગ રસરંગમાં પ્રકાશીત થયેલો નિહાળી હું પણ છુપાતો લપાતો એ અદ્ભુત પ્રેમવાર્તા સાંભળવા ગુપચૂપ તે સ્થળે જઇ લાગ્યો. તે વખતે એ બદમાશના પ્રશ્નનો પ્રત્યુત્તર વાળતાં તમારાં ધર્મશીલ પત્નિ બોલી ઉઠયાં કે–તમારા સમાન ધનાઢય શેઠનો મારા ઉપર સ્નેહ થવાથી હું મારૂં મહદ્‌ભાગ્ય માનું છું. ખરેખર મારા ધનહીન પતિથી મારા આત્મવિલાસને તાળું દેવાઇ ગયું છે. જેમ નિશા સુંદરી પોતાના હૃદયમણી ચંદ્રની છાયામાં સૌંદર્યધારીણિ બને છે, તદ્વત આપની શીતળ છાયામાં વિચરવાથી મારૂં દુઃખદારિદ્ર નષ્ટભ્રષ્ટ થઇ જશે; પરંતુ, એ નાટયારંગ ગુપ્ત રીતે ભજવવાની સર્વથી આવશ્યકતા છે. એમ કરવાનું કારણ તો ખુલ્લું જ છે. આમ લજ્જાવિહીન બનતાં તમારી ધર્મ પત્નિએ કહ્યું હતું." નયનલાલે મર્મવેધક કપટનો પ્રસાર કરતાં જ કહ્યું.

"અરર! કેટલી નીચતા! અરે આ તે પાપીની કે પુન્યશીલા! અહો! પવિત્રતાની છાયામાં કુટિલ કામિનીઓ કેવી અધમતાથી પાતિવ્રત્યને ખંડિત કરે છે! પરંતુ તેવી કલંકિની સ્ત્રીઓનું પાપ કદાપિ ગુપ્ત રહી શકતું જ નથી. કુટિલ કા-

ન્તાઓની શીલભ્રષ્ટતાજ તેમના પાપની પ્રકાશિત બહુધા બને છે. પરંતુ ભાઈ! એ તમારા સદ્દ્અસદ્દ્ કથનની પ્રતિતિ શું વારૂ? સામાન્યતઃ આવા ગંભીર વિષયમાં એ ભયંકર કુકર્મનું દૃષ્ય પ્રત્યક્ષ થયા પૂર્વે તમારા કથનની સત્યતાવિષે મારો તત્કાળ વિશ્વાસ પણ કેમ બંધાઇ શકે વારૂ? શું ત્યારે તમે એ વિશીષ્ટ અધમાચારનું પ્રત્યક્ષ દર્શન કરાવી શકશો કે?" કાન્તિલાલે ચમકી જતાં કહ્યું.

"અરે અવિશ્વાસ! શું એક મિત્રના વચનમાં પણ અવિશ્વાસ હોઇ શકે કે? અરેરે ભાઈ! તેમાં તમારો પણ કિંચિત દોષ નથી. આ ભયંકર પ્રસંગ જ સર્વશઃ વિશ્વાસવીહીન જણાય છે, પરંતુ તેટલું વિશ્વાસભંગ થવાનું કિંચિત પણ પ્રયોજન નથી. એ અદ્દ્ભુત ઘટના સત્યતાથી ભરપુર છે અને એ ભેદભર્યો પ્રેમ પ્રસંગ તમારા ચર્મચક્ષુસમક્ષ આવતી કાલે જ બહુધા પ્રત્યક્ષ કરી શકાશે. કારણ કે એ અધમજનોએ મદન રસમાં લીન થવાને વાસ્તે આવતી કાલનો દિવસ જ નિયુકત કરેલો છે, એમ ઉભયના પ્રેમ પ્રસંગ વખતે જ હું સુભાગ્ય યોગે જાણી શકયો છું. અરેરે! આપને માટે આ કેટલો વિકટ પ્રસંગ! તેનો વિચાર આવતાં મારૂં હ્રદય કંપાય છે. ભાઇ! આ ભયંકર ગૃહભેદ આપના પ્રકાશમાં લાવીશ ત્યારે જ મારો મિત્રધર્મ પરીપાલન થએલો લેખાશે અને મારી આટલી હ્રદય ઉદ્વિગ્નતા ત્યારે જ સર્વથા શાન્ત થઈ જશે." નયનલાલે એક લાંબો પ્રત્યુત્તર આપતાં જ કહ્યું.

ઉપરોક્ત વાર્તાલાપ ચાલતો હતો એ કટાકટીના વખતે કુમુદાના સરનામાવાળો પત્ર પોસ્ટમેને "કુમુદા" એમ નામ પોકારી આપ્યો, પરંતુ અત્યારે એ પત્ર કાન્તિલાલના હાથમાં જ આવ્યો. ગજબ થયો! નિર્દોષલતા ઉપર જરૂર વજ્રપાત થવાનો! આ પત્ર પણ કુટિલ કુમતીચંદ્રનો જ હતો.

"આ પત્ર પણ તે બદમાશનો જ હોય નહિ!" એમ પત્ર હાથમાં લેતાં જ કાન્તિલાલે સંશયયુક્ત મુદ્રા કરી કહ્યું.

"પ્રિય મિત્ર! કદાપિ એ પત્ર જો કુટિલ કુમતિચંદ્રનો જ હોય, તો તે જ પત્ર મારા કથનની સત્યતા વિષે સર્વથા

પ્રત્યક્ષ પુરાવો થઇ પડશે.” નયનલાલે ગંભીર મુદ્રા દર્શાવતાં જ ઉચ્ચાર કર્યો.

કાન્તિલાલે પરબીડીયું ફોડયું એટલે તત્ક્ષણાત તેમાંથી નીચે પ્રમાણે પત્ર પ્રત્યક્ષ થયો.

“ ડીયર કુમુદા !

તમારા અલૌકિક પ્રેમની મારા મનમાં અવર્ણનીય તાલાવેલી પ્રકટી રહી છે ! આથી તમારા દર્શનના વિરહવહ્નિથી મારા દગ્ધ થતા હૃદયમાં કદિ પણ શાન્તિનો સંચાર થવાનો નથી. અહો ! કેટલો અલૌકિક પ્રેમ ! કેટલું અદ્‌ભૂત આકર્ષણ ! ખરેખર તમારા વિચિત્ર પ્રેમે મને મ્હાત કર્યો છે અને એ પ્રેમના મોહિનીમંત્રના પ્રબળ પાસમાં હું છેક ભ્રામક સ્થિતિનો ભોગ થઇ રહ્યો છું. ચાતકવત્ તમારા દર્શન માટે મારૂં હૃદય ઉત્સુકતા ધરાવે છે અને વાનરવત્ મારી ચિત્તવૃત્તિ દર્શન વિહીન ઉછળી રહી છે. તદ્વત તમારી સ્નેહિની બ્હેન તમારા દર્શન વીહિન ઝુરે છે. પ્રેમનો અદ્‌ભૂત સંચાર જે તમે તેના કર્ણપુટમાં કરેલો છે તેથી પણ તે તમારા દર્શન માટે આકર્ષાય તો તે સર્વથા સ્વાભાવિક જ લેખાશે. મને ભીતિ લાગે છે કે જો તમે તમારા દર્શનથી આવતી કાલે પણ તેને હતાશ કરશો તો તે ભ્રમિત જ બની જશે. વળી તેના મનોરાજ્યમાં વ્યાપ્ત થયેલા કલુષિત વિચાર વમળને તમારો અલૌકિક સદુપદેશ જ વિદીર્ણ કરી શકે તેમ છે; વાસ્તે એ નિમિત્તે પણ આવતી કાલે અમ દમ્પતિને તમારા દર્શનથી હતાશ નહિ જ કરશો એમ મારી પણ પ્રાર્થના છે. તમે પણ આપણા વચ્ચેના પ્રેમનિર્ઝરનું પરિપાલન કરવા આવતી કાલે અવશ્ય અહિં ઉપસ્થિત થશો એમ મારી મનોદેવતા પણ શાક્ષી પુરે છે.

ગ્રાન્ટરોડ ટર્મીનસ નજીક. લી. દર્શનાભિલાષી

મુંબઇ. કુમતિચંદ્ર.”

“ જોયું, ભાઈ ! કેટલી કુટિલતા ! કેવું મર્મદારક લખાણ ! પાપીષ્ટે કેવી અભદ્ર પ્રપંચજાળ પ્રસારી છે ? અને એ કુટિલ બદમાસના કાવત્રાંનો ભોગ એક ભોળી પ્રેમઘેલી પ્રમદા થઇ પડે તેમાં નવાઇ પણ શું ? ” નયનલાલે પાપીષ્ટના દોષોનું કિંચિત્ દર્શન કરાવતાં જ કહ્યું.

"પ્રિય મિત્ર ! તમે ખરેખર મારા ઉપર મહદ્ કૃપા કરી છે. મારી અર્ધાંગના એ પાપીષ્ટની કપટ જાળમાં સર્વથા ફસાએલી છે અને એ સદ્અસદ્ રહસ્યની આ સાક્ષી પુરે છે." કાન્તિલાલે કપટજાળનો સ્વીકાર કરતાં જ કહ્યું. વળી પણ કાંઈક સ્મરણ થઈ આવ્યું હોય તેવા ભાવપૂર્વક કહ્યું:—

"અરે નયનલાલ ! ત્યારે આવતી કાલે એ બદમાશ કેવો લજ્જાસ્પદ નાટયારંગ જમાવે છે તે વિલક્ષણ દૃશ્ય શું તમે મને પ્રત્યક્ષ કરી શકશો કે ?" કાન્તિલાલે આતુરતાથી કહ્યું.

"વારૂ ! કાન્તિલાલ ! કાલે સાયંકાળ સમયે તમે ચોપાટી ઉપર સહેલ કરવા બ્હાને જજો અને હું પણ એજ નિમિત્તે ત્યાં આવી લાગીશ એટલે એ અધમજનોનું દુષ્કર્મ આપણે નજરે નિહાળવા પહેલી તકે મળી આવતી લોકલ ટ્રેનમાં ગ્રાન્ટરોડ તરફ પ્રસ્થાન કરીશું." નયનલાલે આશ્વાસન આપતાં જ કહ્યું.

ઉપરોકત વાર્ત્તાલાપ ચાલતો હતો એટલામાં કુમુદાનાં આવવાનાં પગલાં દાદર ઉપર સંભળાયાં એટલે નયનલાલ ઉભો થયો, કેમકે કપટ નાટક કદાચ ખુલ્લું થઈ જાય અને વખત પણ વાતમાં બહુ વ્યતિત થઈ ગયો હતો. નયનલાલે લાંબો હાથ કરીને કાન્તિલાલ સાથે છેલ્લી શેકહેન્ડ કરી, અને પછી પોતાના ઘર તરફ જવા ઉપડી ગયો. સ્વલ્પ સમયમાં દેવ દર્શનથી પાછી ફરેલી કુમુદા ઘેર આવી લાગી. પરંતુ આ ભોળી પતિપ્રેમી બાળા આ કપટ નાટકથી કેવળ અજ્ઞાત જ રહી ગઈ. પ્રવેશ કરતાં જ તેની દૃષ્ટિનું આકર્ષણ ત્યાં પડેલા પત્ર ઉપર થયું. પત્ર ઉંચકીને વાંચ્યો અને પછી સત્વર પોતાની બ્હેનપણીને દ્વિતિય દિવસે મળવા જવાની પોતાની અભિલાષા પોતાના પ્રિય પતિને જણાવી, પરંતુ પોતાના પ્રિયતમનો કશો પણ પ્રત્યુતર મળ્યો નહિ. કુમુદા હતાશ થઈ રહી, તો પણ કેવળ નિર્દોષ અને નિઃશંક કુમુદાએ કિંચિત્ પણ સંદેશો આણ્યો નહિ. પતિ કદિ આજે કોઈ વાતે ચીડાયા હશે એટલે તે વાંક બધો મારા ઉપર પતાવ્યો. આ કરતાં વિશીષ્ટ વિચાર ન કર્યો. એમ સહજ પ્રસંગ ગણી આ પતિપ્રેમી પુન્યશીલા કુમુદા ગૃહકાર્યમાં ગુંથાઈ ગઈ.

પ્રકરણ ૭ મું.

કારાગૃહમાં કાન્તા.

કર્મ અરે અતિ ગહન ગતિ તારી;
કઠણ પ્રસંગે રાખવું મન વારી.

રત્નપુર નામક શહેર સમુદ્ર કિનારા ઉપર આવેલું છે તો પણ આ શહેર સમુદ્ર કિનારાથી લગભગ એકાદ માઇલ દૂર ઉંચી ટેકરી ઉપર આવેલું હોવાથી દૂરથી તે અત્યંત સુંદર મનોમોહક જણાય છે. સમુદ્ર કિનારેથી શહેર તરફ જવાનો રસ્તો માટી અને પત્થરથી બાંધી લીધેલો છે, છતાં પણ એ રસ્તાનો ઉપયોગ ગરીબ મનુષ્યો ન્હોતાં કરતાં, કારણ કે તે રસ્તો તેમને કાંઇક વિસ્તાર યુક્ત થઇ પડતો. એ રસ્તે માત્ર ઘોડાગાડી, ટપ્પા આદિ વાહનો ગમનાગમન કરતાં એટલું જ ! હમણાં પ્રાતઃકાળનો વખત ચાલતો હોવાથી આ શહેર સમુદ્ર કિનારા ઉપરથી ધુમસ અને કિંચિત્ અભ્રાચ્છાદિત થએલું દૃષ્ટિગોચર થતું હતું. સૂર્યનાં ચળકતાં કિરણોથી તે શહેરનું નૈસર્ગિક દૃશ્ય અપૂર્વ સૌંદર્યતા યુક્ત જણાતું હતું. કેમ જાણે સુવર્ણથી આચ્છાદિત હોય ! તેમજ વિવિધ પ્રકારનાં વૃક્ષોના આચ્છાદનથી કેમ જાણે નંદનવનનો એકાદ ખુણો બ્રહ્મદેવે અહિં નીર્માણ કર્યો હોય ! આ શહેર વિશાળતામાં એટલું બધું મ્હોટું ન્હોતું તો પણ સામાન્યતઃ તેમાં દેશ વિદેશના ધનાઢ્ય શેઠ શાહુકારો આવી વશ્યા હતા, તેથી વેપાર રોજગાર એટલી વિપુલતાથી ચાલતો હતો કે જેથી અનેક ધનહીન મનુષ્યોની આજીવિકા માટે આ શહેર આશ્રયદાતા થઇ પડયું હતું. આ શહેરના કિનારા ઉપર આજે એક વહાણ આવી નાંગર્યું કે જે વહાણનો આપણી આ વાર્તા સાથે ગાઢ સંબંધ છે. આ વહાણમાં ઉતારૂઓ બહુ થોડાજ જણાતા હતા. એનું કારણ એ હતું કે તે વહાણ માત્ર તેના માલિકે પોતાના મોજશોખની

ખાતરજ મુસાફરી કરવા ખાસ તૈયાર કરાવ્યું હતું. ત્યારે આ વહાણુ કોનું હતું ? એ પ્રશ્ન અમારા વાંચનારના હૃદયમાં કદાચ ઉપસ્થિત થયો હશે, માટે આ સ્થળે જણાવવું ઉચિત લેખાશે કે એ વહાણુ સુરતના રહીશ કુટિલ કપટચંદ્ર શેઠની માલીકીનું હતું. એ કુટિલ કપટચંદ્રે જ કાન્તાના પતિ કિશોરલાલને જળસમાધિ કરાવી તે બિચારા નિર્દોષ યુવકનો ઘડો લાડવો કરાવી નાંખ્યો હતો અને પતિપ્રેમી કાન્તાને કારાગૃહ નિવાસીની–બંદીવાન બનાવી દીધી હતી, એ હૃદયદ્રાવક વૃત્તાંત આપણે પૂર્વ વાર્તાવિભાગમાં અવલોકન કરી ગયા છીએ. હવે વહાણુ ઉપરનો સઘળો સામાન કેટલાક મછવાઓએ કિનારા ઉપર ઉતાર્યો અને પછી એક મછવામાં કાન્તા અને અનુચરો સાથે આ તરૂણુ પાપાત્મા પણુ કિનારા ઉપર ઉતર્યો. આ વખતે આ સઘળો કિમતી માલ અને તે કરતાં પણુ વિશીષ્ટ મૂલ્યવાન યૌવના કાન્તાને નિયંત્રિત સ્થાને પહોંચતી કરવાની સૂચના કરી દીધી. ત્યારબાદ આ બદમાશ પોતાના મિત્ર પ્રમાદચંદ્રની ઘોડાગાડીમાં બેશી તેના બંગલે જવા પ્રયાણુ કરી ગયો. શેઠના ઉપડી ગયા બાદ આ શહેરના અરણ્ય પ્રદેશમાં એક કમ્પાઉન્ડવાળું ખંડીયેર સરખું પુરાતન મકાન હતું. એ કારાગૃહ તરફ કુટિલની અનુમતિ મુજબ ચાર વ્યકિત કાન્તાસાથે એક બગીમાં બેશી ઉપડી ગઈ. આ વિસ્તૃત મકાન કુટિલ કપટચંદ્રની વપરાશને માટે તેના મિત્ર પ્રમાદચંદ્રે સુપ્રત કર્યું હતું. આ કમ્પાઉન્ડના આંતરિક ભાગમાં કેટલીક પુરાતની ભયંકર વખારો હતી અને તે કેટલીક વખારો તળીયાના ભાગમાં ભોંયરાયુકત હતી. અન્ય વખારો વહાણુ ઉપરનો માલ ભરવામાં રોકી દીધી અને બાકીની એક ભયંકર કારાગૃહ સરખી વખાર કાન્તાના ગુહ્યનિવાસને માટે નિયંત્રિત કરી હતી. આવા એક અતિ ભયંકર કારગૃહનો રસ્તો કેવળ પ્રશાંત અને નિર્જન હતો. સમગ્ર સૃષ્ટિ ઉપર ઉષાદેવીનું પ્રશાંત સામ્રાજ્ય વિસ્તરેલું હતું અને આવા જનશૂન્ય સમુદ્ર પ્રદેશમાં ભગવાન સવિતા વલ્લભના નયનરમ્ય મંદ મધુર કિરણો પથરાવાથી નૈસર્ગ સુંદરીની અપૂર્વ શોભા જણાતી હતી.

આવા પ્રશાંત સમયે આ જનશૂન્ય અરણ્ય પ્રદેશમાં બગી કારાગૃહ તરફ પુરપાટ વેગમાં દોડી રહી હતી. આ ભયંકર કારાગૃહ આવી નિર્દોષ યૌવનાઓનાં યૌવન–સૌંદર્યનો આનંદ લુંટવા વાસ્તેજ બહુધા કામે લાગતું હતું. કાન્તા માટે નિર્માણ થયેલા કારાગૃહમાં એકાદ બે જુની ચટાઈ પાથરી હતી. મધ્ય-વિભાગમાં એક જુનું રાઉન્ડ ટેબલ અને તેની આસપાસ બે ત્રણ ભાંગી તુટી ખુરશીઓ પડેલી હતી. દિવાલ નજીક દુધના ફીણ સમાન મૃદુ શય્યાયુકત છત્ર પલંગ યૌવન વિહારરસમાં વૃદ્ધિ કરતો બીછાવ્યો હતો. એ સિવાય અન્ય કોઇ પણ વસ્તુ રાખવામાં આવી નહોતી. આસપાસ ભયંકર જંગલનો વિભાગ હોવાથી તેમજ ઉષાસુંદરીના પ્રશાંત સામ્રાજ્યનો સંચાર થવાથી હિંસક પ્રાણીઓ પણ આમ તેમ દોડાદોડી કરી રહેલાં પ્રત્યક્ષ થતાં હતાં. પરંતુ હિંસક વનપશુઓ કરતાં આવાં પા-પીષ્ટ જનોની કુટિલતા વિશેષ અભદ્ર અને ઝેરી હોય છે; આથી તેવા હિંસક ક્રુર પ્રાણીઓ કરતાં તેઓ વિશેષ અધમ અને પાપીષ્ટ હોય છે એ તો નિર્વિવાદ વાર્ત્તા છે. પતિવિહિન બાળા આ હૃદયવેધક અત્યાચારના આક્રમણથી તદન હતાશ અને તેજવિહીન બની ગઇ હતી. વલ્લભવિયોગી વલ્લભા પોતાની આવી દયાજનક સ્થિતિ થવાથી દુઃખભારથી દબાઇ હૃદયમાંથી ઉષ્ણ નિઃશ્વાસ કાઢતી હતી. આ સઘળો સમય તે યૌવના અત્યંત કરૂણ વિલાપ અને આક્રંદમાં વ્યતીત કરતી હતી. પત્થરને પણ રડાવે તેવો તેનો હૃદયદ્રાવક રૂદનો-ચ્ચાર થતો હતો પરંતુ દુષ્ટોના અપવિત્ર હૃદયમાં દયાનો કિં-ચિત્ ઉદ્‌ભવ પણ થતો નહોતો. આથી અરણ્યરોદન સમાન તેનું આક્રંદ નિરર્થક નિવડયું. તેના ભાલ–પ્રદેશ ઉપરથી પ્રસ્વેદ બિંદુ ટપકતાં હતાં, વદનકમળ ઉપર મ્લાનતાયુકત શોકછાયા છવાઈ ગઇ હતી. આ પાપીષ્ટ નરપિશાચોના પાસમાં સપડાઈ જવાથી વાઘના પંજામાં જેમ બળહીન હરિણી સપડાએલી હોય તે માફક આ અભાગિની યૌવના ભયભીત બનતી કંપતી હતી અને આંખો ફાટી જતી હતી. આ હમેશાં નિર્જન અને ઉજ્જડ લાગતું અરણ્ય પણ આજે શોક ગર્જનાથી ગાજી રહ્યું

હતું. આ સુંદરીના ચર્મચક્ષુમાંનું નીર ખુટી જવાથી રક્તધારા થતી હતી: શ્રાવણ અને ભાદરવાના વર્ષણ સમાન વહન થતી અશ્રુધારામાં પ્રસ્વેદનાં ચળકતાં બિંદુ ટપકી તેના હૃદય પ્રદેશને ચુંબન કરતાં હતાં. જોતજોતામાં આ બગી ધમધમાટ કરતી આ ભયંકર કારાગૃહના કમ્પાઉન્ડના દ્વાર આગળ આવી લાગી. આ સુંદર બાળાને બગીમાંથી નીચે ઉતરી આવવા આ ચારમાંના એક રાક્ષસે ફરમાશ કરી, પરંતુ, આ પતિપ્રેમી પ્રમદાએ તે શબ્દો તરફ દુર્લક્ષજ આપ્યું. તેના મનોરાજ્યમાં તો એ જ ઉચ્ચારણ થતું હતું કે:-

“ મ્હારે મને પતિ પ્રેમ આગળ વિશ્વ સઘળું વ્યર્થ છે;
રાજા અને મહારાજનાં, સ્વર્ગીય વૈભવ તુચ્છ છે.
પતિભક્તિ મુક્તિ સ્વર્ગસુખ, મમ મોક્ષ પણ એમાં લહું;
પતિપ્રાણ પ્રભુ પતિપ્રેમ નીરમાં, માછલીસમ હું જીવું. ”

(વિજયાલક્ષ્મી)

આ પતિપ્રેમી અને પ્રતિભકિતમાં લીન અને મદમાતી સુશીલ કાન્તાના કેમળ હૃદયપ્રદેશમાં ઉપલું કાવ્યામૃત દ્રવતું હતું. આથી પાપીષ્ટોના અભદ્ર અને પતિત ફરમાન પ્રતિ તે બેદરકારજ રહી. આ નરાધમોએ એ કોમળ કાન્તાને બગીમાંથી સહસા ઉંચકીને ગુપ્ત ગુહ્યાગાર તરફ માર્ગક્રમણ કરવા માંડયું. કાન્તાએ કરૂણ આક્રંદ કરતાં કરતાં વાક્ધારા વહેવરાવવા માંડી:-“અરે પાપીઓ! તમારાં આવાં અઘોર અને અભદ્ર પાપકર્મથી તમારો રૌરવ નર્કમાં પણ ઉદ્ધાર થનાર નથી. દુષ્ટો! એક નિર્દોષ દમ્પતિના સંસાર સુખનો વિનાકારણ વિનાશ કરવાથી તમારૂં કોઈ પણ કાળે ભદ્ર થનાર નથી. નરાધમો ! કિંચિત વિચાર કરો, કે સતીને સતાવતાં પાપીષ્ટ કીચકના કેવા બુરાં હાલ થઈ પડયા હતા. તો પછી તમારા જેવા અઘોર પાતકી જનોને યમસદનમાં પણ છુટકારો થશે નહિ.” આવા પ્રકારનું શબ્દોચ્ચારણ કરતી આ રતિસમાન રૂપવતી રંભા પુન્યશીલા કાન્તા જેમ દુરાત્માઓ ઘસડી જાય તેમ ઘસડાતી જવા લાગી અને નિમિષમાત્રમાં કારાગૃહના મુખદ્વાર

સમિપમાં આ અનાથ અભાગિની કાન્તાને પાપીષ્ટો ઘસડી લાવ્યા. આ કારાગૃહનું દ્વાર ઉઘાડી સર્વે બદમાશો આ ભયંકર અંધકારયુક્ત ઓરડામાં પેઠા. હમણાં જોકે પ્રાતઃકાળનો વખત પ્રવર્તી રહ્યો હતો, છતાં પણ આ ભયંકર ગુહ્યાગારમાં ભીષણ અંધકારનું સામ્રાજ્ય એક સરખું વ્યાપી રહ્યું હતું. પ્રકાશમાંથી અંધકારમાં પ્રવેશ થવાની સાથેજ કાન્તાના હૃદયમાં વિશીષ્ટ ભયનો ઉદય થયો. જેના પતિના સમુદ્રશયન સાથેજ જેની સર્વ સુખાશા ઉપર પાણી ફરી વળ્યું હતું એવી કાન્તાના કોપાગ્નિની જવાળાઓ ગગનને ચુંબન કરી રહી હતી. આવી અનાથ પતિવિયોગી દુઃખી નારીના મનની કેવી હૃદયવેધક અવસ્થા થાય છે એનો માત્ર અનુભવથી જ પરીચય મળી શકે છે. બદમાશોમાંના એક મનુષ્યે ત્યાં છવાયેલા અંધકારને વિદીર્ણ કરવા સત્વર એક મંદ દીપક પ્રકટાવ્યો. પછી સત્વર આ સુકોમળ યૌવનાને એક અતિ અંધકારયુક્ત ભોંયરામાં હડસેલી દેવામાં આવી. આવા ભયંકર અત્યાચારથી એક ભયંકર કરૂણ ચીસ પાડતી અને નિશ્ચેષ્ટિત બનેલી કાન્તા ધરણી ઉપર ઢળી પડી, કે તરત જ આ બદમાશોએ મંદ દીપક ત્યાં જ એક સ્થળે મૂકયો અને દ્વાર બહાર નીકળી આવી પુનઃ આ ભયંકર કારાગૃહનાં દ્વાર બંધ કરી દીધાં. ચાર બદમાશોમાંથી બે બદમાશોને કાન્તાની પરિચર્યા માટે રાખીને આ ભયંકર કાવત્રું સલામતીથી પરિસમાપ્ત થઇ ગયું છે, એવા આનંદપ્રદ સમાચાર કુટિલ કપટચંદ્રને નિવેદન કરવા માટે બાકીના ઉભય બદમાશોએ તેના નિવાસસ્થાન તરફ બગી દોડાવી મુકી.

ઉપરોક્ત ભયંકર ઘટનાને એક અઠવાડીયું પણ જોતજોતામાં વ્યતીત થઇ ગયું; છતાં પણ આ પુન્યશીલા કાન્તા, શામ, દામ, દંડ, ભેદાદિવડે આ પાપીષ્ટોના વશ વર્ત્તી જ નહિ. **आशाहि परमं दुःखं नैराश्य परमं सुखम्**[1] એ મંત્રની સ્થાપના જ આ બદમાશના હૃદયમાં પ્રદીપ્ત થઈ રહી. એવામાં

૧ આશાવાળા પુરૂષ હમેશાં દુઃખી હોય છે, પણ જે કોઈ પણ આશા નથી રાખતું તે હમેશાં સુખી રહે છે.

આખરે એક અરણ્યવાસી સાધુની ભાળ લાગી, અને તેની પાસે કાન્તા વશ વર્ત્તે એવો મોહિની મંત્રનો જાપ દુષ્ટોએ કરાવવા માંડયો. વસ્તુતઃ સાધુજનોના હૃદયમાં વિરક્તતા વ્યાપ્ત થએલી હોય છે એટલે કંચન અને કાન્તા આદિ ક્ષણિક માયીક વસ્તુઓ પ્રતિ તેવા ત્યાગીજનો ધિક્કારની દૃષ્ટિથી જ નિહાળે છે, પરંતુ આ સાધુ કેવળ સંસારમુગ્ધ હોવાથી માત્ર આ બહાને આવા નરાધમો પાસેથી દ્રવ્ય ઉપાર્જન કરવાનું કાર્ય જ લઈ બેઠો હતો. આ અદ્‌ભુત મોહિનીમંત્રના પ્રભાવથી આ નવલ નવોઢા અવશ્ય આપણા મોહપાસમાં અંજાઇ જશે એટલે તે સુંદરીના ખીલતા તારૂણ્ય–સૌંદર્યમાં અદ્‌ભુત આનંદ લુંટાશે એવી પાપીષ્ટ મનોકામનામાં કુટિલ કુપટચંદ્ર દિવસો નિર્ગમન કરવા લાગ્યો. પરંતુ મનુષ્ય ધારે છે કંઇ, ઈશ્વર કરે છે બીજું ! ખરેખર, આ વિશાળ સંસારચક્રની મહાન સત્તા એ સર્વવ્યાપી પિતાએ પોતાના હાથમાં જ ધારણ કરેલી છે. જે દયાળુ પ્રભુએ બરાબર કટાકટીના વિપદ વખતે અનેક પતિવ્રતાઓના શીલવ્રતનું સંરક્ષણ કર્યું છે એજ પરમ કૃપાળુ પ્રભુની સહાયતાથી આ પુન્યશીલ બાળા આ પાપીષ્ટોના પાસમાંથી આબાદરીતે છટકી જશે અને બદમાશો ધૂળ ફાકતા જ બેશી રહેશે, એ અદ્‌ભુત વાર્ત્તા જાણવા પ્રિય વાચક ! તમને અભિલાષા પ્રકટી હોય તો તે સ્વાભાવિક જ લેખાશે. વાસ્તે ચાલો, એ અદ્‌ભુત ચમત્કાર શાથી ઉપસ્થિત થયો એ આશ્ચર્યકારક કથા જાણવા આપણે એ સાધુના નિવાસસ્થાન રામનાથ મહાદેવના મંદિરમાં પ્રવેશ કરીએ.

પ્રકરણ ૮ મું.

ભયંકર ભેદ.

" ભમે કાં લઈ ભ્રાંતિનો શિર ભારો;
અરે ભ્રાત સંતાપ તું ટાળ તારો."

(ભવાનીશંકર.)

રાત્રિનો સમય હતો, સર્વત્ર ભીષણ અંધકારનું સામ્રાજ્ય વ્યાપી રહ્યું હતું. સામાન્યતઃ આજે નભોમંડળ અભ્રાચ્છાદિત હોવાથી ભયંકર અંધકારની છાયા સમસ્ત સૃષ્ટિ ઉપર વિસ્તરી રહે તો એ સ્વાભાવિક જ લેખાશે. આકાશમાં રૂપેરી તારામંડળ મંદમંદ ચમકી રહ્યું હતું. સર્વત્ર શાન્તિ અને શૂન્યતા પ્રસરી રહી હતી. છતાં પણ આવી અંધકારયુક્ત રાત્રિએ પણ ચરની-રોડના સ્ટેશન ઉપરનું સુંદર સૃષ્ટિ સૌંદર્ય અત્યંત ચિત્તાકર્ષક રમણીય જણાતું હતું. સમુદ્રના હૃદય પ્રદેશ ઉપર નૃત્ય કરી અનિલદેવ અહિંના પેસેન્જરોને સુશીતળ શાન્ત લહરીઓનું આસ્વાદન કરાવતો હતો. શુમારે નવના ટકોરા ટાવરમાં ટનટન એમ મંદ સ્વરે સંભળાવા લાગ્યા. આથી સ્ટેશન ઉપરના મનોહર દૃશ્યમાં કિંચિત્ કુતુહલતા અને શાન્તિભગ્નતા વ્યાપી રહી. પેસેન્જરો ધૈર્યહીન બની ધકા મુકી કરતા સ્ટેશનમાં પગ પેસારો કરવાની જબરી ધાંધલ મચાવી રહ્યા હતા, ત્યારે કેટલાક પાપીષ્ટ બદમાશો તો વગર ટીકીટે પણ પસાર થઈ જવામાં એક પ્રકારનો આનંદ માનતા હતા. કેમ જાણે જન્મ દિવસની તારીખે જ સદાને માટે રીઝર્વ્ડ પાસ કઢાવી રાખ્યો હોયને ! એવા પાપીષ્ટ બદમાશોને બિચારો ટીકીટ માસ્તર પણ પેસેન્જરની ભરચક ગિર્દીમાં શું શાસન કરી શકે ? આ ટ્રેન વાંદરા લોકલ હતી અને આટલો કોલાહલ મચવાનું કારણ બહુધા સિગ્નલે ઉપસ્થિત કર્યું હોય તેમ પ્રત્યક્ષ થતું હતું. કારણ કે એજ સર્વ મનુષ્યોનું આ પ્રસંગે લક્ષ્યબિંદુ હોય તેમ તે તરફ તારામૈત્રીક ચાલી રહ્યું હતું. આવી વિશીષ્ટ અંધકારયુક્ત રાત્રિએ આ પેસે-

નજરોની ગીર્દીમાં કોઈ બે અજ્ઞાત વ્યક્તિઓએ સહસા પ્રવેશ કર્યો. આ ઉભય વ્યક્તિએ એક જ પ્રકારનાં કૃષ્ણ વસ્ત્રો પરિધાન કરેલાં હોવાથી અન્ય પરિચયીઓથી પણ તે ઓળખાતી નહોતી. તોપણ પ્રિય વાચક ! તમારે તો ગભરાટ ધરવાનું કિંચિત્ પણ પ્રયોજન નથી. વાસ્તે આ પરિચીત વ્યક્તિઓનો આ સ્થળે ઉલ્લેખ કરવો ઉચિત લેખાશે કે એ ઉભય વ્યક્તિમાં આ કથાની એક નાયકા કુમુદાનો પતિ કાન્તિલાલ હતો અને દ્વિતિય વ્યક્તિ એ બદમાશ નયનલાલ હતો. આ ઉભય યુવકો ચોપાટી ઉપરની મંદ સુશિતળ અનિલ લહરીઓનું આસ્વાદન લઇ રઝળપાટ કરી આવ્યા હતા અને ગ્રાન્ટરોડની ટીકીટ લઈ સ્ટેશનમાં દાખલ થઇ ગયા. એવામાં ઘંટડીનો મધુર ધ્વનિ સંભળાવા લાગ્યો. સણુસણાટ કરતી ટ્રેન ધસારાબંધ સ્ટેશનમાં આવી ઉભી રહી. પેસેન્જરો ધકા મુકી કરતાં પોતપોતાનાં પોટકાં ઉપાડી ટપોટપ ડબામાં બેસી જતા જણાયા. આ પ્રસંગના તેઓના અધૈર્યનું દ્રશ્ય હાસ્યજનક અને કુતુહલતાયુક્ત જ ભાસતું હતું. ઉક્ત યુવકો પણ એક સેકન્ડ કલાસના ડબામાં બેસી ગયા. પાંચેક મિનિટ નિમિષ માત્રમાં વ્યતીત થઇ ગઇ એટલામાં સહસા વિશલનો શાન્તતાને ભગ્ન કરતો કર્ણવેધક ધ્વનિ થઇ રહ્યો. જેમ એક બળવાન રાક્ષસ એક તરૂણ સુકોમળ બાળકને પોતાની ગોદમાં ઉંચકી દોટ મુકે તદ્વત ટ્રેન વિદ્યુત વેગે પુરપાટ ગતિમાં દોડી ગઈ અને જોતજોતામાં ગ્રાન્ટરોડના સ્ટેશને આવી લાગી.

આ ઉભય યુવકોના આવા વિચિત્ર પરિભ્રમણનું કારણ એક યૌવના હતી. એ તરૂણી આ ઉભય યુવકોમાંના કાન્તિલાલની પ્રાણવલ્લભા અને આપણી આ કથાની એક નાયકા કુમુદા જ હતી. પ્રિય વાચક ! અત્રે તમે અનુમાન કર્યું જ હશે કે એ પવિત્ર પતિ પ્રેમઘેલી યૌવના કુમુદાએ કોઈ આવશ્યક કારણ પરત્વે કુટિલ કુમતિચંદ્રના બંગલામાં પદસંચાર અત્યારે કર્યો હતો.

ઉકત યુવકો ડબામાંથી ઉતરી સ્ટેશનમાં પ્રવેશ કરવા લાગ્યા અને ટીકીટ કલેકટરને ટીકીટ આપી નિમિષ માત્રમાં સ્ટેશન બહાર નિકળી આવ્યા એટલે કાન્તિલાલે કહ્યું:—

"નયનલાલ ! એક ભાડુતી વિકટોરીયા કરી લઇએ તો શું પ્રત્યવાય છે વારૂ ?"

"અરે ભાઈ! આ તમે કહો છો શું ? શું વિકટોરીયા ! આવા ગુપ્તકાર્યમાં શાહજાદા પેઠે ગાડીમાં બેસી જઈ શકાય કે ? અત્યારે તો આપણે ગુપચુપ ચાલતાં માર્ગક્રમણ કરવું જ ઉચિત છે, કેમકે એ બદમાશ સહજ સંચાર થાય તો પણ ચેતી જાય અને આપણો સઘળો વેષ સર્વથા ખૂલ્લો થઇ જાય; સમજ્યા કાન્તિલાલ ?" એમ કરી આ બદમાશે પોતાની સમયસૂચક બુદ્ધિ પ્રત્યક્ષ કરી.

"અહો ! નયનલાલ ! શું તમારૂં ચાતુર્ય ! કેટલી હિતેસ્વીતા ! તમારા દીર્ઘદર્શીપણાને વાસ્તે હું તમને જે ધન્યવાદ આપું તેટલોયે તમારી પ્રશંસનીયતા આગળ [illegible] જ છે. તમારી મારા પ્રતિની પ્રેમભાવના અને મિત્ર ધર્મનિષ્ઠા જોઈ હું મુગ્ધ બની જાઉં છું. પ્રભુ તમને સો વર્ષનું આયુષ્ય દે અને સુખસંપત્તિયુકત રાખે." ગદ્ગદ્ કંઠે અને હતાશ વદને કાન્તિલાલે કહ્યું.

ઉપરોકત વાર્ત્તાલાપ કરતા ઉભય મિત્રો માર્ગક્રમણ કરતા ચાલ્યા જતા હતા અને જોતજોતામાં કુટિલ કુમતીચંદ્રના ગગન ચુંબીત બંગલા સમીપમાં આવી લાગ્યા. બંગલાના બાહ્ય વિભાગમાં સર્વત્ર અંધકારયુક્ત શાન્તિ અને શૂન્યતા પથરાઈ રહી હતી. ખુદ બંગલામાં પણ મંદ દીપકનો પ્રકાશ પ્રસરી રહ્યો હતો એટલું જ ! એ બંગલાના પશ્ચાત્ ભાગમાં એક નાનો સરખો ઉદ્યાન–બગીચો ખીલી રહ્યો હતો. આ ઉદ્યાનમાં પ્રવેશ કરવાનું એક ગુપ્ત દ્વાર હતું. એ ગુપ્ત દ્વાર મારફતે ઉભય યુવકો નિશાચરવત્ મંદમંદ ચાલે આડા અવળા માર્ગક્રમણ કરતા આ બંગલાની એક બારી સાનિધ્યમાં આવી લાગ્યા. સર્વત્ર શાન્તતા અને શૂન્યતા, નિરવયવતા અને નિર્જનતાની છાયા છવાઇ રહી. મંદ મંદ શીતલ સૌગંધિક અનિલ બારીવાટે સંચાર કરી છત્રપલંગ ઉપર પડેલી મદમાતી અજ્ઞાત યૌવનાના સાળુ-સાથે કેમ જાણે રસીકભાવે રમત રમતો હોય ને ! તેમ તેના રેશમી સાળુનો છેડો આમતેમ ઉછાળી રહ્યો હતો. અંધકારમાં

એકત્રિત થાય એવોજ કૃષ્ણપોષાક ઉભય યુવકોએ પરિધાન કરેલો હોવાથી કિંચિત્ છાયા માત્ર જ દૃષ્ટિગોચર થઈ શકતી હતી. આ વખતે બંગલામાં મંદ સ્વરે કાંઈક વાતચિત ભાગ્યા-તુટયા શબ્દોમાં સંભળાવા લાગી.

“ રસિયા ! લાંબા વખતના વિયોગવન્હિ પછીનું આ મદનરસનું સૌખ્ય અત્યંત મધુર અને આલ્હાદકારક લાગે છે. આપના જેવા ધનવંત અને સૌંદર્ય વિભૂષીત વલ્લભની પ્રાપ્તિ ખરેખર મને પરમ આનંદસાગરમાં લુબ્ધ અને લીન બનાવે છે. આથી બીજું મારૂં મહદ્ભાગ્ય શું હોઈ શકે ? પરંતુ આ નાટયવિલાસ ગુપ્તરીતે અહોનીશ ભંજવાય એટલે બસ તેમાં જ મારી સલામતી છે. કેમકે એ રડયો જાણે તો ભયંકર શાસન મને આપે તેવો છે.” તે અજ્ઞાત યૌવના મંદસ્વરે જ બોલી.

“ રસીલી બાળા ! જ્યારે તારો પ્યાર મારા પ્રતિ આટલો ઉભરાય છે, ત્યારે બિચારા કાન્તિના શા ભાર છે કે, તારૂં નામ હું ધારૂં તો ઘડીના છઠ્ઠા ભાગમાં એ કાન્તિનો ઘડો લાડવો કરી નાખું. માત્ર પાપભાગી થવું એજ અંતરાય છે. પરંતુ રોગ અને શત્રુને તો નિર્મુળ કરવામાં જ હિત સમાયલું છે. કેમ ? તારો આ વિષયમાં શું મત પહોંચે છે, કહે જોઉં, કુમુદા ! ”

“ વ્હાલા ! એ કંટકવિનાશક ઉપાય શું છે ? તે કહી શકશો કે ? પણ મને તો એ દુષ્કાર્ય તદન અશક્ય ભાસે છે. તો પણ એવો તે એ ભયંકર ઉપાય શો છે તે મને કહી સંભળાવો. હું આ તમારૂં મર્મયુકત ભાષણ સમજી શકિત નથી. ” અજ્ઞાત યૌવનાએ હતાશ બનતાં જ કહ્યું.

“ સુંદરી ! એ કંટક વિનાશક ઉપાય તો એજ કે મારી પાસે એક ઝેરી દવા છે જે સુંઘાડી એટલે બાર વાગી ગયા જ સમજવા. કહે, ત્યારે વાત છે કબુલ ? ” બદમાશે નીચતાની હદ ઓળંગી જતાં કહ્યું.

“ વ્હાલા ! પણ એ ગુપ્ત કાવત્રું પોલીસને કાને જાય તો આપણો પણ સાથે જ ઘડો લાડવો થઈ જાય કે કેમ એજ

મને સંભ્રમ થાય છે. ન કરે નારાયણ અને એ પાપકર્મ જાહેર થઈ જાય તો પછી બચાવ શું ? શું તે કહી શકશો કે ?" અજ્ઞાત-યૌવનાએ સંશયયુકત મુદ્રા કરતાં કહ્યું.

"દિલોજાન ! એતો એકાદ પ્લેગ સરખા રોગનું નામ દીધું એટલે ગંગા નાહ્યા. કેમ કેવો અકસીર ઉપાય ? " બદમાસે આનંદાવેશમાં જ કહ્યું.

" શેઠ, સાહ્યબા ! આપની આ યુક્તિ અકસીર છે અને રસ્તો પણ સલામતી ભરેલો છે એટલે એ પાપકર્મ એકાદ અઠવાડીયામાં તો બહુધા આટોપી નાંખીશ. પછી આપણું કોઇ નામ દેનાર પણ નથી. " અજ્ઞાત યૌવનાએ કિંચિત્ હાસ્ય કરતાં જ કહ્યું.

ઉપરોકત વાર્તા ભાગ્યા તુટયા શબ્દોમાં જેમ જેમ ક્રાન્તિલાલને કાને અથડાતી હતી તેમ તેમ ક્રોધાગ્નિની જવાળા પ્રજ્વલીત થતી હતી. તે અગ્નિશિખાનું દર્શન તેના આરકત નેત્રોમાં પ્રત્યક્ષ થતું હતું. પુન્યશીલા સતી દ્રૌપદીની ભરસભામાં કૌરવ કુળ વિનાશક દુસાશનના અભદ્ર હાથે થતી લજ્જા ભગ્નતા નિહાળી જેવો ક્રોધાગ્નિ મહા પ્રતાપી ભીમસેનની હૃદય ગુહામાં ભભુકી ઉઠયો હતો એવો જ ભયંકર ક્રોધાગ્નિ આ યુવકના હૃદય પ્રદેશમાં નખ શિખ પર્યંત પ્રજ્વલિત થઈ રહ્યો. પોતાની પત્નિના આ ભયંકર દુષ્કૃત્યનું પ્રત્યક્ષ દર્શન થવાથી તે ક્રોધાયમાન કાળ સરખો ક્રુર બની ગયો. એવામાં બંગલામાંના શયનગૃહમાં ઉપરાઉપરી મધુરાં ચુંબનનો ધ્વનિ થતો સંભળાયો, આથી અગ્નિમાં ધૃતાહુતી થતાં જેમ તે વિશેષ પ્રજ્વલિત થાય તેમ તેના ક્રોધાગ્નિએ ભયંકર સ્વરૂપ ધારણ કર્યું. દારૂમાં અગ્નિ પડે તેમ એ ક્રોધાગ્નિ સળગી ઉઠેલો જોઇ પાપીષ્ટ નયનલાલે તેને ઇશારો કરી મૌન્ય ધારણ કરવાની સૂચના કરી અને શાન્ત પાડયો. ત્યાર બાદ આ અભદ્ર દુષ્કૃત્ય નજરો નજર નિહાળી ઉભય યુવકો ગુપચૂપ ત્યાંથી ઘર તરફ ઉપડી ગયા અને મંદ પગલે જે ગુપ્ત માર્ગેથી પ્રવેશ કર્યો હતો તેજ માર્ગે બગીચાની બહાર નીકળી ગયા; એટલે

પાપીષ્ટ નયનલાલે આ દુષ્કૃત્યને પુષ્ટી મળે તેવા અભદ્ર ઉદ્દેશથી જ કહ્યું:—

"જોયું મિત્ર! કેટલી કુટિલતા! કેવો અધમ અત્યાચાર! અરેરે, જે ભાર્યા પોતાના પ્રાણવલ્લભનું પણ ખૂન કરવા તત્પર થઇ ગઇ તેને બીજું શું અંતરાયભુત થઈ શકે? અરેરે! તમારા આવા દુર્ભાગ્યથી મારૂં હ્રદય વિદીર્ણ થઈ જાય છે." બદમાશે ભયંકર દુષ્કૃત્યની વ્યાખ્યા કરી કહ્યું.

"ખરેખર એ પાપિનીનું દુષ્કૃત્ય તમે મારા પ્રકાશમાં લાવ્યા એજ તમારો મારા ઉપર મહદ્ ઉપકાર થયો છે. એ વિશ્વાસઘાતિની જારીણી મારો વિનાશ કરે તે આગમચ જ હું તેનો ઘડો લાડવો કરી નાંખીશ, અગર તો સદાને માટે તેનો પરિત્યાગ કરી દઇશ. હવે તો એ કલંકિનીના જીવનનો વિનાશ એજ મારો આત્મવિલાસ થઈ રહેશે." કાન્તિલાલે ગદ્‌ગદ્ સ્વરે જ કહ્યું.

"શાબાશ! મિત્ર!! શાબાશ!!! ધન્ય છે તમારી બોબાશ બુદ્ધિને! અહો! શું તમારી દીર્ઘદૃષ્ટિ! તમારી ચાતુર્યતા એક સાક્ષરને પણ હઠાવે તેવી છે. **शठं प्रति शाठयं कुर्यात्** એ નિયમનું પરિપાલન કરવું એજ આ વિષયમાં વિશીષ્ટ ઉચિત્ છે." એમ ગાંભીર્યતા દર્શક મુદ્રા કરતાં બદમાસે કહ્યું.

ઉપરોકત વાતચિત કરતા કરતા ઉભય યુવકો માર્ગક્રમણ કરતા હતા એવામાં નયનલાલના ઘરનો નિરાળો માર્ગ આવી લાગ્યો એટલે ઉભય યુવકો છેલ્લી સેકહેન્ડ કરી જુદા પડયા. કાન્તિલાલ જોતજોતામાં ઘેર પહોંચી ગયો અને અડધો કલાક વ્યતિત થયો હશે એટલામાં કુટીલ કુમતિચંદ્રની રુમમાં બેશી પાછી ફરેલી કુમુદાએ દ્વાર ખખડાવ્યાં એટલે ઘાટીએ દ્વાર ઉઘાડયાં અને કુમુદાએ શયનગૃહમાં પ્રવેશ કર્યો; પરંતુ આજે તેનો પ્રણયકાન્ત–હ્રદયમણી શયનગૃહનો ત્યાગ કરી બાજુના દિવાનખાનામાં જ વિચારનિદ્રામાં નિમગ્ન થઈ રહ્યો હતો તેને પતિપ્રેમી કુલીન કુમુદાએ બોલાવ્યો પણ કશો પ્રત્યુત્તર મળ્યો જ નહિ. આથી કુલીન કુલવધુ પતિપ્રેમી કુમુદા હતાશ થઈ

રહી. ચળકતાં અશ્રુબિંદુઓ તેના કોમળ કમળ સરખા વદન ઉપર ટપકી તેના હૃદય પ્રદેશને ચુંબન કરવા લાગ્યાં. ખરેખર દશાના દરોડામાં બધું દુઃખમય જ થઇ રહે છે.

આ પુન્યશીલા પવિત્ર કુમુદાએ વિચાર્યું કે મારા પ્રાણવલ્લભ મારા ઉપર હમણાં કેટલોક સમય થયાં ક્રોધાયમાન અને વિભ્રમ યુક્ત રહે છે તેથી એજ વિભ્રમ વિચારથી મારી સાથેનો વાતચિતનો સંબંધ પણ તજી દીધો લાગે છે.

કેટલો અન્યાય ! અરેરે ! મારા માટે આ કેટલો દુઃખદ પ્રસંગ ! કેટલી દુર્દશા ! અરેરે ! પુન્યશીલા છતાં પાપીની ગણાવા સરખું મારા માથે કેવું આ હડહડતું આળ? પાપ શૂન્ય છતાં પાપીની ગણાવા કરતાં મારા માટે આત્મઘાત જ વિશીષ્ટ શ્રેયસ્કર અને સુખાવહ છે. અરેરે પ્રભુ ! મારા પુન્યશીલ પાતિવ્રત્ય ઉપર આ કેવું કલંક? ત્યારે હવે મારે કરવું શું? એવા વિલક્ષણ વિચારે આ ધર્મશીલ યૌવના કુમુદા ચડી ગઇ અને એજ વિચારે ચડેલી આ પુન્યશીલ પવિત્ર કુમુદા આત્મઘાત કરવાને તત્પર થઇ ગઇ. અંતે પાપીષ્ટ બદમાશની ભયંકર કપટ જાળનો ભોગ થઈ પડી. પરંતુ રંકનું રક્ષણ કરનાર રામ છે. જેનું કોઇ ધણી નથી તેનો પ્રભુ બેલી છે.

હવે કુમુદાની શું દશા થાય છે તેજ જોવાનું છે. પરંતુ એ અદ્ભૂત વાર્ત્તા જાણવા પહેલાં પ્રિય વાચક ! તારી મનોવૃત્તિને આ કથાના અન્ય પાત્રોની કેવી દુઃખદ દશા થઇ રહી છે તેના અવલોકનમાં હમણાં તો પ્રવેશ કરાવ.

પ્રકરણ ૯ મું.

સદ્ભાગ્યનું કિંચિત્ દર્શન.

આ હૈયું, આ શરીર પ્રભુએ આંસુડાનું ઘડયું છે ?
દેવી ! તેને તુજ હૃદયનું પાત્ર કેવું મલ્યું છે ?
વ્હાલી ! વ્હાલું તુજ જીગરને આંસુડું આપવા દે,
ભક્તિ પ્રીતિ હૃદય રસ ને ઐક્ય જેમાં ભર્યું છે.

કલાપિ.

બદમાશની ભયંકર કપટ જાળનો ભોગ કિશોરલાલ થઈ પડયો એ પણ દુર્ભાગ્યયોગ જ લેખાશે અને એજ દુર્ભાગ્યવશાત્ તેને એવા દગાખોર કુટિલ મનુષ્યો સાથે પરિચય પડવાથી અત્યારે તે ભયંકર સમુદ્ર સમાધિના દારૂણ દુઃખમાં સપડાઈ રહેલો છે. પરંતુ પ્રભુની પ્રભુતા આગળ કુટિલ જનોનાં કાવત્રાંનો પરિહાર થતો જણાય છે. ઈશ્વરના અકળિત ભેદને કોઇથી કળી શકાતો જ નથી. જો કે દુષ્ટ દુરાત્માઓ બીજાંને દુઃખી તો કરી શકે છે પરંતુ તેની અભદ્ર મતલબ પાર પડી શકતી તો નથી જ, એ પ્રભુની દયા દૃષ્ટિના પ્રભાવથી એ દુર્ભાગી યુવક કેવી અદ્ભુત રીતે સદંતર મૃત્યુના મુખમાંથી ઉગરી ગયો એ પવિત્ર પ્રભુની લીલાનું દર્શન પ્રત્યક્ષ કરાવવા આ કથા આપણને કિંચિત આદર્શરૂપ થઇ પડશે.

[1]अवश्यमेव भोक्तव्यं कृतं कर्म शुभाशुभम् ।
कृत कर्म क्षयो नाऽस्ति कल्पकोटि शतैरपि ॥

श्रीमद्भागवत.

એ સૂત્રાનુસાર મનુષ્યોને શુભાશુભ અવશ્ય ભોગવવાં જ પડે છે, પરંતુ તેના પાપભાગી તો તેના નિમિત્તરૂપ આવા પાપીષ્ટ બદમાશો જ બની પોતાનું પરલોકનું કલ્યાણ થતું અટકાવે છે.

પ્રિય વાચક ! ચાલો હવે એ પ્રભુની મહાન દયા-

૧. અર્થ—કરેલાં શુભ કે અશુભ કર્મો મનુષ્યોને અવશ્ય ભોગવવાં પડે છે. કરોડો કલ્પે પણ કરેલા કર્મોનો ક્ષય થતો નથી.

દૃષ્ટિથી આ હતભાગી કિશોરલાલનું કેવા સંજોગો વચ્ચે અને કયે સ્થળે સંરક્ષણ થાય છે એ અદ્‌ભુત વાર્તા જાણવા આપણે પણ સમુદ્ર પ્રવેશ તરફ જ માર્ગ પ્રતિક્ષા કરીએ.

આ વખતે રાત્રિના અંધકારનું વિદીર્ણ કરતો શુભચંદ્ર ધવલ નભોમંડળમાં હસી ઉઠયો છે એટલે સર્વત્ર શાન્તિ સુશીલતા અને શૂન્યતાનો સંચાર થયેલો જ પ્રત્યક્ષ થાય છે. મહાસાગરના જળપ્રદેશ ઉપર નિશાનાથ ચંદ્રનાં કિરણો પડતાં હોવાથી તેની સૌંદર્યતામાં એક પ્રકારની વિલક્ષણતાનો ભાસ થતો જ જણાય છે, તારકમંડળ મંદમંદ પ્રકાશયુક્ત તારામૈત્રક કરતું ચમકી રહ્યું છે. રત્નપુર શહેરના બાહ્ય વિભાગમાં સમુદ્રના પ્રદેશ નજીક આ વેળા રામનાથ મહાદેવના મંદિરમાં શંખ અને ઘંટાનો મંગલ ધ્વનિ પણ શાન્ત પડી ગયેલો છે. છતાં પણ વિવિધ જંતુઓના ધ્વનિથી સમુદ્ર તટે પ્રસરેલી શાન્તિમાં ભંગાણ પડતું હતું. શુકલપક્ષની શરૂઆતના જ દિવસો ચાલતા હોવાથી શીતલ ચંદ્રિકામાં સ્નાન કરતી અનિલ લહરીઓ શાંતિમાં અપૂર્વ સુખામૃતનું સીંચન કરી રહી છે. મુંબઇની ચોપાટી ઉપરની સૌંદર્યતા કદાપિ આ સ્થળ કરતાં વૃદ્ધિંગત થએલી જણાશે, પરંતુ આ સ્થળની નૈસર્ગિક સૌંદર્યતા અને લ્હેજત આગળના અપૂર્વ આનંદ સમક્ષ મુંબાઈની ચોપાટીની લ્હેજત તો સ્પર્ધા કરી શકે તેમ નથી જ. કેમ જાણે બ્રહ્મદેવે આ સ્થળે આનંદ વનનો એકાદ ટુકડો નિર્માણ કરેલો હોય !

આ અપૂર્વ સૃષ્ટિસૌંદર્ય અને સમુદ્ર પ્રતિક્ષા કરતો આ રામનાથ મહાદેવના મંદિરનો મહંત શીવાલયના પશ્ચાત્‌ના વિભાગમાં ઓટલા ઉપર સમુદ્ર તટે હમણાં બેઠો છે. તેનું યૌવન ચાલ્યું જવાથી તેની વૃદ્ધાવસ્થાની સાક્ષી તેના શ્વેત વાળ પુરતા હતા. આપણે પૂર્વવાર્તા વિભાગમાં અવલોકન કરી ગયા તેમ આ સાધુપુરૂષ સાંસારિક વાસનાથી આચ્છાદિત જ હતા એટલે કે તેનું હૃદય લક્ષ્મીના ચિન્તનમાં અહોનિશ લીન બની નૃત્ય કરતું હતું અને આ વખતે પણ પવિત્ર પ્રભુના નામોચ્ચારણના બદલે લક્ષ્મીનો જાપ જપતા હોય તેમ તેમનું હૃદય

સૂચવતું હતું. આ વખતે રત્નાકરની સપાટી ઉપર એકાએક તેનું ચિત્ત આકર્ષાયું. સમુદ્રના સપાટ પ્રદેશ ઉપર દુરથી કાંઇક પદાર્થ તરતો હોય તેમ તણાતો આવતો જણાવા લાગ્યો અને આવું વિલક્ષણ દ્રશ્ય નિહાળવાને તેની ચિત્તવૃત્તિ તલપાપડ થઇ રહી.

પ્રભુની અપાર લીલાનો કોઈ પણ પાર પામી શકવાને સમર્થ નથી. ઇશ્વરની લીલા અગમ્ય અને અપાર છે. મનુષ્ય ધારણા એક હોય છે ત્યારે ઇશ્વરની ઇચ્છા કોઈ ન્યારી જ હોય છે. બદમાશના અભદ્ર વિચારો સૂર્યદર્શને ઝાકળ બિંદુવત્ નિરર્થક નિવડયા. પાપીષ્ટ કુપટચંદ્રે કાન્તાના આ પુન્યશીલ પતિ કિશોરીલાલનો ઘડો લાડવો સમુદ્રશયન કરાવી કરી નાંખ્યો હતો. પરંતુ “ રામ રાખે તેને કોણુ ચાખે ” એ ઉકિત અનુસાર ઈશ્વરની ઇચ્છા કાંઈક જુદીજ દિશામાં વહન કરતી હતી. હમણાં સર્વત્ર એક સરખી શૂન્યતા અને શાન્તતા વ્યાપી રહી હતી. આ જનશૂન્ય સમુદ્ર પ્રદેશમાં ભગવાન રજનીવલ્લભનાં નયનરમ્ય મધુર કિરણોનો વરસાદ સર્વત્ર વર્ષી રહ્યો હતો. સમુદ્રનાં મોજાંઓનો ધ્વનિ કવચિત્ કવચિત્ કાનને કઠોર અને ભયાચ્છાદિત જણાતો હતો; પરંતુ આ વખતે તો તેની કોઇ ઓર મનોહરતા અને સુભદ્રતા આ મહંતના મનોરાજ્યમાં વ્યાપ્ત થઇ રહી હતી. ચંદ્રની ઉજજવલ ચંદ્રિકાના પ્રકાશમાં ઉકત પદાર્થ મંદ વાહકતાથી સુભાગ્ય યોગે કિનારા તરફ જ તણાઇ આવતો હોય તેમ દ્દષ્ટિગોચર થવા લાગ્યું એટલે આ મહંત ચમકી ઉભા થયા અને કુતુહલ દ્દષ્ટિથી સમુદ્રની સપાટી ઉપર દ્દષ્ટિપાત કરવા લાગ્યા. પછી સત્વર દેવાલયના પરપાળ ઉપરથી મહંત નીચે ઉતર્યા. કિનારાથી કેટલેક અંતરે કોઈ વ્યકિત તણાતી હોય તેમ સ્પષ્ટ થયું. તુરત જ આ ગુરૂ મહારાજ કચ્છ મારી વિશાળ સમુદ્રમાં ઠેકી પડયા, તરતા તરતા એ દ્રશ્યમાન થતી વસ્તુ તરફ જોતજોતામાં આવી લાગ્યા અને સત્વર કાન્તાના પતિ કિશોરલાલના અચૈતન્ય દેહને કિનારા ઉપર ઉંચકી લાવ્યા. પરંતુ આ ભયંકર આફતના અખાતનો ભોગ થઇ પડેલો બિચારો કિશોરીલાલ કેવળ ચૈતન્યશૂન્ય જ થઇ ગયો હતો. તેના શરીર ઉપરનાં વસ્ત્રો લદબદ બની શરીર સાથે

ભાઝી ગયાં હતાં. એ વસ્ત્રોની તળબોળ બનેલી કરચલીયો તેના શરીર ઉપર ચંપાઇ ગયેલી હોય તેમ દૃષ્ટિગોચર થતું હતું; તે સાથે આ અજ્ઞાત યુવક એક લાકડાના પાટીયા સાથે મડાગાંઠ વાળી વળગી રહેલો જણાયો. તે મહંતે તે પાટીયાને હાથમાંથી ખેંચી લઈ દૂર ફેંકી દીધું. તેની શ્વાસોશ્વાસની ક્રિયા અટકી પડી હોય તેમ જણાતું હતું, છતાં પણ ધર્મશીલા કાન્તાના સૌભાગ્યસૂર્યમાંથી પ્રાણવાયુ અદ્યાપિ પર્યંત ઉડી ગયો નહોતો. તે પુન્યશીલા પ્રમદાના સત્કર્મયોગે જ તેના નિર્દોષ હૃદયમણીનું જીવન અદ્યાપિ પર્યંત ટકાવી રાખ્યું હતું. આ મહંતે કેટલાક તાત્કાળિક ઉપચારો કર્યાથી તેનો બુઝાતો જીવનદીપક પુનઃ ચમકવા લાગ્યો અને એ મંદ દીપક ઉપર આશાનું તેલ પુરાયું. મહંતે એકાદ બે ચેલાને તેની પરિચર્યામાં રોકી દીધા. પછી સત્વર અગ્નિ પ્રકટાવ્યો અને ઉષ્ણ ગરમીના તાપથી આ યુવકનું શરીર સચેતન અને સ્વસ્થ થતું જણાયું. ધીરે ધીરે અવરોધ થએલી શ્વાસોશ્વાસની મંદ-ક્રિયા પુનઃ અવિચ્છીન્નતાથી વહેવા લાગી. કિંચિત્ ભાન આવતાં તેણે આવી અર્ધ અચેતનાવસ્થામાં જ લવવા માંડ્યું:—

" વ્હાલી વલ્લભા ! પુન્યશીલા હૃદયેશ્વરી ! તું હમણાં કયાં છે ? અરેરે ! પાપીષ્ટ બદમાશોની પ્રપંચજાળનો ભોગ બની તું કયા પ્રદેશમાં ચાલી ગઇ ? અરેરે ! શું તું એ પાપીષ્ટોના પંજામાં જીવતી હોઇ શકીશ કે ? તારૂં સૌભાગ્ય ખંડિત થએલું નિહાળી અવશ્ય તું પરલોકના માર્ગે પ્રયાણ કરી ગઈ જ હોઈશ ! અરેરે ! તારૂં પવિત્ર મુખદર્શન મારા સરખા હતભાગી પતિને કયાંથી થઇ શકે ? પાપીષ્ટ નરાધમો ! આ ભયંકર અત્યાચાર કરીને તમે શું છટકી જશો કે ? શું આટલું અઘોર પાપકર્મ કરી તમે સુખમય જીવન ગાળી શકશો કે ? પાપીઓ ! એ મારી પુન્યશીલા પત્નિનું વૈર લેવા જ પ્રભુએ મને મૃત્યુના મુખમાંથી સર્વથા ઉગારી લીધો છે. હવે તો વૈર ! વૈર ! ! ને વૈર જ લીધે છૂટકો કરીશ. **शठं प्रति शाठ्यं कुर्यात्** એ સૂત્રાનુસાર મારૂં હડહડતું વૈર જ લઇશ અને તમારા જીવનવૃક્ષનો ઉચ્છેદ કરી નાખીશ. અરેરે ! પવિત્ર સુંદરી ! તારી કેવી દુઃખદ દશા થઇ રહી

હશે ? ખરેખર જળવિહીન માછલીપેઠે તું તરફડતી જ હોઇશ ! અહો ! હું પણ કેટલો દુર્ભાગી ? કે તારા સરખી પતિપ્રેમી સતી સુંદરીનો વિયોગ ! અરેરે ! 'निपतिः केन वार्यते[1]' એ સૂત્રાનુસાર ભાગ્યના શુભાશુભ પ્રસંગનું કોણ નિવારણ કરી શકે છે ? અરેરે ! ધર્મશીલા સુંદરી ! કેટલો દુર્ભાગ્ય યોગ ! દુષ્ટ જનોએ તારી કેવી દુઃખદાવસ્થા કરી હશે ? અરે કોઇ રક્ષણ કરો, પાપીષ્ટ કપટચંદ્રના ભયંકર પાસમાંથી કોઈ બચાવો. " એવા ભયસૂચક ઉદ્‌ગારો આ યુવકના ગ્લાન મુખમાંથી સ્ખલીત થઇ ગયા. એમ બોલતાં બોલતાં આ દુર્ભાગી યુવક પુનઃ બેશુદ્ધ થઇ રહ્યો. પુનઃ કેટલીક વારે ચૈતન્ય સ્ફુર્યું, ત્યારે મહંત તેને આશ્વાસન આપતાં જ બોલ્યાઃ—

" વત્સ ! આ સ્થળે ચિંતા કે ભય ધરવાનું કિંચિત્ પણ પ્રયોજન નથી. આ સ્થળે બદમાસ કપટચંદ્રનો કે તેવાજ અધમ પાપાત્માઓનો નિવાસ નથી. આ પવિત્ર પ્રભુ મંદિરમાં કશી ચિન્તા નથી, દુઃખ નથી, નિરાશા, છળ, પ્રપંચ, કપટ, માન કિંવા અપમાનનું નામ કે નિશાન નથી. આ સ્થળે એ પાપીષ્ટો તમને અડચણ કરી શકનાર નથી, કારણ કે શાન્તતા અને સુભદ્રતા તેમજ નિર્ભયતાનો જ સદોદિત નિવાસ છે. વત્સ ! આ શિવ મંદિરમાં ભયની શંકા શાની ? પરંતુ અજ્ઞાત યુવક ! તું કહી શકીશ કે તારી આટલી દુઃખદ દશા શાથી થઈ છે ? તું આટલો ભયભીત બને છે તેનું સ્પષ્ટ કારણ શું છે ? " યોગી મહારાજે આશ્વાસન આપતાં જ ઉત્સુકતાથી પ્રશ્નો પૂછ્યા. આ મહંત પુરૂષના આશ્વાસનથી આ યુવકની ભીતિની દીવાલ તુટી પડી અને ધૈર્યબલ ઉત્પન્ન થઇ આવ્યું. જો કે આ અવર્ણનીય ભયંકર દુઃખોદધિમાંથી સદ્‌ભાગ્ય યોગે કિશોરલાલ છૂટી જવા પામ્યો હતો, તોપણ તેના ભયભીત મનોરાજ્યમાં ઉદ્‌ભૂત થતા તરંગો શાંત થયા જ નહોતા.

" ગુરૂદેવ ! આપના પવિત્ર પુન્યશીલ પદકમળમાં ભય શાનું જ ટકી શકે ? પરંતુ મારી દુઃખકથા અત્યંત ભયાચ્છાદિત છે. એ ભયંકર કલ્પના આવતાં જ મારૂં હૃદય દુઃખ પ્રહારથી

---

[1] ભાગ્યમાં નિયત થયેલ પ્રસંગને કોણ નિવારી શકે છે ?
સુભાષિત.

વિદીર્ણ થઇ જાય છે. મને સમુદ્રમાં ડુબાડી મારી પુન્યશીલા પત્નીના તે બદમાશે અત્યંત બુરા હાલ કર્યા હશે; એ કલ્પનાના ઉદ્ભવથી મને કંપારી આપે છે. અરેરે ! ગુરૂમહારાજ ! શું મારી આટલી દુર્દશાની આપને દયા નથી આવતી ? શું તમે મારૂં દુઃખ વિદીર્ણ કરી શકશો ?" કિશોરલાલે ગદ્‌ગદ્ કંઠે જ કહ્યું.

"વત્સ ! સ્વસ્થ થા. ધૈર્ય ધર ! તારી આટલી દુઃખદાવસ્થા થએલી નિહાળેતાં મારૂં હૃદય શોકસંતાપથી ભસ્મ થઇ જાય છે અને દયાનો આવિર્ભાવ થઈ આવે છે. હું તારી ધર્મશીલ પુન્યવતી ભાર્યાનો યોગ સત્વર કરાવી આપીશ. હતાશ થવાનું કિંચિત્ પણ કારણ નથી. તે પુન્યશીલા અત્રે જ એ બદમાશના ગુપ્ત ગુહ્યાગારમાં બંદિવાન બનેલી છે. ખરેખર એ પવિત્ર કાન્તા કુંદનસરખી વિશુદ્ધ અને પુન્યશીલ છે. કુટિલ કામાંધોએ એ પુન્યશીલ પ્રમદાને શીયલખંડિત કરવા તેને વિવિધ કષ્ટો આપ્યાં છે. પરંતુ સુવર્ણને શ્યામતા સ્પર્શ કરી શકતી નથી. તદ્વત્ એ પવિત્રતા ધરાવતી પુન્યશીલા આત્મભોગે પણ શીલવીહિન બનનાર નથી અને એ તમારી સુભદ્ર ભાર્યાના પુન્યશીલ પવિત્ર નિશ્ચલ વિચારો, એ બદમાશે મારા સમક્ષમાં નિવેદન કર્યા હતા. આથી હતાશ બની આખરે મારી મદદની યાચના કરી હતી. આ બ્હાને મેં તે બદમાશ પાસેથી કેટલુંક વિત્ત હરણ કરી મોહિનીમંત્રથી તેને વશ કરી આપવાની હાલ તુરત તો આશા બંધાવી આપી છે. પરંતુ આવી પતિપ્રેમી ધર્મશીલાનું શીલવ્રત ભગ્ન કરવું એ કેવળ અસાધ્યવત્ અને પાપશીલ છે. વળી તમારી દુઃખદાવસ્થા ઉપર મને અત્યંત દયા પ્રકટી રહી છે. આથી તમ દમ્પતિનો હું સંયોગ કરાવી આપવાની તદબીર ઘડી કાઢીશ અને જો આ પુન્યશીલ ધર્મકાર્ય મારાથી પરિસમાપ્ત થઇ શકશે તો મેં મારૂં કર્તવ્ય પાલન કરેલું જ લેખાશે, એવી મારી પવિત્ર ભાવના છે. માટે હતાશ થવાનું કિંચિત્ પણ કારણ નથી." મહંતે કિંચિત્ પવિત્રતાનું દર્શન કરાવતાં જ આશ્વાસન આપ્યું.

"ગુરૂદેવ ! ગુરૂદેવ ! ! આ તમે શું કહો છો ? શું તે સત્ય ઘટના છે ? શું મારી પુન્યશીલ પત્ની ત્યારે આ સ્થળમાં જ છે ?

શું ત્યારે તમે મને તેનું પવિત્ર દર્શન કરાવી નહિ શકો ? અરેરે ! મારા ખાતર શું એટલું પુન્ય ઉપાર્જન નહિ કરી શકશો ? શું મારી આટલી દુઃખદશાની દયા આપને નહિ આવે કે ? મારે ખાતર આપ જો એટલું ધર્મકાર્ય કરશો તો મારા કંઠનો આ રત્નહાર તમને આપી તમારી અનેક પેઢીયોનું દારિદ્ર કાઢી નાખીશ. કહો, કહો, ગુરૂદેવ ! એ શું સત્ય કથન છે ? શું મારી પ્રિય પવિત્ર પત્ની અહિં જ છે ? કે માત્ર મારા હૃદયમાં ધૈર્યબળ ઉદ્દીત કરવા જ આ અદ્દ્ભૂત ઘટનાનું દર્શન કરાવ્યું છે !" કિશોરલાલે કિંચિત્ શકમંદ બનતાં અને ગળામાંના ચળકતા રત્નહારની લાલચ આપતાં જ કહ્યું.

" અવિશ્વાસ ! અરેરે, કેટલો અભદ્ર અવિશ્વાસ ! મારા પવિત્ર ભાષણમાં પણ અવિશ્વાસ હોઇ શકે કે ? પરંતુ અજ્ઞાત યુવક ! તેમાં તારો કિંચિત્ પણ દોષ નથી. આ પ્રસંગ જ એટલો વિચિત્ર છે. મારૂં પૂર્વ કથન સત્યતાથી પૂર્ણ છે. તે વાસ્તે શંકાશીલતા ધરવાનું કશું કારણ નથી. એ પવિત્ર ધર્મકાર્ય કરવાને મેં જે વિલક્ષણ જાળ પ્રસારી દીધી છે તે જાળમાં અવશ્ય એ બદમાશ ઝંપલાશે અને એ પ્રપંચયુક્તિ દ્વારા તમ દમ્પતિનો સુખમય મેળાપ હું કરાવી આપીશ, તત્પર્યંત આ નિર્ભય એકાંતસ્થાનમાં જ નિઃશંક અને નિશ્ચિંતપણાથી નિવાસીત રહો."

ઉપરોક્ત વાર્તાલાપ ચાલી રહ્યા હતો. તે વખત દરમ્યાન એક ચેલો દેવાલય નજીકના એક ઓરડામાંથી એક ડોળી ઉંચકી લાવ્યો અને તે ડોળીમાં આ ભાગ્યહીન અજ્ઞાત યુવકને સુવાડી તેને દેવમંદિરના એક ગુહ્ય ભાગમાં ઉંચકી ગયા. એવામાં નિશાનાથ ચંદ્ર અસ્તાચળની પાછળ ઠેકી પડયો એટલે સર્વત્ર શૂન્યતા અને શ્યામતાયુક્ત શાન્તિ પ્રસરી રહી.

પ્રિય વાચક ! હવે એ ભાગ્યહીન પવિત્ર દમ્પતિનો યોગ સાધ્ય થવા આ યોગી મહારાજ કેવી પ્રપંચજાળ પ્રસારે છે અને કેવી અદ્દ્ભૂત રીતે આ પુન્યશીલ પ્રમદાને કારાગૃહમાંથી મુકત કરી પુનઃ પતિસુખ વિભાગીની બનાવે છે એ અદ્દ્ભૂત કથા હવેના પ્રકરણોમાં આવશે.

પ્રકરણ ૧૦ મું.

દુર્ભાગ્યનું પ્રથમ દર્શન.

No radiant pearl which crested fortune wears
Nor rising that silds the vernal morn;
Shine with such luster as the tear that flows,
Down virtues manly cheek for other's woes,

—*Darwin.*

" કમળ જાણી તને રાખ્યું, રખે કાંટો તને લાગે;
પરંતુ તુંજ કાંટો છે, બળી જા તું ગળી જા તું!"

(કલાપી.)

સુદી પંચમીનો બાલચંદ્ર કયારનોએ અસ્ત પામ્યો હોવાથી અત્યારે સર્વત્ર અંધકાર છવાએલો જોવામાં આવતો હતો. તારામંડળ અંધકારયુક્ત રાત્રિમાં મંદ ચળકાટ પ્રસારી રહ્યું હતું. સર્વત્ર શાન્તિ અને શૂન્યતા વિસ્તરેલી હતી. અત્યારે આ વાર્તાની નાયકા કુમુદા પતિપ્રેમ ખંડિત થવાથી ખિન્ન હૃદયે શયનગૃહમાં ખળખળ અશ્રુપ્રવાહ કરતી હતી અને વહન થતી અશ્રુધારા મોતી સરખા અશ્રુબિંદુ ટપકાવી તેના હૃદયપ્રદેશને ભીંજવતી હતી. કેટલીકવારે તેણે સાળુના છેડા વડે આંસુ લુછયાં, અને કિંચિત્ ધૈર્યબળ ઉત્પન્ન થયું, તથા એકાએક વિલક્ષણ વિચારે ચડેલી બાળા સત્વર ટટાર થઈ ગઈ. ગમે તે વિચાર પ્રવાહમાં તણાતી હોય, પરંતુ પ્રિયજનના ચિંતનમાં લીન થયેલી કુમુદાને હૃદયશાન્તિ તો કયાં હતી વારૂ? એકાએક તેણે સાનિધ્યમાં પડેલા ટ્રંકને ખુલ્લો કર્યો, અને અન્ય ટ્રંકો પણ ખુલ્લી કરી દીધી. એક નિપુણ નિશાચરવત્ ગુપચુપ આ પવિત્ર પ્રેમદાએ મહા મૂલ્યવાન દાગીના શરીર ઉપરથી ઉતારીને ટ્રંકમાં ગોઠવી દીધા, અને હૃદયના ગભરાટમાં ટ્રંકો પણ યથાસ્થિત ખુલ્લી જ રાખી. આ દિવાનખાનામાંથી કુમુદા અંધારી રાત્રે કાંઇક ભયંકર સાહસ કરવા બહાર નીકળી પડી. અને ધીરે રહી દ્વાર બંધ કર્યું.

આટલો પરિશ્રમ પડતાં તો કુમુદાના કોમળ કમળ જેવા શોભતા મુખમંડળ ઉપર શિશિર બિંદુ જેવા પ્રસ્વેદનાં બિંદુ ટપકી તેના હૃદય પ્રદેશને ચુંબન કરવા લાગ્યાં. ઓઢેલા શ્યામ સાળુના એક છેડા વડે નયનને લૂછી, કુમુદાએ એક વખત આકાશ સામું નિહાળ્યું, અને મનમાં જ બોલી. "હા, આ સુખશયન અને વ્હેમી પ્રાણનાથના સ્વર્ગીય સુખનો ત્યાગ ! એક અઠવાડીયા પહેલાંનું અપૂર્વ સુખ ! તેમના મુખનું દર્શન જાણે અમૃતપાન હોય, તેમ મારા ચિત્તને શાન્તિદીપક થતું હતું. એ પ્રાણનાથનો વિયોગ ? અહા ! તે સુખ શાનું ભૂલાય ? અરેરે ! તે સુખામૃત કેટલું સત્વર લોપ થઈ ગયું ? અરે ! સમુદ્રના ભયંકર કાળા જળમાં આત્મઘાત કરવો એજ મારે માટે શ્રેયસ્કર છે." ઉપરોક્ત વિચારપ્રવાહમાં વહેતી આ ભયંકર રાત્રે આ બાળા આત્મ વિસર્જન કરવા ચોપાટી ભણી ચાલવા લાગી, અને મનમાં જ બોલી.

"ભાગ્યહીન જળ થળ ભમે, અગર ગગન પાતાળ;
ઘર છોડી વનમાં જશે, ત્યાં પણ અગ્નિ ઝાળ."

"અરે નિર્દોષ છતાં કલંકિની ગણાવું ? કેટલો અન્યાય ? પતિએ ત્યાગી ત્યારે મારો બેલી કોણ ? હવે તો મારે સમુદ્રમાં આત્મઘાત કરી તેમના દ્વિતીય સંસાર સુખનો માર્ગ ખૂલ્લો કરી આપવો જ ઉચિત છે. આ દરિયો જ મારો નિરંતરનો સોબતી થશે. મારા મનોવ્યાધિથી મુક્ત થવાનો માર્ગ પણ મને એક જ જણાય છે, અને તે માર્ગ આત્મઘાત કરવાનો જ !"

આવા પ્રકારની વિચારમાળામાં ચડેલી આ તરૂણ બાળા જોતજોતામાં સમુદ્ર કિનારે આવી લાગી. મધ્યરાત્રિનો ભયાનક સમય થયો છે. આકાશમાં ક્ષીણ આસમાની રંગની છટા પ્રસરેલી હોવાથી કેમ જાણે આ બાળાના આત્મઘાતથી આકાશમાં પણ ઉદાસીનતા છવાઇ હોય ! લાલ, કાળાં અને શ્વેતાદિ રંગનાં વાદળાં પરસ્પર આલિંગન આપતાં હતાં. તેમાં સુંદર રંગો ! કેવી મનોહરતા ! વાદળાંથી આચ્છાદન થયેલું આકાશ અતિ વિશાળ હોવા છતાં પણ મહાસાગરના જળ પ્રદેશ ઉપર

તેનું પ્રતિબિંબ પડતું હતું. આ રીતે રત્નાકર પણ કેમ જાણે આકાશ સાથે સ્પર્ધા કરી તેના વિશાળત્વનો મદ ઉતારતો હોય તેમ દૃષ્ટિગોચર થતું હતું.

આ ભયંકર અંધકારયુક્ત રાત્રિએ પતિ વિરહિણી પુન્યશીલા કુમુદા સમુદ્ર કિનારા ઉપર ઉભી રહી અને આત્મદાન આપવા પહેલાં મંદ મૃદુ કરૂણ સ્વરે કાંઈક ઉચ્ચારણ કરવા લાગી:—

"દેવાધિદેવ પ્રભુ! આ રંક અભાગિની કિંકરીના સર્વ અપરાધો ક્ષમા કરી આપના પુન્યશીલ પવિત્ર પદકમળમાં આવવાની મારામાં અલૌકિક દિવ્ય શકિત પ્રેરો. ખરેખર મારા પ્રણયકાન્તથી હું વીછોડાએલી અનાથ છું. હે જગતનિયંતા વિભુ! આ સંસારસાગરરૂપ નાટકને આનંદપ્રદ કે શોકપ્રદ બનાવનાર આપ ઈશ્વર જ સૂત્રધારરૂપે સર્વ શક્તિમાન છો. એટલા માટે આપના પવિત્ર શરણમાં આવવાનો મારો દૃઢ નિશ્ચય થયો છે, અને તેથી આપના પુન્યશીલ પદકમળમાં મારી એજ કરૂણ પ્રાર્થના છે કે, મારા પરલોકવાસ પછી મારી પવિત્રતા વિષેની જે ભ્રમણા–સંભ્રમ મારા મુકુટમણીને લાગુ પડયો છે, તે કેવા ભ્રાન્તિયુક્ત હડહડતું તર્કટ જ છે, તેની અસત્યતાની તેમ જ મારી નિર્દોષતાની સાબીતી તેમને થાય એ જ મારી વિશુદ્ધ હૃદયની વરદાન યાચના છે. હે દેવાધિદેવ! કૃપાસિંધુ પ્રભુ!! જો મને પુનઃ જન્મ ધારણ કરવાનો પ્રસંગ પ્રાપ્ત થાય, તો મારા મુકુટમણી જીવીતેશ્વરની પુનઃ હું અર્ધાંગના Better half થાઉં તેવી મારી અંતિમ પ્રાર્થના છે." એમ અતીવ ગદ્‌ગદિત કરૂણાજનક મંદ સ્વરે બોલી. આ વિશાળ સમુદ્રની ભયંકર ગોદમાં ભરાવાને કુમુદા તત્પર થઇ ગઇ. એ કટાકટીના પ્રસંગે, સામે કોઈ કૃષ્ણ વસ્ત્રધારિણી આકૃતિ જોવામાં આવી. તેના અંધકારની સાથે ભળી જતાં કૃષ્ણ વસ્ત્રો ઉપરથી તે કોઈ પુરૂષ હોય તેમ આભાસ થતો હતો. જોતજોતામાં એ પરિચીત અજ્ઞાત વ્યકિતએ અંધકારમાંથી ગુપચુપ કુલીન કુમુદાનો નાજુક હાથ પકડયો, એટલે એકાએક આ બાળા ચમકી. કેમ જાણે કંપારી છુટી હોય? થોડો સમય ઉભય પાત્રો અંધકારમાં સ્તબ્ધ જ ઉભાં રહ્યાં.

કુમુદાનું જીવન કેવળ પવિત્ર અને પરોપકારશીલ હતું. તેનામાં કિંચિત પણ અપવિત્રતાનો સંચાર થએલો દેખાતો નહોતો. પતિભકિત, પતિપ્રણય, પતિસેવા અને પતિના પ્રેમ ભાવમાં તે ચુસ્ત અને મદમાતી ધર્મશીલા હતી. તેણે પોતાની જીંદગી પતિરૂપ પ્રભુની પ્રસન્નતા મેળવવામાં જ વ્યતિત કરી હતી, અને સત્કર્મ કરીને માનવ જન્મનું ત્રિભેદી ઋણ પણ સમર્પણ કર્યું હતું. તેમ છતાં તેની ભાગ્યરેખા ઉપર કલંકનો કૃષ્ણ ડાઘ બેસે, કિંવા પતિપ્રેમથી હતાશ બને, તો તે માટે દોષપાત્ર કોણ અને શા માટે? સાવિત્રીના સુખ દુઃખની વૈચીત્રતા સાંભળી તે રાજ્ય રમણીનો શું દોષ કાઢશો? વારૂ, સતિ સીતાજીને વનવાસ વખતે જે અસહ્ય આપત્તિ સહન કરવી પડી તેમાં શું તેનો વાંક હતો? લલાટે લખેલા લેખો મીથ્યા કરવાને કોઇ પણ શક્તિમાન નથી. કવચિત્ આ જન્મ અને કવચિત પૂર્વજન્મના પાપનો પ્રભાવ નડવાને કારણભૂત થાય છે.

કોઇ વેળા સંગતી દોષ, કોઇ વેળા પ્રસંગ દોષ અને ક્યારેક અન્ય દોષો પણ દુઃખોદધિમાં ધકેલી દે છે! જો કે આ દોષપાત્ર તો કેવળ નિર્દોષ જ હોય છે, પરંતુ પાપીષ્ટોના અભદ્ર અને ઝેરી પ્રપંચ પ્રભાવથી તે વ્યકિતનું નિર્દોષ સ્વરૂપ, દોષના રૂપમાં પરિવર્ત્તન પામતું જણાય છે. ભલે પછી અન્તે સત્યનો જય થાય, પણ કષ્ટભાગીને તો કષ્ટ સહેવાનું તે સહેવાનું જ.

કુમુદા પણ સંગદોષથી જ આપત્તિના અખાતમાં ગબડી પડી હતી. તેનું હૃદય દુઃખ ભારથી વિદીર્ણ થતું હતું, અને એજ દુઃખદાવસ્થામાંથી મુક્ત થવા આ અભાગિની બાળાએ આત્મઘાત કરવાની સાહસવૃત્તિ આદરી હતી.

ઉપરોક્ત નવિન વ્યક્તિએ કહ્યું:–"કોણ કુમુદા! તમે આ સ્થળે કયાંથી? અને શા માટે? વળી આવી ભયંકર અંધકારયુકત અર્ધ નિશા વખતે સમુદ્ર અટનનું સાહસ શું વારૂ?"

કુમુદા ગદ્દગદિત સ્વરે બોલી:–"કોણ? કુમતીચંદ્ર!" આટલું

બોલતાં આ બાળાએ ડુસકાં ભરી ભરીને રૂદન કરવા માંડયું. નેત્રમાંથી સરતાં મૌક્તિકના દાણા સરખાં અશ્રુબિંદુ લૂછતાં જ "ઓ પ્રભુ !" એમ કહીને કુમુદા માર્ગક્રમણથી શ્રમિત થઇ ગઇ હોય તેવા ભાવથી નીચે બેઠી અને મૃદુ પણ મંદ સ્વરે જ બોલી:–"ઓ જગન્નિયંતા પ્રભુ ! આત્મઘાત કરતાં પણ તું અંતરાયભુત વિઘ્ન શાને નાખે છે નાથ !"

કુમતીચંદ્ર ચમકી જતો પ્રેમ ભરેલે સ્વરે બોલ્યો:– "આત્મઘાત ! શું આત્મ વિસર્જન કરવા તમે અહિં સમુદ્ર કિનારે પરિભ્રમણ કરો છો ? કુમુદા ! કુમુદા ! આ તમે બોલો છો શું ? કુમુદા ! ખરેખર તમારૂં મગજચક્ર ભ્રમી ગયેલું હોય તેમ મને જણાંય છે. આમ આક્રંદ કરવાનું અને આત્મભોગ અર્પણ કરવાનું શું કારણ છે ? કહો જોઉં."

કુમુદા ડુસકાં ભરતી મૃદુ સ્વરે બોલી:–"આ રત્નાકર જ હવે મારો સદાનો સોબતી થશે ! મારૂં મગજ ઠેકાણે છે. મારી મનોવ્યથાથી મુક્ત થવાનો માર્ગ મને એક જ જણાય છે અને તે માર્ગ આત્મઘાત કરવાનો જ છે. મારી પવિત્રતા ઉપર મારા નેત્રાનંદ–હૃદયેશ્વરનો વ્હેમ ઉભરાયો છે ! તે દિવસે આપના બંગલેથી હું સીધે સીધી ઘેર ગઇ અને ત્યાં મારા મુકુટમણીને મેં મારા ઉપર ક્રોધાયમાન થયેલા નિહાળ્યા. એ ક્રોધવૃદ્ધિ પામવાનું કારણ મારા ઉપરનો વહેમ સંચાર જ છે ! અને તેથી ભયંકર ક્રોધાગ્નિમાંથી ધીરે ધીરે પ્રખર અગ્નિકણો વરસવા લાગ્યાં છે. હમણાં કેટલાક દિવસ થયાં એ વહેમ જાળને લીધે મારા સાથેનો વાર્તાલાપનો સંબંધ પણ તેમણે ત્યજી દીધો છે. કહો કુમતીચંદ્ર ! નિર્દોષ અને નિષ્કલંક હોવા છતાં કલંક વિભૂષીત પતીત જીવન કેમ ટકી શકે ? નૈસર્ગનો પણ આ કેવો ભયંકર કોપ ! મારી આ રીતે અત્યંત અવગણના થતી જોઇને મને એટલું તો દુઃખ લાગી આવતું કે જો પૃથ્વી દેવી માર્ગ આપે તો ત્યાં ને ત્યાં જ તેના અનંત ઉદરમાં સમાઈ જાઉં. મારૂં કોમળ હૃદયકમળ શોકની ભયંકર જ્વાળાથી ભડભડ અખંડ બળતું હતું અને મારી પરલોકવાસિની પ્રિય જનેતાને યાદ કરી કરીને પોકારી ઉઠતું કે ઓ

પ્રિય જનેતા! તું આ વેળા મારે વાસ્તે જ પુનઃ જન્મ ધારણ કર અને આ પ્રપંચમય દુઃખી સંસારસાગરમાંથી મને ઝડપી લે. ઓ સુંદરી મેનકા! તારી આ નિર્દોષ પણ હતભાગિની શકુંતલાને તું વિદ્યુત સમાન વિશિષ્ટ વેગે પ્રકટ થઇને સત્વર મને સ્વર્ગમાં ઉંચકી જા. પતિની આ અભદ્ર અને ભયંકર જણાતી અવગણના મારા ચર્મચક્ષુઓથી હું સહી શકતી નથી. મારૂં હૃદય તેના દુઃખ તાપથી ભેદાઈ જાય છે અને મર્મ સ્થળો વિદીર્ણ થઇ જાય છે. હૃદયમણીના આશ્વાસનવિહીન આ ક્ષુદ્ર જણાતું જીવન ટુંકું જ છે અને જો કદાચિત ટુંકું નહિ હોય તો ટુંકું કરી નાખવાના વિચારથી જ અત્યારે પરિભ્રમણ—અટન કરૂં છું. મારા દુઃખમય અને શોકમય આત્મ-વિસર્જનનું પણ એજ નિમિત્ત છે." કુમુદા, એમ ગદ્દગદ્દ કરૂણ સ્વરે બોલી ડુસકાં ભરી આંસુ લૂછવા લાગી.

એકાદ પળ રહીને કુમતીચંદ્ર બોલ્યો:—"સ્નેહિની કુમુદા! એ મનોવ્યાધિને દૂર કરવા આત્મઘાત કરવાનું પાપ શામાટે લેવું જોઇએ? શું એજ તમારૂં મનોદુઃખ છે કે? અને એવા જ ક્ષુદ્ર કારણ માટે આટલું ભયંકર આત્મઘાતરૂપ પ્રાયશ્ચિત કરવા સાહસ કરો છો કે? ધૈર્ય ધરો. કુમુદા! એ તમારા ભ્રમિત ભર્ત્તારના વ્હેમ વાદળને વિખેરી નાંખવું એ કાંઈ અસાધ્ય કાર્ય નથી. દુઃખી અને પુન્યશીલ બાળા! સ્વસ્થ થાઓ. ચિંતાનિમગ્ન થવાનું કિંચિત્ પણ પ્રયોજન નથી. તમારા આત્મસુખ માટે મેં એક નવિન યુક્તિ ઘડી કાઢી છે. તમારે તો તે પ્રમાણે માત્ર અનુવર્ત્તન કરવાનીજ સંગીન અગત્ય છે." આવા સમયોચિત આશ્વાસનના શબ્દોથી આ દુઃખમય સ્થિતિનો ઉપભોગ કરતી કુમુદાની મનોહર મુખમુદ્રા ઉપર એકાએક હર્ષની છાયા પ્રસરી રહી. નિરાશાના ઘોર અંધકારમાં આશાનું એકાદ કિરણ ચમકતાં જ અંધકારમાં કષ્ટ ભોગવતાં પ્રાણીના મુખ ઉપર જેવો ઉત્કટ આનંદ દૃષ્ટિ-ગોચર થાય છે, તેવો જ આનંદ આ પતિ પ્રેમી પુન્યશીલા કુમુદાની મુખમુદ્રા ઉપર છવાયેલો જણાવા લાગ્યો. આ પાપીષ્ટની સૂકી દયા કેવળ ભાષણો કરવામાં અને ધૈર્યબળ

ઉત્પન્ન કરવામાં જ પરિસમાપ્ત થાય છે, તેવી ઉચ્ચતમ કલ્પના પણ આ જ્ઞાનશૂન્ય બનેલી નિર્દોષ કુમુદાના હૃદયમાં સ્ફુરવા ન પામી. ખરેખર પાપીષ્ટ નરાધમોના વદનમાં જ માધુર્યતાનો વાસ હોય છે પરંતુ અંતર તો હલાહલ વિષયથી જ આચ્છાદન થયેલું હોય છે.

दुर्जनः प्रियवादी च नैतद्विश्वासकारणम् ।
मधु तिष्ठति जिह्वाग्रे हृदये तु हलाहलम् ॥*

કુમુદા આંસુ લુછતી ગદ્ગદ કંઠે બોલી:–"ચાલાક યુવક ! મારા આંતરવ્યાધિનું શમન કરવાને તમારા સરખા હિતસ્વીની સલાહ મુજબ અનુવર્તન રાખવામાં જ મારૂં શ્રેય સમાયેલું છે. અહો ! મારા જીવનનો આ પ્રસંગ કેટલો વિચિત્ર ! હું કેટલી દુર્ભાગિની ! પુણ્યશીલા છતાં પાપીની જેવો હૃદયદ્રાવક પ્રસંગ મારા માથે આવી પડયો, ત્યારે હવે આ ક્ષુદ્ર જીવનની દરકાર શામાટે કરવી ? કહો, કહો, કુમતીચંદ્ર ! ત્યારે હવે મારે કરવું શું ? શું મુંબઇને પરિત્યાગ કરી કયાંય ચાલ્યા જવું ?" એમ કહી કુમુદા ડુસકાં ભરતી આંસુ લૂછવા લાગી. તેના મોતી જેવા રૂપેરી આંસુનો ઉત્કટ ચળકાટ. કુમતીચંદ્રના કઠનિ હૃદયને પણ વિદીર્ણ કરવા લાગ્યો.

"વારૂ, ત્યારે કુમુદા ! તમે ગુપચુપ મારી પાછળ પાછળ મારા બંગલે ચાલ્યાં આવો. કુમુદા ! એટલાં બધાં શોકાતુર શાને થાઓ છો ? તમારે હવે નિશ્ચિંત અને નિઃશંક રહેવું. ગભરાટ ધરવાની કિંચિત્ પણ અગત્ય નથી. શું પવિત્ર ભદ્ર ભાવનાથી અમુક કાર્યસિદ્ધિ પરિપૂર્ણ થવી અશકય અને અસંભવનીય છે ? નહિ જ. '**यादृशी भावना यस्य सिद्धिर्भवति तादृशी**'[1] એ સૂત્રાનુસાર અમુક સિદ્ધિ પરિસમાપ્ત થવાને વાસ્તે સુદૃઢ ભાવનાનીજ આવશ્યકતા છે. મારાં બંગલે તમારા ગુહ્ય નિવાસની યોજના ઘડી કાઢીશું એટલે વિયોગ

---

* દુર્જન પ્રિય બોલનારો હોય તોપણ વિશ્વાસ કરવા યોગ્ય નથી. કેમકે તેની જીહ્વાના અગ્ર ભાગમાં માધુર્ય રહે છે, પરંતુ હૃદયમાં હલાહલ ઝેર હોય છે.

૧. જે પ્રકારની માણસ ભાવના કરે છે તે પ્રકારની તેને સિદ્ધિ મળે છે.

કાળમાં તમારા વિયોગ વ્યાધિથી એ તમારા ભ્રમિષ્ટ ભર્તારની ગુમ થએલી મગજશક્તિ પુનઃ ઠેકાણે આવશે અને વિયોગ કાળમાં તમારી નિર્દોષતાનો વિભ્રમ Suspicion છિન્ન ભિન્ન કરી નાખીશ. માટે ભય પામવાનું શું પ્રયોજન છે વારૂ ? 'ન્યાયાત્પથઃ પ્રવિચલન્તિ પદં ન ધીરાઃ'[૨] એ પવિત્ર સૂત્રાનુસાર ભયભીત કિંવા ચિંતાતુર થવાનું કાંઈ પણ કારણ નથી."

ઉપરોકત વાર્તાલાપ ચાલ્યા પછી ઉભય વ્યક્તિ અઘોર અંધકારમાંથી માર્ગક્રમણ કરતી બહાર આવી. ચોપાટી ઉપરનો વિસ્તૃત માર્ગ ક્રમણ કરી કુમતીચંદ્ર પોતાના શયન મંદિર તરફનો માર્ગ ક્રમણ કરવા લાગ્યો. અને કુમુદા પણ મંદ પગલે લપાતી લપાતી ચોમેર ચકોર નયનોને પ્રસારતી પ્રસારતી તે બદમાશની પાછળ પાછળ માર્ગ ક્રમણ કરવામાં ગુંથાઈ ગઈ. આડા અવળા ગલીકુંચીના માર્ગ વટાવી સ્વલ્પ સમયમાં કુમુદા સમેત કુટીલ કુમતીચંદ્ર ગ્રાન્ટરોડ ટર્મીનસ નજીક આવેલા પોતાના ગગનચુંબીત બંગલા સાનિધ્યમાં જોતજોતામાં આવી લાગ્યો, અને નિમિષ માત્રમાં બંગલામાંના એક દિવાનખાનામાં તેણે પતિપ્રેમી પુન્યશીલ પણ ભોળી બાળા કુમુદા સમેત પ્રવેશ કર્યો.

બદમાસ કુમતીચંદ્ર આ બાળાના વિકસેલા સૌંદર્યબાગનો મઘમઘતો પરિમલ ચાખવાને સ્નેહજાળ–પ્રપંચજાળ પ્રસારતો હતો. એવી રીતે આ પ્રપંચજાળ–ઇંદ્રજાળની ભયંકર ભેદી બાજી તેણે જ પાથરી હતી. તેનું હૃદય પ્રેમજાળમાં બંધનયુકતતાથી હાલક ડોલક થતી નૌકાવત ઉછળતું હતું. આથી તેના હૃદયમાં સમય વહન થવાથી ગુંચળાં વળી જતાં, વિકળતા અને વિહ્વલતાથી કાર્ય શૂન્યતાનો ઉદ્ભવ થતો અને વિરહના ભયંકર આઘાતથી ભ્રમણાનો વિલક્ષણ સંચાર પ્રસંગે થઇ જતો. એવી રીતે આ બદમાશની હાલત કફોડી અને દુઃખદાયીની થઇ પડી હતી. આ રીતે કુમતીચંદ્રનું પ્રેમદગ્ધ હૃદય વિચારમાંજ ગુંથાએલું રહેતું હતું અને વિરહના દારૂણ

---

૨. જે ધૈર્યવાન પુરૂષો હોય છે તે ન્યાયના માર્ગ વિરૂદ્ધ એક પગલું પણ ચાલતા નથી.

દુઃખોથી એ સઘળાં ચિન્હો ઉપસ્થિત થાય તેમાં આશ્ચર્ય પણ શું ! કુટિલ બદમાશ કેવી ચાલાકીથી–કુશળતાથી ભયંકર બાજીનો પ્રસાર કરે છે, તે સંદીગ્ધ વાર્ત્તા ચાલાક મનુષ્યને પણ જાણવી કેવળ અશકયવત્ અને અસંભવનીય લાગે છે, તો પછી કુમુદા સરખી પ્રેમશીલ પુન્યશીલ એક અજ્ઞાન–ભોળી યૌવનાની તો વાતજ શું કરવી, વારૂ !

પ્રિય વાંચક ! મનોહારીણી અને રમ્ય જણાતી વસંત-ઋતુના સૌંદર્ય માધુર્યયુક્ત શીતળ અનિલદેવે પ્રેમાવેશમાં આવી જેનું પ્રેમબળપૂર્વક ચુંબન કર્યું હોય એવાં અર્ધસ્ફુટિત ગુલાબ કુસુમોના સૌંદર્ય–માધુર્યને શું તમે કદિ પણ અવલોકન કર્યું છે ? સુંદર શિશિર ઋતુમાં સુશીતળ અને ચળકતું ઝાકળ જેના હૃદય પ્રદેશ ઉપર દબ્યું હોય એવી જુઇની સુંગધ મનોરમ્ય કલિકાનું લલિત લાવણ્ય શું તમે કદિ ધારી ધારીને જોયું છે ? તે પતિપ્રેમી પદ્મિની સરખી કુમુદાનું સૌંદર્ય–લાવણ્ય જોતાં જ પ્રભુની અતુલનીય અકલ્પનીય ચાતુર્યતા ઉપર કુટિલ કુમતીચંદ્ર દિગ્મુઢ–મોહવશ બની ગયો હતો. ખરેખર નમણી રમણીનું સૌંદર્ય–માધુર્ય ભરિત યૌવનઉદ્યાન નિહાળી તે દેહભાન પણ ભૂલી ગયેલો હતો. આહા ! વિધાતા શું તારી અલૌકિક કૃતિ ! કેવી અદ્‌ભૂત અગમ્ય કળા ! ખરેખર પ્રભુકૃતિ આગળ મનુષ્યકૃત કૃતિ તદ્દન તુચ્છવત્, કહો કે શૂન્યવત્ નિઃસાર જેવીજ દૃષ્ટિગોચર થતી જણાય છે. આ પ્રપંચી બદમાશ એ સુંદર બાળાના પવિત્ર નેત્ર કટાક્ષના મારામાં અબાધિતતાથી સર્વથા સપડાઇ ગયો હતો.

બંગલામાં કુમતીચંદ્ર પાછળ કુમુદાએ પણ પ્રવેશ કર્યો. આ સ્થળે કોઇ અપરિચિત વ્યક્તિ નિદ્રાદેવીના અંકમાં સુતેલી–પડેલી જણાતી હતી. તે નવીન યુવક નાસીકનિવાસી ગોર–બદમાશ હતો. તેને કુમતીચંદ્રે બુમ મારી જાગ્રત કર્યો. આ ગોરમહારાજને આજેજ ટેલીગ્રાફ કરી બોલાવ્યો હતો. તેને ઉદ્દેશીને મંદસ્વરે કુમતીચંદ્ર બોલ્યોઃ—

“ છેલશંકર ! આપણાં આ કુમુદા બ્હેનને તારા ગુહ્ય-નિવાસસ્થાનમાં ગુપ્તપણે આશ્રય આપવાનું કાર્ય પરિપૂર્ણ કરવા સારૂ જ મેં તને તારથી બોલાવ્યો છે. જો કે એ કાર્ય એટલું

બધું કઠિન નથી, તોપણ ભયાચ્છાદિત છે. મારે ખાતર જો તું એ કાર્ય કરશે તો એ કાર્ય બદલ આ રત્નહાર તને અર્પણ કરી તારી અનેક પેઢીનું દારિદ્ર વિદારી નાખીશ.”

ગુરૂ મહારાજે મંદહાસ્ય કરતાં કરતાંજ ઉલ્લાસિતવદને કહ્યું:–“શેઠ સાહેબ ! એ કાર્ય જેટલું કઠિન છે તેટલુંજ બલ્કે તદુપરાંત વિશિષ્ટ ભયાચ્છાદિત છે ! છતાં પણ આપને ખાતર એ ભયકારક કાર્ય કરવાને હું માન્ય કરૂં છું. અમારી ધાર્મિક દૃષ્ટિથી તો તે શિષ્ટાચાર વિરૂદ્ધ એક દુષ્કાર્યજ છે. તમારૂં ધર્મ શાસ્ત્ર–નીતિશાસ્ત્ર કદાચિત જુદું હશે. વારૂ, ત્યારે હવે હું પહેલી તકે મળી આવતી ટ્રેનમાં કુમુદા બ્હેન સાથે નાશિક તરફ પ્રસ્થાન કરીશ.” આટલું કહી ગોર અવાચ્ય રહ્યો.

અર્ધનિશાનો ભયંકર ભીષણ અંધકારયુક્ત સમય હતો. સર્વત્ર શાન્તિ, શૂન્યતા, નિઃસ્તબ્ધતા અને નિરવતાનો સંચાર હતો. કુમતીચંદ્રના બંગલામાં પણ કેવળ મંદ દીપકનો પ્રકાશ અને તારકમંડળ મંદહાસ્ય કરતું નભોમંડળમાં ચમકી રહ્યું હતું, છતાં પણ ગાઢ અંધકારનો કિંચિત પણ પ્રતીકાર કરવાને તે અશક્યવત્ જણાતું હતું. ક્યારેક ક્યારેક વૃક્ષરાજીમાંથી અનિલદેવના આઘાતથી પતન થતી શુષ્ક પર્ણલતાઓ પૃથ્વી ઉપર પડી આ શાન્તતામાં ભંગાણ પાડતી જણાતી હતી એટલુંજ ! સાધારણતઃ રાત્રિને માતૃગર્ભના નામથી મનુષ્યો ઓળખે છે, અને એનું તાત્પર્ય એ છે કે જેવી રીતે માતા પોતાના પ્રિય સંતાનોના દુર્ગુણોને પીછાનતાં છતાં ગુપ્ત રાખવાને પ્રયત્નશીલ બને છે તદનુસાર પાપીષ્ટ નરાધમોના ગુપ્ત આચરણોને નિશાદેવી પોતાની અંધકારરૂપ છાયામાં છૂપાવી રાખે છે. એ આદર્શરૂપ સિદ્ધાંત અત્યારે આપણને વિશિષ્ટ પ્રત્યક્ષ થાય છે. આ વખતે એક મસ્તિષ્કથી ચર્ણપર્યંત કૃષ્ણ વસ્ત્રોવડે જેનું શરીર આચ્છાદિત હતું, એવી પવિત્ર પુન્યશીલ પદ્મિની દેવી કુમુદાને ઉદ્દેશીને પાપીષ્ટ કુમતીચંદ્રે મંદસ્વરે તેનો મનોઆશય જાણવાના હેતુથી કહ્યું:–“કેમ કુમુદા ! તમને નાશિકના ગુપ્ત તીર્થસ્થાનમાં ગુપ્તપણે ભરાઈ રહેવું પ્રસન્ન છે કે કેમ ? એ વાસ્તે તમારો શું અભિપ્રાય છે તે વ્યક્ત કરશો તો આપણા આ કાર્યમાં વિશિષ્ટ

અનુકૂળતા થઈ પડશે.” કુમતીચંદ્રે મંદસ્મિત કરતાં એ કુલીન બાળા કુમુદાનો મનોભાવ જાણુવા પ્રશ્ન કર્યો.કેટલીકવારે વિચાર નિંદ્રામાંથી જાગ્રત થતી કુમુદા ચુપકી તોડતી જ કરૂણુ પણુ મંદ સ્વરે બોલીઃ– “કુમતીચંદ્ર ! કુમતીચંદ્ર ! ! આ તમે બોલો છો શું ? શું આપની કૃતિમાં મને અવિશ્વાસીની ધારો છો ? શું આપની હિતૈષીતામાં હું અવિશ્વાસ ધરાવતી બની છું એમ ધારો છો ? એમ હોય તો એ મારા દુર્ભાગ્યની એક નિશાની લેખાશે એમ મારી માનિનતા છે. આપની હિતૈષીતામાં મને સંપુર્ણુ વિશ્વાસ છે. અને આપના સમગ્ર વિચારો મારા વાસ્તે તમારા હ્રદયમાં મુબારક હો, એમ પ્રભુના પુન્યશીલ પદકમળમાં મારી કરૂણુ પ્રાર્થના છે. આપ જે યોજના મારા વાસ્તે કરો તેમાં શંકાસ્પદ થવાનું મને કિંચિત્ પણુ કારણુ નથી, અને એવી અમંગલ શંકાશીલતાને આપના પુન્યશીલ હ્રદય પ્રદેશમાં સ્થાન ન મળે એટલે હું મારૂં મહદ્ભાગ્ય માનું છું. ભલે, આપે જયારે મારા ભર્ત્તારની ભ્રમણા નષ્ટ કરવાની અને મારા હ્રદયેશ્વરની પુનઃ ભેટ કરાવી આપવાને પવિત્ર હિમ્મત બાંધી છે તો એ હિતકર સન્માર્ગ ગ્રહણુ કરવો એ મારા વાસ્તે અતીવ હિતકારક અને સુખકારક સલામત માર્ગ છે. તેમ, એ સુખરૂપ માર્ગ પકડવો એ કાંઈ કઠિન કાર્ય પણુ નથી.” એટલું ગદ્ગદીત કંઠે બોલતા બોલતામાં આ પુન્યશીલ પવિત્ર કુમુદાથી રડી જવાયું. તેની આંખોમાંથી અશ્રુબિંદુ ટપકી તેના હ્રદય પ્રદેશને ચુંબન કરવા લાગ્યાં. પ્રેમભગ્નતાથી પતિપરાયણા કુમુદાનું મસ્તક ચક્કર ચક્કર ભ્રમણા કરતા ચક્રવત પારભ્રમણુ કરવા લાગ્યું. આંખો અમંગલ નિદ્રાથી ઘેરાવા લાગી અને હ્રદય ઉછળતા મહાસાગરના મોજાં પેરે ધડકવા–ઉછળવા લાગ્યું. પતિના વિરહતાપથી ખિન્ન અને હતાશ બની રહેલી આ પુન્યશીલ કુમુદા શરીરની આવા પ્રકારની અચેતનાવસ્થા–બેભાનાવસ્થામાં ત્યાંજ પછડાઈ પડી. સર્વત્ર શન્તિ અને શૂન્યતા, નિર્જનતા અને રૂચિરતા પ્રસરી રહી.

પ્રિય વાંચક ! તારી રસિક ઉત્સુક વૃત્તિ આ કરૂણુ મંદભાગિની બાળા કુમુદાની આવી કરૂણાજનક હાલતના અવલોકનમાં આકર્ષાતી હોય, તે સર્વથા સ્વાભાવિક જ છે, તો ચાલો શું ઘટના બને છે તે આપણે જોઈએ.

પ્રકરણ ૧૧ મું.

પાપીષ્ટનો પ્રેમ.

" સુખોની આશાથી પ્રણય કરનારાં દુઃખી થતાં;
અરે આ હૈયાને, વધુ દુઃખ દઈ સહુ દુર જતાં. "

(કલાપી)

" મનના તરંગ મસ બની, મનમધ્યે શમી જાય;
સાગર લહરો લક્ષ થઈ, સાગરમાંહિ શમાય. "

(રણછોડભાઇ)

" More close and close his footsteps wind,
The Magic music in his heart,
Beats quick and quicker, till he find,
The quiet chamber far apart. "

Tennyson Day Dream.

મુંબઈથી નાશિક જવાને ઉપડી ગયેલી ટ્રેનમાં અચેતનાવસ્થામાંથી સચેતન બનેલી કુમુદા અને નરાધમ ગોર મહારાજ સેકન્ડ કલાસના ડબામાં અત્યારે પ્રવાસ કરી રહ્યા છે, અને કેટલાંક સ્ટેશનો ઉપર ટ્રેન થોભતાં આ બાઇ કોણ છે ? તમારો એ તરૂણી સાથે શું સંબંધ છે ? ઇત્યાદિ પોલીસની તપાસના અંતે આ કુટિલ બદમાશ એટલો જ પ્રત્યુત્તર વાળતો આવે છે કે એ અમારાં શેઠાણી સાહેબ છે, અને નાશિકના પવિત્ર તીર્થસ્થાનમાં યાત્રા કરવા અર્થે અત્યારે પ્રવાસ કરે છે. આવા વિલક્ષણ સમાધાનકારક પ્રત્યુત્તરથી પોલીસ પણ શાન્ત બની વિશિષ્ટ તજવીજ કે હરકત કરવાનું ઉચિત ધારતી નથી. અહો ! કેટલી કુટિલતા ? ખરેખર યાત્રાના નિમિત્તે આવા ભયંકર દુષ્કૃત્ય કરનાર બદમાશો પોતાની ભયંકર પાપશીલ કપટજાળ પ્રસારી દે છે. અરેરે ! એવા અધમ પાપીષ્ટ જનોનો કયાં ઉદ્ધાર થવાનો વારૂ ? તે તો ઠીક. પરંતુ એવા પાપાત્માઓના પદકમળની સેવામાં ધર્મપાલન થાય છે, એવી મિથ્યા માનિનતા ધરા-

વતા થયેલા અસંખ્ય મનુષ્યોનું કલ્યાણ ક્યાં થવાનું હતું? અહો ભારત! તારી અને તારા પ્રિયજનોની આ કેટલી દુર્દશા? કેટલું દુર્ભાગ્ય? ધર્મની છાયામાં પાપનો સંચાર! કેટલી અધમતા? પવિત્ર તિર્થસ્થાનમાં નિવાસ કરનાર આવા પાપીષ્ટો એ નાશિક જેવા પવિત્ર તિર્થક્ષેત્રને કલંક વિભુષીત અને પતિત કરે છે. અન્ય સ્થળમાં જે દુષ્કાર્ય થાય છે તે પાતક આવાં પવિત્ર તિર્થસ્થાનમાં ભસ્મીભૂત થઈ જાય છે; પરંતુ જે પાપકર્મ ખુદ આવા તિર્થસ્થાનમાં જ પાપીજનો કરે છે તે પાપીષ્ટ પુરૂષોનો યમસદનમાં પણ મોક્ષ થવો દુર્લભ અને અશક્યવત્ જ છે. આવી પવિત્રતા યુક્ત આખ્યાયિકાઓ પ્રતિ આંખ મીંચામણાં કરી આવા કુટિલ દુરાત્માઓ પોતાના પાપાચરણનું શાસન–પ્રાયશ્ચિત મેળવવા સીધે સીધા યમસદનના માર્ગે પ્રયાણ કરી જાય છે, અને તેવું નરકની ભયંકર શિક્ષાનું શાસન થાય તેમાં દોષભાગી પણ કોણ? ખુદ તેવા નરાધમ પાપીષ્ટ જનોજ!

ઉપરોક્ત પાપકર્મ નિહાળી ભગવાન સૂર્યદેવ પણ કેમ જાણે ક્રોધાયમાન બન્યા હોય ને! તેમ લાલચોળ મ્લાન વદન ધારણ કરી પશ્ચિમ દિશાના નીલ આકાશમાં ડુબી જતા હોય તેમ પ્રત્યક્ષ થતું હતું. જોત જોતામાં સાયંકાળનો અંધકારયુકત સમય આવી લાગ્યો. આકાશમાં પણ ક્ષીણ આસમાની રંગની છટા પ્રસરેલી હોવાથી કેમ જાણે આવા દુષ્કાર્યથી આકાશ પણ એક પ્રકારની ઉદાશીનતાથી આચ્છાદિત થયું હોય! તેવી ઉદાશીનતાની છાયા પથરાઈ રહી હતી. આ વખતે નાનાં મોટાં અનેક સ્ટેશનો વટાવી ટ્રેન સણુસણાટ કરતી નાશિકના સ્ટેશનમાં આવી લાગી, એટલે ઝડપોઝડપ ઉતારૂઓએ પોતપોતાનાં ગાંસડાં પોટલાં ઉચકી સ્ટેશનના બાહ્ય વિભાગ પ્રતિ માર્ગક્રમણ કરવા માંડયું. આ વેળા તેઓના આતિથ્ય વાસ્તે સ્ટેશન બહાર સેંકડો લાડુભટોની ગિર્દી મચેલી જણાતી હતી. તેઓ સ્ટેશન ઉપર નવીન ઉતારૂઓનો આદરસત્કાર કરવાને કોલાહલ મચાવી રહ્યા હતા. કેમ જાણે એક નાના સુના ગામ

ઉપર લૂંટારાનું ધાડું ચડી આવવાથી કોલાહલ મચ્યો હોય! એવો જ આ નાશિકના સ્ટેશન ઉપરનો વિલક્ષણ મનોરમ્ય દેખાવ થઈ રહ્યો હતો. આવા લાડુભટો આવા પવિત્ર તિર્થ-સ્થાનમાં ઉભરાઈ રહે છે. તેઓ બિચારા ગ્રામ્ય પ્રવાસીજનોનાં પિતૃઓના શ્રાદ્ધ તર્પણાદિ સદ્ અસદ્ વિધિથી આટોપી દઇ ધનના ઢગો એકત્ર કરે છે. તેમજ ત્ર્યંબકેશ્વરનો જયઘોષ કર-વામાં તેઓ કિંચિત્ પણ પાછા હઠતા નથી!

ટ્રેન સ્ટેશન ઉપર થોભી એટલે આપણી આ કથાની એક નાયકા કુમુદા અને બદમાશ ગોર મહારાજ ટ્રેનમાંથી ઉતરી સ્ટેશન બહાર પસાર થઇ ગયા. આ પુન્યશીલ યૌવના કુમુ-દાની સાથે તો ખુદ નાશિક નિવાસી ગોર મહારાજ આવેલા હોવાથી તેનો સત્કાર કરવા અન્ય લાડુભટોએ તેની નજીકમાં આવવા તસ્દી લીધી જ નહિ. અન્યથા કદાચ આ બિચારી પુન્યશીલા યૌવનાને સતાવવામાં તેઓ ટીડની માફક તૂટી પડત!

આ સર્વાંગ સુંદર લાવણ્યવતી લલિત લલનાનું કોમળ વદન ખિલેલાં કમળપુષ્પ જેવું સૌંદર્યતાયુકત જણાતું હતું. તે સાથે જે કેટલાક દાગિના ભૂલમાં તેના અંગપર રહી ગયેલા હતા તેથી, અંધકારનું ભેદન કરી જેમ જ્યોત્સ્ના–ચંદ્રિકા ઝળકી રહે તેવું જ તેનું સૌંદર્ય–માધુર્ય મધુર અને મનોમોહક લાગતું હતું. આવી યૌવનસૌંદર્યના ઉદ્યાનમાં વિહરતી રસીલી સુંદરીને નિહાળી ગોર મહારાજ તો લટ્ટુ–મોહાંધ બની ગયો હતો. તેના સૌંદર્ય અને માધુર્યના નિરીક્ષણથી પ્રત્યેક પ્રેક્ષકનું ચિત્ત કોમળ અને મોહવશ બની જતું હતું. તે બદમાશનું ચિત્ત કેવળ પરિવ-ર્તિત થઈ ગયું હતું. તેનું સૌંદર્ય અને મૂલ્યવાન દાગીના નિહાળી આ બદમાશનું ચિત્ત મોહની છાયાથી આચ્છાદન થઇ રહ્યું હતું, એટલું જ નહિ પણ તેના વસ્ત્રની મૃદુતા, બારીક કુમાશ, મનોહર રંગો અને પહેરવાની છટાથી વિચીત્ર પ્રકારનું હૃદય આકર્ષણ થતું હતું. તેનું નૈસર્ગિક સૌંદર્ય તો અદ્‌ભુત આકર્ષક છટાને પ્રસારી રહ્યું હતું. તેના નિરીક્ષણથી ગોરમહારાજના જીવને અત્યાનંદ થતો હોય તેમ એની મુખમુદ્રા

ઉપરથી લાગતું હતું. કુમુદા સાક્ષાત્ સુંદરીશ્રેષ્ઠા હતી. તેના સૌંદર્ય–યૌવનથી અને તેના મિષ્ટ સંભાષણથી પણ આ બદમાશ તેના ઉપર કેવળ મોહિત થઇ ગયો હતો. આથી આ બદમાશના હૃદયમાં આ સુંદરીના યૌવનવિહારી થવાની અને તે સાથે તેના મૂલ્યવાન વસ્ત્રાલંકારો હરણ કરી પલાયન કરી જવાની જ તરંગમાળા ગુંથાતી હતી. આવા ઉદ્‌ભૂત થયેલા પાપશીલ વિચારોથી આ અજ્ઞાત યૌવનાને નાશિક તરફ જવા પૂર્વેજ ગોદાવરીના કિનારા ઉપર તે દોરી ગયો. એટલામાં જોતજોતામાં રાત્રિનો સર્વત્ર સંચાર થઇ ગયો. અંધકારને વિદીર્ણ કરતા ભગવાન રજનીવલ્લભ ચંદ્રદેવનાં રૂપેરી કિરણો ગોદાવરીના પવિત્ર જળપ્રદેશ ઉપર વર્ષવા લાગ્યાં. આ સ્થળે નિર્જનતા, શાન્તતા અને શૂન્યતા પથરાઇ રહી હતી. મૃદુ, મંદ અને શીતલ વાયુલહરીઓના સંચારથી આ સ્થળ શાંતિદાયક જણાતું હતું. જળ તરંગ ઉપર તારકમંડળનાં મંદકિરણો પડતાં હોવાથી અતીવ સુંદર દૃશ્ય જણાતું હતું. આવા જનશન્ય એકાંત પ્રદેશમાં આ બદમાશ બદદાનતથી આ પુન્યશીલ બાળાને ઘસડી લાવ્યો. હવે જેમ જેમ સમય વહન થતો ગયો તેમ તેમ આ નરાધમના અધૈર્ય અને મોહમાં વૃદ્ધિ થવા લાગી. "**जर जोइ मुनिवर पण चळे छे.**" દ્રવ્યને જોઈ કોણ લોભાયું નથી? કંચન અને કાન્તાના પાસમાં સર્વ કોઇ બદ્ધ થઈ ગયેલાં જ દૃષ્ટિગોચર થાય છે. આવી સાક્ષાત્ મોહિનીનો સાક્ષાત્કાર અને ચળકાટ મારતા અલંકારો! પછી તે મોહમાં શું મણા રહે? આવો જનશૂન્ય એકાંત પ્રદેશ અને કિમતી અલંકારોને જોતાં આ બદમાશ અધીરો અને આકુળ વ્યાકુળ બની ગયો. તે બદમાશે પ્રપંચજાળને પ્રસારતાં કહ્યું:—

"કુમુદા! હું આ સ્થળે તમારાં વસ્ત્રાલંકારોની સંભાળ રાખતો બેઠો છું અને તમે ગોદાવરીના પવિત્ર જળમાં સ્નાન કરી લ્યો."

"બહુ સારૂ! ગોર મહારાજ!" એમ કહી દાગીના ગોરને સોંપી કુમુદા જરા દુરના એકાંત સ્થળમાં જળમાં સ્નાન

કરવા ચાલવા લાગી એટલામાં કુટિલ મહારાજે પાછળથી ગુપચૂપ એકાએક તેનો સુકોમળ હાથ પકડતાંજ કહ્યું:—

"સુંદરી શ્રેષ્ટા ! લલિત બાળા ! કુમુદા ! મેં મુંબઇમાં જ સાંભળ્યું હતું કે તમારો પ્રેમી ભર્તાર કોઈ અન્ય યૌવનાના પ્રેમપાસમાં સપડાયો છે; જો એમ જ હોય તો પછી તું પણ તેવું મનમાન્યું રત્ન ખોળી લેવાને શાને અચકાય છે ?" નરાધમે અતિશય મર્મવેધક શબ્દોથી વિલાસને ઉત્સાહન આપતાં ગંભીર મુદ્રાથી ઉલ્લસિત થતાં જ કહ્યું.

" કુલાંગાર ! નરાધમ ! તારા સરખા તિર્થવાસીના મુખમાં આવા અનુચિત અભદ્ર શબ્દો શોભતા નથી. જો કે મારા હૃદયમણી પુન્યશીલ અને પવિત્રતા યુક્ત જ છે છતાં તેમનું પાપકર્મ સાંભળી મને પણ એવી પાપીની અને દુરાચારિણી થવાને ઉપદેશ કરે છે, તો તું ગોર નહિ પણ કોઈ નરપિશાચજ દીસે છે." કુમુદાએ આ બદમાશના હાથને તરછોડતાં ક્રોધિત મુદ્રા કરતાં જ કહ્યું:—આટલો શ્રમ પડતાં તો તે કંપી ઉઠી, તેના કોમળ વદન ઉપર પ્રસ્વેદનાં બિંદુઓ જમી આવવા લાગ્યાં અને આખું શરીર પ્રસ્વેદથી લદબદ થઇ ગયું. બદમાશ વિકારવશતાથી એક ધ્યાનમય દૃષ્ટિથી તે યૌવનાની શ્રમિત મુખમુદ્રા તરફ રસિકતાથી જ નિહાળી રહ્યો.

" ભોળી બાળા ! તું તો ગાંડી છે ગાંડી ! જીંદગીરૂપી પ્રદેશમાં યૌવન સૌંદર્યરૂપી બગીચો ખીલે છે. એ વિકસીત થયેલું યૌવન ચાર દિવસના ચાંદરણા જેવું ચળીત છે, તેમાં જે ઉપભોગ ભોગવ્યા તેજ ખરૂં ! રમણી જીવનનું એથી વિશિષ્ટ બીજું લ્હાણું શું હોઇ શકે ? તારા સરખી રસીલી બાળાને શીયળના કઠોર પાસમાં કદિ પણ બંધનયુક્ત થવું જોઇએ નહિ. સુંદરાંગી લલિત બાળા ! આવું મનોમોહક સૌંદર્ય નિરર્થક શાને કરમાવે છે ?" બદમાશ બે પગલાં આગળ વધી અત્યંત ઉત્કંઠિત સ્વરે બોલ્યો.

"ચુપ રહે, દુષ્ટ ! નરાધમ ! કુલાંગાર ! ! ! આ તું શું બકે છે ? કુટિલ ! તારો શેઠ કુમતીચંદ્ર પણ તારા જેવો જ

દુષ્ટ છે કે ? જેનું લુણ હજુ તારા પેટમાં જ છે તેના તરફ કુદૃષ્ટિ કરતાં તું લજાતો નથી ? આ ભયંકર કપટ શું ? ખરેખર તમારા કુટિલ કાવત્રાનો હું ભોગ બની છું. અરેરે દુષ્ટ ! નરપિશાચ ! આટલી પાપબુદ્ધિ તારામાં વ્યાપ્ત થઇ રહી છે, એ જો હું મુંબઈમાં જ જાણી શકી હોત તો મુંબઈમાં જ તારા સહગમનનો અસ્વીકારરૂપ પ્રતીકાર કરત. પરંતુ દુર્ભાગ્યનું ચક્ર એમ જ ચાલ્યા કરે છે. અમારૂં અન્ન ખાઈ અમારો જ દ્રોહ ! કેટલી કુટિલતા ! પાપીષ્ટ ! તારો રૌરવ નર્કમાં પણ છૂટકારો થશે નહિ." આટલું ગદ્‌ગદ્ કંઠે બોલતાં બોલતાં ક્રોધાવિષ્ટતાથી કુમુદાનું વદન લાલચોળ થઇ ગયું.

"રસીલી બાળા ! કુમુદા ! શું તું મારા વચનોની અવગણના કરે છે ? હવે વ્યર્થ વિલંબ ન કર. તારા ઉપદેશની મને કિંચિત્ પણ અગત્ય નથી. મને તો માત્ર તારા પ્યારની જ અભિલાષા છે, તો તારી પ્રણયરસની મધુર પ્યાલી પાઈ મારી વિરહ વેદનાને વિદીર્ણ કર." આમ કહી આ બદમાશ જેવો આ ધર્મશીલા સુંદરીશ્રેષ્ઠા કુમુદાના સૌંદર્ય–યૌવન ઉપર આચ્છેદ–ત્રાપ મારવા જાય છે કે તુર્તજ આ પુન્યશીલ પવિત્ર યૌવનાએ કોઇ દોડી આવો, બચાવો, રક્ષણ કરો એમ કરૂણ સ્વરે ચીસ પાડી અને સત્વર દોડી જઈ આ ગોદાવરીના ઉંડા ભયંકર જળપ્રવાહમાં ભૂસ્કો માર્યો, એટલે સરિતાએ આ ધર્મશીલ બાળાને પોતાના હૃદય પ્રદેશ ઉપર ઝીલી લીધી અને આ સરિતાની ગોદમાં ભરાએલી કુમુદા જળ પ્રવાહમાં તણાવા લાગી–જોતજોતામાં દૃષ્ટિમાંથી લોપ થઈ ગઇ. અહો, પાપી જનોનાં હૃદય કેટલાં પ્રપંચપ્રછન્ન અને પાપશીલ હોય છે ! એ બદમાશને એટલો પણ વિચાર ન આવ્યો કે સિંહનો બાળક ભૂખે મરે છે, પણ સુકાં તરણાંને અડતો નથી અને સતી ગમે તેવી વિપદમાં પણ પોતાના શીલવૃતને આંચ આવવા દેતી નથી.

He's a fool who thinks by force or skill,
To turn the current of a Woman's will.

—*Lin S. Tuke.*

એ વચનાનુસાર સ્રીના મનોપ્રવાહનો અવરોધ થવો અશક્યવત્ જ છે. એ બદમાશના હૃદયમાં એવા પવિત્ર વિચારનો સંચાર થવો તદ્દન નિરર્થક જ છે.

આ બદમાશ હતાશ બની ઉભો રહ્યો અને તેની વિષયાભિલાષાનો સર્વ હેતુ આ પ્રકારે ધૂળધાણી થઈ ગયો. **मनसा चिंतितं कार्यं दैव अन्यत्र चिंतयेत्**[1] એ સૂત્રની સત્યતા આ સ્થળે પ્રત્યક્ષ થાય છે. એ દેવાંશી પુન્યશીલ યૌવનાના પવિત્ર જીવનનો વિચ્છેદ કરી આ નરપિશાચ પાપભાગી જ થઇ રહ્યો. તે આ હૃદયવેધક કથા પ્રસંગથી પ્રિય વાચક ! તમારા જાણવામાં આવ્યુંજ હશે. અસ્તુ !

ઉપરોક્ત પાપીષ્ટ બદમાશ કુમુદાના કિંમતી દાગીનાનું પોટકું ઉપાડી પકડાઇ જવાના ભયથી જોત જોતામાં દૃષ્ટિમાંથી અદૃશ્ય થઇ ગયો. કારણ કે પ્રત્યેક પળે આ કારસ્થાન-ભોપાળું પ્રકટ થઇ જશે એજ વિચારનું વાદળું તેના હૃદયાકાશમાં વ્યાપી રહ્યું હતું. વાંચનાર ! કુમુદા આ ભયંકર સરિતાના ભયંકર જળપ્રવાહમાં આત્મઘાત કરી બચી જશે કે શું ? એ ભયંકર હૃદયદ્રાવક કથા જાણવા તમારી ચિત્તવૃત્તિ આકર્ષાએલી હોય તો તે સ્વાભાવિક જ લેખાશે, પરંતુ તે હૃદયવેધક કથા પ્રસંગ જાણવા ચાલો આ પણેઆ કથાની અદ્ભુત ઘટનાનું અવલોકન કરીએ.

---

૧ મનવડે ચિંતન કરેલું કાર્ય કંઇ હોય છે ત્યારે દૈવે ચિંતન કરેલું કાર્ય કાંઇક જુદું જ હોય છે.

પ્રકરણ ૧૨ મું.

રાજયોગ.

But love is blind and lovers can not see,
The pretty follies that themselves commit.

Shakespear.

ઈશ્વરની અપાર અદ્‌ભૂત લીલાનો દેવ દાનવો કે વિદ્યાધરો પણ પાર પામી શકતાં જ નથી તો પછી માનવજાતિનું શું ગજું? આ કથાની એક નાયકા કુમુદા વિશાળ પ્રચંડ ગોદાવરીના ભયંકર પ્રવાહમાં કૂદી પડયાની હૃદયવેધક વાર્ત્તા પ્રસ્તુત પ્રકરણમાં, વાંચનાર! આપણે અવલોકન કરી ગયા છીએ. એ પુન્યશીલ પવિત્ર પ્રમદા આ ગોદાવરીના પવિત્ર પણ ભયંકર જળ પ્રદેશમાં પ્રવેશી લોપ થઇ ગઇ. પરંતુ આ નિર્દોષ બાળિકાને જાણે આ સરિતા પણ સ્નેહાદ્રતાથી સખીભાવે વર્ત્તી તેનું રક્ષણ કરતી હોય તેમ તેને પોતાની ગોદમાં ભરાવી વિકરાળ વેગે વહન કરતી હતી. જાણે એક સ્નેહાળ માતા પોતાની પુત્રીને વાત્સલ્યતાથી પ્રેમાલિંગન દેતી હોય ને! ગમે તેમ કહો, પરંતુ આ બાળાના જીવનવિનાશનો ભાવી યોગ કિંવા નિમિત્તકાળ આવી લાગ્યો નહોતો. આથી આ નવયૌવના મૂર્છાવસ્થામાં આ ભયંકર સરિતાના પ્રચંડ પ્રવાહમાં તણાતી જતી હતી.

પ્રિય વાંચક! આવા ભયંકર આત્મઘાતનું હદપર્યંત સાહસ કરવાનું આ તરૂણ બાળાને શું કારણ હતું? એ ઘટના પૂર્વ વાર્તા વિભાગમાં આપણે અવલોકન કરી ગયા છીએ; વાસ્તે અત્રે તત્સંબંધે વિશેષ પીષ્ટપેશણ કરવાની અગત્ય નથી. આપણે પૂર્વવૃત્તાંતમાં જે જાણ્યું અને વાંચ્યું તે હૃદયવેધક ઘટના ઉપરથી સહજ કલ્પના કરી શકયા હશો કે, તેના આત્મવિસર્જનમાં માત્ર તેના પ્રાણવલ્લભનો સંભ્રમ જ કારણભૂત હતો. તેને પોતાના પ્રણય કાન્તની જ માત્ર અછત હતી. માત્ર એટ-

લું જ નહિ પરંતુ દુર્ભાગ્ય યોગનો પણ પ્રભાવ ! અર્થાત્ પાપી-ષ્ટનો પાસસંગ દોષ જ. એ સંગદોષે જ આ પવિત્ર પતિપ્રેમી પ્રમદાની જીંદગી ઉપર પોતાના વિષપ્રભાવયુક્ત મૃત્યુની શાન્ત છાયા પ્રસારી હતી. સરિતાના ભયંકર જળ પ્રવાહમાં તણાતી બાળા જીવનયુક્ત હતી, છતાં પણ જીવનશૂન્ય અને નિષ્પ્રાણવત્ શબવત્ જણાતી હતી. અરેરે ! હજુ તો તે નવ-યૌવન–સૌંદર્યના અર્ધવિકસીત બહારમાં જ પ્રવેશેલી છે. તેનું સ્નિગ્ધ સુકોમળ હૃદય પવિત્ર પતિપ્રેમથી દ્રવતું હતું. તેમાંથી આકસ્મિક રીતે જ પતિપ્રેમ રૂપી યૌવનસૂર્ય અસ્ત પામશે તેની એ પુણ્યશીલ પ્રમદાને ખબર પણ કયાં હતી વારૂ ?

પ્રાતઃકાળનો હમણાં સમય થએલો હતો. પૂર્વદિશાના નભો-મંડળમાં સુવર્ણના થાળ સરખો ઝગમગતો સૂર્ય ઉદિત થએલો જણાતો હતો. કેમ જાણે વિયોગી વલ્લભ પોતાની પ્રાણવલ્લ-ભાને પ્રેમાલિંગન આપવા તત્પર બન્યો હોય ! એવોજ પરિ-ચય આ સહસ્રરશ્મી ભગવાન સૂર્યદેવની જળહળતી તેજસ્વીતા પ્રત્યક્ષ કરાવતી હતી. ઉષાદેવીના પ્રશાંત સામ્રાજ્યમાં સર્વત્ર શાન્તતા અને શૂન્યતાનો સંચાર થએલો જ દૃષ્ટિગોચર થતો હતો. સૂર્યનાં ચકચકીત કિરણો સરિતાના હૃદય પ્રદેશ ઉપર નૃત્ય કરતાં હોવાથી અતીવ સૌંદર્યનો ભાસ થતો હતો. આ સમયનો બાલક રવિ પોતાનાં સોનેરી કિરણોને સરિતાના નિર્મળ હૃદય પ્ર-દેશ ઉપર પાથરી તેની સુવર્ણ રેખા સમાન છાયા વિસ્તારતો હતો. પશ્ચિમ આકાશમાં વિવિધ રંગની ધનુષ્ય છટાનો પ્રસાર થઇ રહ્યો હતો. તેની તેજસ્વીતા યુક્ત પ્રભા આ સરિતાના હૃદય પ્રદેશને પ્રેમાલિંગન દેતી હોય તેમ તેનું પ્રતિબિંબ પડતું હતુ. ધનુષ્યમાંથી છૂટેલા તીર માફક વહન કરતી સરિતા એક જનશૂન્ય પ્રશાંત અરણ્ય પ્રદેશમાં થઇ વહેતી હતી, અને પો-તાની પ્રિયસખી કુમુદાને એક કુસુમહારવત્ ઉછાળ્યે જતી હતી. એ સમગ્ર વનભૂમિ વટાવી સરિતા આ પતિ પ્રેમી બાળાને પોતાની ગોદમાં ભરાવી અત્યંત દૂરના પ્રદેશમાં ઘસડી ગઈ. આ પ્રદેશ શાન્તતાથી આચ્છાદિત હતો. સર્વત્ર નિઃસ્તબ્ધતા છવાઇ રહી હતી. પરસ્પર પ્રેમાલિંગન દઇ મિત્ર ધર્મ પાલન

કરતાં વિવિધ તરૂવરોનાં પાંદડાં પવન સપાટે ચડી આ સર્વો-પરી શાન્તિમાં અંતરાયભૂત થતાં હતાં. એવામાં રાજગઢ નામક ગામ આવી લાગ્યું. આ ગામનો ઠાકોર **મદન**સિંહ હમણાં પોતાના અમાત્યસહિત કુમુદાના સદ્‌ભાગ્યવશાત્ આ પ્રાતઃકાળની સુશીતળ અનિલ લહરીઓનું આસ્વાદન લેવા પોતાની હોડીમાં પરિભ્રમણ કરતો સરિતાના સામે કાંઠે જવા સહેલ કરતો હતો. સુભાગ્ય યોગે આ મંદવેગી હોડી સાથે આ પવિત્ર બાળાનું મૃતક સરખું શરીર અફળાયું. એટલે કોઇ ભયંકર પ્રાણીની કલ્પનાથી અવલિપ્ત હૃદયવાળા ઠાકોર **મદન**ચંદ્ર અને તેના સાથીઓ એકાએક ચમક્યા. આશ્ચર્ય અને ભયનો સંચાર તેઓના હૃદયમાં વ્યાપ્ત થઇ રહ્યા, અને કુતૂહલપૂર્ણ દૃષ્ટિએ તેઓ નિરિક્ષા કરવા લાગ્યા. કેટલોક સમય જળપ્રદેશ ઉપર નિરીક્ષણ કર્યા પછી કોઇ અજ્ઞાત તરૂણ યોવનાની દેહલતા તણાતી હોય તેમ પરિચય થવા લાગ્યો. આ હૃદયદ્રાવક પ્રસંગ જોઇ બરાબર કટાકટીના ટાંકણે શૌર્યશીલ ઠાકોર સરિ-તાના ભયંકર જળપ્રદેશમાં ઠેકી પડયા. અને એ અજ્ઞાત યૌ-વનાનો કમળદંડ સરખો નાજુક હાથ પકડયો. ત્યારબાદ આ હતભાગીની અજ્ઞાત યુવતીને પોતાના સેવકવૃંદની સહાયતાવડે પોતાની હોડીમાં ચડાવી દીધી. ખરેખર દેવાધિદેવ ઇશ્વરે પોતાની સર્વ શક્તિમાન સત્તાવડે મૃત્યુની શાંત શય્યા ઉપર સુતેલી આ પવિત્ર પતિપ્રેમી પ્રમદાના જીવનનું સદાને માટે આ વિપદ વખતે સંરક્ષણ કરી દીધું. પ્રિય વાચક! આ મંદ-ભાગિની અનાથ પતિપ્રેમ ખંડિતા કુમુદાને આ વિપદ વેળાએ ઉપર આભ અને નીચે જમીન સિવાય તેનું આ સ્થળે કોણ સગું હતું વારૂ? પરંતુ સત્યનો બેલી આખર વેળાએ એ દયાસિંધુ દેવાધિદેવ પ્રભુ જ છે. એટલે કે પ્રત્યેક પ્રાણીની જીવન રક્ષાની ચિંતા એ દયાયુક્ત વિશ્વંભર પ્રભુને જ છે! આ અજ્ઞાત યૌવનાના સદ્‌ભાગ્યવશાત્ તેના શરીરમાંથી અદ્યાપિ પર્યંત પ્રાણ પંખી ઉડી નહોતું ગયું તે કોની સત્તાવડે વારૂ? તે સર્વ શક્તિમાન પ્રભુની પવિત્ર ઇચ્છા જ આ પવિત્ર બાળાની જીવન રક્ષા માટે કારણભૂત હતી. આ કમળવદના પતિપ્રેમી કુમુદાના મૃતવત્ શરીરને સત્વર કિનારા ઉપર પહોંચતું કર્યું અને ચાંપતા

ઉપચારોથી તેની મૂર્છાવસ્થાનો ભંગ થયો. એટલે કે અચેતન શરીરમાં પુનઃ ચૈતન્ય સ્ફુરવા લાગ્યું. નિરાશાના ઘોર અંધકારમાં આશાનું એકાદ કિરણ ચમકી રહ્યું, અને મૂર્છાભગ્ન થયેલી આ હતાશ અભાગિની યૌવના કરૂણ સ્વરેજ બોલીઃ—" અધમ ! ચંડાળ ! નરાધમ !! પાપીષ્ટ ચોર ! તારો રૌરવ નર્કમાં પણ ઉદ્ધાર નહિ થાય. " આ અજ્ઞાત યૌવનાના અંતરમાંનો ઉદ્વેગ અને શોક તથા તજ્જન્ય કોપાનલ જ્વલંત થયેલો નિહાળી ખરેખર આ કોઇ પુન્યશીલ પવિત્ર અભાગિની અબળા છે, એવો દૃઢ વિશ્વાસ આ ઠાકોર મદનસિંહના હૃદયમાં વ્યાપી રહ્યો. તે કમળવદના કુમુદાના કોમળ વદનમાંથી દુઃખદ હૃદયવેધક નિઃશ્વાસો સ્ફુરી પ્રેક્ષક મંડળનાં હૃદય વિદીર્ણ કરતાં હતાં. તેના નિઃશ્વાસ ધ્વનિ સિવાય ત્યાં કેટલોક સમય નિરવતા અને શૂન્યતા જ વ્યાપી રહી હતી. આ પતિપ્રેમી અજ્ઞાત યૌવનાના ઉપર્યુક્ત ઉદ્દગારો શ્રવણગોચર થતાં ઠાકોરને સમજાયું કે, આ પુન્યશીલ નમણી રમણી કોઇ પ્રપંચી બદમાશની ભયંકર પ્રપંચ જાળમાં ફસાએલી હોવી ઘટે છે. તેણે આશ્વાસન આપતાં જ આ અજ્ઞાત અભાગિની યૌવનાને ઉદ્દેશીને કહ્યું.

" શાન્ત થાઓ ! બ્હેન ! આ સ્થળે ભય ધરવાનું કિંચિત પણ કારણ નથી. નિર્ભય નિઃશંક હૃદયે તમારી હૃદયવેધક દુઃખ કથા જો કિંચિત પણ અંતરાય ન હોય તો સત્વર વ્યક્ત કરો. "

ઉપરોક્ત ધૈર્ય અને આશ્વાસન મળતાં પતિપ્રેમધારિણી કુમુદાએ પોતાની ઉછળી આવેલી હૃદય વ્યથા અને તજ્જન્ય ઉર્મિયોને દબાવી પોતાની દુઃખપૂર્ણ અને ચિત્તવેધક પૂર્વકથા આ ઠાકોર અને તેના રાજ સેવક સમિપમાં યથાસ્થિત કહી સંભળાવી. આ અભાગિની અજ્ઞાત યૌવનાની દુઃખદ કથા સાંભળતાં ઠાકોર મદનસિંહના પવિત્ર હૃદયમાં દુઃખ, શોક અને ભયની આવૃત્તિ ઉપર આવૃત્તિ થઈ રહી હતી. આ અજ્ઞાત યૌવનાના પૂર્વ વૃત્તાંતથી તે બાળા કોઈ પવિત્ર હૃદયની દેવાંશી મહાદેવી હોય તેમ પરિચય થયો. આથી ઠાકોર મદનસિંહે આ પુન્યશીલા બાળાને ઉદ્દેશીને કહ્યુંઃ—"હાલ તો તમે અત્રેની

જગદંબા મહાકાળીના આશ્રમમાં યોગિની માતાના આશ્રયમાં વિસામો કરો, અને ત્યાં તમારા વાસ્તે સર્વ પ્રકારની વ્યવસ્થા રાજ તરફથી કરવામાં આવશે. અને પછી ટુંક સમયમાં તમારે ઘેર તમને સુખરૂપ પહોંચતાં કરવામાં આવશે."

ઉપરોક્ત પવિત્રતા યુક્ત વિશિષ્ટાદેશ સાંભળી ચોતરફથી દુઃખ અને શોકસાગરમાં ઘેરાયલી અને હૃદય વ્યાધિથી છેદાયલા મર્મોવાળી આ નિરાધાર બાળા આનંદમાં લીન બની ટટાર થઈ ગઇ. અને એ પવિત્ર ફર્માનનો સાભાર દ્દષ્ટિથી સ્વીકાર કર્યો. તે ઉલ્લસિત મુદ્રા કરતાં જ બોલીઃ—"બહુ સારૂં નામદાર! આપની એ વ્યવસ્થામાં મને સંપૂર્ણ વિશ્વાસ છે." આટલું સંભાષણ કરી આ પવિત્ર બાળા અવાચ્ય થઈ રહી.

એટલામાં ઠાકોર સાહેબની ફરમાશથી કોચમેને ગાડી ત્યાં ઉપસ્થિત કરી એટલે એ બગીમાં બેશી આ પુન્યશીલ કુમુદા મહાકાળીના પવિત્ર આશ્રમ તરફ જવા ઉપડી ગઇ. પરંતુ ઠાકોર સાહેબને તો અત્યારે સરિતાના સામા કિનારે આવેલા હવાબંગલે મંદમંદ પ્રસરતી શીતળ વાયુ લહરીઓનું આસ્વાદન કરવા જવાનું હોવાથી. તેઓ તો પોતાના અમાત્ય સાથે હોડીમાં બેશી પુનઃ એ બંગલા પ્રતિ પ્રયાણ કરી ગયા. આ નવલનવોઢાને નિહાળી અમાત્યનું હૃદય કાંઇક અવનવા વિચારમાં ઉત્સુક બની ગયું હતું. આ અમાત્ય કુટીલચંદ્ર આ નવલનવોઢાનું અતુલ સૌંદર્ય જોયું ત્યારથી તે તેના ઉપર મોહિત થયો હતો. તે પોતાનું દેહભાન પણ ભૂલી ગયો હતો. મોહનું પ્રબળ એવું જ આકર્ષક અને બળવત્તર છે. સુંદર યૌવનાને નિહાળતાં મોટા મુનિજનો પણ મોહવશ બની જાય છે તો આવા વિલાસી યુવકની શું ગતિ? આ નમણી રમણીનું ગૌરવદન અને કેળની દાંડી સરખા સુગોળ હાથ અને મોહક અવયવોને નિરીક્ષણ કરતાં આ ધૂર્તલાલ મંત્રમૂઢ થયેલા મનુષ્યની પેઠે સ્તબ્ધ જ થઇ ગયો હતો. વળી એ પવિત્ર બાળાનો વિણાને લજ્જાસ્પદ બનાવે તેવો કોમળ મધુર સ્વર સાંભળીને એ તરૂણ મોહના બાણથી ઘવાયો હતો. તે ઠાકોર સાહેબ સાથેનો વાર્ત્તાલાપ તજીને એક બારી નજીકના કોચ ઉપર

અસ્વસ્થ અને વિચારયુક્ત મને બેઠો હતો. આ વખતે સૌંદર્ય માધુર્યનો ભોગી ઠાકોર સૃષ્ટિ સૌંદર્ય નીરીક્ષણ કરવા બગીચામાં ફરવા ગયો હતો. આથી આ બંગલામાં કુટીલચંદ્ર એકાએકી બેઠો હતો. તેનો મનોમય વ્યાપાર પણ એ અજ્ઞાત નવયૌવન સુંદરીનો જ ચાલતો હતો. તે બોલ્યો:—

"આહા! કેવો મધુર સ્વર! જાણે કોઇએ વીણા સાથે મીષ્ટ સંગીત જ ગાયું હોય ને! તે સુંદરીનું સૌંદર્ય કેટલું મોહક? કેવું આકર્ષક? તેનું કોમળ કમળ જેવું વિકસેલું મુખ કેમ જાણે ભગવાન પ્રેમદેવતાને રમણ કરવાનું ક્રિડાસ્થાન જ હોય ને! તેના ચંચળ કટાક્ષબાણની ચંચળતાએ તો હદ-વાળી છે! તેનું સુશોભિત વેણીબંધન કેટલું મનોમોહક હતું! કમળ દંડ સરખા સુગોળ સુકોમળ બાહુ, તે સાથે પ્રત્યેક અવ-યવો એક સુંદરીને પણ લજાવે તેવા ચિત્તાકર્ષક લાગતા હતા. વિધાતાએ સૌંદર્યની મૂર્તિ જ કેમ જાણે ઘડી હોય! કેમકે તેની એક વખત નિરીક્ષા થયા પછી પુનઃ તે નવલનવોઢાના મુખદર્શન પ્રતિ જ વૃત્તિ આકર્ષાય છે. ખીલેલાં ગુલાબ કુસુમો સરખું એ યૌવનાનું સૌંદર્ય—માધુર્ય નિહાળી મારી ચિત્તવૃત્તિ તે અજ્ઞાત યૌવનાને જ જોવાને તલસે છે." આ પ્રમાણે આ યુવકના હૃદયમાં પ્રેમકંટક ખુંચી ચુકયો હતો. ઉદ્યાનમાંથી પાછો ફરેલો ઠાકોર મદનસિંહ બંગલામાં આવી લાગ્યો, અને તેના પદસંચારથી ઉપરોક્ત અમાત્યની વિચાર નિદ્રા અચાનક ઉડી ગઇ. ત્યાર બાદ ઉભય સ્વામી સેવક શહેર તરફ જવા હોડીમાં બેઠા, અને જોતજોતામાં સરિતાના સામા કાંઠે ઉભય યુવકો આવી લાગ્યા. એટલે ઠાકોર સાહેબ સાથે છેલ્લી સેક-હેન્ડ કરી ત્યાં ઉભી રાખેલી ઘોડાગાડીમાં બેશી જુદા જુદા માર્ગે પોતપોતાના નિવાસસ્થાન તરફ જવા જુદા પડયા.

પ્રિય વાંચક! જોયું? અભાગિની કુમુદાનું દુર્ભાગ્ય! તે અભાગિની યૌવનાને તેના દુર્ભાગ્ય યોગમાં જ મુકી, ચાલો આપણે તેના પતિના જ સંસાર તરફ નજર કરીએ. એ હત-ભાગી યુવક ભાવીની ભૂલભૂલામણીમાં માનસિક નબળાઇથી કેવો હતાશ બની રહ્યો હતો તેનું અવલોકન કરીએ.

પ્રકરણ ૧૩ મું.

પત્ની વિયોગનો ભયંકર પ્રહાર !

Little deeds of Kindness,
Little word of Love;
Make this earth on Eden,
Like the Heaven above.

ભુલેશ્વર લતામાં આવેલા એક માળાના ત્રીજે દાદરે એક દિવાનખાનામાં કુમુદાનો હતભાગી ભર્તાર કાન્તીલાલ વિચાર પ્રવાહમાં અટવાતો એક ઝુલતી આરામ ચેર ઉપર બેઠો હતો. આ દિવાનખાનું વિશિષ્ટ મનોહર છબીઓથી શણગારેલું પ્રત્યક્ષ થતું હતું. એક તરફ ઉંચી કારીગરીવાળા શ્વેત ગાલીચા બીછાવેલા હતા. તેની ઉપર આ યુવકની સૌંદર્યવતી સુકોમળ પત્ની બેસતી હતી. પરંતુ આજે તે લાવણ્યવતી લલિત લલના આ સ્થળે હતી નહિ. આથી આ સુંદર ભુવન સ્મશાનવત શૂન્યકાર અને શોકાચ્છાદિત સરખું આ યુવકને જણાતું હતું. તેનું કોમળ હૃદય પત્ની વિયોગના કારી ઘાથી ઘવાયું હતું. એવામાં અચાનક દિવાલ ઉપર તેની દ્રષ્ટિ એકાએક આકર્ષાઈ રહી. શાથી અને શા માટે ? તેના ઉલ્લેખ વાસ્તે કહીશું કે, પતિપ્રેમી કુમુદાની છબી દિવાલ ઉપર લટકી રહી હતી. અને તેજ લલીત લલનાની મનોહર છબી પ્રતિ આ દુર્ભાગી યુવકની ચિત્તવૃત્તિ આકર્ષાએલી હતી. રેશમી ઝીક અને જરીયન ભરેલી આસમાની રંગની સાડીવડે તેનું શરીર ઢંકાયેલું હતું. આથી જેમ અભ્રથી આચ્છાદિત ચંદ્ર વાદળાં ખસી જતાં ઝળકી રહે, તેમ તેનું મુખકમળ હાસ્યની છટા ચમકાવી રહ્યું હતું. આ સુંદરીની સૌંદર્યતા નિહાળી મદમાતી અને સુંદર યૌવનાનો મદ પણ ઉતરી જાય તેવી તે મનોમોહક અને સૌંદર્ય વિભૂષિત હતી. સુગોળ બાહુ ઉપર સુવર્ણનાં નાજુક કંકણ શોભાસ્પદ દીસતાં હતાં. સુકોમળ શ્વેત પદકમળમાં નુપૂર ચળકાટ મારી

રહ્યા હતા. ગળામાં એક સુંદર ચળકતો ફુલહાર પહેરેલો જણાતો હતો. આ સઘળા ચળકાટ મારતા અલંકારો આ લાવણ્યવતી લલનાની સૌંદર્યતામાં અપૂર્વ વૃદ્ધિ કરતાં હતાં. આ તરૂણ પોતાની પ્રિયા કુમુદાની સુંદર છબીને જેમ જેમ નિહાળતો ગયો, તેમ તેમ તેનું મનોમોહક સૌંદર્ય વિશિષ્ટ ચિત્તાકર્ષક જણાતું ગયું. આ સુંદર છબીની નિરીક્ષા કરતાં આ ભાગ્યહીન યુવકના ઘવાયેલા હૃદય ઉપર વિશિષ્ટ દુઃખાગ્નિના અંગારા ઝરતા હતા. કહો કે 'દાઝયા ઉપર ડાંમ' એવો જ પ્રકાર આ ભ્રમિત યુવકના હૃદયનો થઈ રહ્યો હતો. આ યુવક આવી વિચાર નિદ્રામાં ઘોરતો હતો એવામાં દાદર ખખડયો. કોઇનો પદરવ સંભળાવા લાગ્યો, જેથી એકાએક આ યુવકની વિચારમાળા તૂટી પડી. આ નવીન આવનાર કુટિલ કુમતીચંદ્રની અર્ધાંગના સુશીલા હતી. તેને ઉદ્દેશીને કાન્તીલાલ બોલ્યોઃ–

"કેમ છો સુશીલા બ્હેન ! આજે તો માર્ગ ભૂલ્યાં કે શું ? બહુ દિવસે અમ ગરીબનું ગૃહ પાવન કર્યું. વાહ વાહ ! શાબાશ છે તમને પણ હો ! આવો જ પ્રેમ ધરાવો છો કે ?"

"વ્હાલા ભાઇ ! એમ તે હોય કે ? આમ છેક મશ્કરીમાં ઉડાવો તે ઠીક કહેવાય ? તમારે ઘેર આવીએ તેમાં આશ્ચર્યકારક શું વારૂં ? પરંતુ મારી કુમુદા બ્હેનનાં બહુ દિવસથી દર્શન થયાં નથી તેથી મારૂં મન ખિન્ન અને હતાશ બની રહ્યું હતું, એટલે મારા અત્યારના આગમનનું તો એજ વિશિષ્ટ કારણ છે." સુશીલાએ મંદ હાસ્ય કરતાં જ કહ્યું.

પોતાની પ્રિયતમાનું નામ સાંભળતાં કંટાળો ઉપજ્યો હોય તેમ કાન્તીલાલ એકાએક શિશિર ઋતુના શીતળ વાયુ સ્પર્શથી કંપારી છૂટી હોય તેમ કંપિત થયો. તેના હતાશ વદન ઉપર મ્લાનતા પ્રસરી રહી અને મુખમુદ્રા ઉપર પ્રસ્વેદ બિંદુ છૂટવા લાગ્યાં. તેનું હતાશ હૃદય દુઃખ અને શોકની સરિતામાં તણાવા લાગ્યું.

પોતાના પ્રશ્નનો કશો ઉત્તર નહિ મળતાં આ યૌવના આશ્ચર્યમાં લીન બનતી બોલીઃ–"કાન્તીલાલ ! કાન્તીલાલ !! કેમ બોલતા નથી ? મારા મનને સમાધાનકારક ઉત્તર આપો.

આજે તમારા આનંદિત અને પ્રફુલ્લિત મુખમંડળ ઉપર ઉદ્વેગ અને મ્લાનપણું કેમ જણાય છે ? કહો, કહો, કાન્તીલાલભાઇ ! શું કાંઈ અમંગળ સમાચાર તો નથી ને !" એમ ઉપરાઉપરી પ્રશ્નો પૂછી સુશીલાએ પોતાની ઉત્સુકતાનું દિગ્દર્શન કરાવ્યું.

કાન્તીલાલ તે સાંભળતાં ગભરાટમાં પડેલો જણાયો. ભય અને શોકાદ્રતાથી નયન વિકસાવતો તે બોલ્યોઃ–

"અરેરે બ્હેન ! એ દુરાચારિણી અપવિત્ર યુવતીનું નામ સાંભળતાં મારા હૃદય ઉપર વજ્રપાત સમાન આઘાત થાય છે. એ કલંકિની કુલટાનું, ભલાં થઇ મારી સમક્ષમાં નામ પણ નહિ દેશો; કેમકે એ પાપીણી પતિત પત્નીએ મારો સુખમય સંસાર દુઃખપૂર્ણ અને વિફળ બનાવી મૂકેયો છે."

સુશીલા આશ્ચર્ય અને ખેદમાં ગરક બની શોક દર્શાવતી બોલીઃ–"કાન્તીલાલભાઇ ! આ તમે શું બોલો છો ? આટલો અનર્થ શાથી ? શું સુવર્ણને શ્યામતા લાગતી હશે કે ? શું એ પુન્યશીલા ઉપર દોષારોપ ? કેટલો અન્યાય ? એક નિર્દોષ મનુષ્ય જેમ પાપીષ્ટની પ્રપંચ જાળમાં દોષપાત્ર જણાય છે તેમ એ સુશીલ પવિત્ર બાળા ઉપર કૃષ્ણ કલંકનો ડાઘ લગાડવો અન્યાયયુક્ત અને અનુચિત છે. અરેરે ભાઇ ! શું તમારૂં મન ભ્રમી તો નથી ગયું ને ! અરેરે ! કેટલું હડહડતું તહોમત ! તે પણ એક પવિત્ર પુન્યશીલા ઉપર ! અફસોસ ! પુન્યશીલા છતાં પાપીણી ! તમે શાનું અવલંબન કરી એ દોષારોપ તે પવિત્ર ધર્મશીલા ઉપર મુકો છો ! અરેરે ! શું તે એટલું બધું અધમપણું પામી ગઇ ! છેવટે શું એ પતિપ્રેમાસક્ત પત્ની પ્રણયકાન્તના પ્રેમ ધર્મથી હતાશ જ બની ? અહો ! કેટલું કષ્ટાપદ કલંક ! કેટલી માનસિક નબળાઈ ! પરંતુ એ મારી પુન્યશીલ બ્હેન હમણાં છે કયાં ? કહો જોઉં કાન્તીલાલ ! એ જ વિચાર મારા મનમાં રમખાણ કેરી રહ્યા છે." સુશીલાએ શોકાતુરતાથી કહ્યું.

કાન્તીલાલ હતાશ વદને બોલવા લાગ્યોઃ–"એ કલંકિની કાન્તાનો દુરાચાર મેં નજરે નજર નિહાળ્યો છે અને તે પણ તમારા મુકુટમણિના મંદિરમાં જ !"

સુશીલા શોક દર્શાવતી અને ભ્રકુટી ચઢાવતી બોલી:- "કયે વખતે ? અને કયે દિવસે વારૂ ?"

"આજથી એક અઠવાડિયાં પૂર્વેજ તમારા પતિત પતિના શયનભુવનમાં જ અર્ધનિશા પર્યંત એ ઉભય પાત્રો પ્રણય રંગમાં ભીંજાતાં હતાં." કાન્તીલાલે ક્રોધાવીષ્ટતાથી જ કહ્યું.

"અરરરરર ! કેટલું કષ્ટાસ્પદ તર્કટ ? અને કાન્તીલાલ ! ખરેખર ! તમે મારા પતિત પતિની ભયંકર જાળમાં ફસાઈ ગયા છો. જે સમયે એ દુરાચાર પ્રવર્તતો હતો તે વખતે એ મારી સ્નેહીની સખી અમારા એ શયન મંદિર સામેના ઈલાયદા મકાનમાં જ મારી પાસે બેઠી હતી; અને અમે ઉભય પતિવૃતાના ધર્મવિષયક સંભાષણ કરતાં હતાં; પરંતુ એજ વેળાએ રાત્રિએ હું કાંઇક કાર્યવશાત્ પરશાળમાં બહાર આવી હતી, ત્યારે મને અમારા તે શયનમંદિરમાં કાંઇક ગોટાળો થએલો જણાયો હતો. મેં કોઇ તરૂણ તરલનયના નવોઢાને અમારા ઉક્ત રંગભુવનમાં પ્રવેશ કરતાં ભાળી હતી. ત્યારબાદ દ્વિતિય દિવસેજ ખાનગી તપાસના અંતે જણાયું હતું કે, એ તો કોઈ પાપીણી પ્રમદા હતી અને એ કુલ્ટા મારા પતિત પતિના આમંત્રણથી આવી હતી, જે અર્ધ નિશા પર્યંત રોકાઈ પાછી ફરી હતી." આટલું સાંભળતાં તો કાન્તીલાલના મનમાં પૂર્ણ સાત્વિક ભાવ ઉદ્‌ભવવા લાગ્યો. સર્વ અંગ-ઉપાંગમાં પ્રસ્વેદ છૂટયો, અને કાંઇક ઉત્સુકતા અને કાંઈ અશાન્તતાની મિશ્રિત લાગણીઓને તે અનુભવવા લાગ્યો. અત્યંત ઉત્સુક અને દુઃખી હૃદયનું વર્ણન શું કરવું ? રસિક વાચકની અનુભવજન્ય કલ્પનાનું જ તે કાર્ય છે. પ્રેમાશ્રુભરીત મુદ્રા કરતો કાન્તીલાલ વચમાં જ બોલી ઉઠયો,

"સુશીલા ! સુશીલા !! શું એ મારી અર્ધાંગના તમારા અન્ય બંગલામાં જ એ વખતે હતી ? અને શું ત્યારે તેની જગ્યાએ કોઇ કુલ્ટાને ગોઠવી હતી ! હાયરે દૈવ ! આ ભયંકર ભેદ શાનો ? અરેરે દુર્ભાગી જીવ ! તારા ફુટેલા નશીબમાં તે પવિત્ર પુન્યશીલાનું સ્વર્ગીય સુખ શાનું હોઇ શકે ? ખરેખર બ્હેન ! મારી સુખાભિલાષાનો આધાર-સ્થંભ તૂટી પડયો છે."

એમ કહીને તે સુશીલા સામે એક દૃષ્ટિએ આશ્ચર્ય અને શોકયુક્ત મુદ્રા કરતાં જોઈ રહ્યો.

સુશીલા કિંચિત્ ગાંભીર્યતાસુચક મુદ્રા કરતાં જ બોલી:– "હા, વીર સહોદર ! તમારી એ અભાગિની અર્ધાંગના એ વખતે મને સતીત્વ ધર્મનું શિક્ષણ આપતાં મારા ઇલાયદા મકાનમાં તે વખતે હતાં. તે કેવળ નિર્દોષ અને પવિત્ર પુન્યશીલા છે. વસ્તુતઃ તમે મારા વિલાસી વલ્લભના કારસ્થાનનો ભોગ બન્યા છો. તે પુન્યશીલા ઉપરનો તમારો પ્રેમ ખંડિત થાય એટલા જ માટે એ ભયંકર જાળ–ઇંદ્રજાળ તે અધમ જનોએ પાથરી છે. એ કપટ જાળનું હથિયાર તમારા એકાદ હિતશત્રુને બનાવ્યું હતું કે જેથી તમે અબાધિત રીતે એ દગાફટકાનો ભોગ થઇ પડો અને બન્યું પણ તેમજ ! પણ કહો, કહો, ભાઇ ! એ મારી દુર્ભાગિની સખી હાલ ક્યાં છે ? "

આ ખબર મળતાં જ આ યુવકનું હૃદય પરિવર્તિત થતું કમ્પી ઉઠયું. તેના મનમાં ભયંકરતા અને ઉદ્વિગ્નતા વ્યાપી રહ્યાં. તે હતાશ બનતાં જ બોલ્યો:–" અરેરે બ્હેન ! મારા કોપાગ્નિમાં બળતી ઝળતી તે તો ક્યારનીએ મારૂં ગૃહ તજી ચાલી ગઇ છે, કહો કે લોપ થઇ ગઇ છે. અરેરે ! મેં મૂર્ખાએ એ પુન્યશીલા ઉપર કુટિલ કલંક મુકતાં કિંચિત પણ વિચાર ન કર્યો. ખરેખર મારી એ પવિત્ર પત્નીનો મેં મહાન અપ-રાધ કર્યો છે. એક નિર્દોષ સતીને સતાવી છે. અરેરે ! શું એ ભયંકર પાતકનું નિવારણ થઇ શકશે કે ? ખરેખર એ બદ-માશના છળ પ્રપંચનો હું ભોગ થઈ પડયો છું. કહો, સુશીલા બ્હેન ! કેટલી ક્રુરતા ? એ વૈરની વસુલાત ન કરવી કે ? શું એ પાપીષ્ટ બદમાશને ન્યાયમંદિરમાં ઘસડાવવો અનુચિત છે કે ? તમારો તે માટે શું મત છે ? એથી તમને માઠું તો નહિ લાગે ને ? કહો જોઉં સુશીલા બ્હેન ! "

અને કાન્તીલાલ ! કહોને, એમાં માઠું લગાડવા જેવું શું હતું ? પરંતુ, એ મારો પતિત પતિ પોતે જ પોતાનાં કુટિલ કારસ્થાનનો ભોગ હમણાં થઇ પડયો છે. એવા જ કોઇ વિશિષ્ટ દુષ્ટ કૃત્યથી તે પકડાઇ ગયેલ છે અને ગુન્હો સાબીત થતાં

સાત વર્ષની જેલયાત્રાએ પ્રયાણ કર્યું છે, જેને આજે માત્ર બે જ દિવસ.થયા છે." સુશીલા ખિન્ન અને હતાશ વદને બોલી.

"ખરેખર ! એ બદમાશના એવા જ બુરા હાલ થવા ઉચિત છે. અરેરે ! મારી પવિત્ર પત્નીના સંબંધમાં તો હું છેક હતાશ બન્યો છું. કહો, કહો, ભદ્રે ! ત્યારે હવે મારે કરવું શું ?" કાન્તિલાલે કરૂણ સ્વરે જ કહ્યું.

"અને કાન્તિલાલ ! કરવું શું ? એવા આશાભગ્ન ઉદ્ગારો કાઢવાથી લાભ શું વારૂં ? તમારા સરખા ચાલાક યુવકના મુખમાંથી આવા હતાશ વચનો કેમ નિકળે છે ? બનેલા બનાવ ઉપર અફસોસ કર્યા કરવા કરતાં ભાવી સુખને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવો એમાં જ માનવ ધર્મની ગૌરવતા છે. તમે ત્વરાથી તપાસ કરો એટલે પ્રતિકૂળ દૈવ પણ અનુકુળ થઇ જશે અને તમારી પ્રેમાંગના પુનઃ આવી ભેટશે. ભાઇ ! ખરેખર તમારી સ્થિતિ તો મારી માફક સૂડી વચ્ચે સોપારી જેવી જ બની છે. પરંતુ કરવું શું ? ભાઇ ! આપત્તિમાં તો ધૈર્યપાલન જ ઉચિત લેખાશે." સુશીલાએ આશ્વાસન આપતાં જ કહ્યું.

"ખરેખર બ્હેન ! આ અધમ જનોએ મારી પવિત્ર અર્ધાગનાને દુઃખ દરિયામાં ડુબાડી દીધી છે અને તે પણ મારા જ હાથે. અહો કેટલો અત્યાચાર ? આથીજ વિશિષ્ટ પશ્ચાત્તાપથી મારૂં હૃદય વિદીર્ણ થાય છે." કાન્તિલાલે ગદ્ગદિત કંઠે કહ્યું.

"ધૈર્ય ધરો, કાન્તિલાલ ! આટલું હતાશ થવું ઉચિત નથી. દુનિયામાં પ્રત્યેક પ્રાણી ભુલને પાત્ર છે, માટે પડેલાં દુઃખને નહિ ગણકારતાં જે કાંઇ થઈ ગયું તેને વાસ્તે શોક નહિ કરતાં ભાગ્યદશા જેવી રીતે દોરે તેવી જ ધૈર્યશીલતાથી વર્તવું અને તમારી લોપ થયેલી પત્નીની ભાળ કઢાવવી. તદુપરાંત પુનઃ એવા સંભ્રમની ભયંકર જાળમાં બંધનયુક્ત ન થવાય તેને માટે સાવચેતી રાખવી એ જ શ્રેયસ્કર છે. આવી જ એક હૃદયદ્રાવક વાર્તા મારા સાંભળવામાં આવી હતી, કે જે દુઃખવાર્તા સાંભળતી વેળાએ મારૂં હૃદય દુઃખ અને શોકથી વિદીર્ણ થઇ રહ્યું હતું. ખરેખર એ બનાવ અત્યંત

કરૂણાજનક અને ભયંકર છે." સુશીલાએ વાતચીતને લંબાવતાં જ કહ્યું.

"સુશીલા બ્હેન! હજુ વખત વિશેષ છે, એટલે એ હૃદયદ્રાવક વાર્ત્તા કહી મારી ઉત્સુક વૃત્તિને પરિશાન્ત કરશો." યુવકે અધૈર્ય દર્શાવતાં કહ્યું.

"સાંભળો ત્યારે, કાન્તિલાલ ભાઇ! એ હૃદયવેધક ભયંકર કથા પણ હું તમારી સમક્ષમાં તમારા દુઃખ પરિહાર વાસ્તે નિવેદન કરૂં છું. આજથી બે વર્ષ પુર્વેની જ એ વાત છે. સુંદરપુર સમીપના મનોહરપુર નામક ગામમાં એ દુઃખદ ઘટના ઉદ્ભવવા પામી છે. આ ગામમાં પણ વરવિક્રયનો અનાચાર વર્ષાકાળના ભયંકર વેગમાં વહન થતી સરિતા પેઠે પ્રવર્ત્તિ રહ્યો છે કે જે દુષ્ટ ભયંકર પ્રવાહમાં અનેક સુકોમળ સ્નેહલતાઓ અકાળ મૃત્યુના મુખમાં પડે છે. એ ગામમાં છેલશંકર નામક કોઈ બ્રહ્મદેવ છે અને તે પણ બે ત્રણ ભામિનીનો ભર્તાર બની ધનવાન થવાને સદ્ભાગી થયો છે. એટલે ત્રીજી વખતની હાલની તેની પત્ની તો યૌવનના પુર બહારમાં ખીલેલી છે. વળી તે સાક્ષાત્ મોહિની-સ્વરૂપા છે. પરંતુ **भार्या रुपवती शत्रु** એ વાક્ય પ્રમાણે તે પાપીણી પ્રમદા છે. આ વેળા તેનો વૃદ્ધ પતિ યમસદનના માર્ગે પ્રયાણ કરવાની તૈયારી કરી રહ્યો છે. એ બદમાશે વળી પણ પોતાના એકનાએક લાડકવાયા પુત્રનું વેવીશાળ કરવાને ભયંકર પ્રતિજ્ઞા લીધી હતી કે, જે આસામી ચૌદ હજાર રૂપિયા જેવડી રાક્ષસી રકમ તેને પલ્લામાં આપે તેની જ કન્યા સાથે પોતાના પુત્ર મૂર્ખશંકરનું વેવીશાળ કરવું. પરંતુ એવી રાક્ષસી રકમ તુર્ત વેળા આપવાને કોઈ બહાર પડયું નહિ. આ વખતે તેના પ્રિય પુત્રની ઉમર પણ વિવાહીતા—લગ્નોચિત થઇ ગઇ હતી. આથી તેના પ્રિય જનો પણ તેને તેના એકના એક પુત્રનું લગ્ન કરી તે લ્હાવો લઇ લેવાનું વારંવાર સૂચવતા હતા, અને આટલી ભયંકર પ્રતિજ્ઞા કેવળ નિંદાપાત્ર અને અપકીર્તિ કરનાર છે, માટે એ જગબત્રીશીએ ચડવા કરતાં સત્વર લગ્ન કરી નાખવાનો જ ઉપદેશામૃતનો વિપુલ વર્ષાદ તેના હૃદય પ્રદેશ ઉપર વર્ષાવતા હતા. પરંતુ એ સઘળો

ઉપદેશ ભેંસ આગળ ભાગવત સરખો જ નિરર્થક નિવડયો. લોભને થોભ હોતો નથી. એ ઉક્તિ મુજબ એ નરાધમ પોતાના સંકલ્પથી ચલાયમાન થયોજ નહિ, કારણકે લોભની ભયંકર જાળ તેના હૃદય ઉપર વજ્રલેપ થઇ રહી હતી. ' આખરે જેસાકું તેસા મીલ્યા ' એ જન કહેવત આ બદમાસના સંબંધમાં અક્ષરસઃ સાચી ઠરી. એટલે એક વિદ્યાશંકર નામક બ્રહ્મદેવે એ લોભીષ્ટના પુત્ર વેરે એ ચૌદ હજાર રૂપિયા આપવાની શરતે પોતાની પ્રાણ સમાન પુત્રીનો વિવાહ કરી દીધો. આથી હાલ તુર્ત તો તે બદમાશ દશેક હજાર રૂપિયાનો અવેજ મેળવી શકયો. એટલે તે રકમ સાથે તે બદમાશે–લોભી લાલે–પોતાના નિકેતન–નિવાસ મંદિરમાં પ્રવેશ કર્યો. પરંતુ કન્યાના માબાપના ઘરમાંથી આવી રાક્ષસી લાગતી રકમનો વ્યય થવાથી સાક્ષાત્ દરિદ્રતા દેવીએ તેના ઘરમાં પનોતાં પગલાં કર્યા ! અહો ! કેટલો અત્યાચાર ? કેટલી ધનલોલુપતા ? કેવી કુળાભિમાન માટે નીચતા ? છતાં પણ લોભ વાસનાથી વેષ્ટિત બનેલા બદમાશ છેલશંકરે તિરસ્કાર અને ક્રોધિત સ્વરે પોતાની પ્રાણવલ્લભાને ઉદ્દેશીને કહ્યું:–

" વ્હાલી ! આ કન્યાના બાપે કપટ કરીને આપણુને દગો દીધો છે. કારણ કે અવશિષ્ટ ચાર હજાર રૂપિઆ આપ્યા નથી. તદુપરાંત વધારે દ્રવ્ય લાલશામાં પણ આપણે હતાશ બન્યા છીએ. માટે આપણે વિશિષ્ટ દ્રવ્ય ઉપાર્જન કરવાને બ્હાને આ અમંગળ પગલાંની પુત્રવધુને શાસન કરવું ઉચિત છે, કે જેથી અન્ય દ્રવ્ય ઉપાર્જન કરી શકાશે. " આવી ભયંકર ભંભેરણીથી તેની ચંડાલની ચતુરામાં ઝેરવેરથી પરિપોષેલાં વૃક્ષો નવપલ્લવીત થવા લાગ્યાં, અને તે પાપીણી પ્રમદાએ દુષ્ટતાની ચાદર વિસ્તારવા માંડી એટલે એ દુષ્ટ દારાએ પોતાના ઓરમાન્ પુત્રને ભંભેરીને ભુત બનાવી દીધો. અને તે ધર્મશૂન્ય કા નીએ પોતાની પુત્રવધૂ ઉપર અહોનિશ ગાલી પ્રદાનનો ભય વર્ષાદ વર્ષાવવા માંડયો. તદુપરાંત એક ભયંકર હડહડતું તેની પુન્યશીલ પુત્રવધુ ઉપર ચડાવવાને તે તત્પર બની અને તે હેતુ પરિપૂર્ણ કરવાને વાસ્તે એક દિવસે લાગ

તેણે પોતાના ઓરમાન પુત્રને કહ્યું:–"તારી દુરાચારીણી વધૂ કોઇ શઠલાલ નામના નવયૌવન યુવકના પ્રેમપાશમાં ગુંચાયેલી છે." પોતાની પ્રિયતમાનું આવું દુષ્કૃત્ય સાંભળતાં તે મૂર્ખ શીરોમણીનું હૃદય ક્રોધાચ્છાદન બની ગયું. આ ભયંકર જારકર્મની પ્રતિતિ વાસ્તે એ શઠલાલ કે જે તે દુષ્ટ કામિનીનો જ ચાર–આશક હતો તેને તે કુટિલ કામિનીએ પોતાની પુત્રવધૂના વિષે તેના પ્રણયકાન્તના હૃદયમાં ભ્રમણાનો ઉદ્ભવ થાય એવું અભદ્ર આચરણ આદરવા સૂચના કરી દીધી. આથી પોતાની પુત્રવધૂને કેટલું કષ્ટ તેના હૃદયમાં પ્રાદુર્ભુત થશે તેની કિંચિત્ કલ્પના પણ તે રંડાએ ન કરી. કેટલી ભયંકરતા? કેવે વખતે અને કોના સંબંધમાં આ સૂચના થઈ તે માત્ર તેની જ નજરમાં છે એમ તે પાપીની પ્રમદા માનિનતા ધરાવતી હતી. કારણ કે પ્રભુનો ભય તો તે પિશાચીની ધરાવતી જ નહોતી. એ પ્રપંચ માટે શઠલાલને તેણે વિવિધ લાલચો પણ આપવા માંડી અને તે વિષયાંધ બદમાશને તેવી અભદ્ર લાલચોમાં વિશિષ્ટ આનંદ મળવા લાગ્યો. એક દિવસે આ ભયંકર નાટક ભજવાયું. એટલે કે પોતાના ઓરમાન પુત્ર સાથે આ વીફરેલી વનિતાએ ગામના બાહ્ય વિભાગમાં આવેલા શીવમંદિરે દર્શને જવાનું મિષ કાઢી પોતાની પુત્રવધૂને ઘરની સંભાળ માટે ઘેર રોકી રાખી. ત્યારબાદ તે ઉભય જણાંએ મુખદ્વારમાંથી ગૃહ બહાર નિકળી માર્ગક્રમણ કરવા સરખો ઢોંગ કર્યો. પરંતુ તત્કાળ ઉભય જણાં પાછાં ફર્યાં, અને ગુપ્ત દ્વાર વાટે તે બન્ને મેડીના ઉપલા માળમાં ગુપચૂપ ભરાઈ બેઠાં. આ બનાવને થોડોક વખત વ્યતિત થતાં પૂર્વોક્ત પ્રપંચશીલ જાળ પ્રસારવા શઠલાલ ત્યાં આવી લાગ્યો. અને એ અભાગિની યૌવનાના મૂર્ખ પતિના નામે બુમ મારી. એટલે તે વખતે આ પુન્યશીલા પ્રમદા એકાએકી જ હતી, તેણે આ બદમાશને પ્રત્યુત્તર આપતાં કહ્યું:—

"હમણાં અહિં જ રોકાઓ. અલ્પ સમયમાં જ તેઓ દેવદર્શન કરી પાછા ફરશે." એમ વિનયશીલતા અને મૃદુ પણ મંદ સ્વરે જ તે બોલી.

આથી તે બદમાશ એક રેશમી સોફા ઉપર બેઠો અને કપટજાળનો પ્રસાર કરતાં જ બોલ્યો:-

" અહો ! કેટલી વિનયશીલતા ? કેવી સત્કાર બુદ્ધિ ? ખરેખર તમે તો મારા મિત્રના ગૃહદિપક દેવી છો. ખરેખર સ્ત્રીઓ સ્વભાવથી જ વિચીક્ષણુ અને પંડિત હોય છે. એ વાકયની સત્યતાનો આ સ્થળે જ પરિચય થાય છે. પરંતુ મારી માનિનતા મુજબ હું ભુલતો ન હોઉં તો તમે આજે કિંચિત્ અપ્રસન્ન અને ખિન્ન કેમ દેખાઓ છો ? આટલી ચિત્ત ઉદ્વિગ્નતાનું કારણુ શું વારૂ ? " આ બદમાશે પુન્યશીલ સવિતાને ઉદ્દેશીને કહ્યું. આ સ્થળે એટલો ઉલ્લેખ કરવો સ્વાભાવિક લેખાશે કે તે સુશીલ યૌવનાનું નામ સવિતા હતું.

સવિતા પોતાની આ અજ્ઞાત યુવકના મુખમાંથી થતી પ્રશંસા સાંભળી શરમાઈ ગઈ અને અવાચ્ય બની રહી. કેટલીક વારે મંદસ્મિત ફરકાવતાં જ તે બોલી.

" હા, ભાઈ ! તમારી કલ્પના સત્ય છે, પરંતુ એ શોકવાર્ત્તા વ્યક્ત કરવામાં જ વિશિષ્ટ અનીષ્ટનો ઉદ્ભવ થવા સરખી એ ભયંકર ઘટના છે. એથી આ સ્થળે એ દુઃખકથાનું વર્ણુન કરવું મને તો અસ્વાભાવિક લાગે છે. "

બદમાશ, તે વિનયશીલ યૌવનાના શબ્દોના ઉત્તરમાં બોલ્યો:-" કહો, કહો, સવિતા ! આટલી ચિંતાતુરતાનું શું કારણુ છે વારૂ ? તમારી શોકાતુરતાયુક્ત મુદ્રા જોતાં મારૂં હૃદય દુઃખથી વિદીર્ણુ થાય છે. શું તમારૂં એ દુઃખકથન જાણુવા વાસ્તે મને હતાશ જ કરશો કે ? " એમ કહી આ બદમાશે એક ઉષ્ણુ નિઃશ્વાસ નાંખવા જેવો ઢોંગ કર્યો.

સૌંદર્યદેવી સવિતા આ ચાલાક બદમાશના શોકને વિદીર્ણુ કરતાં જ બોલી:-" ખરેખર ભાઈ ! તમારી આટલી સહાનુભૂતિથી મારૂં હૃદય નૈસાગક રીતે જ તમારા પ્રતિ આકર્ષાય છે. જયારે તમે મારા દુઃખ વાસ્તે આટલી દિલસોજી ધરાવો છો, એટલે જો કે મારી દુઃખદ વાર્ત્તા બહુ વિસ્તૃત છે, તો પણુ હું ટૂંકમાં જ કહીશ કે, એ મારા મનોવ્યાધિનું કારણુ મારી ઓરમાન સાસુ જ છે. અરેરે ! વીર સહોદર ! શું તેની

દુષ્ટતા ? એ વાત જ્યારે યાદગાર થાય છે ત્યારે મારૂં શોક અને તાપથી સંદીપન થતું હૃદય સળગી જાય છે. ખરેખર એ પાપીની સાસુ મારા સુખમય સંસારને દુઃખમય અને ઝેરી બનાવવા માટે તત્પર બની ગઇ છે. અરેરે ! પ્રભુ ! શું હું મારા સંસાર સુખની અભિલાષા માટે છેક હતાશ જ રહીશ ? " સવિતા ગદ્દગદિત કંઠે જ બોલી અવાચ્ય રહી.

"અરરર ! સવિતા ! આ શું કહો છો ? શું તમારી સાસુ આટલી દયાવિહીન અને સ્નેહશૂન્ય બની ગઇ છે ? તમારી આ હૃદયદ્રાવક દુઃખવાર્ત્તા સાંભળતાં મારા રોમે રોમે દુઃખ અને શોકની ભયંકર જવાળા વ્યાપી રહી છે. ધૈર્યભગ્ન થશો નહિ. સવિતા ! હું તમારી એ કુટિલ સાસુના અભદ્ર અને પાપશીલ વિચારવાદળને વિદીર્ણ કરીશ. અને તેના સ્થાને તેના હૃદયક્ષેત્રમાં તમારા પ્રત્યે પ્રીતિનો ઉદ્‌ભવ કરીશ. વાસ્તે હતાશ થવાનું કિંચિત્ પણ કારણ નથી." બદમાશે આશ્વાસન આપતાં મંદ સ્વરે કહ્યું.

સવિતા શોકગ્રસ્ત મુદ્રા દર્શાવતાં બોલી:–"અરેરે ભાઇ ! મારા ખાતર તમને બહુ પરિશ્રમ પડશે. પ્રભુ તમને દીર્ઘાયુ બક્ષે, અને સુખી રાખે. ભાઈ ! મારી એ દુઃખકથા વિસ્મૃત નહિ થાય ને ! અથવા બેવચની તો નહિ બનો ને !" સવિતાએ કિંચિત્ અવિશ્વાસનું દર્શન કરાવતાં કહ્યું.

"ધૈર્ય ધરો ! સવિતા ! આટલો અવિશ્વાસ ધરાવવાનું કિંચિત્ પણ કારણ નથી. તમારા પ્રતિના અડગ પ્રેમની ખાતર હું આવતી કાલે જ એ કાર્ય વાસ્તે અહીં આવીશ અને તમારૂં સર્વ દુઃખ વિદીર્ણ કરીશ." બદમાશે કહ્યું.

સવિતા શોક દર્શાવતાં બોલી:–"અરેરે ભાઈ ! મારી ખાતર તમને બહુ શ્રમ પડશે. પ્રભુ તમને સો વર્ષનું આયુષ્ય આપે. અને શઠલાલ ! એ મારી દુઃખકથા તમે ભુલી તો નહિ જાઓ ને !" સવિતાએ વિશિષ્ટ અવિશ્વાસયુક્ત મુદ્રાનું દર્શન કરાવ્યું.

"ધૈર્ય ધરો, સવિતા ! સુભદ્રે ! આટલો પણ અવિશ્વાસ ન રાખશો. તમારા પ્રતિના નિરતિશય પ્રેમનું પાલન કરવા ખાતર હું આવતી કાલે અવશ્ય અહિં આવીશ અને તમારા

કષ્ટનું ભેદન કરીશ.” આટલું બોલી બદમાશ અવાચ્ય રહ્યો.

“ અહો ! શઠલાલભાઈ ! તમારો પ્રેમ અલૌકિક છે, સ્નેહનું આકર્ષણ સર્વથા સ્વાભાવિક જ છે. તમારો અલ્પ સમયનો સહવાસ પણ અત્યંત સુખકર દીસે છે, વાસ્તે તમે આવતી કાલે અહિં આવી મારા આત્મદુઃખનું અવશ્ય આચ્છેદન કરશો, જેથી તમારા દર્શનમાં પણ મને આનંદ મળશે.” સવિતાએ વાગ્ નિશ્ચય કરાવતાં પ્રેમપૂર્વક કહ્યું.

ઉપરોક્ત વાર્ત્તાલાપ ઉપલા માળમાં એ નવયૌવનાની સાસુ અને નયનકાન્ત સાંભળતાં હતાં. આખરે લાંબો સમય પસાર થયા છતાં એ પુન્યશીલાનો પતિ પાછો નહિ ફરવાથી આ અજ્ઞાત યુવક પ્રસ્થાન માટે ઉભો થયો અને એ બદમાશ સવિતાનો નાજુક હાથ પકડી છેલ્લી શેકહેન્ડ કરી છૂટો પડયો, તથા એક ભેદભર્યું કટાક્ષ આ નવલ યૌવના તરફ તેણે ફેંકયું કે જેનો, વિશુદ્ધભાવથી આ અજ્ઞાન બાળાએ મંદસ્મિત ફરકાવી સત્કાર કર્યો. અને આ પ્રેમપ્રદર્શન તેના મતિમંદ પતિના હૃદયમાં સંભ્રમવાદળ રૂપે છવાઇ રહ્યું. આ વિલક્ષણ પ્રેમદર્શન સવિતાના મૂર્ખ ભર્તારે નજરે નજર નિહાળ્યું. જેથી તેના અંગ ઉપાંગમાં આગ લાગી અને તે ભયંકર જવાળામાં દુષ્ટ અપર માતાએ અભદ્ર વચનો રૂપ દારૂ નાંખ્યો. જેથી મતિમંદ મૂર્ખશંકરનું હૃદય કોપાગ્નિની જવાળામાં દગ્ધપ્રદગ્ધ થઇ રહ્યું. ત્યાર બાદ ઉભય જણાં મેડી ઉપરથી નીચે ઉતરી ગુપ્તદ્વાર વાટે ઘર બહાર નિકળી ગયાં અને પુનઃ મુખદ્વારથી જ ઘરમાં પ્રવેશ કરવાનો ડોળ કર્યો. કેમ જાણે કશું જાણતો જ ન હોય ! તેવા જ ભાવથી પાપીની પ્રગલ્ભા-પ્રૌઢા ગૃહકાર્યમાં ગુંથાઇ ગઇ અને તે સાથે નિષ્કારણ ગાલીપ્રદાનથી આ પુન્યશીલ સવિતાને વધાવી લેવા લાગી. આટલેથી નહિ અટકતાં તેના ઉપર તે દુરાચારિણીએ એક સખ્ત પ્રહાર પણ કરી દીધો. આવા દુઃખ તાપથી આ પતિ પ્રેમી સવિતાએ કરૂણસ્વરે રૂદન કર્યું. પરંતુ એ રૂદન ખોટું છે અને આ પ્રમાણે ઢોંગ કરી આપણને ફજેતીના ફાળકે ચડાવવા મથે છે તથા પાપીની પાપકર્મ છુપાવવા સ્ત્રીચરિત્ર કરે છે-આવા પાપશીલ શબ્દો

સાંભળી તેના ભોળા ભર્તારે પણ આ નિર્દોષ યૌવનાને મૃતઃપ્રાય બનાવી દીધી અને પછી તે મૂર્ખશંકર પોતાની અભાગિની યુવતીને આમ રડતી જ મુકીને સાયંકાળની શીતળ અનિલ લહરીઓનું આસ્વાદન લેવા બગીચા તરફ ચાલ્યો ગયો.

જોત જોતામાં રાત્રિ પડી અને મૂર્ખશંકર મેડી ઉપર સુતો. ગૃહકાર્યમાંથી ફારક થયેલી સવિતા પતિપ્રેમના અભિલાષથી મેડી ઉપર મંદ પગલે આવી અને પોતાના પ્રણયકાન્તના પગ તળાંસતી બેઠી, પણ તુર્ત જ આ દુષ્ટે એક જમણા પગથી લાત મારીને કોપીત વદને કહ્યું કે, "જા, પાપીની! દુરાચારિણી! તારા આશકના પગ ચાંપ કે જેના સુખમય દર્શનથી અને સ્પર્શથી તારૂં હૃદય આનંદ અને સુખથી ઉભરાઇ રહેશે."

પોતાના પ્રિયતમના મુખમાંથી આવું ભયંકર દુષ્કૃત્યનું આળ સાંભળતાં સવિતા ગર્ભગલિત અને ખિન્ન થયા જેવી બની ગઇ. તે વલ્લભા પોતાના વલ્લભને પગે પડતી અત્યંત દિન અને રડતે સ્વરે બોલી: "પ્રભુ! હું કેવળ નિર્દોષ છું. મને તો આપ જ પ્રભુરૂપ હૃદયેશ્વર છો, છતાં મારો કિંચિત પણ અપરાધ જણાતો હોય તો ક્ષમા કરો. એટલા દયાશીલ થાઓ નાથ!" ગદ્‌ગદ્ સ્વરે સવિતા આટલા શબ્દો બોલ્યા પછી મૌન ધારણ કરી રહી.

સવિતાની ઋજુતાભરી યાચનાથી આ નરાધમ વધારે કોપીત બન્યો. પગે પડેલી પત્નીનો તિરસ્કાર કરી દૂર ખસેડતો તે બોલ્યો:-"દુષ્ટા! જારીણિ! વિશ્વાસઘાતિની! દૂર થા, અહિંથી. ખબરદાર, હવે જો મને તેં પતિ કહ્યો છે તો! તારા સમાન ચંડાળણીને પત્ની ગણવામાં મેં મૂર્ખાઇ જ વાપરી છે!"

સવિતા આંખોમાંથી અશ્રુધારા વર્ષાવતી તે વડે પોતાના હૃદયમણીના પદકમળનું પ્રક્ષાલન કરતી, ડુસકાં ભરી તે પાપીષ્ટના હૃદયને પીગળાવવા આક્રંદ કરવા લાગી, તેમ આ બદમાશે ગુસ્સે થઇ તે પુન્યશીલા ઉપર પુષ્કળ લાતોના પ્રહાર કર્યા. આ રીતે એ મતિમંદ યુવકે પોતાની પત્નીને દારૂણ દુઃખ દીધું. આખરે આટલા દુઃખશોકથી આ અભાગિની યૌવના

અચેતન બની ગઇ અને એને એ દશામાં સવાર સુધી પડી રહી. સજીતા અચેતન અવસ્થામાંથી અદ્યાપિપર્યંત જાગ્રત થઇ નહોતી, આથી મૂર્ખશંકરના પાપીષ્ટ પિતાના મનમાં ચિંતાનો ઉદ્‌ભવ થવા લાગ્યો કે, જો આ પુત્રવધૂ મૃત્યુવશ થશે તો લોકાપવાદ નડશે અને એ હેતુથી વૈદ્યની દવા શરૂ કરી દીધી. આમ કરવાથી તો ઉલટું "લેને ગઈ પુત તો ખો આઇ ખસમ" એવોજ પ્રકાર થઇ પડયો; પરંતુ એ નુકશાનનો બદલો વ્યાજ સહિત વહુના પિતા પાસેથી વસુલ કરીશું એમ ધારી મનનું સમાધાન કર્યું અને પછી તે અભાગિની બાળાનાં માતાપિતાને નીચલી મતલબનો પ્રપંચ ભર્યો પત્ર લખ્યો.

"પુજ્ય વિદ્યાશંકર !

તમારી અજ્ઞાન પુત્રી હાલ કેટલાક દિવસ થયાં મેડી ઉપરથી ઉતરતાં પડી જવાના અકસ્માતથી બેભાન બની ગઇ છે, અને જોતજોતામાં ભયંકર માંદગીનો ભોગ થઈ પડી છે, માટે જો તેના મુખદર્શનની અભિલાષા ધરાવતા હો તો સત્વર અહિં આવવા ઉપડી જવું. એટલો જ ગંભિર અને ભયાચ્છાદિત મામલાનો પસંગ છે.

લી. દર્શનાભિલાષી

છેલશંકર."

ઉપરોક્ત પત્ર દ્વિતીય દિવસે એ પુન્યશીલ સવિતાના પિતાને પોસ્ટમેને આપ્યો. તે તેણે વાંચ્યો. એ અભદ્ર અને દુઃખદાયક સમાચાર સાંભળતાં ઉભય દમ્પતિ દુઃખ અને શોકથી દગ્ધ પ્રદગ્ધ થઇ રહ્યાં. બીજે દિવસે જ પોતાની પુત્રીને તેડવા માટે તેનો પિતા મનોહરપુર આવી લાગ્યો. વેવાઇને પ્રેમપૂર્વક ભેટયો એટલે દુષ્ટ છેલશંકરે હીકમત લડાવતાં જ કહ્યું:-

"તમારી પુત્રી કેવળ કર્કશા છે. તે કલુષિત વધૂ યત્કિંચિત્ લજ્જાશીલતા કે મલાજો ધરાવતી નથી. મારા પ્રસ્તુત પત્રમાં દર્શાવ્યા મુજબ તે સીડી ઉપરથી લથડી પડી છે. આથી તેના વાસ્તે અમે પણ પચાશેક રૂપિયાના ખાડામાં ઉતર્યા છીએ. તે ખર્ચ આપી ભલે તમારી પુત્રીને હાલ તુર્ત તમે તેડી જાઓ." તેનો પ્રત્યુત્તર આપતાં વિદ્યાશંકરે કહ્યું-

"તેના માટે નિશ્ચિંત રહો, પણ એ મારી પ્રિય પુત્રી ક્યાં છે? કહો, જોઉં. તે જાણવા મારૂં મન ચિંતાથી વિદીર્ણ થઈ રહ્યું છે." આવા પ્રશ્નો પુછી તેણે પોતાની અધિરતાનું કિંચિત્ દર્શન કરાવ્યું.

"મેડી ઉપર જાઓ, ત્યાં તે પથારીવશ છે અને તમને સંભાળે છે. હવે જો તમે તેને તેડી જશો તો જ કદાચિત્ તે ઉગરવા પામશે, અન્યથા બચવાનો સંભવ નથી. કારણ કે તે અહોનીશ તેની માતાને પણ ઝંખે છે." આવું ભેદભર્યું વિલક્ષણ કથન સાંભળી પુત્રી વાત્સલ્યતાથી વિદ્યાશંકર મેડી ઉપર ગયો તો ત્યાં તેણે એક કરૂણાજનક દેખાવ જોયો. શું જોયું? કેવળ એક હાડચર્મનું પુતળું જ! અહા! કેટલો કરૂણાજનક પ્રસંગ! કેટલી હૃદયદ્રાવક ઘટના! વિદ્યાશંકરનું હૃદય ભરાઈ આવ્યું, તેનાં વિશાળ નયન અશ્રુથી ઉભરાયાં, દુઃખી હૃદયના આવેશથી હૃદય ધડકવા લાગ્યું. જેથી તે બોલ્યો:—

"અહા! કેવો ભયંકર દેખાવ! અરેરે સવિતા! બેટા! તું છેક આમ ભયંકર સ્થિતિનો ભોગ શાથી થઈ પડી? બેટા! હું તારો દુર્ભાગી પિતા ઉપસ્થિત થયો છું છતાં બોલતી કેમ નથી? અરેરે! શું આટલી દયાહીનતા અને પ્રેમશૂન્યતા તારા સરખી સુશીલ પુત્રીને ધરાવવી ઘટે કે? શું મારા મનોવ્યાધિની કલ્પના તને નથી થતી? કહે, કહે, બેટા! આટલા ભયંકર મનોવ્યાધિનું કારણ શું છે?" વિદ્યાશંકરે અશ્રુપાત કરતાં જ ગદ્ગદ્ કંઠે કહ્યું.

ઉપરોક્ત કથનના ત્રુટક ત્રુટક શબ્દો આ અભાગિની યૌવનાના કર્ણમાં પ્રવેશતાં જ તે ચમકી જતાં જ બોલી:- "અરેરે! બાપુ! શું આખરે તમે આ રંક પુત્રીની ભાળ લેવા આવ્યા? અને શું મારી સ્નેહિની જનેતા ન આવી? અફસોસ! માતાની માયા ક્યાં છે? પિતાજી! પિતાજી! એ મારી વ્હાલી જનેતા ક્યાં છે? હું તે સ્નેહશીલ જનેતાનાં પવિત્ર દર્શન કરી આ અંતિમ વેળાએ કૃતકૃત્ય બનું. તેની સમક્ષમાં જ હું મારી દુઃખવાર્તા નિવેદન કરીશ. હા, મારી માતાને મળવા સુધી ધૈર્ય રાખ્યા વિના મારો છુટકો જ નથી."

આમ બોલતી આ મંદભાગિની બાળાના હૃદયનો નિઃશ્વાસ મુખ બહાર સાકાર થયો-પ્રત્યક્ષ થયો.

આવા દુઃખદાયક મનોવેધક ઉદ્દગારો સાંભળતાં તેનો પિતા રડી પડયો. પરંતુ એમ શોકાતુરતા દર્શાવવાથી કદાચ પુત્રીની માંદગીમાં વૃદ્ધિ થશે એમ ધારી ધૈર્યપૂર્વક તેણે કહ્યું: "બેટા ! એ તારી સ્નેહશીલ જનની આપણા ઘેર જ છે. હું તને તેડવા માટે આવ્યો છું. બોલ, તારી શું ઇચ્છા છે? બોલ, જોઉં સવિતા !" "પિતાજી, હું તૈયાર છું. આપ સત્વર ગાડીનો બંદોબસ્ત કરી નાંખો એટલે આજને આજ પ્રસ્થાન કરીએ અને હું મારી વિયોગી જનેતાના પુન્યશીલ પદકમળમાં મસ્તક મુકી સ્વર્ગારોહણ કરૂં, કારણ કે મારા આત્માની શાન્તિ તેથીજ થશે." આટલું બોલતાં દુર્ભાગી બાળાના દુઃખના આવિર્ભાવથી તેની આંખોમાંથી અશ્રુપ્રવાહ વહેવા માંડયો અને તેના ઉત્કટ આંસુનો પ્રવાહ તેના પિતાના હૃદયને વિદીર્ણ કરી રહ્યો.

"બેટા ! હવે તારે કિંચિત્ પણ ગભરાવું નહિ. આપણા પ્રયાણને માટે હમણાં જ તૈયારી કરી નાખું છું" એમ કહી તે બહાર ચાલ્યો ગયો.

અહો ! આવા હૃદયદ્રાવક પ્રસંગથી કોનું હૃદય દયાથી દ્રવીભુત ન બને ? કોની આંખોમાંથી અશ્રુ નહિ ખરે ? અરે ! પથ્થર હૃદયના પ્રાણીનું હૃદય પણ આવા કમકમાટ ઉપજાવનારા દુઃખમય પ્રસંગને નિહાળી કંપીત થાય છે, તો પછી એ કમલનયનાના સ્નેહશીલ પિતાના દુઃખની સીમા શું રહે ?

થોડી વારમાં તે ભાડુતી ગાડી સાથે ઉપસ્થિત થયો અને પોતાની પ્રિય પુત્રીને ગાડીમાં સુવાડી દીધી. દુષ્ટ લોભીલાલ—છેલશંકરને તેણે કહ્યું કે, "છેલશંકર ! પચાસ રૂપિયા ઘેર જઇ તમને મોકલી આપીશ. હમણાં મારી પાસે નથી. ભલા થઈ એટલી કૃપા કરો." વિદ્યાશંકરની આંખમાંથી આંસુ આવી ગયાં. પુત્રીની સારવાર માટેના પૈસા પણ આપી શકયો નહિ ! તેના વચનોનો પ્રત્યુત્તર આપતો તે નરાધમ બોલ્યો.

"ઓ મૂર્ખ વિદ્યાશંકર ! શું તું અમને બધાંને મૂર્ખ

સમજે છે ? અમારા રૂપિયા આપ્યા પહેલાં તારી પુત્રીને અમે મોકલી શકીશું નહિ.” આ સાંભળી વિદ્યાશંકરને બહુ જ દુઃખ લાગી આવ્યું.

ઉપરોક્ત સ્વાર્થપરાયણતાયુક્ત ઉદ્‌ગારો સાંભળતાં ત્યાં ઉભેલા એક પાડોશીના હૃદયમાં દયાનો સંચાર થયો અને તેણે સત્વર પચાસ રૂપિયા આપી તે અભાગિની યૌવનાને તેના પિતા સાથે વિદાય કરી–કહો કે ‘ **કસાઈવાડેથી અનાથ ગાય છોડાવી.** ’ પેલાં પાડોશીને પણ એટલી દયા આવી અને તેણે તેટલી રકમ પણ છોડી દીધી, પરંતુ પેલા ધનવંત સગાને ઘડીની શરમ પણ ન પહોંચી. આવા સ્વાર્થસાધુ નરાધમમાં નિઃસ્વાર્થતા–નૈષ્કામ્યની આશા રાખવી વ્યર્થ છે.

સાંજ પડી. સવિતા પિતૃગૃહવાસિની થઇ રહી. પોતાની પ્રિય જનેતાને તે વળગી પડી અને પોતાની વિતક વાર્તા માબાપની સમક્ષમાં આ પતિપ્રેમી સવિતાએ નિવેદન કરી. તેની દુઃખકથા સાંભળી તેના માવીતરનાં હૃદય દુઃખ અને શોકના સંતાપથી સળગી ઉઠયાં. આખરે કેટલાક દિવસ પર્યંત ઔષધોપચાર કરવાથી આ બાળા પુનઃ તન્દુરસ્તી ધરાવતી થઇ રહી. આથી એ પતિપ્રેમી સવિતાએ પતિગૃહે જવાની પોતાની ઇચ્છા દર્શાવી. તેના પિતાએ તે સંબંધી છેલશંકર ઉપર પત્ર લખ્યો. જેનો જવાબ મળ્યો કે “ તમારી કલુષીત કર્કશા પુત્રીને અમે તેડી જવા ઇચ્છતા નથી, તો પણ અમને તમારી દયા ઉપજે છે એટલે બાકી રહેલા ચાર હજાર રૂપિયા અને તદુપરાંત બે હજાર દાયજાના મળી હિસાબે છ હજાર રૂપિયા આપશો, તો જ અમે તમારી તે કલેષિની પુત્રીને તેડી જઇશું; નહિ તો અમારે કશી પણ અગત્ય નથી. અમે અમારા પુત્રને લાયક અન્ય કન્યારત્ન વરાવી દઇશું.” આવા હૃદયવેધક પ્રત્યુત્તરથી તે પુન્યશીલાના માબાપનાં હૃદય અહોનિશ દુઃખ અને શોકની ચિન્તામાં અગ્નિની માફક ભડભડ બળી રહ્યાં હતાં. અફસોસ ! સદ્‌અફસોસ ! જમાનાની પણ બલીહારીસ્તો !

આખરે પુત્રી પ્રતિની વાત્સલ્યતાથી અને તેના સુખઅભિલાષ વાસ્તે આ પ્રેમાંધ પિતાએ ઘર તથા જે કંઈ બાકી

રહેલા દાગીના હતા તે પણ વેચી નાંખ્યા. તેના રૂપિયા બે હજાર ઉપાર્જન થઈ શકયા અને તેટલી રકમથી પણ પોતાની પ્રેમવતી પુન્યશીલ પુત્રીનો સ્વીકાર કરવા માટે વિજ્ઞપ્તિ પત્ર લખ્યો. છતાં પણ એ લોભાંધ બદમાશ પોતાના વિચારથી ડગમગ્યો નહિ. આથી મરવા પછી વરવા જેવી હતાશ યૌવના બની ગઈ. 'दैवं दुर्बल घातकम्'* પોતાના માતાપિતાને એ દુઃખદરિયામાં ડુબી મરતાં ઉગારવાને આ સવિતાએ એકાએક મેડી ઉપરથી પડતું મુકી આત્મઘાત કર્યો. આ કારી ઘા તેનાં માવિતરને લાગ્યો અને આ રીતે તેનાં દુઃખી માવિતરને સદાને માટે રડાવી તે નવયૌવના સ્વર્ગમાં સીધાવી. સર્વત્ર હાહાકાર છવાઇ ગયો અને જોતજોતામાં સવિતાના આત્મઘાતના ખબર ગામમાં પ્રસરતાં આખું ગામ કકળી ઉઠયું. આ દુઃખનો આંચકો તેનાં માબાપને કાંઇ નાનો સૂનો લાગ્યો નહોતો.

ખરેખર આ ભારતભૂમિમાં આવાં ભયંકર દુષ્કૃત્યોથી તેની અધોગતિ વ્યાપી રહી છે. આ ભારતવર્ષની આધુનિક અવનત-હાલત પણ આવાં ઝેર-વેરને જ આભારી છે. ઓ સર્વવ્યાપક ઈશ્વર ! દેવાધિ દેવ પ્રભુ ! તારી તેજસ્વી જ્ઞાનજયોતિનો પ્રસાર કરી આ આર્યાવર્ત્તના અભદ્ર અનિષ્ટનો તું લય કરી નાંખ. ઓ જગત્ પરિપોષક પ્રભુ ! અભદ્ર અજ્ઞાન અંધકારનો પરિહાર કરી તેના સ્થાને જ્ઞાનજ્યોતિને ઉદિત કર. અરેરે ! જે ભારતભૂમિમાં મહાનુભાવ ઈશ્વરાવતારો થયેલા છે તે ભારતની કેટલી અવનતાવસ્થા ! આવા ભયંકર કુળાભિમાન ઉપર પુળો મૂકાજો, કે જેથી નિષ્કારણ આવી ભયાકુલ નિર્દોષ બાળાઓનો અકાળ ધ્વંશ થતો અટકે. આમ કહેતાં કહેતાં સાયંકાળ થઈ ગયો. સુશીલાએ કાન્તિલાલને આશ્વાસન આપી છેલ્લી શેકહેન્ડ કરી લીધી અને પછી તેણે પોતાના બંગલા તરફ પ્રયાણ કર્યું.

---

* દૈવ દુર્બલનો નાશ કરે છે.

પ્રકરણ ૧૪ મું.

અનીષ્ટનો ઉદ્‌ભવ.

दुरस्थाः पर्वता रम्या वेश्या च मुखमण्डने
युद्धस्य वार्ता रम्या त्रीणि रम्याणि दूरतः[1]

આ કથાની એક નાયકા કુમુદાને ઠાકોર મદનસિંહે ત્યાંના પવિત્ર જગદંબાના દેવસ્થાનમાં એક સાધ્વી યોગીનિ માતાના આશ્રમમાં મોકલી દીધી. તે વાર્તા, પ્રિયવાંચક ! આપણે પૂર્વ પરિચ્છેદમાં અવલોકન કરી ગયા છીએ, પરંતુ એ રાજ્યના મુખ્ય અમાત્યની કુદૃષ્ટિ એ નવયૌવન કમલનયના પ્રત્યે આકર્ષાએલી હતી. આ રાજગઢનો ટૂંક ઇતિહાસ આપ્યા બાદ આપણી આ કથાની એક નાયકા કુમુદા સંબંધી આપણે વાર્તાનું વિશિષ્ટ વૃત્તાંત નિવેદન કરીશું.

આ રાજગઢની આસપાસનો પ્રદેશ નૈસર્ગિક લીલાથી આચ્છાદન થએલો હોઇ રમણીય લાગતો હતો. આ શહેર નિરતીશય મનોરમ્ય બાંધણીનું હતું. આથી આ શહેરમાં નવીન પ્રવાસીના હૃદયનું સાહજીક આકર્ષણ થતું હતું. આ શહેરમાં વિવિધ દેશ વિદેશના વેપારી લોકો વ્યાપારમાં વિપુલ સમૃદ્ધિ મેળવી આનંદમાં દિવસો નિર્ગમન કરતા હતા. એટલે કે સર્વ પ્રજાજનો સુખ અને શાન્તિના રાજ્યમાં વિહરતા હતા. નિશાચર કિંવા દગલબાજ બદમાશોનો સર્વથા પરિહાર થયેલોજ પ્રત્યક્ષ થતો હતો. આવા શાન્તિજનક સમયમાં આ રાજ્યનો હિતચિંતક મુખ્ય અમાત્ય સુમતીચંદ્ર શત્રુ રાજ્યના ઉપરના હુમલામાં અકાળ દૈવવશાત્ મૃત્યુવશ થયો. આથી એક પાપીષ્ટ નરાધમ આ રાજ્યની નવલ રાજરમણી ચંદાનો આશક બની આ રાજ્યની પાયમાલી કરવાને ઉપસ્થિત થયો હતો. તેમજ આ નવલરાણી કાંઇ ક્રમાનુગત શિષ્ટાચારયુક્ત લૌકિક

---

૧ અર્થ-પર્વતો દૂરથી, વેસ્યા મુખની શોભાથી અને યુદ્ધ વાર્તાથી: એ ત્રણે દૂર રહે રહે જ રમ્ય જણાય છે.

લગ્નથી આ પુરમાં પ્રવેશ પામી નહોતી. ત્યારે એ રાજરમણી કેવી રીતે નવલરાણી બની આ રાજ્યમાં પ્રવેશ પામી હતી; તે વિલક્ષણ વાર્તા જાણવા પ્રિય વાંચક! ચાલો આપણે એ નવલરાણીના નીચેના પૂર્વ વૃત્તાંતનું અવલોકન કરીએ.

વસંતપુર નામક ગામમાં એક વસંતસેન નામે રાજા રાજ્ય કરતો હતો. એ ગામ ઠીક નાનું-સુનું હતું. રાજરીત્યાનુસાર તે રાજા ત્રણેક રાજરાણીઓ પરણેલો હતો. તદુપરાંત એક અવળચંડી યૌવના તેના રાજ્યમંદિરમાં પ્રવેશ પામેલી હતી. તે કુટિલકામિની, કાંઈ રાજ્યબાળા હતી નહિ, પરંતુ કોઈ આહિરવંશીય અજ્ઞાત યૌવના હતી. તે સાક્ષાત્ મોહિની સ્વરૂપ સુંદરી હતી. એ આહીર બાળાના પિતાનું નામ તેજો હતું. એ આહિર કુળદીપક પદ્મિની રાજાની દૃષ્ટિએ ચડવાથી તે ઉપર મોહિત બની તે આહિર કંન્યા સાથે રાજાએ ગાંધર્વ લગ્ન કર્યું હતું. આથી પ્રિય વાંચક! તમોને કિંચિત આશ્ચર્યનો ઉદ્ભવ થશે. પરંતુ આવી જ ઉતરતી સ્થિતિની સુંદર બાળાઓ રાજ્યરમણીના ઉચ્ચ સ્થાન-પદને પહોંચી ચૂકેલી છે, તો પછી આ સૌંદર્યવતી લલિતબાળા પ્રતિ આ વિલાસી રાજાનું દિલ આકર્ષાય તો તે સર્વથા સ્વાભાવિક જ છે.

ગ્રીષ્મ ઋતુમાં એક દિવસે વસંતસેન રાજા અરણ્યમાં મૃગયારમણ વાસ્તે ભ્રમણ કરતા હતા. એ વખતે અઘોર અરણ્ય પ્રદેશમાં શીકાર પાછળ ભ્રમણ કરવાથી પોતાના અંગરક્ષકો Body guardsથી રાજા વિખૂટો પડી ગયો હતો. સમય મધ્યાનકાળનો ચાલતો હતો, એટલે ભગવાન સવિતાવલ્લભ ભાનુદેવ મધ્યાકાશમાં વિરાજીને પોતાના પ્રખર કિરણો સૃષ્ટિ ઉપર પ્રસારતા હતા. આથી પૃથ્વી પણ ઉષ્ણતા અને અશાન્તિથી ધમધમી રહી હતી. આવા ભયંકર જનશૂન્ય અરણ્ય પ્રદેશમાં આ ઉષ્ણકાળ વખતે રાજાનો કોમળ કંઠ જળવિહીન તૃષાતુરતાથી સુકાઈ જવા લાગ્યો. આ જંગલ કેવળ જનશૂન્ય અને અપરિચીત હતું. આથી એટલો ઉહાપોહ લાગતો કે હાય હાય હવે શું થશે? આ શોકમાં વિશિષ્ટ વૃદ્ધિ કરવાને ભાનુદેવ પણ વિશેષ પ્રખર તાપનું દર્શન કરાવી રહ્યા હતા. તૃષાતુર-

તાના અસહ્ય તાપથી રાજા એકાએક અચેતનાવસ્થાનો ભોગ બન્યો. એવામાં સુભાગ્ય યોગે એક વૃક્ષનું દર્શન થતાં તે તરૂરાજ તરફ રાજા મારતે ઘોડે જઇ લાગ્યો, અને તે માનસિક અને શારીરિક ઉભય પીડાથી પિડીત થવા લાગ્યો. અને આવા પ્રતિકૂળ પ્રસંગે ઈશ્વરને સંભાળી પોતાના દુઃખનું રૂદન કરવા લાગ્યો. તરૂરાજ તળે હતાશ બનેલો રાજા ચિંતાતુરતાથી યુક્ત સ્થિતિમાં અશ્વ ઉપરથી ઉતરતાં સાહજીક અચેતનાવસ્થાવશ થઇ પડયો. જોતં જોતામાં-સર્વત્ર શૂન્યતા અને નિરવતા વ્યાપી રહી. આ કટાકટીના વિપદ વખતે પોતાના પિતાનાં ઢોર ચરાવતી એક નવયૌવન આહિર કન્યા ફરતી ફરતી આ જનશૂન્ય જંગલમાં પ્રવેશ પામી. આ સૌંદર્યવતી કમળનયના પાસે સુશીતળ વિશુદ્ધ જળપાત્ર ભરેલું હતું. તે પણ સુદૈવયોગે આ ઉષ્ણુતાપથી કંટાળો ધરાવતી હોય તેમ લપાતી લપાતી ચોમેર ચંચળ ચકોર ચક્ષુઓને ચગાવતી ચગાવતી અને ચોતરફ નિરીક્ષણ કરતી કરતી છાંયડે છાંયડે ચાલતાં ઉક્ત તરૂરાજ તળે આવી લાગી. તે માનિની ભયાશ્ચર્યમાં ગરક બનતીજ બોલી:—

"આ શું! કેટલું હૃદયદ્રાવક દૃશ્ય! ખરેખર આ કોઈ અજ્ઞાત યુવક મુસાફર છે અને તદ્દન અચેતનાવસ્થામાં લીન છે." આવો કરૂણાજનક અભદ્ર દેખાવ નિહાળી એ અજ્ઞાત યૌવનાએ રાજાના કોમળ જેવા વદન ઉપર વાયુ ઢોળી જળસીંચન કર્યું. આ શીતોપચારથી સ્વલ્પ સમયમાં રાજા વસંતસેન સચેતન થયો એટલે સત્વર જળપ્રાશન કરાવ્યું. આ રીતે આ કટાકટીના વિપદ પસંગે આ રાજ્યરત્નનું પ્રભુએ એકાએક સંરક્ષણ કરી નાખ્યું. મહારાજા વસંતસેન આ મનોમોહક અજ્ઞાત યૌવનાને જોતાં મોહિત બની ગયા. તે મદિરાક્ષી બાળા પણ પોતાના મહારાજાને કળી ગઈ અને પ્રેમજાળમાં ગુંચવાતી ગઈ. ઉભય વચ્ચે પ્રેમ નિર્ઝરનું અલૌકિક વહન થઈ રહ્યું. કહો કે પ્રીતિનો ઉદ્ભવ થઇ રહ્યો. રાજા પ્રેમાર્દ્રતા અને સાનંદાશ્ચર્યયુક્ત મુદ્રા કરતાં જ બોલ્યો:-"અહો! સુંદર અજ્ઞાત બાળા! સુંદરી શ્રેષ્ટ!! આટલું સૌંદર્ય-માધુર્ય ધારિણી તું કોણ છે!"

"અન્નદાતા સાહેબ! હું એક આહિર બાળા છું." તે અજ્ઞાત યૌવના બોલી:-રાજા મનમાં બોલ્યો:-"આહા! કેટલું

સૌંદર્ય ! કેવી ચળકતી ચંદ્રકળાતુલ્ય કાન્તિ ! ખરેખર આ અજ્ઞાત આહિર યૌવનાએ મારા મનને જીતી તેને પ્રેમપાશમાં બંધનયુક્ત કર્યું છે.” આ પ્રમાણે વિચારમાળા હૃદયમાં ગુંથાતી હતી, ત્યારે પ્રેમમાં ભીંજાતી લજ્જાશીલ આહિર બાળા મુંગી મુંગી ચંચળ પણ સ્થિર દૃષ્ટિથી રાજા પ્રતિ જોઈ રહી હતી. લજ્જાશીલતાથી તે બાળા નજરે નજર મેળાવતી નહોતી તોપણ પ્રેમ વિચારમાં રમણ કરતી તે શાંત પણ ટટાર ઉભી રહી હતી. કોઇ કવિએ સત્યજ કહ્યું છે કે, ‘ बन्धनानि खलु सन्ति बहूनि प्रेमबन्धन समं न हि किंचित् [1] ’ એ રીતે એ આહિર બાળા પ્રેમના બંધનમાં બરાબર બંધાઇ ગઇ હતી. તેના કપોલ પ્રદેશ ઉપર પ્રેમલજ્જા અને મોહની પ્રભા આલેખેલી પ્રત્યક્ષ થતી હતી. મંદ મંદ હસ્તિની પેઠે ચાલતી આ સુંદરીની સામે કુતૂહલપૂર્ણ દૃષ્ટિએ તેની સામે રાજા જોઈ રહ્યો હતો અને કેમ જાણે પોતાના ઉચ્ચપદ—ગૌરવને ભૂલી ગયો હોય તેમ એક સામાન્ય વ્યક્તિની પેઠેજ પ્રેમના આર્જવતાના અને પ્રશંસાના શબ્દોનો વર્ષાદ આ અપ્રતિમ સૌંદર્યવતી યૌવના ઉપર વર્ષાવવા લાગ્યો. તેની અદ્ભુત અસર આ આહિર બાળા ઉપર થઇ રહી. આખરે આ મોહિત થએલા રાજાએ આ અજ્ઞાત યૌવનાના પ્રેમની યાચના કરી, જે પ્રેમનો અનાદર આ પ્રેમરસની તરસી આહિર યૌવના નજ કરી શકી. તે પણ અસાધ્ય જણાતા પ્રેમની આટલી સાન્નિધ્યતાથી ઉત્સુકતાયુક્ત મુદ્રાથી હૃદયમાં આનંદ રેલાવતી અજ્ઞાત યૌવના બોલી:—

“ઓ, મારા સ્વામિન્ ! મારામાં એવું શું છે કે આપ મહારાજાની હું પ્રેમવિભાગીની બની શકું ? છતાં જો આપની અભિલાષા આ રંક કિંકરીને આપની જીવનવિભાગીની બનાવવાની જ હોય તો આ દાસીનું ક્ષુદ્ર જણાતું જીવન આપ નામદારનું જ છે. પરંતુ એક રઝળતી આહિર બાળા શું કદિ એક રાજરાણી બની શકે કે ?” તે અજ્ઞાત યૌવના આટલું બોલી અવાચ્ય રહી.

“સુંદરી શ્રેષ્ઠા ! દિલોજાન !! અને કદાચિત્ તેમ થઇ શકે તેમ હોય તો તું તે સ્વીકારે ખરી કે ?” રાજા બોલ્યો.

---

૧. ખરેખર, બંધ બહુ પ્રકારના હોય છે પણ પ્રેમ બન્ધન સમાન કોઈપણ બંધન નથી.

"અહો ! કેટલો વિચિત્ર સવાલ ? એક રાજરાણી થવું એ કોને અગમ્ય હોઈ શકે વારૂ !" તે અજ્ઞાત બાળા બોલી.

"સુંદરી ! દીલજાન ! તું ખરેખર રાજમંદિરને દિપાવે તેવું અણમોલ પાણીદાર એક રત્ન છે. તે કિમતી રત્ન મારા હૃદયહારસાથે જડવાને હું અતી આતુરતા ધરાવું છું. વાસ્તે જ આજથી હું તને મારા અર્ધઅંગની અધિકારીણી બનાવું છું. અહા ! સ્નેહનું આકર્ષણ કેટલું સ્વાભાવિક છે ? તેની સાચી કલ્પના મને અત્યારે જ થાય છે. આ આપણો સ્નેહ-સમાગમ આપણા ઉભયને અતિવ આનંદકારક અને સુખદાયક થાય એવી હું પ્રભુના પુન્યશીલ પદકમળમાં પ્રેમપૂર્વક પ્રાર્થના કરૂં છું." રાજાએ ઉલસિત વદને આનંદાવેશમાંજ કહ્યું. પછી રાજા કાંઈ વિચારે ચડી અવાચ્ય રહ્યો. આ રીતે પ્રેમ સંભાષણ થઈ રહ્યું. આ આહિર બાળા પ્રેમ સુધારસ ધારા વર્ષાવતી મનમાંજ બોલતી હતી કે—

વર્ષે સુધારસ ધાર, અધર રસને આકર્ષે;
શેમાં ગુંથાયા નાથ, ભૂલ્યા રસપાન તમે શે ?

(મળેલું.)

પ્રેમરસ—મદનરસમાં લીન બાળાના હૃદયનું અત્યાકર્ષણ થઈ રહ્યું. એટલામાં આ આહિર બાળાનો પિતા આ સ્થળે પરિભ્રમરણ કરતો આવી લાગ્યો અને પોતાની એકની એક લાડકવાઈ પુત્રીને મહારાજા પોતે જ પત્ની તરીકે સ્વીકારે છે એ કલ્પનાનો ઉદ્ભવ થતાં તે આનંદસાગરમાં ગરક થઈ ગયો. આખરે સમિપના ગામમાંથી એક પુરોહિતને બોલાવી મંગાવ્યો અને પવિત્ર મંત્રોચ્ચારણ વચ્ચે આ ગાંધર્વ લગ્નની પરિસમાપ્તિ થઈ ગઈ. ત્યાર બાદ આ આહિર બાળાએ એક રાજરમણીતરીકે રાજમહાલયમાં પ્રવેશ કર્યો. અત્રે ઉલ્લેખ કરવો ઉચિત્ લેખાશે કે તે આહિર યૌવનાનું નામ ચંદા હતું. ચંદા આ પ્રમાણે એક નાના સરખા રાજ્યની અધિષ્ઠાત્રી થઈ રહી. અન્ય રાણીઓ ઉપર આ નવીન શોકય આવવાથી કલહનો નવો કાંટાસરીયો રોપાયો. એક પલકમાં કેવો અજબ ફેરફાર થઈ ગયો ? અહા ! સૌંદર્યનો કેટલો સંમોહ ? પ્રણયનો કેવો પ્રભાવ ? ખરેખર પ્રણયી જનોનાં હૃદય સ્વાભાવિકરીતે જ પ્રેમયુક્ત

હોય છે. તે હસ્તકંકણુવત્ સુસ્પષ્ટ છે. એ પ્રેમની વ્યાખ્યાનું વર્ણન કરવા પૂર્વે આવી વિફરેલી વનિતાના પ્રેમપાસમાં રક્ત થવાથી આ રાજા અને રાજ્યની કેવી અધમાવસ્થા થાય છે એજ ભયંકર ઘટનાનું અત્ર ચિત્ર દોરવું ઉચિત લેખાશે.

ઉક્ત આહિર બાળા ચંદા, જનશૂન્ય જંગલના રઝળપાટમાંથી છૂટી આ રસિક રાજાના સમાગમમાં રાજ્ય વૈભવમાં ઉછરવા લાગી. આથી ચંદ્રકળા તુલ્ય તેનું યૌવન–સૌંદર્ય દિનપ્રતિદિન વિકસીત થવા માંડયું. પરંતુ દુર્ભાગ્યે એ સુંદર બાળા શિંગમાંથી જ સળેલી હતી. આથી રાજાની ગેરહાજરીમાં કોઈ હીરસિંહ નામક રાજપુત યુવક સાથે વિલાસસાગરમાં ડુબવા લાગી. આવા પાપકર્મના પ્રભાવે ચંદાએ એક સુંદર કન્યાને જન્મ આપ્યો. તે કન્યાનું નામ રૂપવતી પાડયું. તે રાજકન્યા રૂપવતીનું લાલનપાલન ઉત્તમ પ્રકારે થવાથી ધીરે ધીરે તે પણ સૌંદર્ય વિહારીણી બાળા બની રહી. તે પણ ચંડાલણી માતાના સંગદોષથી વિલાસતરંગોમાં રક્ત રહેવા લાગી, **'कामातुराणाम् न भयं न लज्जा.'** એ સૂત્રાનુસાર અહોનિશ વિલાસ વિચારો જ તેના હૃદયમાં પ્રાદુર્ભુત થવા લાગ્યા. અહા! દૈવની ગતિ વિચિત્ર છે. આ રીતે યૌવન કુસુમના ભોગી ભ્રમરવિહીન રૂપવતીનું હૃદય કામદગ્ધતાથી વિહ્‌વલ અને ખિન્ન બની રહ્યું. આખરે નિરાશાજનક હૃદયમાં આશાની ઉષાનો મંદદિપક–પ્રકાશ ચમકવા લાગ્યો. તેણે એક મનમાન્યો વલ્લભ Lover શોધી કાઢયો. આ પ્રકારે તે બાળા કોઇ ધીરસિંહ નામક ખવાસ જાતીના યુવકની પ્રેમજાળમાં ગુંચવાતી ગઇ. ત્યારબાદ સ્વલ્પ સમયમાં જ આ જારિણી રૂપવતી રાજકન્યાનો વિવાહ રતીપુર નામના રજવાડાના રાજ્યકર્ત્તા વિજયસિંહ જોડે થયો. આથી આ બાળાના વિયોગવહ્નિથી હતાશ થવાના વિચારવમળમાં ધીરસિંહ બહુજ ખિન્ન રહેવા લાગ્યો. જેથી તેણે તે રાજકન્યા પ્રતિ નીચે પ્રમાણે પ્રેમપત્રિકા લખી મોકલી.

પ્રિય રૂપવતી!

ખરેખર તારા વિયોગ કાળમાં હવે હું મદન જ્વાળામાં દગ્ધ–પ્રદગ્ધ બની બળી મરીશ. ત્યારે તું તો એક સર્વોત્કૃષ્ટ રાજેન્દ્રના પ્રણય પાસમાં લુબ્ધ ચકચુર બની મને તો ભૂલી

જઇશ, ત્યારે મારી કેવી માઠી દશા થશે તેનો શું કિંચિત્ પણ વિચાર થશે કે? અરેરે મારે માટે હવે સંસારમાં કોઇ સુખનું સ્થાન રહ્યું નથી. મારા વિલાસી હૃદયમાં જે તારા પ્રેમે ઘર કર્યું છે તે માટે પરભવમાં તારા સરખી માશુક મેળવવા તપાચરણ કરીશ; છતાં પણ તું આ દિવાના આશકને પ્રેમભગ્નતાથી હતાશ નહિ જ કરે એમ તારો વિશ્વાસ છે.

લી. પ્રેમદૃષ્ટિથી હતભાગી ગયેલો

ધીરસિંહ."

આ પ્રેમપત્રિકાથી આકર્ષાઇ રૂપવતીએ એ રસભોગી આશકને પોતાના સૈન્યજન તરીકે પોતાના શ્વસુરગૃહે પણ સાથે લીધો અને તેની સાથે પાપીની રૂપવતી બાળા વિલાસસાગરમાં રક્ત રહેવા લાગી. ખરેખર 'भार्या रूपवती शत्रु' એ વાકયની સત્યતા આ સ્થળે પ્રત્યક્ષ થાય છે. ઉપલી પ્રેમપત્રિકા એક દિવસે તેના પ્રણયકાન્ત-હૃદયેશ્વર વિજયસિંહજીને દૃષ્ટિએ ચડી એટલે ઉત્સુક અને ક્રોધમિશ્રીત હૃદયે એ ચીઠ્ઠી વાંચતાં તેનાં અંગઉપાંગમાં અગ્નિજવાળા સળગી ઉઠી. તેનું હૃદય ચીરાઇ જવા લાગ્યું. ખરેખર એ વેળાએ તેના હૃદયમાં અત્યંત કોપાનલનો સંસાર થઇ રહ્યો. તેણે સાહજીક પોતાની સમશેર ઉપર હાથ મૂકયો. ખરેખર અતિશય ક્રોધ વ્યકત કરતી ચિત્તવૃત્તિની સ્થિતિ એટલી જ ભયંકરતાયુક્ત હોય છે. કેમ જાણે પાપીષ્ટ સુપર્ણખાનો વધ કરવા રઘુકુળમણી લક્ષ્મણ તત્પર બન્યા હોય! પરંતુ એટલામાં કાંઇક વિલક્ષણ વિચારે ચડેલો રાજા વિજયસિંહ વિચારશીલતાથી અચકાયો. સમશેર તરતજ મ્યાન કરી. તેણે વિચાર કર્યો કે આ પાપકર્મ માટે વિશિષ્ટ અસંદિગ્ધ ખાત્રી કરી, પછીજ એ પાપીષ્ટ જનોને તેઓના પાતકના પ્રાયશ્ચિત વાસ્તે પરલોકના માર્ગે પ્રયાણ કરાવવું ઉચિત્ છે. આથી તે નિપુણ નૃપતિ પોતે કેમ જાણે આ દુષ્કાર્યથી કેવળ અજ્ઞાતજ હોય તેમ ક્રોધાવેશનો પરિહાર કરી વર્તવા લાગ્યો.

વાંચનાર! હવે શું થાય છે તે જ જોવાનું છે. ચાલો, ત્યારે હમણાં તો આપણે તે રાજાના સંસાર તરફ અને ઉકત પાપીષ્ટ યુવક-યુવતીને તેઓના પાપકર્મનું કેવું ભયંકર શાસન પ્રાપ્ત થાય છે તે તરફ નજર કરીએ.

પ્રકરણ ૧૫ મું.

કામસત્તા.

રાજવંશી મુકુટમાં તેજસ્વી મૌક્તિ ઓપતાં,
નભમાં વસન્ત પ્રભાત કાળે સૂર્ય કિરણો શોભતાં;
તેથી વધારે અશ્રુબંદુ દુઃખી જનના ભાગમાં,
અનુકમ્પથી સરતાંય તે મૃદુ ગાલ ઉપર ચળકતાં.

(મળેલું.)

સમય રાત્રિનો હતો. અત્યારે સર્વત્ર અંધકાર વ્યાપી રહેલો હોવાથી શૂન્યતા, શાન્તતા અને નિરવતાનો જ સંચાર થયેલો હમણાં પ્રત્યક્ષ થતો હતો. તારકમંડળ મંદસ્મિત કરતું, અંધકારનો પ્રતીકાર કરતું, મંદમંદ ચમકી રહ્યું હતું. આજે રાજ્યરમણી રૂપવતી પોતાના વલ્લભ–આશક ધીરસિંહના મેળાપ માટે પોતાના શયનભુવનમાં લાગ તપાસતી માર્ગપ્રતિક્ષા કરી રહી હતી. તે અત્યારે જોકે સમિપમાં જ બેઠેલા પોતાના પ્રણયકાન્ત હૃદયમણી મહારાજા વિજયસિંહજી સાથે વિનોદવાર્ત્તા કરતી હતી, છતાં પણ તેનું હૃદયાકાશ વિવિધ વિચાર વાદળથી આચ્છાદન થયેલું જણાતું હતું. તેની મુખમુદ્રા ખિન્ન અને ચિંતાતુરતાયુક્ત દૃષ્ટિગોચર થતી હતી, તેનો પ્રત્યક્ષ પરિચય કરતા રાજા વિજયસિંહજી કાકદૃષ્ટિથી તે પ્રતિમાર્ગ પ્રતિક્ષા કરી રહ્યા હતા. આજે પોતાની જારિણી રાણીનું જારકર્મ નજરેનજર નિહાળવાના વિચિત્ર આશયથી આ ગામમાં આવેલી એક નાટક કંપનીનો **વસંતપ્રભા** નામનો ખેલ જોવા તે સહસા તત્પર બની ગયા. આથી આ વખતે પોતાની અર્ધાંગનાને સંબોધીને તેણે કહ્યું:–

"પ્રિયે ! આજે આ ગામમાં આવેલી નાટક કંપનીનો **વસંતપ્રભા** નામક ખેલ જોવા જવાની મારી ઇચ્છા છે. કારણ કે જ્યારથી મેં એ ખેલની લોકપ્રિયતા–પ્રશંસનિયતા સાંભળી છે ત્યારથી હું એ ખેલ જોવાનો અભિલાષ ધરાવતો થયો છું, તેથી આજે હું તે ખેલ જોવા માટે જાઉં છું." આવું ઇચ્છીત કથન સાંભળીને રૂપવતીને કિંચિત્ આનંદભાવના ઉદ્દભવી રહી.

તોપણ તે વ્યક્ત નહિ કરતાં શોકાગ્રસ્ત મુદ્રા કરતી કોકિલા સમાન સ્વરે તે બોલીઃ–

"વ્હાલા! નેત્રાનંદ! પ્રભુ!!! કદિ નહિ ને આજ આપ આ શું બોલો છો? નાટક જોવાની તમારી ઉત્સુકતા નિહાળી મારૂં મન દુઃખ–શોકથી કંપીત થાય છે. કારણ કે આ રંક દાસીને આપના ચંદ્રમુખ દર્શનનો ક્ષણભરનો વિયોગ પણ યુગાંતર સમાન દુઃખકર લાગે છે. વાસ્તે નાટકનો એકાદ અંક જોઇ આપ સત્વરં અહિં. ઉપસ્થિત થશો અને આ પ્રેમમાં ઝુરતી દાસીની સંભાળ લેશો. શું મારી આટલી આર્જવતા અને મનોવ્યથાની આપને દયા નથી આવતી? નાથ!" રાજરાણીએ કિંચિત્ ચિંતાતુર અને શોકાતુર મુદ્રાનું દર્શન કરાવતાં જ કહ્યું.

"પ્રિયે! ધૈર્ય ધરો! ગભરાટ ધરવાનું કાંઈ પણ કારણ નથી. તમારો ઉચ્ચ અને ઉજ્વલીત પ્રેમ નિહાળી મારૂં હૃદય આનંદાવેશથી અતિવ પ્રફુલ્લિત બને છે. ખરેખર તમારા સરખી પ્રેમવતી અને સૌંદર્યવતી પ્રિયતમાની પ્રત્યક્ષતાથી આ મારૂં રાજમંદિર સ્વર્ગભુવનતુલ્ય સુખમય અને આનંદમય સ્થાન બની ગયું છે. ભલે તમારી અનુમતિ પ્રમાણે હું એકાદ બે અંક જ નિરીક્ષણ કર્યા બાદ સત્વર પાછો આવીશ." રાજાએ રૂપવતી રાણીના મનને સમાધાનકારક ઉત્તર આપતાં જ કહ્યું.

ઉપરોક્ત વાર્ત્તાવિનોદ કરી આ જોડું વિખુટું પડયું. આ વેળા પૂર્વ સંકેતાનુસાર રાજ્યમહેલના બાહ્યવિભાગમાં કોચમેને ક્યારનીએ ઘોડાગાડી તૈયાર રાખી હતી. રાજા આવી તેમાં બિરાજ્યા કે તુરતજ ગડગડાટ કરતી ગાડી થીએટર–નાટકશાળા તરફ પુરપાટ વેગમાં દોડી ગઇ; પરંતુ કેટલોક માર્ગ ક્રમણ કરી પુનઃ એકાએક સ્થંભી અને પાછી ફરી અને રાજમહેલ તરફ ચાલવા લાગી. રાજમહેલથી કેટલેક અંતરે ગાડી ઉભી રખાવી રાજા ગાડીમાંથી નીચે ઉતર્યો અને ગુપચૂપ એક ગુહ્યદ્વારવાટે તેણે શયનમંદિર સમીપના એક ગુપ્ત સ્થાનમાં પ્રવેશ કર્યો. ગુપચુપ તે સ્થળે નવલ રાણીના જારકર્મની ચેષ્ટા જોવા શાન્તિથી ભરાઈ બેઠો. આ વેળા રાણી રૂપવતી ચળકતાં અલંકારો અને સુંદર વસ્ત્રો સજ્જીત કરવામાં ગુંથાએલી હતી.

કેટલીકવારે તે કાર્યમાંથી ફારક થયેલી તે યૌવન અને મદના પૂરમાં તણાતી રાજબાળા રસિકાશકના સૌખ્ય અને રંગવિલાસમાં સમય વહન કરવાનો અભિલાષ ધરતી અને વિચાર નિદ્રામાં લીન બનતી એક બારી સમિપમાં એકાએક આવી ઉભી રહી અને મૃદુ પણ મંદ સ્વરે કાંઇક ઉચ્ચારણ કરવા લાગી:—

ચંદ્રદર્શને ખીલતું, કુમુદ જેમ જણાય,
વલ્લભ તવ દર્શન વિહીન, યૌવન ઝોલાં ખાય;
ઉષાને અજવાળવા, ચઢે નભે જેમ ભાણ,
પ્રિયા તારા કારણે, તન મન ધન કુરબાન.
મદનઝાળ બુઝાવવા, સાધી આ એકાંત,
વ્યાક્ષેપે વિપરીત થશે, કોડીલા મમ કાન્ત;
સંધ્યાને શૃંગારવા, મંદ પ્રકાશે ભાણ,
આવો પ્રિતમ આ સમે, અસહ્ય મોહનાં બાણ.

ઉપરોક્ત સમસ્યા શ્રવણગોચર થતાં જ ધીરસિંહ પોતાની ઓરડીમાંથી એકાએક સુવસ્ત્રાલંકારથી સજ્જીત બની બહાર આવ્યો. તેના શરીર ઉપર અત્તર અને તેલ એટલું મ્હેકી રહ્યું હતું કે, કેમ જાણે સમિપમાં જ કોઇ પુષ્પઉદ્યાન ન આવેલો હોય ! તે એક નિપુણ નિશાચરવત્ ગૂપચૂપ મંદ પગલે એકાએક રાજમંદિરની દિવાલ લગોલગ આવી ઉભો. એટલામાં રૂપવતીએ ટાંગેલું દોરડું દ્રષ્ટિગોચર થયું. તરત જ તે દોરડા વડે તે બદમાશે ઉપલા માળના શયનમંદિરના દિવાનખાનામાં પ્રવેશ કર્યો. અત્યારે નિશા સમયે આ રાજરમણી રૂપવતી રસસ્રવતી સૌંદર્ય વિહારીણિ જ્યોત્સ્ના સમ દીપતી હતી. તે વિરહાતુર રાજબાળા પોતાના આશક પ્રિયતમને આલિંગન દેવા તલપાપડ થઈ રહી હતી. આ અવસ્થામાં તે હમણાં અત્યંત ખુબસુરત અને મનોમોહક લાગતી હતી. અત્યારે તે સૌંદર્યતામાં સ્વર્ગમાંની અપ્સરા કરતાં ચઢીયાતી જણાતી હતી. તે સુંદર નાજનીનું અવલોકન કરતો આ બદમાશ વરસતા મેઘના ચાતકપેરે તેની તરફ કેટલીક વાર ટગર ટગર જોઈ જ રહ્યો. ત્યાર પછી પોતાના જમણા હાથ વડે તેને પ્રેમાલિંગન આપ્યું. આ આશકમાશુકથી કેટલેક અંતરે મદનરસમાં અભિવૃદ્ધિ કરતો રેશમી શય્યાવાળો દુધના ફીણ સમાન મૃદુતા યુક્ત છત્રપલંગ બીછાવેલો જણાતો હતો. તે પલંગ ઉપર

કુસુમો વેરણછેરણ હાલતમાં પડેલાં હતાં. તે બદમાશ પોતાની માશુકને વીંટળાઇ વળતો પોતાની માશુકને છત્રપલંગ ઉપર લઇ આવ્યો. જોતજોતામાં આ વિલાસી પણ પાપીષ્ટ જનો વિલાસ સાગરમાં ડુબી ગયા. આ પાપ ક્રીડાનો અર્ધનિશાપર્યંત ઉપભોગ લીધા બાદ દુર્ભાગ્ય યોગે એ ઉભય જણાં ત્યાં જ નિદ્રાધિન થઇ ગયાં કે તુર્તજ એક કૃષ્ણવસ્ત્રધારીણિ આકૃતિએ દિપક પ્રકાશ બુઝાવી નાંખ્યો. માત્ર એક મંદ દિપક રાખ્યો એટલું જ. એ કૃષ્ણ વસ્ત્રધારીણિ આકૃતિ રાજા વિજયસિંહજી પોતે જ હતો. તેણે પોતાની ચળકતી સમશેરના એક જ પ્રહાર વડે પલક વારમાં આ બદમાશને યમસદનના માર્ગે પહોંચતો કર્યો અને પછી સત્વર ચળકતી અસી વડે આ પાપીની પ્રમદાનું મસ્તક ધડથી જુદું કરવા તત્પર થઇ ગયો. પરંતુ બીજી જ પળે કાંઇક વિચારથી એકાએક તે રોકાયો અને સમશેર મ્યાન કરી તે મંદ સ્વરે જ બોલ્યો:—

“અહા ! કેટલું ભયંકર જાર કર્મ ? ખરેખર સ્ત્રીચરિત્ર અકળિત અને અકલ્પનીય છે. કારણ કે, “**स्त्रियश्चरित्रं पुरुषस्य भाग्यं देवो न जानाति कुतो मनुष्यः**[1]” આ પાપીની વિશ્વાસઘાતિની દુષ્ટાનો શીરચ્છેદ કરવાથી સ્ત્રીહત્યાનું પાતક લેવું પડશે. જોકે આ દુષ્ટા તો તે શાસનને લાયકજ છે; પરંતુ તે કલંકિની–કાન્તા–સ્ત્રીનો ઘાત કરવા કરતાં તે પાપીનીનો પરિત્યાગ કરવામાંજ કિંચિત્ મહત્તા જણાય છે.” રાજાના આવા ઉદાત્ત વિચારથી આ પાપીની બચી ગઇ. રાજા વિજયસિંહજી આ સઘળો વખત એક વિરામાસન ઉપર બેઠા બેઠા વિચાર કરી રહ્યા હતા, તે ત્યાંજ નિદ્રાધિન થઇ રહ્યા. ત્યાર બાદ કેટલીક વારે આ કુટિલ કામિની નિદ્રામાંથી જાગૃત થઇ તો સઘળું કારસ્થાન ખુલ્લું થએલું પ્રત્યક્ષ થવા લાગ્યું. આ રીતે પોતાના આશકનું ખુન થયેલું નિહાળીને તે રાજબાળા ભયાતુર અને ક્રોધાતુર બની રહી. કોપિત બનેલી ચંડિકા સરખું વિક્રાળ સ્વરૂપ તેણે ધારણ કર્યું. આ વખતે તેના નયનાગારમાંથી અંગારા ઝરતા હોય તેમ તે રકતવર્ણીય જણાતાં

---

૧ સ્ત્રીઓનું ચરિત્ર અને પુરૂષનું ભાગ્ય દેવો પણ ન જાણે તો માણસનું શું ગજું ?

હતાં. શોકરૂપી રાહુના પાસમાં ગ્રસિત બનેલું આ બાળાનું વદન–સુધાકર અંધકારમાં મિશ્રીત થવા લાગ્યું અને હૃદય દુઃખથી ચીરાઈ વીદીર્ણ થઇ જવા લાગ્યું. તે મંદ સ્વરે બોલી "અંતે પાપકર્મનું આવું ભયંકર શાસન મળેલું જોઈને મારૂં હૃદય કંપાય છે. અરરર ! મારા પ્રેમદિપકમાં મારા પ્રેમી પ્રિતમનું બળિદાન ! મારા પ્રેમ ખાતરજ મારા આશકની હત્યા ! કેટલી અધમાવસ્થા ? પરંતુ આ અભાગી યુવકને મારૂં સૌંદર્યજ દુઃખદાયક નિવડયું છે. અહો ! મેં કેટલું ભયંકર જારકર્મ કર્યું ? ખરેખર વિનિપાત થવાનો હોય ત્યારે ભલાભલા ચાલાક જનો પણ જ્ઞાનશૂન્ય બની જાય છે તો મારી શું વીશાત ?" આટલું બોલતી આ રાજબાળા શોકથી સ્હોરાતી અશ્રુબિંદુઓ ટપકાવવા લાગી. છેવટે દુઃખિત હાલતમાં પણ અનંતકાળની નિદ્રામાં પોઢેલા પોતાના પ્રિયતમ–આશકને જીવનભર યાદગાર રહે તેવું એક મીષ્ટ પણ મંદ ચુંબન કરી લીધું. પછી કોઇ વિચાર ચડી આવવાથી તે એકાએક ટટાર થઇ રહી. તે આત્મ સંરક્ષણાર્થે શયનભુવનમાંથી બહાર નીકળી ગઇ અને કાળસરખા ક્રુર જણાતા પહેરેગીરની દૃષ્ટિથી અદૃશ્ય રહેતી દિવાલની અંધકારયુક્ત છાયામાં લપાતી લપાતી ચોતરફ હરિણુસમ ચકોર દૃષ્ટિ ફેરવતી ફેરવતી ગુપ્ત દ્વારમાંથી સરી પડતી હોય તેમ રાજમહેલની બહાર નીકળી ગઈ અને રાજમંદિરને છેલ્લી સલામ કરી તે મંદ સ્વરે બોલીઃ–" અહો ! હું કેટલી દુર્ભાગીની ! કે રાજવૈભવના સુખનો ત્યાગ કરવાનો મને પ્રસંગ પ્રાપ્ત થયો ! ખરેખર ભાગ્યમાં નિયત થએલ સુખ દુઃખનું નિવારણ કરવું સર્વથા અશક્ય અને અસંભનીયજ છે." આટલું બોલતી રાજબાળા ગુપચુપ અશ્વશાળામાં આવી લાગી અને તેમાંથી એક અશ્વ છોડી તેના ઉપર તે સ્વાર થઇ. અત્યારે અર્ધ નિશાનો ભયંકર સમય હોવાથી ગાઢ અંધકાર સર્વત્ર વ્યાપી રહ્યો હતો. તે અંધકારનું ભેદન કરતી આ રાજરમણી ગુપચુપ ગામ બહાર નિકળી ગઇ અને ભયંકર અરણ્ય પ્રદેશ તરફ અશ્વને દોડાવી મુકયો. આ પ્રકારે આ રાજરમણી જોતજોતામાં દૃષ્ટિ મર્યાદામાંથી ગેબ થઈ ગઈ.

પ્રકરણ ૧૬ મું.

મોહિની મંત્ર કિંવા ઇંદ્રજાળ.

" સતિ સાધવી સુનીતિ પંથ ધારે,
જુઓ નીતિથી નાથ કાન્તા નિહાળે."

કર્ત્તા.

મુજ દિલમહિં આજે કોઇ દિસે સુખ સાંપડયું;
કંઇ સમયથી ભૂલાએલું ફરી સ્મૃતિએ ચડયું.

કલાપિ.

આજે શિવરાત્રીના મહાપર્વનો અત્યંત પવિત્ર દિવસ હતો અને એ દિવસ દેવાધિદેવ ભગવાન શંકરની પવિત્ર રાત્રિનો હોવાથી એ પવિત્ર મહાપર્વનો દિવસ સર્વને માટે નહિ પરંતુ શંકર ભકતોની દૃષ્ટિએ અત્યંત પવિત્ર અને પુન્યશીલ લેખાતો હતો. આજે પ્રત્યેક શંકરના દેવાલયમાં એક સરખી ધામધુમ અને ગરબડ થએલી દૃષ્ટિગોચર થતી હતી. આપણી આ વાર્તાનો જે શંકરમંદિર સાથે સંબંધ છે, તે રામનાથ મહાદેવના મંદિરમાં આજે વિશેષ ધામધુમ અને કોલાહલ જણાય છે. તેમાં પણ સાયંકાળનો શાન્તિજનક સમય હોવાથી મહાપૂજાદિની વિશેષ ધામધુમ અને ગરબડ જણાતી હતી. આપણે પૂર્વવાર્ત્તા વિભાગમાં અવલોકન કરી ગયા છીએ કે આ વાર્ત્તાની એક નાયકા કાન્તાનો પ્રણયકાન્ત કિશોરલાલ એજ શરણવત્સલ મહાદેવના દેવસ્થાનમાં પ્રવેશ પામ્યો હતો. રત્નપુર શહેરના સમુદ્ર કિનારાના રમણીય એકાંત પ્રદેશમાં ઉપરોકત શંકરનું મંદિર આવેલું છે, એમ પૂર્વ પરિચ્છેદમાં આપણે અવલોકન કરી ગયા છીએ. એ મંદિર શહેરથી કિંચિત્ દુર એકાંત અરણ્યપ્રદેશમાં આવેલું હોવાથી તે સ્થાનમાં સર્વશઃ સર્વોપરી શાન્તિ અને શૂન્યતાયુકત પવિત્રતાનો પ્રસાર થઇ રહ્યો હતો. તદુપરાંત નૈસર્ગ સુંદરીની વિસ્તીર્ણ સૌંદર્યતાનો સંચાર થઇ રહ્યો હતો. વળી સાયંકાળનો સમય હોવાથી મંદિરનો અને તેની આસપાસનો પ્રદેશ ઘણો મનોહર અને નિરતીશય મનોરમ્ય લાગતો હતો.

સાયંકાળના સમયે મૃદુ મંદગતિથી વહન થતા શીતળ અનિલની લહરીઓવડે શંકરના ઉચ્ચ અને પુરાતન શીખર ઉપરની શ્વેતરંગીય પતાકા આનંદપૂર્વક ફરફરી રહી હતી. ઈશ્વરે સંધ્યાકાળના અનિલને મહાદેવની ધ્વજા ફડફડાવવાનું કાર્ય એકલુંજ નહિ પણ તદુપરાંત આસપાસના પ્રદેશમાં વિકસે સૌગંધિક કુસુમો–પુષ્પોમાંથી સુગંધ લાવી દેવાલયમાંના ધિદેવ અને તેના પુજારી તથા અન્ય પુજક ભકતવૃંદને સમર્પણ કરી તેમની વૃત્તિ પ્રસન્ન અને આકર્ષણ કરવાનું મહદ્‌પુન્યપ્રદ કાર્ય પણ કરવાનું સુંપ્રત કર્યું હતું. ભયંકર મહાસાગરની છોળો કિનારા સાથે અથડાતી ઘોરગર્જના કરતી પ્રત્યક્ષ થતી હતી. તેની ભયંકર ગર્જનામાં પણ રસિક જનોનાં ચિત્તને પ્રમોદ પમાડવાની સંપૂર્ણ શકિત વ્યાપી રહી હતી, એમાં તો શંકા જેવું નહિ જ.

આજે શિવરાત્રી સમાન મહાન પર્વનો પવિત્ર દિવસ હોવા છતાં આ શિવાલયમાં માનવજાતિની વિશેષ ગરદી બિલકુલ જણાતી નહોતી તેમ જ વિશેષ અશાન્તિ કે ગરબડ પણ દૃષ્ટિગોચર થતી નહોતી. તેનું કારણ તે દેવસ્થાન એકાંત પ્રદેશમાં આવેલું હોવાથી સામાન્ય જનમંડળમાં સુપ્રસિદ્ધ નહોતું. માત્ર દેવળના પૂજારી મહંત અને ભાવીક ભકતવૃંદ અને બે ચાર શિષ્યદ્વારા પૂજન અર્ચનની વિધિ પ્રવર્ત્તી રહી હતી. તે શિષ્યમંડળમાં કાન્તાનો પ્રણયકાન્ત કિશોરલાલ પણ હતાશ વદને વસ્ત્રથી સજ્જીત થઈ બેઠો હતો. આજે કાન્તાને મોહિનીમંત્રથી વશ કરવાની ક્રિયા ભજવવાની હતી અને એ નિમિત્તે મહંત–પૂજારી મહારાજે એ પવિત્ર પુન્યશીલ બાળાને આ એકાંત સ્થળે ઉપસ્થિત કરવાની ફરમાશ કરેલી હતી. એટલે હવે તેના આગમનની ઉત્સુકતાથી રાહ જોતા હોય તેમ પ્રત્યક્ષ થતું હતું. પૂજારી મહારાજે મોહિનીમંત્રના ઘોષસહિત શંકરની ષોડશોપચાર પૂજા શરૂ કરી દીધી. એટલામાં દેવાલયથી કેટલેક વેગળે કોલાહલ ધ્વનિ સંભળાવા લાગ્યો અને તે દિશાનું નભોમંડળ ધૂળિકાથી આચ્છાદિત થયેલું જણાવા લાગ્યું. પુજારી મહારાજ અને અન્ય શિષ્યવૃંદ તે ધ્વનિ તરફ

સાનંદાશ્ચર્યતાયુક્ત નેત્રે નિરીક્ષા કરતા હતા. એટલામાં દેવ-મંદિરના દ્વાર સાનિધ્યમાં ધમધમાટ કરતી ઘોડાગાડી અને ઘોડેસ્વારની એક ટૂકડી આવી લાગી.

ઘોડેસ્વારની ટુકડીને મોખરે આ શહેરનો અમાત્ય પ્રમાદચંદ્ર અને તેની બાજુમાં કુટીલ કપટચંદ્ર ઘોડાગાડીમાં બેઠો હતો. આ બદમાશને નિહાળી મહંતે કિશોરલાલને ઇશારત કરવાથી તે ગૂપચૂપ ગુપ્ત સ્થાનમાં ભરાઇ બેઠો. એટલામાં મંદિરના દ્વાર સાનિધ્યમાં ગાડીમાંથી ઉતરી ઉભય યુવકો દેવાધિદેવ શંકરની તેજસ્વીતાયુક્ત મૂર્ત્તિ સામું નિહાળી પ્રણામ કરી ઉભા રહ્યા. તેની પાછળ એક લાવણ્યવતી લલના બહાર આવી લાગી. આ તરૂણી અજ્ઞાત યૌવના કિશોરલાલની ધર્મશીલા પત્ની કાન્તા હતી.

આ સરઘસ દેવાધિદેવ મહાદેવના મંદિર સાનિધ્યમાં આવી પહોંચતાં પુજારી મહારાજ અને શિષ્યવૃંદે યથાવિધિ તેમનો આદરસત્કાર કર્યો. એટલે ઉભય બદમાશોએ પ્રેમપૂર્વક તે પુજ-કમંડળને પ્રણામ કર્યા. મહંતે ઉભય મિત્રોને શુભ આશીર્વાદ આપ્યો. ત્યારબાદ પુનઃ દેવાલયમાં તેઓ સર્વ પુજન–અર્ચનમાં ગુંથાયા. આ સ્થળે ઉલ્લેખ કરવો ઉચિત જ લેખાશે કે આ બદમાશ કપટચંદ્રનો મિત્ર પ્રમાદચંદ્ર આ શહેરના અમાત્યનો માનપ્રદ હોદ્દો ધરાવતો હતો. કુટીલ બદમાશ કપટચંદ્ર શંકાશીલ સ્વભાવનો હતો અને એવા ઘાતકી મનુષ્યોના હૃદયમાં સર્વથા નિરંતર શંકાશીલતાનું સામ્રાજ્ય સદોદિત હોય એ તો સ્વાભાવિક છે. પોતાના પિતા અને ભ્રાતૃવર્ગ સાથે દગો રમનાર દીલીશ્વર બાદશાહ ઔરંગજેબનું હૃદય પોતાની રાજ્યકારકીર્દિ દરમ્યાન વિભ્રમની ભયંકર જાળમાં સપડાએલું હતું. આથી એ વિભ્રમ વશતાવર્ત્તી શહેનશાહે પોતાના પ્રિય સંતાનો ઉપર પણ બાતમીદારોને નિયંત્રીત કર્યા હતા. અને તેથી સઘળા આપ્તજન અને સરદાર મંડળ બાદશાહ ઉપર અપ્રિતી ધરાવતા થયા હતા. એવી જ ભયંકર વ્હેમજાળમાં કુટીલ કપટચંદ્ર પણ ગુંચવાએલો હતો. આ પ્રસંગે શંકાસ્પદમુદ્રા કરતાં જ મહંતને ઉદ્દેશીને તે બોલ્યોઃ–

" ગુરૂમહારાજ ! આ હઠીલી યૌવના તેના નિવાસસ્થાનમાં જ મોહિનીમંત્રના પ્રભાવથી સાધ્ય થાય તેમ ગોઠવણુ કરો તો શું અંતરાયભૂત છે વારૂ ? " આ બદમાશનો આ વિચિત્ર પ્રશ્ન સાંભળી મહંત કિંચિત્ વિચારસાગરમાં ડુબી ગયા હોય એમ ઘણીવાર પર્યંત પૃથ્વી ઉપર દૃષ્ટિપાત કરતા વિચાર નિદ્રામાં અવાચ્ય ઉભા જ રહ્યા. આથી અધીરા થએલા કપટચંદ્રે કહ્યું:– " ગુરૂદેવ ! ગુરૂદેવ ! કેમ બોલતા નથી ? પ્રત્યુત્તર સત્વર આપો. શું આ હઠીલી બાળાનું પરિશીલન અશકયવત્ જણાય છે ? અરેરે ! શું મને હતાશ કરશો કે ? "

ગુરૂદેવ ક્રોધાવેશમાં રોષનું દર્શન કરાવતાંજ બોલ્યા:–"તમે જે વિચાર વ્યક્ત કરો છો, તેનો પ્રતીકાર કરૂં એ શોકકારક ઘટના લેખાશે. પરંતુ એ પુન્યશીલ બાળાની પ્રત્યક્ષ હાજરી વિના તે દુષ્કર કાર્યસિદ્ધિ સ્વલ્પ સમયમાં પરિસમાપ્ત થાય એ સર્વથા અસત્યતાયુક્ત અને અસંભવનીય ઘટના જ છે અને કદાચ થઇ શકશે તો તે ઘણા લાંબા કાળે પરિપૂર્ણ થઈ શકશે. પરંતુ '**शुभस्य शीघ्रम्**' એ સૂત્રનું પરિપાલન કરવુંજ આ પ્રસંગે આવશ્યક છે. આજે એવો યોગ છે કે તે અત્રે મંત્રોચ્ચારણ સમયે ઉપસ્થિત હશે તો આજની એક જ રાત્રિમાં તે હઠીલી બાળા મોહિનીમંત્રના પ્રભાવથી તમારા પ્રણયવાસ્તે આકર્ષી શકાશે." મહંતે વિશીષ્ટ ગાંભીર્યતાયુક્ત મુદ્રાથી ઉલ્લસિત થતાંજ કહ્યું.

મહંતના મધુર સંભાષણે તેને અત્યંત કોમળ બનાવી દીધો. આશાના અંકુર તેના હૃદય પ્રદેશમાં નવપલ્લવિત થવા લાગ્યા. કાન્તા સમાન સૌંદર્યવતી રસીલી રમા પોતાને પત્નિી તરીકે ભેટે તો તેથી તે પોતે અતુલ આનંદનો ભોકતા થાય એવી વિચારમાળા તેના હૃદયમાં ઉદિત થવા લાગી. આથી આ બદમાશ હર્ષ પામતો મૃદુ સ્વરે બોલ્યો:–" ખરેખર ગુરૂદેવ ! આપનું સત્યકથન મને અક્ષરશઃ રૂચે છે. અલબત એક પવિત્ર પ્રમદાના મનનું આકર્ષણ કરવું એ કાંઇ નાની સુની વાત નથી. જ્યારે આપના અભિપ્રાય પ્રમાણે અન્ય અવશીષ્ટ માર્ગ નથી તો જેવી આપની ઇચ્છા. એ યુવતી મારા વશ વર્ત્તે એટલે બસ. આપને એ કાર્ય બદલ આ મારા ગળામાંનો અમૂલ્ય ચંપાહાર અર્પણ

કરી આપનું તેમજ આપની અનેક પેઢીનું દારીદ્ર વીદીર્ણ કરીશ." આટલું કહી કાન્તાને આ સ્થળે જ પહેરેગીરોના ચોકી પહેરાતળે રાખી ઉભય મિત્રોએ ગામ તરફ પ્રસ્થાન કર્યુ. બદમાશ દગાનો ભોગ થઈ પડયો અને શત્રુના પંજામાં સપડાઈ ગયો.

હમણાં વિશાળ નભોમંડળમાં પ્રવાસ કરી કંટાળી ગયેલા ભગવાન સૂર્યદેવ પશ્ચિમ દિશાની ક્ષિતીજમાં ડુબી જતા જણાયા. આથી સમસ્ત વિશ્વ ઉપર નિશાદેવીનું સામ્રાજય પ્રસરી રહ્યું. એટલે સર્વત્ર નિઃસ્તબ્ધતા, નિરંવતા, શાન્તિ અને શૂન્યતાનો સંચાર થઇ રહ્યો. આ નિશાદેવી પાપીઓને પણ તેમના પાપકર્મમાં સહાયભુત થઇ રહે છે. આ સ્થળ જનશૂન્ય અને વળી અરણ્યનો પ્રસાર હોવાથી રાત્રિની ભયંકરતા આ સ્થળમાં શહેર કરતાં અધિકતર દેખાય એ સર્વથા ઉચિતજ છે. જો કે ચંદ્રશૂન્ય નભોમંડળમાં તારકમંડળ મંદમંદ ચમકી રહ્યું હતું, તો પણ આ ભયંકર અંધકારનો પ્રતિકાર કરવાની શક્તિ તેમનામાં શૂન્યવત જ જણાતી હતી. '**एकश्चन्द्रस्तमोहन्ति न च तारागणोऽपिच**'[1] એ સૂત્રની સત્યતા આ સ્થળે પ્રત્યક્ષ થતી હતી. મહંતે દેવમંદિરના ચોકમાં મોહિનીમંત્રના દેવતાઓનું આહ્વાહન કરી તે ઘોર મંત્રનો જાપ શરૂ કરી દીધો અને અર્ધનિશા પર્યંત મંત્રોચ્ચારણ ચાલુ રાખી કાન્તાને પણ આ સ્થળે તે સઘળો સમય ઉભી રાખી હતી અને મોહિનીમંત્રનો પ્રયોગ તેના ઉપર પ્રવર્તિ રહ્યો હતો. અર્ધનિશાનો સમય પસાર થઈ જવાથી કાળ સરખા ક્રુર પહેરેગીરો પણ નિદ્રાદેવીના ભોગ થઇ પડ્યા. આવો સાનુકુળ પ્રસંગ નિહાળી મહંતે મોહિનીમંત્રનો પ્રયોગ આટોપી દીધો. સત્વર ચાલાક કાન્તાના હસ્તે જ મોહિનીમંત્રના દેવતાઓની પૂજા કરાવવામાં આવી હોય તેમ ઢોંગ કર્યો. આટલો શ્રમ પડતાં તો કોમળ બાળાના સુકોમળ પ્રદેશ ઉપર મૌક્તિક જેવાં દેખાતાં અશ્રુબિંદુઓ ટપકી તેના હૃદય પ્રદેશનું ચુંબન કરતાં જણાવા લાગ્યાં. આ મોહિનીમંત્રની સત્વર પરિસમાપ્તિ કરી દીધા બાદ કાન્તાને સાનિધ્યમાં આવેલી

---

૧ એક ચંદ્ર અંધકારનો નાશ કરે છે, પણ તારાનો સમુદાય અંધકારનો નાશ કરતો નથી.

એક ઓરડીમાં રાત્રિ નિવાસ કરવાની મહંતે ગૂપચૂપ સૂચના આપી દીધી. એટલે એ સુંદરી ભયંકર અંધકારનું ભેદન કરતી મંદ પગલે સીધે સીધી ઓરડીમાં ચાલી ગઈ. રાત્રિના આવા અંધકારયુક્ત વખતે ભગવાં વસ્ત્રધારિણી કોઈ એક આકૃતિ ઓરડીમાં ઉભી હતી. તે આકૃતિ મસ્તકથી ચરણ પર્યંત ભગવાં વસ્ત્રથી આચ્છાદિત હોવાથી તે વ્યક્તિ પુરૂષ છે કે સ્ત્રી તેનો પરિચય મળી શકતો નહોતો. આથી અભાગિની બાળા આ કાળી આકૃતિને નિહાળવાનો લાભ લઇ શકી નહિ. કાન્તાનો ઓરડીમાં પ્રવેશ થએલો જોઇને એ કૃષ્ણ આકૃતિએ અંધકારમાં કાન્તાનો કોમળ હાથ ગૂપચૂપ પકડયો. કાન્તા ભય અને આશ્ચર્યમાં લીન બનતી કંપીત થવા લાગી. તો પણ તે ધૈર્યપૂર્વક બોલીઃ—“ દુષ્ટ નરાધમ! તું કોણ છે?” કાન્તાના પ્રશ્નનો કાંઈ પણ પ્રત્યુત્તર ન આપતાં મૌન્યવત્ અવાચ્ય જ રહી. આથી કાન્તાના હૃદયમાં વિશિષ્ટ ભયની કલ્પના થઈ આવી. અને તેની સુકોમળ દેહલતા કંપીત થવા લાગી. આ વળી ઉલામાંથી નીકળી ચુલામાં પડવા સરખો પ્રકાર શું? એ વિલક્ષણ દ્રશ્ય શાનું? એના પૂર્ણ પરિચય માટે પ્રિય વાંચક! ચાલો, આપણે પણ તે અંધકારયુક્ત ઓરડીમાં પ્રવેશ કરીએ.

પ્રકરણ ૧૭ મું.

દુર્ભાગ્યદર્શન.

રાત્રિનો સમય હતો. જ્યોત્સ્નામયી નિશાદેવી વિશ્વભૂમિ ઉપર મંદ હાસ્ય કરતી વ્યાપી રહી હતી. અંધકાર અને શાન્તિનું સામ્રાજ્ય ચોમેર પ્રસરી રહ્યું હતું. એ શાન્તિમાં અંતરાયભુત થનારૂં કાંઈ પણ કારણ હોય તો તે માત્ર હિંસક વનપશુઓનો ધ્વનિ શાન્તિમાં ભંગાણ પાડતો હતો. એટલું જ ઉજ્વલ સાડીમાં રૂપેરી તારા ટીપકીરૂપે, તારકમંડળ મંદમંદ ચમકી રહ્યું હતું. આ સ્થળેથી કેટલેક અંતરે રાજગઢનો કિલ્લો કેમ જાણે ડુંગરોનો એકાદ વિભાગ હોય તેમ નિશાદેવીના અંધકારમાં પ્રત્યક્ષ દર્શન થતું હતું. આ વખતે રાજગઢનો ઠાકોર મદનસિંહ વેશ બદલીને શસ્ત્રાસ્ત્રથી સજ્જીત થઈને પોતાના જસપુર નામક દુર્ગ તરફ અશ્વારૂઢ થઈ જતો હતો. એવામાં સમિપની વૃક્ષરાજીમાંથી એકાએક કોઇનો ધ્વનિ સંભળાયો. એ ધ્વનિ સાંભળી ચપળ અશ્વ પણ હણહણાટ કરવા માંડયો. કેમ જાણે આ ચપળ પ્રાણી પોતાના માલીકને સમસ્યા કરતું હોય ! મદનસિંહે ચોમેર ચકોર દૃષ્ટિ ફેરવવા માંડી, પણ કોઇ વ્યક્તિ આ જનશૂન્ય અરણ્ય પ્રદેશમાં દૃષ્ટિગોચર થઈ જ નહિ. આથી વિશિષ્ટ વિસ્મીત બની એ ધ્વનિ કોનો છે, તે જાણવાની અતીવ જીજ્ઞાસાથી મદનસિંહે અશ્વને એકાએક થોભાવ્યો. એટલામાં સમિપની ઘોર વૃક્ષરાજીમાંથી કાંઇક ત્રુટક ત્રુટક શબ્દો સંભળાવા લાગ્યા કે “અલ્યા કોણ છે ? ક્યાં જાય છે ? તારી પાસેની સઘળી માલમતા અમને સત્વર સુંપ્રત કર. અન્યથા મૃત્યુનો ભોગ થઇ પડીશ.” મદનસિંહ ચમક્યો. એ શબ્દધ્વનિ શ્રવણગોચર થતાં અશ્વ ફેરવ્યો. ચકોર દૃષ્ટે પાછળ નિરીક્ષા કરતાં જણાયું કે, ચાર લુંટારા સમશેરબદ્ધ તેના ઉપર તાકી રહ્યા છે. આ બદમાશોના સાહજીક આક્રમણથી મદનસિંહ ગભરાટમાં પડયો, છતાં કિંચિત્ પણ પાછો ન હઠયો. આ વિલક્ષણ ભયંકર દૃશ્ય જોતાં તેના હૃદયમાં ક્રોધ

જવાળા ભડભડ બળવા લાગી. અને આંખોમાંથી અંગારા ઝરતા હોય તેવો દેખાવ થઇ રહ્યો. તેની નસોમાં રાજપુતત્વનું રક્ત જોસબંધ વહન થવા લાગ્યું. ધૈર્ય હારી જવાય એવો જ કટાકટીનો ભયંકર મામલો આવી લાગ્યો હતો. પરંતુ મદનસિંહ તેથી કિંચિત્ પણ ડગે કે ડરે તેવો ન્હોતો. બહાદુર રણુવીર મદનસિંહે અશ્વને એક વૃક્ષના થડ સમીપે ઉભો રાખ્યો અને નિશાચરો તરફ માર્ગપ્રતીક્ષા કરવા લાગ્યો. જોતજોતામાં બદમાશો વ્યાઘ્રવત્ મદનસિંહ ઉપર તૂટી પડ્યા. પરંતુ બીજી જ ક્ષણે તેઓએ જોયું કે મદનસિંહને મ્હાત્ કરવો એ બહુ કઠિન કામ છે. મદનસિંહ બદમાશોના હલ્લાનો જવાબ વાળવાને સહજ પણ પાછો હઠયો નહિ. મદનસિંહે સમયસૂચકતાનું અવલંબન કરી લુંટારામાંના પ્રત્યેકના અસ્ત પ્રહાર ઢાલ ઉપર ઝીલવા માંડ્યા. પ્રતાપશીલ–શૌર્યશીલ મદનસિંહે કમ્મરે લટકાવેલી ચમકતી તરવાર ખેંચી એક લુંટારા ઉપર બળપૂર્વક આઘાત કર્યો કે એકજ સપાટે તે પાપાત્મા સીધેસીધો યમસદન પ્રતિ સીધાવી ગયો. આ રીતે પોતાના એક સાથીદારનું મૃત્યુ થએલું નિહાળી અવશિષ્ટ લુંટારાના હૃદયમાં ભયત્રસ્તતા અને ગભરાટનો ઉદ્‌ભવ થયો. તે લુંટારાનો નાયક કળી ગયો. તે સત્વર ગર્જન કરી બોલ્યો: ‘આગળ વધો, મારા બહાદુર વીરો! આપણે આ બદમાશને મૃત્યુદાન આપવા શક્તિમાન છીએ, માટે ડરવું શાને?’ એવી રીતે બોલતો નાયક જીવ ઉપર ઉદાર બની શૂર ઉપર આવી લડવા લાગ્યો, અને ઉભય વચ્ચે ઘોર તુમુલ યુદ્ધ થયું. વિશિષ્ટ શૂરાતનમાં આવેલા ત્રણ બદમાશોએ એક સામટો હુમલો કરી મદનસિંહને આક્રમણ કરી દીધું. આ વખતે મદનસિંહને જીવન અને મરણ વચ્ચેનો જ પ્રસંગ જણાવા લાગ્યો. આ બાજુ મદનસિંહ પોતાના સંરક્ષણ વાસ્તે પોતાનું પૂર્ણ ચાતુર્ય કૌશલ્ય વાપરવા લાગ્યો. આખરે બે લુંટારાઓ અત્યંત શ્રમ વ્યથાથી કંટાળો આવતાં સહજ દૂર ખસ્યા, એટલે લાગ સાધી મદનસિંહે અવશીષ્ટ રહેલા એક લુંટારા ઉપર ધસારો કરી તેના કાળજાને અસિવડે ભેદન કરી તેને જમીનદોસ્ત કરી દીધો. આથી બાકી બે લુંટારા કાળ સરખા ક્રુર બની મદનસિંહ ઉપર તુટી પડ્યા. પરંતુ મદનસિંહે લોહ

બખ્તર પરિધાન કરેલું હોવાથી, તેમજ તેના અદ્ભુત યુદ્ધ-કૌશલ્યના પ્રતાપે, ઉભય બદમાશો સામે બરાબર ટક્કર લીધી. અને આ બેમાંથી એક લુંટારો સાહજીક દૂર ખસી ગયો એટલે મદનસિંહ પુનઃ બાકીના એક લુંટારા ઉપર તૂટી પડયો. પરંતુ એ કાર્ય કરવા જતાં બીજા લુંટારાને મદનસિંહની પીઠ ઉપર પ્રહાર કરવાનો લાગ મળ્યો. મદનસિંહનો અમૂલ્ય જીવ જોખમમાં આવી પડયો. એટલામાં અચાનક કાંઈક ધ્વનિ સંભળાયો.

"રાજપુરૂષ ! પાછળ જુઓ ! સાવધ થાઓ ! " નિમિષ માત્રમાં મદનસિંહે પાછળ જોયું તો જણાયું કે જીવન વિસર્જન કરવાની કટાકટીનો મામલો ઉપસ્થિત થયેલો છે. પાછળ ઉભેલા બદમાશે સમશેર ઉંચકી છે. માત્ર પ્રહાર કરે એટલો જ વિલંબ છે. પરંતુ મદનસિંહ તે ખરેખર સિંહ જ હતો. તે આ અજાણ્યુથથી ડરે તેવો નહોતો. 'एकोहं असहायोहं' એવો કિંચિત્ પણ વિચાર આણ્યાવિના પ્રાણ ઉપર આવી તે લડતો હતો. મદનસિંહ દ્વિતિય લુંટારા તરફ સંભાળવા જતાં બીજો લુંટારો પોતાના સામેના હુમલામાંથી ફારક થયો એટલે તે શૂરમાં આવી લડવા લાગ્યો. પરંતુ ગમે તેમ કહો પણ મદનસિંહ ક્ષત્રી હતો. જેથી તે સંકટ સમયે ગભરાય કિંવા ભયાતુર બને તેવો ભીરૂ નહોતો. એવામાં એક લુંટારો કરૂણાજનક ચીસ પાડતો ધરણી ઉપર ઢળી પડયો કે તુર્તજ તેનો પ્રાણદેવતા પરલોકને માર્ગે પ્રયાણ કરી ગયો. મદનસિંહ આશ્ચર્ય ભરેલે વદને ચોમેર નિરીક્ષણ કરવા લાગ્યો. એ લુંટારાને કોણે માર્યો? એ ચમત્કાર શી રીતે થયો ? એ વિચારો ઉભરાવા લાગ્યા. હવે માત્ર એક લુંટારો બાકી રહ્યો હતો. સમરરંગ વિપરીત નિહાળી, અને વિજયદેવી મદનસિંહના કંઠમાં વરમાળા આરોપીત કરી રહી હોય એવો રણરંગ જોઇ તેણે ઉભી પુંછડીએ પલાયનનો આશ્રય લેવા માંડયો. આ વેળા અત્યંત પરિશ્રમથી મદનસિંહનો અશ્વ શ્રમીત થઇ ગયો હતો ત્યારે નાશી જતા લુંટારાનો અશ્વ હજુ તાજો જ હતો. આથી તે વિદ્યુતવેગે સમીપની વૃક્ષરાજીમાં પ્રવેશ પામી દૃષ્ટિમર્યાદામાંથી લોપ-ગેબ થઈ ગયો એટલે મદનસિંહે તેની પાછળ જતાં પોતાના અશ્વને પાછો ફેરવ્યો. આ રીતે આ ભયંકર દ્વંદ્વયુદ્ધની પરિસમાપ્તિ થઇ જતાં

તે પરિશ્રમને પરિહાર કરવા અશ્વ ઉપરથી પૃથ્વીપર ઉતર્યો. ઉદિત થયેલા તારકમંડળ અને ચંદ્રિકાના ઝાંખા પ્રકાશમાં દૃષ્ટિ કરતાં જણાયું કે એક મસ્તકથી ચર્ણ પર્યંત કૃષ્ણવસ્ત્રધારીણી અપરિચીત આકૃતિ ઉભેલી છે. ચંદ્રિકાના મંદ પણ ઉજ્વલિત પ્રકાશમાં ડુંગરાળા અંધકારાચ્છાદિત પ્રદેશ તરફ દૃષ્ટિ કરતાં તેનું હાસ્ય કરતું ચંદ્રવદન ચમકી રહેલું જણાયું. એ રીતે તે કોઈ રમણીની આકૃતિ હોય તેમ જણાવા લાગ્યું. તે તરફ મંદ પગલે જતો સાનંદાશ્ચર્યમાં ગરક થતો બોલ્યોઃ–

"વીર બાળા ! મારા પ્રાણરક્ષણ માટે તમે જ મહદોપકાર કર્યો છે કે ? તમારી મુખચંદ્રિકા જોતાં તત્કાળ એવી માન્યતા થાય છે કે તમે આ દેશના નિવાસી નથી. છતાં પણ તમે કોઈ રાજવંશી હો તેમ પ્રત્યક્ષ થાય છે. તમારે પરાયા પુરૂષના બચાવ માટે પોતાના જીવને જોખમમાં આણવાનું શું પ્રયોજન હતું તે જણાવશો કે ?" મદનસિંહ બોલ્યો. તે અજ્ઞાત યૌવના લજ્જા-શીલતાયુક્ત મુદ્રાથી નીચું નિહાળી નમન કરતી અવાચ્યજ રહી.

આથી મદનસિંહ વિસ્મીત થતો બોલ્યોઃ–" ભદ્રે ! કેમ બોલતાં નથી. મારા પ્રશ્નનો ઉત્તર આપો. ખરેખર તમારા સુકોમળ હાથે મારા પ્રાણ ઉગર્યા છે. એ તમારી અપ્રતિમ ચાતુર્યતા જોતાં મને જે આનંદ થાય છે તે અવર્ણનીય અને અકલ્પનીય છે. તમારા જ કાતિલ અસી પ્રહારે એ લુંટારો પ્રાણરહિત થયો છે. આવા મહદ્ ઉપકાર વાસ્તે હું સદાને માટે તમારા આભાર તળે દબાયો છું."

"એમાં આભાર માનવાનું કશું પણ કારણ નથી. રાજન્ ! એ કાર્યમાં આપના જ પુન્યનો પ્રભાવ કારણભૂત છે. મેં તો માત્ર મારી ફરજ જ અદા કરી છે." આત્મપ્રશંસાનો પ્રતીકાર કરતી તે અજ્ઞાત યૌવના આટલું બોલી અવાચ્ય રહી. "આ ભયંકર જનશૂન્ય જંગલમાં આવી ભયંકર રાત્રિએ તમે શામાટે પરિભ્રમણ કરો છો ? એટલું ભયંકર સાહસ શાને માટે ? અને તમે કોણ છો ?" મદનસિંહે તે અજ્ઞાત બાળાને આતુરતાથી પ્રશ્ન કર્યો.

"હું એક દુર્ભાગિની દુઃખી રાજબાળા છું. મારૂં ચરિત્ર ગુપ્ત છે. શત્રુ રાજ્યના સૈન્ય સામે લડતાં મારા સર્વ આપ્તજનોનો

ધ્વંશ થયો છે અને હું એ ભયંકર આક્રમણમાંથી નાશી છૂટી છું. આપના સમાન અદ્વિતીય ધર્મનિષ્ઠ રાજપુરૂષની પરિચર્યા-રૂપ આશ્રય વાસ્તે પરિભ્રમણ કરૂં છું.” બાળા બોલી.

“રાજબાળા ! શું તમે મારા સાથે લગ્નના પવિત્ર બંધનથી પ્રેમબંધનયુક્ત થવાને ખુશી થશો કે ? હું આ રાજગઢનો રાજ-કર્ત્તા પુરૂષ છું.” મદનસિંહે આ બાળાના સૌંદર્યભરિત છલ-કાતા ચંદ્રવદનં પ્રતિ આકર્ષાતાં જ કહ્યું.

એ સાંભળતાં રાજબાળાની મુખમુદ્રા ઉપર આનંદની રેખાઓ ચમકી રહેલી જણાતી હતી. “જેવી આપ નામદારની ઈચ્છા ! આપની ઈચ્છાનુકુળ વર્ત્તવા આ દાસી તત્પર છે. રાજન્ ! ખરે-ખર આપના સામાન રાજમણીનું દાસત્વ સ્વીકારવામાં હું એક પ્રકારની મહત્તા માનું છું અને એજ મારા જીવનનું સાર્થકય છે.” અજ્ઞાત રાજબાળા મંદસ્વરે એટલું બોલી અવાચ્ય રહી.

“ચાલો ચંદ્રવદના લલને ! આજથી તું મારી જીવનદાત્રી છે. આજથી આ રાજયની તું રાજયરાણી છે. સુંદરી ! તારા આ બાહ્ય સૌંદર્યથી તું ખરેખર કોઇ રાજરમણી હોય, તેમ પ્રત્યક્ષ થાય છે. તમે મારી સાથે ચાલો અને આપણે સમીપના મુ-સાફરી બંગલામાં જ આજની રાત્રિ ગુજારી કાઢીશું. હું તમારા પ્રેમનો અભિલાષ ધરાવું છું. શું તમે તે માટે મને હતાશ તો નહિ કરોને ! શું આ પ્રેમદર્શન પરિહાસરૂપ તો નથી ને !” મદનસિંહે કિંચિત્ સંશયગ્રસ્ત મુદ્રા કરતાં કહ્યું.

પોતાના પ્રેમનો વિશ્વાસ આવતો નથી એ જોઈને આંખમાં આંસુ આણતી બાળા બોલી:–“રાજન્ ! શું મારા સરખી એક રઝળતી અજ્ઞાત યુવતીને આટલા મહદ્ સ્થાને સ્થાપવી શું ઉચિત લેખાશે કે ?” તે અજ્ઞાત યૌવના બોલી.

“લલને ! તારો મહદ્ ઉપકાર જ મને વશ કરવાને પુરતો છે. વ્હાલી ! રાજબાળા ! આ રીતે એક સામાન્ય યુવતી હોય તોપણ પુરૂષ પોતાનું મહદ્ભાગ્ય માને છે અને તેના ઉપર અનુરક્ત રહે છે, તો પછી તારી યોગ્યતાને માટે પૂછવું જ શું !” મદનસિંહે પ્રત્યુત્તર આપતાં જ કહ્યું.

આ રાજબાળા રૂપવતી પોતે જ હતી. તે કેવળ કુટીલ

કામિની હતી. પોતાનેઃ પુનઃ ઉદયકાળ થયેલો સમીપે નિહાળી તે હર્ષઘેલી બનતી આનંદસાગરમાં ડુબી રહી. આથી રાજાની પ્રણય યાચનાનો સપ્રેમ તેણે સ્વીકાર કર્યો. આવા આહ્લાદકારક બનાવથી તે હર્ષાવેશમાં આવી ગઇ. કેટલીક વારે મૌન્યતાને ભગ્ન કરતાં બાળા બોલી:—

"આપના સમાન રાજરત્નના હૃદયમાં મારા સરખી રંક કિંકરીને સ્થાન મળે એ પણ મારૂં મહાભાગ્ય! અને આપની પરમ કૃપા જ કહી શકાય! રાજન્! હું મારૂં ક્ષુદ્ર જીવન આપના પદકમળની સેવામાં આજથી સમર્પણ કરૂં છું તેનો પ્રતીકાર નહિ જ કરો, એજ અંતિમ યાચના છે."

રૂપવતી એક ક્ષત્રિય કન્યા છે અને તેને અનેક દુઃખ પ્રસંગો ઉદ્ભૂત થયા છતાં તે પોતાનું પાવિત્ર્ય સંરક્ષી રહી છે, એ જાણતાં રાજા આશ્ચર્યચકિત થયો. તે રાજરમણી એક ઉકરડામાં દટાયેલું મૂલ્યવાન રત્ન છે એમ વિચારયુક્ત મુદ્રા કરતાં જ તે બોલ્યો:-

"રાજબાળા! હું તારી એ વિનતિ માન્ય રાખું છું અને આવતી કાલે આપણું ગાંધર્વલગ્ન થઇ જશે." રાજાએ આશ્વાસન આપતાં જ કહ્યું.

મદનસિંહ તરૂરાજ તળેથી અશ્વ લાવી તે ઉપર આરૂઢ થયો. આ વખતે રાણી રૂપવતી તો અશ્વારૂઢ જ થયેલી હતી. આથી આ પ્રેમપ્રવાસી યુગ્મ આ જનશૂન્ય પ્રદેશમાંથી રાજગઢ તરફ પ્રવાસ કરવામાં ગુંથાયું. આ વખતે અર્ધનિશાનો ભયંકર સમય પ્રવર્ત્તિ રહ્યો હતો. અભિહારો—ચોરોની આશ્રયદાત્રી—સૃષ્ટિની શાંતિદાત્રા વિભાવરી (રાત્રિ), ચંદ્રદેવનો હમણાં જ વિયોગ થવાની તૈયારી જોઇ મ્લાન વદના બની સર્વત્ર વ્યાપી રહી હતી. મદનસિંહનું હૃદય, અભિહારો (લુંટારા) સાથેનું યુદ્ધ તો આ પ્રેમી પ્રિયતમા ભેટી જવાથી ભૂલી ગયું હતું. આ વિકટ વિપદકારક વેળાએ તેના મનોવેગને અન્ય વિચારમાંથી અટકાવી દીધો. માત્ર તેનું હૃદય આ અજ્ઞાત યૌવનાના પ્રેમ પ્રવાહમાં તણાતું જતું હતું. અને એજ દિવસથી ઠાકોર મદનસિંહજીએ આ રાજવૈભવના પ્રેમપાશમાં સપડાઇ

પોતાનું ચિત્ત ચકડોળે ચડાવી દીધું હતું. આ વખતે રજની વલ્લભચંદ્ર પશ્ચિમ દિશાના અસ્તાચળ પાછળ કૂદી પડયો એટલે સર્વત્ર ભીષણ અંધકાર અને નિસ્તબ્ધતા છવાઇ રહી. ઉભય જણાં જોતજોતામાં કાસાર કિનારે આવી લાગ્યાં. આ જળાશયના કિનારા ઉપર જ મુસાફરી બંગલો આવેલો હતો. જળાશયના જળપાત્રમાં જ્યોત્સ્નાનું પ્રતિબિંબ પ્રસરી રહેલું હોવાથી તેની સૌંદર્યતામાં નિરતીશય વૃદ્ધિ થયેલી જણાતી હતી, અને તે સાથે આ કિનારા ઉપર ચાલનારૂં પ્રેમયુગ્મનું પ્રતિબિંબ તેમાં પડતું હતું અને તેમની સાથે કેમ જાણે અનુગમન કરતું હોય તેમ જણાતું હતું. આમ લાંબો સમય માર્ગક્રમણ કર્યા પછી આખરે આ રાજરત્નો એક કિલ્લા સમાન દિવાલ સાનિધ્યમાં આવી લાગ્યાં. તે દિવાલની વચ્ચે જ બંગલો જણાતો હતો. બંગલાના કમ્પાઉન્ડ compound ના મુખદ્વારવાટે તેઓએ અંદરના ભાગમાં પ્રવેશ કર્યો એટલે નિમિષ માત્રમાં એક વિશાળ ચોગાનમાં તેઓ આવી લાગ્યાં. ચોમેર અંધકારના સ્થંભસમાન વૃક્ષો આકાશ ચુંબન કરતાં ઉભેલાં હતાં. તે સઘળો માર્ગ વટાવી ઉભય જણાં પરિશ્રમથી શ્રાન્ત બનતા બંગલાના મુખદ્વાર સમીપે પરશાળમાં આવી ઉભાં. ત્યાં કોઇ વ્યકિત નિદ્રાદેવીના પાસમાં સપડાએલી દૃષ્ટિગોચર થતી હતી. તે એક રાજસેવક હતો. તેને બુમ મારી મદનસિંહે જાગ્રત કર્યો અને ઠાકોર મદનસિંહની પ્રત્યક્ષતા થવાથી તેણે રાજાજ્ઞાનુસાર બંગલાનાં મુખદ્વાર ખુલ્લાં કર્યાં અને ત્યાં રાખેલી લાઇટ પ્રકટાવી બંગલાને જળહળીત કરી દીધો. એટલે આ પ્રણયી જનોએ બંગલામાં તત્કાળ પ્રવેશ કર્યો. અને ત્યાં જ વિલાસ ચેષ્ટા કરતાં ઉભય જણાં નિદ્રાદેવીના અંકમાં સપડાઇ ગયાં. આ પ્રેમીપાત્રો આટલાં જલદી નિદ્રાધિન થવાનું કારણ અત્યાર આગમચ પડેલો તેમનો પ્રવાસ પરિશ્રમ જ કારણભૂત હતો. આ રીતે આ રૂપવતીને મદનસિંહે પોતાની પ્રિયતમાપદે સ્થાપી દીધી. અહા! સમયનો કેવો અદ્ભુત અતકર્ય પ્રભાવ! જ્યારે ભાગ્યદેવી પ્રતિકૂળ થાય છે ત્યારે પરિસ્થિતિઓ વિરૂદ્ધ જ જતી જાય છે. જો કે આ બાળા શરીરે નૈસર્ગિક રીતે જ તેજોમયી અને સ્વરૂપવતી છતાં પણ તેનું જીવન એક પા-

પીની પ્રમદાને હઠાવે તેટલું પાપશીલ અને કલંક વિભૂષિત હતું. જે આપણે તેના પૂર્વ વૃત્તાંતમાં પૂર્વ પરિચ્છેદમાં અવલોકન કરી ગયા છીએ. રાજાનું ચિત્ત અત્યંત આ નવયૌવન નાજનીમાં આકર્ષાયું હતું. તે પરણેલી રાણીઓના જેવું જ સૌખ્ય આ નવલ બાળાના સહવાસથી મેળવવાની માનિનતા ધરાવતો હતો, પરંતુ બાવળનાં બીજ વાવી તેમાંથી કસ્તુરીની આશા ધરાવવા જેટલી એ ધારણા સ્વપ્નવત્ નિરર્થક હતી. તેનું કેવું ભયંકર પરિણામ આવશે તે આપણને હવે પછી વાર્તાવિભાગમાં વિશિષ્ટ વિદીત થશે. એ રઝળતી રંડા મદનસિંહનું ખરાબીનું ઉત્પત્તિસ્થાન-કેંદ્રસ્થાન થઇ રહી. અને તેમ બને તેમાં નવાઇ પણ શાની ? શૂળીઉપર શયન કરવામાં સલામતીનો વિચાર રાખવો જેટલો નિરર્થક છે તેટલું જ આવી પાપીની કલંકિની કામિનીમાં ઉચ્ચ અને પવિત્ર પ્રણયની આશા બાંધવી નિષ્ફળ છે. કારણ કે સત્ય પ્રણયવિના સંસારસુખ કલ્પાંતરે પણ મળી શકતું નથી. ખરેખર દાંપત્ય પ્રેમનો મહિમા અતિ ઉચ્ચ છે. પરંતુ આ રાજબાળા કાંઇ એક પરણેલી અર્ધાંગના નહોતી. તે તો એક વિફરેલી વનિતા હતી. તેમાં સુખની આશા બાંધવી એ કેવળ મૂર્ખતા જ કહી શકાશે. સૃષ્ટિકર્ત્તાની લીલામાં પણ આ એક અદ્‌ભુત લીલાનો જ વિસ્તાર છે. કહો કે જગન્માયાનો પ્રભાવ જ લેખાશે. પરણેલા પતિનો પરિત્યાગ કરી છૂટી આવેલી આ કલંકિની કાન્તા-રમા આજે મદનસિંહના રાજમંદિરની અધિષ્ટાત્રી બની રહી. આ રઝળતી રમાએ રાજ્યમાં બહુજ ગભરાટ અને કોલાહલ મચાવી મૂકયો; અર્થાત્ દુ:ખદાયકતાનો રાજમંદિરમાં પણ ધીરે ધીરે વિસ્તાર વૃદ્ધિંગત થતો ગયો. રૂપવતી રાજબાળાના સૌંદર્ય-માધુર્યનો ભોગી રાજા કેવળ મનોમુગ્ધ બની રહ્યો. અને આ રાજરમણીમાં સપડાએલો રાજા કેવો રમણીરક્ત બની જાય છે અને રાજ્ય ઉપર કેવું અનવધિ દુ:ખ વાદળ ટૂટી પડે છે તથા એ રીતે આ ભોળા રાજાને તે અધમ બાળા કેવા કેવા અસહ્ય અને અભદ્ર આફતના અખાતમાં કેવી અદ્‌ભુતતાથી ગેબ કરે છે એજ હવે જોવાનું છે !

પ્રકરણ ૧૮ મું.

રંગીલી રમા કિંવા વિફરેલી વનિતા.

નવલરાણી રૂપવતીનું માન અકરામ દિનપ્રતિદિન વૃદ્ધિંગત થતું ચાલ્યું. ધીરે ધીરે આ પાપીની પ્રમદાએ પોતાનું પાપશીલ પોત પ્રકાશવા માંડયું: તેણે એક કુટિલચંદ્ર નામક કોઇ પાપીષ્ટ ખાનગી કારભારી રાખ્યો હતો. તે બદમાશે ભયંકર જાળ પ્રસારવા માંડી અને તે બદમાશની અનુમતીથી આ નવલરાણીએ રાજા મદનસિંહને મદ્યપાનનું વ્યસન ધીરે ધીરે વળગાડી રજની દિવસનું ભાન પણ ભુલાવી દીધું. આથી આ પાપાત્માઓના હાથમાં રાજા પુતળાવત્ રમણ કરવા લાગ્યો. રાજાની અવિદ્યમાનતામાં આ પાપીની પાપશીલા કુટિલચંદ્રમાં લુબ્ધ રહેવા લાગી, અને રંગભોગ મહેલમાં જ મહાલવા લાગી. મદમાં છકી જઈ અન્ય રાણીઓ પ્રતિ તીરસ્કાર ધરાવવા લાગી. પાપશીલા અને વળી રાજમહાલયમાં પ્રવેશ પામી. પછી શું બાકી રહે? હમેશાં પાપીષ્ટ જનો જ નિરંતર વૈભવ ને સત્તામદમાં છકી જાય છે. રૂપવતી ગમે તેટલી સુંદરી સ્વરૂપા, ગમે તેવી કોકિલા કંઠયુક્ત કે ગમે તેવા કોઈ પણ કાર્યમાં પ્રવિણ હોય, પરંતુ તે સઘળું મદનસિંહને વાસ્તે તો દુઃખદાયક નિવડયું. મનોહર સ્વરૂપ, યૌવનનું ખીલવું અને રાજમહાલયનું મનમાન્યું સુખ મળ્યું.—પછી આવી કલંકિની સ્ત્રી કેમ હાથ રહી શકે ?

"વિનાશકાળે વિપરીત બુદ્ધિ" એ વચનાનુસાર જેની પાયમાલી થવાની હોય તેની બુદ્ધિ ભ્રષ્ટ બની જાય છે. મદનસિંહની પાયમાલી થવાનો અવળો વખત આવ્યો માટે જ આ પાપીની પ્રમદામાં લુબ્ધ થઈ રહ્યો. રાજ્ય અને પ્રજાજનની ખુવારી થતી ચાલી, એટલું જ નહિ પણ તમામ પ્રજાજનોમાં આ ચર્ચા ચાલુ થઇ ગઇ. આ કલંકિની કાન્તા—સ્ત્રીના આગમનથી રાજાના આનંદની પરિસીમા રહી ન હોય એવી માનીનતા

પ્રજાવર્ગ ધરાવતો થયો હતો. આવા વિશિષ્ટ પ્રકારના હર્ષાતિશય-રૂપ રોગથી રાજા ઉન્મત્ત સરખો બની રહ્યો હતો. પ્રેમ એ અંધતા આણે છે તેથી જે તેનો સોબતી થાય છે તે પોતાના પ્રણયી પાત્ર વિના બીજીને નિહાળી શકતો નથી. સ્નેહીજનનું દર્શન જેટલું સુખદાયક અને મધુર હોય છે તેટલી સુખકારક અન્ય કોઇ પણ વ્યક્તિ જણાતી નથી. જો કે પ્રણયનો પરિહાર સર્વથા અસંભવનીય જ છે પરંતુ તે પ્રણય વિશુદ્ધ જ હોવો ઘટે છે. એવો શુદ્ધ સ્નેહ આ પ્રપંચશીલ પ્રમદામાં હતો કયે દહાડે? રાજા મદનસિંહનું હૃદય આ રાજ્યરમણીના પ્રણય વાસ્તે ભ્રમતું હતું. આ રીતે તેની ચિત્તવૃત્તિ આ રાજબાળામાં પ્રબદ્ધ બની લીન રહેવા લાગી. પતિસેવા પરિહારના સંસ્કારો બાલ્યાવસ્થામાંથી જ આ પાપશીલ બાળાના ચિત્તમાં આલેખાયા હતા. આથી પોતાની પાપશીલ પ્રકૃતિ પ્રમાણે રૂપવતી રસિક પતિનો પરિત્યાગ કરી આ ભ્રષ્ટ રાજબાળા કુટિલચંદ્ર કારભારીના સમાગમમાં સૌખ્ય અને અદ્વિતીય આનંદમાં દિવસો નિર્ગમન કરવા લાગી. કુટિલચંદ્રે, આટલી હદેથી નહિ અટકતાં પોતાની પાપશીલ જાળ પ્રસારવા માંડી. તે બદમાશ અણમાનીતી રાણીની એક પુત્રી સૌભાગ્યવતી ઉપર રક્ત રહેવા લાગ્યો. આથી તે રાજયૌવનનો પ્યાર મેળવવા વિવિધ દુષ્કાર્ય કરવામાં ગુંથાવા લાગ્યો. આ રીતે આ રાજ્યમાં અંધાધુધી અને અરાજકતાનાં બીજ નવપલ્લવીત થઈ રહ્યાં હતાં.

એક દિવસે સાયંકાળે રાજબાળા સૌભાગ્યવતી અને રાજમાતા ઉભય જણાં શહેરના બાહ્ય વિભાગમાં આવેલા અંબિકાદેવીના મંદિરે દર્શન માટે ગયાં. યોગિની માતા આ દેવાલયની અધિષ્ટાત્રી હતી અને તે સંગીતકળામાં અત્યંત પ્રવીણ અને પ્રસંશનીય લેખાતી હતી. તેણે પોતાની અસીમ સંગીતકળાના પ્રતાપથી રાજબાળા તથા રાણી ઉભયનું દીલ રંજીત કર્યું હતું. તે યોગિની માતા સંગીત અને નૃત્યકળામાં એટલી પ્રવીણ પંડિતા હતી કે, તેના મધુર સંગીતાલાપથી શ્રોતાજનના હૃદયનું સાહજીક આકર્ષણ થતું હતું. તદુપરાંત રાજરાણીને હમણાં એવા સમાચાર મળ્યા હતા કે જે દુર્ભાગિની અજ્ઞાત

યૌવના સરિતાના ભયંકર જળપ્રવાહમાંથી ઉગરી જઈ અંબિકાદેવીના આશ્રમમાં પ્રવેશ પામી છે તે સંગીતકળાની રસીયણ હોઇ તે માટે અતુલનીય ચાતુર્યતા ધરાવે છે. એ કથા સાંભળી ઉભય માતા તથા પુત્રી આ સ્થળે તે અજ્ઞાત યૌવનાનું સંગીત સાંભળવા આવવાને પણ આજે તો આકર્ષાએલી હતી.

હર્મણું સાયંકાળનો શાન્તિદાયક સમય હતો. સૂર્ય દેવતા નભોમંડળમાં પશ્ચિમ દિશાની કક્ષામાં ડુબી જવાની તૈયારીમાં જ જણાતા હતા. આ વખતે યોગિની માતાએ રાજકન્યા સૌભાગ્યવતી અને તેની માતાને ઉચિત આસન આપ્યું. ત્યાર બાદ રાજરાણીની ઉત્સુકતાનુસાર ગાયનવાદનનું કામ ચાલવા માંડયું. આખરે યોગિનીમાતાના અત્યાગ્રહથી કુમુદાએ પણ હાથમાં સતાર લઇ તેના સુમધુર સ્વરસાથે પોતાના કોકીલા સમાન મધુરાલાપ સાથે ગાવા માંડયું, અને એ રીતે કેટલીક મધુર ગતો બજાવી. આથી જેમ હાસ્ય કરતી જયોત્સ્ના સામે ચકોર એકાગ્રતાથી નિહાળે તદ્વત્ ઉભય રાજરમણીઓ આ નવલ અપરિચીત યૌવનાનું સુમધુર સંગીત સાંભળી સાનંદાશ્ચર્યમાં ગરક થઇ રહી. આ રીતે સંગીતોત્સવ પરિસમાપ્ત થઈ ગયો. આ ચતુર ચપળાની સંગીત વિદ્યા ઉપર રાજકન્યા અને રાણી ઉભયનાં દીલ ડોલાયમાન થઇ રહ્યાં. રાજમાતાએ આ નવલ કળાવંતી કમલનયના કુમુદાને, સૌભાગ્યવતીને સંગીતકળાનું શીક્ષણ આપવાને રાજ્યમંદિર નિવાસીની બનાવવાને યોગિનીમાતા સમક્ષ અત્યાગ્રહ કર્યો એટલે તે યાચનાનો સ્વીકાર કર્યો. આથી દુર્ભાગ્ય વાદળ વિદીર્ણ થવાનું મંદ કિરણ કુમુદાના હૃદયપ્રદેશમાં ચમકવા લાગ્યું. કુમુદાને આ રીતે રાજ્યયોગદ્વારા દૃષ્ટિગોચર થતી વ્યોમભૂમિમાં સૌખ્યનું મંદ કિરણ ચમકતું જણાયું. કુમુદાએ ધાર્યું કે, આવા અનુકૂળ નિર્ભય સ્થાનમાં રહી પોતાના પ્રણયકાન્તનાં દર્શન કરી શકશે એવી મહત્વાકાંક્ષા, તેમજ રાજબાળાના સહવાસમાં પોતાનો કાળ સહજાનંદમાં વ્યતિત થશે આવી ધારણાથી તે રાજબાળા સાથે રાજમહાલયમાં જવાને તત્પર થઇ ગઈ. વળી રાજબાળાનો પણ અત્યાગ્રહ થવાથી કુમુદાએ તેને સંગીત-

કળાનું શિક્ષણ આપવાને રાજમંદિર નિવાસિની થવાની વાર્તાનો સ્વીકાર કર્યો. કુમુદા પવિત્ર પુન્યશીલા અને પતિપ્રેમમાં ચુસ્ત અને મદમાતી સાધ્વી બાળા હતી, છતાં પણ નજરના ઝેરવેરથી જ માત્ર તે નિર્દોષ નાજની આફતના અખાતમાં ઉતરી પડયાની દુઃખકથા આપણે પૂર્વ વાર્તાવિભાગમાં અવલોકન કરી ગયા છીએ. રાજમહેલમાં પ્રવેશ થવાની આશાથી ભયનો લોપ થયેલો તે માનતી હતી, અને સ્વાભાવિક રીતેજ કેમ જાણે એક પોતાનાંજ પ્રિયજનને ત્યાં જતી હોય ને! એવી આ મુગ્ધ બાળા કુમુદાની પવિત્ર ભાવના થઇ રહી. તેના હૃદયમાં ભિન્ન ભિન્ન પ્રકારના વિશુદ્ધ પ્રેમનો પ્રવાહ વહન થઈ રહ્યો હતો. જો કે એજ તેના પવિત્ર પ્રેમથી તેના પ્રણયકાન્તના હૃદયમાં તે કામવાસનાજ છે એવી અસત્ય માનીનતાએ ઘર કર્યું હતું. પરંતુ પવિત્ર અને પુન્યશીલ મનુષ્યના હૃદયમાં સર્વથા કામવાસના હોતી નથી એ કલ્પનાનો કિંચિત્ પણ ઉદ્ભવ તેના હૃદયમણીના હૃદયમાં ન થયો એજ કુમુદાનો દુર્ભાગ્ય યોગ! આહા! કુમુદા જેવી પરમ પુન્યશીલા, સુશીલ અને સદ્ગુણીબાળાને માથે એ કેટલું દુઃખ! પતિગૃહ પરિત્યાગ વેળાએ આ પતિપ્રેમી યૌવનાના હૃદયમાં કેટલું ભયંકર દુઃખ થયું હશે તે વર્ણન કરવાની શક્તિ પણ અમારી ક્ષુદ્ર લેખીનિમાં નથી અને એમ બને તે સ્વાભાવિક જ છે. તે પવિત્ર પુન્યશીલાનું દુઃખ તેનું હૃદય ચીરી નિહાળવાથી જ પ્રત્યક્ષ થઈ શકે કે પ્રજ્વલિત થતા કોલસાની ધમણ કેવી ભસ્મીભૂત થઇ રહી છે. તે પુન્યશીલાનું હૃદય બળીને ખાખ થઇ રહ્યું હતું. પોતાનો પતિ જે વિભ્રમરૂપી દાવાનલનો ભોગ બન્યો હતો તે યાદગાર થતાં તે પુન્યશીલાનું હૃદય શીશીર ઋતુના પત્રવત્ કંપીત થતું હતું. પરંતુ તે પવિત્ર ધર્મશીલાની વિશુદ્ધિની કસોટી તેનો પતિ કાન્તીલાલ ન કરી શકયો. આ કિમતી પાત્રની પરીક્ષા કરવાને તે પાત્ર જ નહોતો. પ્રેમાંશી દેવી સમાન સદ્ગુણવતી પ્રેમપ્રવાહમાં ઉછળતી પ્રેમઘેલી પ્રમદાના અંતઃકરણમાં ઉદ્ભવેલા પવિત્ર પ્રેમનું નિરીક્ષણ કરવામાં તે હતભાગીજ બન્યો છે. કોઇ કવિએ સત્યજ કહ્યું છે કે,

"સમય સમજ બળવાન હય, નહિ પુરૂષ બળવાન;
કાબે અર્જુન લુંટીયો, એહી ધનુષ્ય એહી બાણ."•

એ કંઠ્યુક્તિ અનુસાર કુટીલ કાળની ગતિ જાણવાને કોઇ પણ મનુષ્ય શક્તિમાન હોય તેમ માનીનતા ધરાવવી મિથ્યા જં છે. ખરેખર '**कालस्य कुटिला गतिः**'[1] ! ' એ સૂત્રની સત્યતા આ પતિપ્રેમી પુન્યશીલાના સંબંધમાં અક્ષરશઃ પ્રત્યક્ષ થાય છે. પરંતુ કુમુદા વિશુદ્ધ કંચન જેવી નિર્મળા હતી. તે ધર્મશીલાએ શીલ રક્ષણ વાસ્તે આત્મભોગ પણ આપ્યો. ગોદાવરીના ભયંકર જળ પ્રદેશમાં ગેબ થઇ ગઇ. તે સમયે એ પવિત્ર બાળાનું રક્ષણ કોણે કર્યું ? માત્ર પ્રભુએ ! કુમુદાએ બદમાશના હાથે શીલભગ્નતા થવા દેવા કરતાં જળસમાધિ લગાવી પોતાનો આત્મા સમર્પણ કરવાનું ઉચિત માન્યું હતું. એ પુન્યશીલાના દુઃખની વાત એ ન્યાયી પ્રભુના હૃદયમાં વસી અને તેજ સર્વવ્યાપક પ્રભુ તે અનાથ યૌવનાની વ્હારે ધાયા. ખરેખર, એ રીતે તો ઇશ્વર પોતાના ભક્તજનોની કસોટી કરે છે, અને ભક્તજનને પડેલાં દુઃખો કેવળ તેના પાપનો પરિપાક જ છે. પ્રભુ પવિત્ર ભક્તજનને તાવે છે, પરંતુ તેને ત્યજી દેતો નથી એ સિદ્ધાંતની સત્યતા આ પતિપ્રાણા કુમુદાના આત્મવૃત્તાંતથી પ્રત્યક્ષ થતી જોવામાં આવે છે. હવે તેજ વિશ્વંભર પ્રભુ આ પુન્યશીલ પતિપ્રેમી પ્રમદાના દુઃખમય કંટક માર્ગને કેવીરીતે નિષ્કંટક બનાવે છે તેજ આપણે જોવાનું છે. તે પૂર્વે પ્રિય વાંચક ! ચાલો આપણે તેની વર્ત્તમાન સ્થિતિનું અવલોકન કરીએ.

યોગિની માતાએ પુન્યશીલા કુમુદાને વિદાયગીરી આપ્યા આગમચ રાજ્યમાં નવલરાણીના કાવાદાવા અને છલપ્રપંચથી સાવધાન રહેવા સમયસર સૂચના આપી દીધી. પાપીની સ્ત્રીઓના હૃદયમાં જો કે સ્નેહ હોય છે, પરંતુ તે કેવળ કૃત્રિમ અને સ્વાર્થસાધુતા અર્થે જ. વાસ્તેજ એવી પાપીની નવલરાણીના પ્રણયપાસમાં લુબ્ધ ન થવાને અનેકવાર કુમુદાને સજળ

---

૧ કાળની ગતિ કુટીલ છે.

લોચને અનુશાસન આપ્યું. ધન્ય છે એવી નિરીહ સાધ્વી યોગિની માતાને! ત્યારબાદ કુમુદાએ યોગિની માતાને સજળ-લોચને પ્રણામ કર્યા અને તેમની ધર્મભાવનાની પ્રશંસાનો ઉદ્‌ગાર કાઢયો; એટલે યોગિની માતાએ કુમુદાને આશીર્વચન આપ્યું કે "કુમુદા! ધર્મશીલા! તારી મનઃકામના પરિપૂર્ણ થાઓ." એ પ્રમાણે યોગિની માતાનાં આશીર્વચન લઇ તેમની પરવાનગીથી કુમુદા રાજબાળા સાથે બગીમાં આવી બેઠી. યોગિની માતાએ વિદાય થવાની પરવાનગી આપતાં બગી ગડગડાટ ધ્વનિ કરતી રાજમહાલય ભણી જવા ઉપડી ગઈ અને જોતજોતામાં રાજમહેલ સમીપમાં આવી ઉભી. ઉક્ત ત્રણ રમણીઓએ રાજમંદિરના મુખદ્વારમાં પ્રવેશ કર્યો. એ રીતે આ કથાની એક નાયકા કુમુદા સૌભાગ્યવતી રાજબાળાના સહવાસજન્ય સુખ–પ્રદેશમાં નિમગ્ન રહી રાજમંદિરમાં દિવસો નિર્ગમન કરવામાં ગુંથાઇ ગઈ.

પ્રકરણ ૧૯ મું.

કુમુદાની પ્રેમભાવના કિંવા પ્રણયનો પરિતાપ.

રાત્રિ પડી. અંધકારનું સામ્રાજ્ય સર્વત્ર વ્યાપી રહ્યું. રજનીવલ્લભ ભગવાન્ ચંદ્રદેવતા મધ્યાકાશમાં વિરાજી રહ્યા છે. સર્વત્ર શાન્તિ અને શૂન્યતા, નિરવતા અને નિઃસ્તબ્ધતા એક સરખી વિસ્તરી રહી છે. આ પ્રસંગે આ કથાની એક નાયકા કુમુદાની સંગીતકળા ઉપર દિવાની બનેલી રાજબાળા તેને પોતાના રાજ્યમંદિરમાં તેડી ગઈ. અને માર્ગમાં જ કુમુદાનું આત્મવૃત્તાંત કેટલુંક તો તેને અત્યાર આગમચ તેણે પૂછી લીધું હતું. કુમુદા એ રીતે રાજમંદિર નિવાસીની થવાની વાર્ત્તા આપણે પૂર્વ વાર્ત્તાવિભાગમાં અવલોકન કરી ગયા છીએ. આ વેળા કુમુદા એક ખુરશી ઉપર બેઠી હતી. તેણે વ્યક્ત કરેલા અવશીષ્ટ આત્મવૃત્તાંતથી રાજમાતા અને રાજબાળા સૌભાગ્યવતીનાં હૃદય શોક તાપના હુતાશનમાં દગ્ધ પ્રદગ્ધ થઈ રહ્યાં. રાજમાતાએ આ અભાગિની બાળાને વિવેકપૂર્વક આશ્વાસન આપતાં કહ્યું. "તમારા સમગ્ર દુઃખોનો પ્રભુકૃપાથી સ્વલ્પ સમયમાંજ પરિહાર થશે. તત્પર્યંત અમારા મેમાન તરીકે અત્રે જ તમારૂં નિવાસ સ્થાન હોવાથી તમારી સર્વ હરકતોનો ધ્વંશ થશે અને અત્રે જ તમારૂં યથોચ્ચિત રીતે આતિથ્ય થશે, માટે ધૈર્યભગ્ન થવાનું કિંચિત્ પણ કારણ નથી. શું તમને રાજમંદિરમાં નિવાસ કરવો અયુક્ત અને અપ્રસન્ન છે વારૂ ?" રાણી આટલું બોલી અવાચ્ય રહી.

" રાણીસાહેબ ! આપનું હૃદયપૂર્વકનું આમંત્રણ અને પ્રેમ હોવા છતાં હું આપના સહવાસમાં શા માટે અપ્રસન્ન અને હતાશ બનું ? અત્યારે મારૂં શીલવ્રત આપના હાથમાં સલામત છે. મને મારા પતિરૂપ પ્રભુના ચરણમાં સમર્પણ કરવી કે નર્કમાં ડુબાડી દેવી એ હવે આપના જ હાથમાં છે. પરંતુ આપની પરોપકાર પરાયણતાને માટે મને સંપૂર્ણ વિશ્વાસ બંધાયો છે. આથી ગમે તેવા નિભ્રાંત સ્થાનને તજી જ્યારે

આપ તેમ જ કુંવરી સાહેબનો અત્યંત પ્રેમ છે તો દોડતી આવી છું. પરંતુ તમે મારા હૃદયેશ્વરનું મીલન કરાવી શકશો કે? શું તમને મારા વિદીર્ણ બની ગયેલા વદનની દયા-કરૂણા નહિ આવે કે?" આટલું બોલતાં બોલતાં પતિપ્રેમથી હતાશ બનેલી બાળાનું મસ્તિષ્ક ભમવા લાગ્યું. વળી તે કેટલીકવારે અત્યંત વ્યગ્રતાયુક્ત મુદ્રા કરતી બોલી:–"મારા હૃદયેશ્વરને પુનઃ પુનઃ રૂદનવ્યાધિથી મંદ પ્રકાશવાળાં બની ગયેલાં નેત્રોથી શું હું પુનઃ જોઇ શકીશ કે? અરેરે! હું મહા દુર્ભાગ્યવતી બાળા છું. મારી આશા પરિપૂર્ણ થશે કે નહિ તે વિષે તો મને શંકા રહે છે. મારા પ્રણયકાન્તનું હૃદય મારા વાસ્તે કેટલું પ્રેમશૂન્ય અને નિષ્ઠુર બની રહ્યું છે? અને એજ મારી હૃદયવેદનાનું કારણ છે." એમ કહી કુમુદા હતાશ બની અવાચ્ય રહી.

"કુમુદા! ધૈર્ય ધરો. આમ છેક હતાશ થવાનું કે આક્રંદ કરવાનું પ્રયોજન નથી. તમારા હૃદયનો સત્ય પ્રેમ જ તમારા પતિને પાતાળ કિંવા સ્વર્ગસદનમાંથી તમારી સાનિધ્યમાં પ્રત્યક્ષ કરશે અને નૈસર્ગિક સાચો પ્રેમ જ આકાશ કે પાતાળમાંથી પોતાના પ્રણય પાત્રને પ્રત્યક્ષ કરાવવાને સંપૂર્ણ છે. વાસ્તે હાલ તુરત તો ધૈર્યનું અવલંબન કરવું જ ઉચિત છે." રાણીએ આશ્વાસન અને ધૈર્ય આપતાં કહ્યું. "અરેરે! હું કેટલી મંદભાગિની? કુદરતનો પણ કેવો ભયંકર કોપ? કેટલું ભયંકર દુઃખ?" કુમુદાએ મ્લાન મુદ્રા દર્શાવતાં ગદ્‌ગદ્‌ કંઠે કહ્યું.

"કુમુદા! દુઃખ સુખનો અનુભોગ કરવો એ આપણાં ભૌક્તિક શરીરોનો અનાદિ ધર્મ છે. એ રીતે કુદરતે જે જે દુઃખો સર્જીત કરેલાં છે તેને યથાકાળે સ્વાધીન થવું એ પ્રાણીમાત્રનો ધર્મ છે. મૃત્યુના ભયંકર સંકષ્ટમાંથી જે જગન્નિયંતા પ્રભુએ તમને મુક્ત કર્યા છે, તેજ પ્રભુ ભવિષ્યમાં તમારા ભોળા અભીષ્ટ ભર્તારનું મીલન કરાવશે અને એ રીતે તમારા સકળ દુઃખોનો પરિહાર કરશે; માટે હમણાં તો નિશ્ચિંતતાથી અને નિઃશંકરીતે અમારા સહવાસમાં દિવસો નિર્ગમન કરો. ધીરે ધીરે સર્વ સારૂં જ થઇ રહેશે." રાણીએ કુમુદાનું કલ્યાણ ઈચ્છી કહ્યું.

આ ઉપરોક્ત વાર્તાલાપ ચાલતો હતો તે વેળાએ રાણીની

ફરમાશથી દાસીએ સન્મુખના કપાટમાંથી મદ્યના બે પ્યાલા ભરી લાવી મુક્યા, એટલે રાજમાતા અને રાજબાળાએ તેને ન્યાય આપી દીધો. ત્યારબાદ પાનસોપારીની રકાબી દાસીએ પ્રત્યક્ષ કરી. રાણીએ કુમુદાને તાંબુલ પ્રાશન કરવા સૂચન કર્યું. એટલે તે સંબંધમાં ખુલાસો કરતી બાળા બોલી:–

"રાણી સાહેબ! હું તાંબુલ બીલકુલ ખાતી નથી તેમ મને તાંબુલ પ્રાશનની ખાસ આદત પણ નથી. વળી મારા હૃદયકાન્તના વિયોગકાળમાં તાંબુલ પ્રાશન કરવું એ કેવળ અયુકત અને નિંદાત્મક જણાય છે. આથી હું તાંબુલ ખાઇશ નહિ જ." કુમુદાએ પતિપરાયણતાનું દર્શન કરાવતાં કહ્યું.

રાજરાણી આશ્ચર્યચકિત થતાં બોલ્યાં:–"ઓહો! કેવી આશ્ચર્યની વાત કહેવાય! કુમુદા! શું તમે મુંબઇ નિવાસીની બની તાંબુલનો પણ અનાદર કરો છો? શું કાંઇ ભ્રમ તો નથી થયો ને! પાન તદ્દન તાજાં અને વિશુદ્ધ છે." આટલું બોલી રાણી અવાચ્ય રહી.

કુમુદાએ મંદસ્મિત ફરકાવતાં કહ્યું:–"નારે ના, રાણી સાહેબ! હું તેની શુદ્ધિ અશુદ્ધિવિષે દોષ કાઢતી નથી. પરંતુ પાન ખાવા ઉપર મને કુદરતી રીતે જ તિરસ્કાર છે. કારણ કે તાંબુલ પ્રાશનથી તેનું પણ એક પ્રકારનું વ્યસન પડી જાય છે. અને વળી તે એટલું સજ્જડ જડ ઘાલી જાય છે કે, ન પૂછો વાત. હરતાં ફરતાં, ઘરમાં કે બહાર, હોટેલમાં કે નાટકશાળામાં જ્યાં જુઓ ત્યાં એ તાંબુલ પ્રાશનની જ ઉપાસના. એકવાર તેનું વ્યસન થયું કે પછી તેનો પરિત્યાગ કરવો અત્યંત ઉદ્વિગ્નતાયુકત જણાય છે; કારણ કે મારી માનીનતા પ્રમાણે સોપારીમાં પણ એવા માદકતત્વનું સંચાલન થયેલું હોય છે કે, જે વ્યસનવત્ લાગુ પડી જાય છે. અરેરે! અત્યંત ખેદની વાર્તા છે. રાણીસાહેબ! જ્યાં મદ્યપાન સરખા અત્યંત માદક પદાર્થનું પાન કરવામાં આવે છે ત્યાં પાન બિચારૂં શું વિશાતમાં છે? એ મદ્ય પ્રાશનથી તો મનુષ્ય પોતાનું ભાન પણ ભૂલી જાય છે.

पतत्यर्धं शरीरस्य यस्य भार्या सुरां पिबेत्[1]

---

૧. જે પુરૂષની સ્ત્રી મદ્યપાન કરે છે, તે પુરૂષનું શરીર અધોગતિને પામે છે.

એ સૂત્રાનુસાર જે કોઈ યુવતી મદ્ય પ્રાશન કરે છે તે પતિને વાસ્તે અધિકારણી તો નથી.

ब्रह्महा मद्यपीबतेयः तथैव गुरुपत्नीग: ।
एते माहा पातकिनो यश्च तैस्सह संवसेत्[1]

એ સૂત્રાનુસાર મદ્યપાન કરનાર મનુષ્ય મહા પાપીષ્ટ ગણાય છે. માત્ર મૂર્ખ લોકો જ મદ્યપાન કરીને ચિત્તને વિષે ભ્રાંતિ આણે છે અને પાપમાં ગરક થવાથી યમસદનને માર્ગે પ્રયાણ કરી જાય છે. એ પાપજનક દારૂપ્રાશનથી મનુષ્ય રોગીષ્ટ બની આયુષ્ય ટુકું કરે છે. કયારેક સંભ્રમ અવસ્થામાં આત્મઘાત કરે છે. વળી તે ભયંકર દારૂ પ્રાશનથી નીતિ અનીતિનું ભાન રહેતું નથી અને કેવળ કર્તવ્ય વિમુખ બની જાય છે. એ રીતે મતિમાં ભ્રમ થવાથી સદ્‌અસદ્ કર્તવ્યનું જ્ઞાન રહેતુ નથી અને કેવળ કર્તવ્ય વિમુખ બની જાય છે. આથી કેટલાક હતભાગ્ય મનુષ્યો આડે માર્ગે ચાલી કુડાં આચરણ રાખી તથા પાપીષ્ટ કાર્યો કરી પ્રજાવર્ગમાં ધિક્કાર કિંવા હાસ્યાસ્પદને પાત્ર થાય છે. વળી મહાત્મા જીસસ ક્રાઇસ્ટે એક સ્થળે કહ્યું છે કે–

Also Jesus Christ Commanded samsen's mother and Aaron as follows:—

"Drink no wine, nor strong drink thou, nor thy children, lest ye die."

અર્થાત્ જીસસ ક્રાઇસ્ટે સામસનની મા અને એરનને નિચે પ્રમાણે ફરમાન કર્યું હતું કે, 'તમે અને તમારાં છોકરાં દ્રાક્ષારસ કે જલદદારૂ પીતા નહિ; નહિ તો મરશો.' એ વચનો હૃદયમંદિરમાં સુવર્ણ અક્ષરે આલેખી રાખવાં એ શું ઓછું આવશ્યક છે? નહિ જ. મદ્યપાન મનુષ્યના પવિત્ર વિચારોને દુષિત કરે છે. આમ સમજ્યા છતાં જે મનુષ્ય મદ્યપાન કરે છે તે શરીરમાં વિષનું સંચાલન કરી, કીર્તિને કૃષ્ણ કલંક લગાડી, માવિત્રની આબરૂ ઉપર પાણી ફેરવી ગૃહરાજ્યમાં

---

૧. બ્રહ્મહત્યા કરનારો, મદ્યપાન કરનારો, ગુરૂપત્ની પ્રત્યે ગમન કરનારો, એ સર્વે મહા પાતકી છે. અને તેજ પ્રકારની સંગતમાં રહેનારો પણ મહા પાતકી છે.

અગ્નિ પ્રકટાવી આખરે ધન વૈભવથી હતાશ બની રહે છે. અરેરે ! એ મદ્ય પ્રાશનથી કંઇક અનર્થો થયા છે તેની ગણત્રી પણ ક્યાં છે ?

મનહર છંદ.

કેફી નિજ સોબતીને કેફનો કરાવા શોખ,
ફંદમાં ફસાવતા બતાવી બહુ ફાયદા;
કેફીનું તારણ કદી હોય ન, કારણ કહું,
ન પળાય નૃપ પરમેશ કેરા કાયદા.
નિપજે નઠારાં પરિણામ ઘણા પ્રસંગોમાં,
સારા ખસી સંગમાંથી વસે તે ઇલાયદા;
રટે રણછોડ પછી આરોગ્યતા યોગ્યતા,
એકાએક જાય કરી અગસ્તના 'વાયદા.

એ કવ્યુક્તિ અક્ષરશઃ સત્યતાયુક્ત છે. એ રીતે મદ્યપાન સર્વ પ્રકારના અધર્મનું ઉત્પાદક સ્થાન છે. અનેક મનુષ્યો એ માદક પદાર્થના અનુપાનથી ભીક્ષુક બન્યા છે અને રોગગ્રસ્તતાથી ધર્મ, કર્મ વિહીન બની મરણને શરણ થઇ પડયા છે."

કુમુદાનું આ લાંબુ પણ અસરકારક ભાષણ શ્રવણગોચર થતાં ઉભય માતાપુત્રીના હૃદયમાં મદ્ય પ્રતિ નિરતીશય તિરસ્કાર વ્યાપી રહ્યો. રાજમાતાને આ અજ્ઞાત યૌવનાની સલાહ સત્યતા યુક્ત જણાવા લાગી. અને કુમુદાની આવી બોધપ્રદ સમીક્ષ્ય-કારીતાની પ્રશંસા કરવામાં તેનું ચિત્ત ઉદ્યુક્ત બન્યું. કેટલીક વારે વિચાર નિદ્રામાંથી જાગ્રત થતી રાણી બોલીઃ—

"અહો ! તમે તો ખરેખર મહાનુભાવ જણાઓ છો. કુમુદા ! તમારો સહવાસ અમને અત્યંત સુખપ્રદ અને આનંદ-વર્ધક નિવડશે." આટલું કહી રાજરાણી અને રાજકુંવરી સૌભાગ્યવતી ઉભય જણાંએ તાંબુલ અને મદ્યપ્રાશન નહિ કર-વાની તેજ ક્ષણે પ્રતિજ્ઞા લીધી. એટલામાં ભોજનને વાસ્તે દાસી તેડવા આવી. આથી ભિન્ન ભિન્ન પવિત્ર બ્રાહ્મણીયા રસોડાં ચાલતાં હોવાથી કુમુદા અને રાજરમણીઓએ તે સ્થળે જઇ પેટપુજા આટોપી દીધી. ત્યારબાદ રાજબાળા સૌભાગ્યવ-તીની અનુમતીથી કુમુદાને પણ તેના જ શયન ભુવનમાં સુ-વાને ફરમાશ થઇ એટલે વિભિન્ન મનોહર મૃદુ શય્યાયુક્ત

છત્ર પલંગમાં રાજબાળા અને કુમુદા નિદ્રાદેવીનું આવાહન કરતાં લેટવા લાગ્યાં. પરંતુ ચિંતાતુરતા અને પતિ પ્રેમથી હતાશ બનેલી કુમુદાને હૃદયશાન્તિ તે ક્યાં હતી વારૂ ? તે ચિંતાનિમગ્ન બાળાને નિદ્રા ક્યાંથી આવે ? ખરે ચિંતારૂપી અગ્નિ જીવન કાળમાં જ પ્રાણીમાત્રને દગ્ધપ્રદગ્ધ કર્યા કરે છે.

રાત્રિના લગભગ દશેકના ટકોરા ટનટન ઘટિકા યંત્રમાં સંભળાવા લાગ્યા. સુશીતલ રસસ્ત્રવતી ચંદ્રિકા મંદ મંદ હાસ્ય કરતી રાજમંદિરમાં બારીવાટે પ્રકાશ ફેંકતી હતી, અને આવી અજવાળી રાત્રિ હોવાથી ચંદ્રની શીતળ ચંદ્રિકા અને મંદ મંદ મધુર સુવાસિત અનિલ હૃદયને આનંદ આપતો હતો, પણ તે કોના હૃદયને ? માત્ર પ્રેમી અને સંયોગી પ્રેમી દમ્પતિને જ. નહિ કે કુમુદા સરખી પ્રિયજનના ચિંતનમાં લીન બનેલી હતભાગી બાળાને. તેને હૃદયશાન્તિ હતી કયે દહાડે ? મંદ મંદ વહન થતી સુશિતળ અનિલ લહરીઓ કુમુદાના સાળુ સાથે અફળાતી તેના છેડાને ઉછાળતી હતી. કેમ જાણે રસીક ભાવે પ્રેમાલિંગન કરતી હોય ! કુમુદા નિદ્રાભગ્ન થવાથી શય્યામાંથી ઉઠી અટારી પાસે એક ખુરશી તાણી તે ઉપર બેઠી. અને સાનિધ્યમાં પડેલી સારંગી હાથમાં લીધી અને મંદ મધુર કોકિલ કંઠે સારંગીના મધુરા સ્વર સાથે ગાવા લાગી.:—

વિયોગ.

(રાગ મ્હાડ.)

નાથ પધારો આજ, મોંઘા મારા, નાથ પધારો આજ;
દૂર વસો શિદ રાજ, મોંઘા મારા, નાથ પધારો આજ.
ડગમગ કરતા ડુંગર ડોલે, ડોલે સાગર નીર;
ગગને નવલખ તારક ડોલે, ડોલે અંતર ધીર.—મોંઘા૦
હૈડે રાખી પ્રેમ હિંડોળે, ખૂબ લડાવ્યાં લાડ;
ઉંડા અરણ્યમાં મૂકી રવડતી, રાખો હવે શીદ આડ.—મોંઘા૦
સરસરતો કાંઇ મેહુલો વરસે, વરસે અંધારૂં ઘોર;
દિનદિન નવ દુઃખડાં વરસે ત્યાં, અબળાનું શું જોર ?—મોંઘા૦
જુગના જુગ જતાં કંઇ લાગે, ગણતાં નાવે પાર;
કાળા કાળ વિષે પડી કંથથી, છૂટી અભાગી નાર.—મોંઘા૦

રંગમહેલે રસ રાસ રમાડી, પાયાં અમૃત અમોલ;
ભાગી ગયા ક્યાં પ્રભુ મ્હારા, સુણતા નથી એક બોલ !—મોંઘા૦
જડ આ જગતની શ્યામ ઘટામાં, સુસવે ઘોર સમીર;
નાર અનાથ એકાંત વહાવે, નયને અનહદ નીર.—મોંઘા૦
ઘન ગાજે ને વીજ ઝબુકે, બોલે દાદુર મોર;
કંથ વિના મુજ થરથર કંપે, કાજળડાની કોર.—મોંઘા૦
ઝગમગતાં સહુ રત્નને શું કરૂં ? શું કરૂં સોળ શણગાર ?
સ્વામી વિના મને એ સહુ લાગે, ધગધગતા અંગાર.—મોંઘા૦
લોક કહે કે જપ તપ કીધે, વ્હાલો મળે સાક્ષાત;
મેં દુઃખીએ વ્રત ક્રોડ કીધાં પણ, વ્હાલાની ક્યાંઇ ન આશ.—મોંઘા૦
વનવનમાં મુજ વ્હાલમ શોધ્યું, શોધ્યું સકળ સંસાર;
પ્રેમઘેલી બની પ્રીતમ ! પ્રીતમ ! ઝંખુ અધીરી નાર.—મોંઘા૦
ઘાડાં વાદળ જોઉં ઉપર ઉભાં, નીચે ધરા પાતાળ;
ઉજ્જડ અરણ્ય ચોપાસ વીંટે ત્યાં, કોણુજ લે સંભાળ.—મોંઘા૦
આવો આવો વહાલમ આવો, દઇએ આલિંગન ઉર;
વિયોગની વાતલડી વ્હાલા, કરશું પછી ભરપુર.—મોંઘા૦
તારક ક્રોડ ભલે ચમકે પણ, રજની ચહે શશિ રાજ;
ભર્યું ભર્યું બ્રહ્માંડ આ ખાલી, લાગે વિના શિરતાજ.—મોંઘા૦
વ્હાલા શું અબળા તરછોડી, કઠણ થયાં ઉર ક્રુર;
આ વેળા ભગવાન ! મળો તો, કદી ન જવા દઉં દૂર.—મોંઘા૦
ધગધગતા જળ સાગર તીરે, ઉભી આશાભર શ્યામ;
આવો, ઉંડે ઉર અવિચળ આપો, વિરહિણીને વિશ્રામ.—મોંઘા૦

ઉપરોક્ત ગાયન પૂરૂં થતાં જ આ પતિપ્રેમી પુન્યશીલાએ હતાશ બની નિઃશ્વાસ નાંખ્યો. પતિ વિયોગના અસહ્ય દુઃખથી કુમુદાનું મગન મુખમંડળ શોકથી છવાઈ રહ્યું. હૃદયમાં અનેક દુઃખોનો ધ્વનિ થઇ રહ્યો. શૂન્યમાંથી આવિર્ભાવ થયેલા શબ્દનો તેના હૃદયસ્થાનમાં ભયંકર આઘાત થયો. અહા ! પ્રેમનું વશીકરણ કેટલું ઉચ્ચ છે ? ખરેખર પ્રેમજ આ દુનિયાનું જીવન કહીએ તો શું ખોટું છે ? પ્રેમીપાત્રોના હૃદયની ઐક્યતા પ્રેમથીજ થાય છે. અને એજ પ્રેમ, દ્વેષ-ક્રોધ-સંદેહ વગેરેનો નાશ કરી ઐક્યતા અને શ્રદ્ધાનો ઉદ્ભવ કરે છે. આ સ્થળે સ્ત્રીજાતિ પ્રેમનું સ્થાન છે તે પ્રત્યક્ષ થાય છે, અને વાસ્તવિક રીતે તો પ્રેમ એજ સ્ત્રીનું દૈવત છે.

અહા! દમ્પતિ–પ્રેમની અવધિ નથી. સ્ત્રી પોતાના પ્રિયતમની ખાતર અત્યંત ભયંકર સાહસ કરવા તત્પર થઈ જાય છે. પત્નીપ્રેમ સંસારનાં દુઃખ–દર્દોનું ઔષધ છે, એ વાત સર્વથા નિર્વિવાદિતજ છે. બાળલગ્ન અને કન્યાવિક્રય ઈત્યાદિ બંધ થાય તો જ હિંદુ બાળાઓનો સંસાર સુખમય અને પ્રેમમય નિવડે એ નિઃસંશય અને સત્યતાયુક્ત છે. કુમુદા પતિના ચિન્તનમાં લીન બનતીજ પુનઃ કાંઈક ગાવા લાગી.

છોડીને કાં જાઓ ? ગગન મેદાન,
પ્રેમના વિયોગે હાય ! તરસે આ પ્રાણ;
જગતનું હરી તેજ કુમુદ ખીલાવો.
મુજ અંતરૂ આપ શિદ સૂકાવો ?
અધીરા હૃદયને હવે રહે ના ધીર;
પણ—ઉડી આવું કેમ ? પાંખ કે નથી શરીર.
પ્રીતમાં લપેટી પ્રાણ દૂર દૂર નાસે;
આશમાં મરે છે પ્રિય કુમુદ ઉદાસે.

(મળેલું).

આ ગાયન બોલતાં બોલતાં કુમુદાનું મુખમંડળ લાલચોળ બની રહ્યું. નિરાશાનું ગાઢ વાદળું હૃદયાકાશમાં છવાએલું હોય તેમ દર્શન થવા લાગ્યું. દિવાનખાનામાં આ વેળાએ મંદ દિપકનો પ્રકાશ ચળકાટ મારતો વ્યાપી રહ્યો હતો. સર્વત્ર શૂન્યતા અને શાન્તતા એકસરખી વ્યાપી રહી હતી. તેમાં જો ભંગાણ પાડનારો કોઇ પણ પ્રસંગ હોય તો તે માત્ર કુમુદાનો મધુરો સંગીત ધ્વનિજ કહી શકાય. આશાના સાગરમાં તરફડીયાં ખાતી કુમુદા ચંચળ દૃષ્ટિ દોડાવવા લાગી. પરંતુ કોઇ પણ સ્થળમાં સાગરનો કિનારો દૃષ્ટિગોચર થયોજ નહિ. પતિના વિયોગથી કુમુદાનાં નેત્રોમાં અશ્રુઓ ઉભરાઈ આવ્યાં. પ્રણયકાન્તના વિયોગ હૃદયવિદારક વિવિધ વિચારતરંગમાં તે લીન બની રહી. પતિવિરહ કુમુદાના હૃદયમાં એકસરખો દંશ દઈ રહ્યો હતો. આજે અર્ધનિશા આ રીતે ગમગીનીમાં પસાર થઈ ગઈ. આ રીતે અહોનિશ કુમુદા દુઃખમાં રક્ત રહેતી હતી અને પતિ પ્રેમથી ખંડિત બનતાં અવતાર વિફળ ગયા જેવું જણાતું હતું. પતિભક્તિ અને પતિચિંતનમાં જ સમયનો

મોટો ભાગ કુમુદા વ્યતીત કરતી હતી. કુમુદાની આવી પવિત્ર પતિભક્તિની પરિસીમાથી જો તેને પરમપદની પ્રાપ્તિ થાય તો તે સર્વથા ઉચિત જ છે. કુમુદાને જો કે પ્રેમીલો પતિ મળ્યો હતો છતાં સંભ્રમવાદી નિવડવાથી તે પતિપ્રેમથી હતાશ બની રહી હતી. પ્રિયજનના ચિંતનમાં લીન બનેલી કુમુદાનું ગાયન જો કે કુમુદા દિવાનખાના બહાર સંભળાય એટલા ઉચ્ચ સ્વરે ગાતી નહોતી, તોપણ નિદ્રાનો મિષ કરી સૂતેલી રાજબાળા સાંભળી રહી હતી. તે પણ ગુપચુપ નિશાચરવત્ અર્ધ ગાયન પૂર્ણ થતાં શય્યામાંથી ઉઠી અને કુમુદાની પાછળના ભાગમાં ગુપચુપ એકાએક આવી ઉભી. કુમુદા પણ આ એકાંતસ્થળમાં ગાતાં ગાતાં પતિવિરહ વ્યાધિના ઉભરા કાઢવા લાગી. જેમ જેમ ગાયન ગવાતું ગયું તેમ તેમ તેના નયનોમાંથી અશ્રુધારા સ્ખલીત થઇ તેના હૃદયપ્રદેશનું ચુંબન કરવા લાગી. ત્યારબાદ કેટલીકવાર વિચારનિમગ્ન રહેલી બાળા મંદસ્વરે કાંઇક ઉચ્ચારણ કરવામાં ગુંથાઇ રહી.

કુમુદ ખિલાવે ચંદ્ર પણ, મુજ કર્મે છે સૂર;
મુકુટમણી તવ વદનમાં, ચમકે શશીનું નૂર.

છેલ્લું પદ ગાતાં ગાતાં મૂર્છાવશ થતાં હૃદય ઉપરથી સારંગી પૃથ્વી ઉપર સરી પડી, ડોક મૃદુ બની ગઈ, મસ્તકચક્ર ભમવા લાગ્યું, કમળની પાંખડીઓ સરખી લલિત મંદસ્મિત ફરકાવતી આંખો બીડાઇ ગઈ. સારંગી પડી તેનો ધ્વનિ થઇ રહ્યો અને તે સાથે વિકસીત થયેલા વદનમાંથી ડુસ્કાંનો હૃદયવેધક ધ્વની પ્રકટી રહ્યો. એ સમયે દિવાનખાનામાં સર્વત્ર શોકનો વિસ્તાર થઈ રહ્યો. સ્નેહિની કુમુદાના વિલાપ અને વિયોગાન્ત વિલાપના અભિનયનું નીરિક્ષણ કરતાં રાજબાળા ચકિત બની ગઈ. કુમુદા ઉચ્ચ રોદનધ્વનીમાં શાન્તતાથી પોતાના હૃદયમંદિરના દેવની ભિક્ષા માગવામાં લીન બનેલી હતી. તેની આટલી પર્યવસ્થા નિહાળી સૌભાગ્યવતીના હૃદયમાં દયા અને દિલગીરીના વિચારો રમખાણ કરવા લાગ્યા. કુમુદાની અચેતનાવસ્થા સરખી ભયભરીત સ્થિતિ નિહાળી સૌભાગ્યવતી તો સ્તબ્ધજ બની ગઈ. તેના હૃદયમાં પણ આ

વિચિત્ર હૃદયનો દંશ નડવાને કારણભૂત બન્યો. તેણે એક કબાટમાંથી ગુલાબજળની શીશી કાઢી કુમુદાના પ્રકાશ મારતા મુખમંડળ ઉપર જોશબંધ છાંટવા માંડયું. એ શીતોપચારથી કુમુદાએ મંદ મંદ શ્વાસ ખાવા માંડયો, ચૈતન સ્ફુર્યું હોય તેમ તેનું વદનકમળ વિકસીત થયું અને આંખો પણ ઉઘડી. વળી મૂર્છાવસ્થામાં જ કાંઈક લવવા માંડયું.

"મારા મુકુટમણી! નેત્રાનંદ નાથ! શું મારી સેવાનો આખરે પ્રતીકાર જ કર્યો? અરેરે! પ્રભુ! શું હું કલંકિની ઠરી? આ શું કર્યું? મારા પ્રાણ! શું પુન્યશીલા છતાં પાપીની, વિશ્વાસઘાતીની બની? નહિ, નહિ. મારા વાસ્તે મારા હૃદયેશ્વર તમને હું તુસ્દી નહિ જ આપું. પાપીની લેખાવા સરખી પર્યાવસ્થામાં જીવન વહન કરવા કરતાં આત્મત્યાગ શું ખોટો? અરેરે! કાળા માથાના માનવીને ક્યાં ખબર હોય છે કે, તેના શરીર ઉપર શું શું આપત્તિનું આક્રમણ થશે? પતિત જીવ! જો તું પાપીષ્ટ ન હોત તો પ્રિયજનનો વિયોગ થાત ખરો કે? મારા નાથ! પ્રભુ! આપને પણ હું શું હિસાબે દોષપાત્ર ઠરાવું? ખરો દોષ તો મારા દુર્ભાગ્યનો જ. અરેરે પ્રભુ! હું કેટલી મંદભાગિની! અહા! કેવો ચમત્કાર! ક્યાં મુંબઈ અને ક્યાં આ રાજગઢનો પ્રદેશ. ખરેખર કોઈ મહાત્માએ કહ્યું છે કે, 'ઈશ્વર પળમાં ચ્હાય શો કરે' એ વચનો આ સ્થળે સત્યતાનું જ પ્રત્યક્ષ દર્શન કરાવી રહ્યાં છે. અરેરે! શું મારા હૃદયમણી મને ભૂલી ગયા હશે? મારા સરખી દુર્ભાગિની દારા વાસ્તે તેમ બને તો તે સર્વથા સંભવનીય અને શકયવત ઘટના લેખાશે. મારા સરખી પરિત્યકતા પત્નીનું દીર્ઘકાળે વિસ્મરણ થઈ જાય, તો તે સર્વથા સ્વાભાવિક અને ઉચિત વાર્તા છે." ક્ષણ વારમાં આવા વિવિધ વિચારમાં ડુબેલી આ બાળાની નિદ્રા ઉડી ગઈ. તેની ચળકતી આંખોમાંથી અશ્રુબિંદુઓ દ્રવવા લાગ્યાં. કુમુદાનું વદનકમળ રક્તવર્ણીય થઈ રહ્યું. સમસ્ત શરીરના રૂધિરની ધારાઓ એકત્ર થઈને નયનકમળમાં જ પ્રવાહિત થવા લાગી. તેના મસ્તકમાં ભ્રમણનો અવિકલ ઉદ્ભવ ચાલુ રહ્યો. ક્ષણભર બાળા અવાચ્ય રહી.

આથી અવરોધ થતા નિર્ઝરવત્ તેના સ્નેહ નિર્ઝરનું દ્વિગુણીત રૂપ થવા લાગ્યું. કેટલીક વારે હૃદય ગુહામાંથી દુઃખ તાપના ઉભરાઓ કાઢતી વળી કુમુદા બોલીઃ—

" મારા મુકુટમણી ! મારા નાથ !: શું મારા વિશુદ્ધ પ્રેમ માટે સંભ્રમ ! અરેરે પ્રભુ ! આ મારા વાસ્તે કેટલું દુર્ભાગ્ય ! ...તીના છતાં ધર્મવિહીના બની ! કુદરતનો પણ આ કેવો ભયંકર અનિવાર્ય કોપ ! અરેરે નાથ ! આ શોક–તાપના અગ્નિમાં બળી જતી અબળાને હવે આવા દુઃખપૂર્ણ પ્રસંગનું ક્યાં સુધી દર્શન કરાવશો ? અહો ! હું શરીરે સુખી જણાઉં છું, પરંતુ મનથી તો મારા પતિના મુખચંદ્રદર્શન વિહિન અત્યંત દુઃખી છું." એમ બોલતાં બોલતાં કુમુદાના નેત્રોમાંથી ચોધાર ઉત્કટ અશ્રુઓ સ્ખલીત થઇ તેના હૃદય પ્રદેશ ઉપર દ્રવવા લાગ્યાં. કેમ જાણે ચુંબન કરતાં હોય ! આવી કુમુદાની વિલક્ષણ પણ દુઃખમય જીવનપાત્રની પ્રતિકૃતિ દૃષ્ટિગોચર થતાં પાછળના ભાગમાં ગુપચુપ ઉભેલી સૌભાગ્યવતીનું હૃદય વિદીર્ણ થઇ રહ્યું. તે બાળાને પણ કાંઇક સ્મૃતિમાં ચડી આવ્યું હોય તેમ શોકાર્દ્ર અને ચકિત થઈ રહી. તેના ઉલ્લેખ વાસ્તે નિવેદન કરવું ઉચિત લેખાશે કે સૌભાગ્યવતી પણ હૃદયમણીના પ્રેમથી હતાશ બનેલી વિછોડાએલી હતી. આ અજ્ઞાત યૌવના કુમુદાના સ્નેહભગ્નતા અને શોકાતુરતાના પ્રત્યક્ષ દર્શનથી તે સ્નેહ વિચારો તેના હૃદયમાં રમખાણ કરી રહ્યા અને એજ વિચારે ચડેલી રાજબાળા સૌભાગ્યવતી પણ પ્રિય જનના ચિંતનમાં લીન બની શોકનો ભોગ થઇ પડી.

આ વેળા અર્ધ નિશાનો પ્રહર લગભગ ચાલી રહ્યા હતો તેથી ચંદ્રિકાનો પ્રકાશ સર્વત્ર એક સરખો વ્યાપ્ત રહેલો જણાતો હતો. આ રસસ્રવતી ચંદ્રિકાએ આ ઉભય યૌવનાઓની વિરહ વ્યથામાં નિરતીશય વૃદ્ધિ કરી. કુમુદાની કિંચિત્ સચેતનાવસ્થા છતાં પણ પોતાનો પ્રિયતમ Lover યાદગાર થતાં તેના વિરહ તાપથી સૌભાગ્યવતીનું હૃદય કંપીત થયું. મસ્તીકચક્ર ચકરાવા લાગ્યું. આવી ચિંતાતુરતા અને શોકાતુરતાથી હૃદય શુદ્ધિ ભગ્ન થવા લાગી અને એકાએક ભયંકર અને ત્યાં પ્રસરી રહેલી

શાન્તિને ભગ્ન કરતી, રાજમંદિરને ધ્વનિત કરતી કરૂણ ચીસ પાડતી રાજબાળા સૌભાગ્યવતી શરીરની અચેતનાવસ્થાનો ભોગ થઇ પડી અને પોતાના પ્રિય જનના ચિંતનમાં લીન બનેલી રાજબાળા વિરહ વ્યથાના અનિવાર્ય દુઃખથી જોતજોતામાં પૃથ્વી ઉપર ઢળી પડી. તેણે પાડેલી કરૂણ બુમના વિશિષ્ટ ધ્વનીથી રાજમહેલ એક સરખો ગાજી રહ્યો. એ કરૂણ ગર્જના–બુમ સાંભળી રાજમાતા પણ અર્ધ નિદ્રિતાવસ્થામાંથી એકાએક જાગ્રત થતાં ચમકી ઉઠયાં. આથી રાજમહેલમાં સર્વત્ર હાહાકાર અને કોલાહલનો ધ્વની વ્યાપી રહ્યો.

પ્રકરણ ૨૦ મું.

સંદિગ્ધ પ્રેમજાળ.

રાજબાળા સૌભાગ્યવતીનો કરૂણ રૂદન સ્વર સાંભળતાં-વેંતજ રાણી વિમળવતી શય્યામાંથી ચમકી ઉઠી અને બે ચાર દાસીઓ સમેત સૌભાગ્યવતીના શયનગૃહ સાનિધ્યમાં આવી લાગી. કુમુદા આ નવલ કુતુહલ જોતાં જ આભી બની ગઇ હતી. તે આત્મદુઃખ કેવળ વીસરી ગઇ હતી. તેના ઉજ્જવલ વદનકમળ ઉપર આશ્ચર્ય અને ભયની છાયા છવાયેલી જણાતી હતી. ક્ષણ બે ક્ષણ દિવાનખાનામાં સ્તબ્ધતા અને શૂન્યતાનું સામ્રાજ્ય વ્યાપેલું જ રહ્યું, પણ અંતે ત્યાં પ્રત્યક્ષ થયેલી રાણી વિમળમતીએ ભયાશ્ચર્યમાં ગરક થતાં અધિરતાથી પૂછયું:—

“કેમ શું છે, સૌભાગ્યવતી! આમ અચેતન શાથી? અહા! આ કેવો વિલક્ષણ ચમત્કાર? કહો, કહો, કુમુદા! આ ભયંકર ઘટનાનો ઉદ્‌ભવ શાથી?” અરેરે! મારી એકની એક લાડકવાઈ પુત્રીની આવી ભયંકર દુર્દશા કેમ થવા પામી?” એમ અતીવ ગદ્‌ગદિત કંઠે રાણીએ પૂછયું:—

કુમુદા આત્મ-દુઃખરૂપ ગાઢ નિદ્રામાંથી જાગૃતાવસ્થામાં પ્રવેશતી હોય તેવી રીતે ઉભી થતી બોલી:—“ અરેરે! રાણી સાહેબ! આમ અચાનક શાથી થયું તેની કિંચિત્ કલ્પના પણ અત્યારે હું કરી શકતી નથી! આટલી ભયંકર સ્થિતિનો ભોગ કુંવરીબા સાહેબ શા માટે થઇ પડયાં, એ વાર્તા હું પણ સમજી શકી નથી!” આ બાળાનું કથન સાંભળતાં તો સર્વ ભયાશ્ચર્યમાં ગરકાવ થઇ રહ્યાં. રાણીએ ભયાચ્છાદિત મુદ્રા દર્શાવતાં કહ્યું:—

“જુઓ છો શું? પ્રમીલા! પેલા સામેના કબાટમાંથી ગુલાબજળની શીશી લાવો. જરા શીતોપચાર કરીએ.” આમ હૃદયના ગભરાટમાં સામીપ્યમાં ઉભેલી દાસીને ફરમાશ કરી.

પ્રમીલા ઉતાવળે પગલે ગુલાબજળની શીશી કબાટમાંથી

ઉંચકી લાવી, એટલે રાણીએ ખોબે ખોબે સૌભાગ્યવતીના અચેતન બની ગએલા વદન ઉપર મંદ બળથી ગુલાબજળ છાંટવા માંડયું. કેટલીકવારે આ રીતે શીતોપચાર કરવાથી સૂર્યદેવના દર્શને વિકસીત થતાં કમળ કુસુમોની પેઠે તે હાલવા માંડી. આથી સર્વના મનમાં જીવનની અખંડ આશા સર્વથા ઉદિત થઇ રહી.

"બા સાહેબ ! જુઓ, જુઓ, કુંવરી સાહેબ હાલતાં જણાય છે. છાંટો, છાંટો, જરા વિશેષ ગુલાબજળ છંટાવા દ્યો." એમ મલકાતે મુખે પ્રમીલા બોલી ઉઠી. પણ તે વ્યર્થ. આખી શીશી છંટાઇ રહી, પણ સૌભાગ્યવતી અચેતનાવસ્થારૂપ ગાઢ નિદ્રામાંથી સંપૂર્ણતાથી જાગ્રત ન જ થઇ. આખરે રાણી કંટાળી ગઇ. આજે તેનું રૂદન શાંત થતું જ નહોતું. પુત્રી-વાત્સલ્યભાવથી શોકાતુર બનેલી સ્નેહમયી માતા ગાંડીની માફક કરૂણાજનક સ્વરે રૂદન કરતી હતી. તે ટગર ટગર રાજબાળા સૌભાગ્યવતીના આકર્ષક મુખ તરફ જોતી હતી. તેને નિરીક્ષણ કરતાં તે મુગ્ધ બની રહી હતી. તેણે પ્રમીલાને ઉદ્દેશીને કહ્યું:—

"પ્રમીલા ! પ્રમીલા ! જોઇ શું રહ્યાં છો ? એને શય્યાપર સુવાડો અને રાજવૈદ્યને આવવા દ્યો." આટલું ગદ્‌ગદ્ કંઠે બોલી રાણી અવાચ્ય રહી.

પુત્રીનું દુઃખી ચિત્ર જોતાં રાણીનું આખું શરીર કંપી ઉઠયું. અને જોતજોતામાં તે પણ બેભાનવત્ બની ગઇ અને પ્રલંગ ઉપર ઢળી જતાં પ્રમીલાએ તેને અત્યંત પરિશ્રમે અટકાવી. સ્નેહશીલ જનેતાના હૃદયમાં પુત્રી-દુઃખનો અપૂર્વ આઘાત સાલવા લાગ્યો. પુત્રીની સુંદર રમણીય મુખમુદ્રા તેના નયનો સમિપે તરવરી રહી. તે બોલી: "અહા ! કેવો ભયંકર ચમત્કાર ! કેટલું મનોહર મુખમંડળ ! કેટલાં તેજસ્વી નેત્રો ! કેવી આકર્ષક ભ્રમર ! કેવા પવિત્ર ગુલાબી ગાલ ! કેવો કૃપણ ચળકતો કેશ પાશ ! અહા ! તે સઘળું મ્લાન અને વીશીર્ણ શાથી બની ગયું ?" આમ સ્નેહપૂર્વક રાણી બોલતી બોલતી તેણે અતિ આક્રંદ કરવા માંડયું. તેની આંખોમાંથી ચોધાર આંસુઓ ટપકી રહ્યાં. ખરેખર એક બાળ રાજબાળાના આવા

કરૂણાત્મક દૃશ્યથી પથ્થર પણ રોવા માંડે તો એક સ્નેહશીલ જનેતાને વાસ્તે કહેવું જ શું? આનુંજ નામ અપૂર્વ માતૃ પ્રેમ!

રાણીની ફરમાશથી સૌભાગ્યવતીનું શબવત્ શરીર ઉચકાયું. પ્રમીલા અને અન્ય દાસીઓએ પગ અને કટી પ્રદેશના ભાગને ઉચક્યો. કુમુદાએ પીઠ તળે અને મસ્તક નીચે હાથ રાખ્યા. રાજરાણી પણ ઉચકવા લાગ્યાં, પરંતુ પુત્રી પ્રતિની વાત્સલ્યતાથી કંપીતં થતાં જ તેણે કરૂણ ચીસ પાડી. હાય, હાય રે, ઓ મારી શાણી સુતા! સૌભાગ્યવતી! બેટા! આ ગજબ શો થયો? બાપુ! આ તારી અભાગિની માતાને દુઃખી શાને કરે છે! એમ બોલતાં બોલતાં રાણીનું મસ્તક ચકરાવા લાગ્યું અને તે પડતાં પડતાં જ દિવાલના આધારે ટકી રહી.

હળવે રહીને ઇજા ન થાય તેવી રીતે મૂર્છાવશ બનેલી રાજબાળાને છત્ર પલંગમાં વ્યવસ્થિતતાથી સુવાડી દીધી, અને સર્વ રાજવૈદ્યની વાટ જોતાં આસપાસ વીંટળાઇ વળ્યાં. રાજરાણી માથા આગળ આવી ઉભી. પુત્રી પ્રતિના સ્નેહભાવથી ડોક નમાવી તેના ચળકતા વદન પ્રદેશ ઉપર એક મિષ્ટ ચુંબન ભરી લીધું. અને કપોલ પ્રદેશ ઉપર હાથ ફેરવતાં અશ્રુધારા વહેવરાવા લાગી. તેનાં ચળકતાં અશ્રુ બિંદુ ત્યાં ઉભેલા સકળ દાસી મંડળના અને કુમુદાના હૃદયને વીદીર્ણ કરી રહ્યાં.

આણી પાસ આ વિલક્ષણ કોલાહલથી મહારાજા પણ નવલ રાણીના શયન મહેલમાંથી જાગી ઉઠ્યા અને ત્વરીત વેગે આ દિવાનખાનામાં આવી લાગ્યા. તેમને પડેલા આટલા પરિશ્રમથી પ્રસ્વેદ બિંદુ કપોળ પ્રદેશ ઉપર છૂટવા લાગ્યાં. નયનમાંથી અસ્ખલીત અશ્રુધારા વહન થવા લાગી. હૃદયમાં એકાએક ત્રાસ છૂટયો. મનમાં પુત્રી પ્રેમથી ચીરા પડતા હોય તેમ જણાયું. મહારાજા અશુભ શંકાના ઉદ્ભવથી આકુળવ્યાકુળ બની ગયા. ગભરાટ અને ભયની છાપ તેમની મુખમુદ્રા ઉપર પ્રસરી રહી. તે દિલગીરી દર્શાવતાં બોલી ઉઠયાઃ—“ કેમ છે સૌભાગ્યવતીને! અચાનક આ શો ચમત્કાર! અરેરે! કુદરતનો આ કેવો કોપ! શું અમારૂં આટલું સુખ પણ દૈવથી સાંખી

ન શકાયું ? અરેરે ! એમાં દોષ કોનો ? માત્ર અમારા દુર્ભાગ્યનો જ !" આટલું બોલી રાજા મદનસિંહ અવાચ્ય રહ્યો.

પ્રમીલા ઉત્તર આપતી બોલવા લાગી:—"અન્નદાતા સાહેબ ! આટલું ભયભીત કે ધૈર્યભગ્ન થવાનું કારણ નથી. જો કે કુંવરી સાહેબ એકાએક અચેતન બની ગયાં છે, તોપણ વિશિષ્ટ ભય ધરવાનું હમણાં પ્રયોજન નથી. સ્વલ્પ સમય પૂર્વે તેમનું શરીર શિતોપચારથી સહજ કંપીત થયું હતું, એટલે ધીરે ધીરે પુનઃ મૂર્છામાંથી જાગ્રત થશે. વળી પૂર્વ કરતાં હમણાં સહજ ઠીક જણાય છે." એમ બોલી દાસીએ દીલાસો આપ્યો.

"અરેરે ! અચાનક આ શું થયું ! કુદરતનો આ કેવો ભયંકર કોપ !" એમ ગદ્‌ગદ કંઠે બોલીને આ દુઃખદાયક, હૃદયદ્રાવક દૃશ્યથી હૃદયમાં ઝટકા લાગ્યા હોય તેમ નિઃશ્વાસ ઉપર નિઃશ્વાસ રાજા નાંખવા લાગ્યો. અને દુઃખ તથા શોક સીંધુમાં ડુબતો રાજા મદનસિંહ રાજવૈદ્યને તેડું મોકલવા બહાર ચાલ્યો ગયો.

રાણી વિમળમતીનું હૃદય શોકના ઉભરાથી છલકાઇ રહ્યું હતું. પુત્રીના બેભાન થવાથી તેનું હૃદય પ્રજવલીત થતું હતું. આ બધો વખત તેની આંખોમાંથી એક સરખી અશ્રુધારા વહન થતી હતી અને હૃદય શોક અને ચિંતાતુરતાથી વિદીર્ણ થઇ રહ્યું હતું.

આ સઘળો સમય સૌભાગ્યવતી અચેતનાવસ્થામાં સૂતેલી પડી હતી. બેભાનાવસ્થામાં કેશકલાપ ચોગરદમ પ્રસરી ઉડયા કરતો હતો. તેમાં ગુંથેલાં કુસુમો ચોતરફ છિન્નભિન્ન થઇ વેરાયેલાં હતાં. પોતાની એકની એક પુત્રીની આવી દુઃખદાવસ્થા નિહાળી રાજરાણીને અતીવ દુઃખ લાગી આવ્યું હતું. પરંતુ લાચાર ! દિગ્મૂઢ સરખાં સર્વે રાજબાળાની આસપાસ વીંટળાઇ બેઠાં હતાં. અને અશ્રુ સારતાં આ ભયંકર ઘટનાનું પરિણામ શું આવશે તે વિચાર અને તજ્જન્ય શોકપ્રવાહમાં સર્વ તણાતાં હતાં. એવામાં રાજવૈદ્ય આવ્યો. તેના વિવિધ શિતોપચાર અને ચિકિત્સાથી રાજબાળાના શરીરમાં ચૈતન્ય સ્ફુર્યું અને મૂર્છાવસ્થામાંથી ત્રુટક ત્રુટક ગાન સરવા માંડયું.

પ્રિયતમને સંદેશ.

" કાસદ મુજ થા, પ્રિય પારેવા ! આજ તું,
સંદેશો લઇ જા તું પ્રિયતમ પાસ જો;
મિત્ર ગણી સોંપું હું તુજને કામ એ,
જઇ કહેજે આ મુજ ઉરના ઉદ્દગાર જો. કાસદ૦ ૧
પ્રિય ! હૃદય સોંપ્યું મેં તુજને જ્યારથી,
દુઃખ સુખ એ સર્વે તેની સાથ જો;
હૃદય તલપતું તુજ સુખ દુઃખને કારણે,
તુજ દર્શન વિણ નહિ ઉરને આરામ જો. કાસદ૦ ૨
સૂર્ય પ્રકાશે રંક નલિની ખીલતી,
સૂર્ય વિના નવ ખીલતું એનું ગાત્ર જો;
સૂર્યતણું તો કાર્ય જગતને કારણે,
નલિનીને વધુ ગણતો શું પ્રીતિપાત્ર જો. કાસદ૦ ૩
તદપિ હું આ હૃદય પાત્ર પ્રેમે ભરી,
કરૂં છું વ્હાલા ! તુજ પર પ્રીતિ અભિષેક જો;
પણ તેની દરકાર કરે નહિ પ્રાણ ! તું,
તારે મનથી તુચ્છ ક્ષુદ્ર એ ભેટ જો. કાસદ૦ ૪
બેદરકારી દેખીને તારી અરે !
ભસ્મ થાય છે મારૂં કોમલ ઉર જો;
હૃદય માનુષિ જો કદિ તારૂં હોય તો,
" સ્નેહ દૃષ્ટિ " એ માગું તારી પાસ જો.
સંદેશો આ કહેજે મુજ પ્રિય પ્રાણને." ૫

સન્ધ્યા.

અચેતનાવસ્થામાં બોલેલા ત્રુટક ત્રુટક શબ્દો કોઈનાથી સમજાયા નહિ. કેવળ ચાલાક યૌવના કુમુદા સમજી હોય તેમ તેની મુખપ્રતિક્ષા કરતાં અત્યક્ષ થતું હતું. કુમુદા જાણી શકી કે, રાજબાળા માનસિક મહદ્ વ્યાધિથી પીડિત છે. હૃદયના પ્રેમપાત્ર વિના તે રાજસુતા ઝુરે છે અને પોતાની ગુહ્ય આત્મ કથા ખુલ્લી કરતાં તેનું હૃદય કંપાયુ છે. અને આ રીતે વિરહ વ્યાધિમાં રાજબાળા દગ્ધ થાય છે. આ વિલક્ષણ ઘટના ચાલાક રાજવૈદ્ય પણ કળી ગયો હોય તેમ રાજ્ય રાણી વિમળમતીને આશ્વાસન આપતો તે બોલ્યો:–" ગભરાશો નહિ, રાણી સાહેબ ! શારીરિક વ્યાધિઓથી જે રીતે મનુષ્યો

પીડિત હોય છે તદનુસાર હૃદયના માનસિક વ્યાધિઓથી પણ ભયંકર દુ:ખો ઉભરાઇ આવે છે અને તે સમય વહનની સાથે જ દૂર થાય છે. માટે ચિંતાતુર કે ભયાતુર થવાનું પ્રયોજન નથી.” એમ કહી તેણે રજા લીધી.

રાજવૈદ્યના વિદાય થયા પછી ધીરે ધીરે કેટલીક વારે મૂર્છા વળી, એટલે લલિત લાવણ્યમયી રાજબાળા ગુલાબી કપોળ પ્રદેશ ઉપર હાથ મુકી, વિરહ વ્યથાને;અનુભવતી ભાવી પતિને સંબોધિ આર્જવતાથી અને પ્રેમાર્દ્રતાથી મંદ મૃદુ અને ગદ્‌ગદિત કંઠે કાંઇક પ્રેમોચ્ચારણ કરી રહી.

(અનુષ્ટુપ.)

“ ઉદ્યાન માળી ઉછેરીને, ખબર જો નહિ રાખશે;
જળ વિહીન મચ્છી બની, મૃત્યુના મુખમાં જશે. ”

ઉકત સંગીત, રાણી કિંવા અન્ય અજ્ઞાન દાસીઓ પણ સમજી શકી નહિ. આખરે ચેતનાવસ્થાનો કિંચિત્ ઉદ્‌ભવ થતાં જ રાજબાળા સૌભાગ્યવતીએ જળ યાચના કરી. એટલે સત્વર તેનો અમલ થઇ ગયો અને સૌભાગ્યવતીએ જળપ્રાશન કર્યું. આથી રાણીને ધૈર્યબળ ઉત્પન્ન થયું. તે ગદ્‌ગદ્ સ્વરેજ બોલી:-“ હવે તું નિશ્ચિંતતાથી સૂઇ જજે ! બેટા ! આટલી ચિંતા શાને ધરે છે ? ચિંતાતુરતા ધારણ કરવાથી વિવિધ વ્યાધિ હૃદય ગુહામાં ઉભરાઇ નીકળે છે. વાસ્તે જગન્નિયંતા પ્રભુનું ધ્યાન ધરી હવે સૂઈ જા.” આટલું કહી સૌભાગ્યવતીની સ્વસ્થતાથી ધૈર્યશીલ બનતી રાણી વિમળમતીએ કુમુદાને અને પ્રમીલાને ગમે તેવું અગત્યનું કાર્ય હોય તોપણ દૂર નહિ જ બસવાની સૂચના કરી અને પોતે અન્ય દાસીઓ સમેત સમીપના પોતાના શયનગૃહમાં ચાલી ગઇ.

કેટલીક મિનીટો વ્યતીત થઈ ગઇ. સૌભાગ્યવતી કુમુદાના વદન સામે ચકોરવત્ ધારી ધારીને નિરીક્ષા કરી રહી. આ સઘળો વખત કુમુદાની વિચારમાળા ચાલી રહી હતી. તે યૌવના પણ આશ્ચર્ય સાગરમાં તરફડતી હતી. પરંતુ કોઈ બાજુમાં આશાની ઉષાનો પ્રકાશ દૃષ્ટિગોચર થતો જ નહોતો. કેટલીકવારે ચુપકી તોડી કુમુદા બોલી:-“ કુંવરી સાહેબ ! આટલા

હૃદયસ્થ માનસિક વ્યાધિનું કારણ શું છે? કહો, કહો, રાજતનયા! આમ દુઃખી શાને બન્યાં છો? શું એ દુઃખદ વાર્તા કહેવા જેટલી અનુકમ્પા નહિ દર્શાવો? કહો જોઉં, રાજબાળા! આવા રાજવૈભવના સૌખ્યમાં ઉછરવા છતાં આટલી હૃદયવ્યથા શા માટે!" કુમુદાએ ઉત્સુકતાપૂર્ણ દૃષ્ટિ કરતાં જ પૂછ્યું.

આ સઘળું સાંભળી રાજસુતા મૌન્ય જ રહી. તે નિઃસ્તબ્ધતાથી સુખં શય્યામાં પડી પડી સઘળું સાંભળી રહી અને વિચાર પ્રવાહમાં વહેવા લાગી. વળી કાંઇક મંદ મંદ સ્વરે ઉચ્ચારણ કરી રહી.

" દારૂણ દુઃખડાં કોને કહેવાં?
કાતિલ ઘા છે દુષ્કર સહેવાં
પતિ પ્રેમામૃત હૃદય ચહે છે;
વિરહ દાહે પ્રજળ્યા જ રહે છે." (મળેલું.)

રાજબાળાના હૃદય ઉદ્ગારોને સાંભળનારી કુમુદા ચકિત બની ગઈ. આ નવીન કુતૂહલ નિરખી કળી ગઇ કે આ બિચારી રાજબાળાનું હૃદય પ્રણયકાન્ત વિના ઝુરે છે. છતાં પણ અજ્ઞાનતા દર્શાવતાં કુમુદા બોલી:-

" સુશીલ રાજસુતા! કુંવરી સાહેબ!! આટલાં હૃદયવેધક વેણો શાનાં છે? સત્વર કહો, સૌભાગ્યવતી બ્હેન! તમે આ શું બોલો છો? આટલા માનસિક વ્યાધિનું કારણ શું છે?" એમ ગદ્ગદ્ કંઠે કુમુદાએ આર્જવતાથી પ્રશ્નો પૂછી રાજબાળાની ગુહ્યવાર્તા જાણવા અધિરતાનું દર્શન કરાવ્યું.

સૌભાગ્યવતી ચોમેર દૃષ્ટિ ફેરવતી આસપાસ કોઇ પ્રિયજન નહિ જોતાં પ્રફૂલ્લ વદને પ્રેમરશ્મિ પ્રકટાવતાં જ હૃદય વ્યાધિનું ગુહ્ય કારણ પ્રદર્શીત કરતાં જ બોલી:-

" કુમુદા! તમે એક અજ્ઞાત યૌવના છો. આથી, મારા અંતરવ્યાધિનું તમારી સમક્ષમાં નિવેદન શી રીતે કરૂં? એટલી હિમ્મત જો કે હું ધરાવતી નથી છતાં પણ જ્યારે તમારી આટલી ઉત્સુકતા છે, તે નિહાળી મારૂં હૃદય તમારી સમક્ષમાં ખુલ્લું કરી બતાવીશ. કુમુદા! હૃદયના પ્રણયીપાત્ર વિહીન મારૂં હૃદય અતીવ દગ્ધપ્રદગ્ધ થાય છે અને આટલી માનસિક

વ્યથાથી હું અત્યારે પીડીત છું, તેનું ગુહ્ય કારણ પણ મારા પ્રણયપાત્રનો વિયોગ છે.” આમ કહેતાં કહેતાં રાજબાળાની આંખોમાંથી ઉત્કટ આંસુઓ ટપકી તેના હૃદયપ્રદેશને ચુંબન કરવા લાગ્યો. તે આંસુઓનો ઉત્કટ ચળકાટ કુમુદા અને પ્રમીલા ઉભયના હૃદયને વિદીર્ણ કરી રહ્યો. કેટલીક વારે મૌન્ય બનેલી રાજબાળાએ પોતાનું આત્મવૃત્તાંત નીચે પ્રમાણે કહી સંભળાવ્યું.

“મારા પિતાના રાજ્યની સીમાથી કેટલેક અંતરે એક કનકપુર નામક રજવાડું છે. તે રાજ્ય અમારા રાજ્યનું એક ખંડિયું સંસ્થાન ગણાય છે. અને તેથી અમારા રાજ્યને કેટલીક ખંડણી ત્યાંના તખ્તનશીન રાજ્યકર્ત્તાઓ વંશપરંપરાથી ભર્યે જાય છે, પરંતુ વર્ત્તમાનકાલીન રાજા કનકસેને એ રાજનીતિનું ઉલ્લંઘન કરીને ખંડણી લેવા જનાર સરદારને તિરસ્કારી કાઢયો અને પોતાની સ્વતંત્રતા જાહેર કરી દીધી. આવા વિપરીત વર્ત્તમાનથી નૈસર્ગિકરીતે જ મારા પિતાના મનોરાજમાં વૈરવૃત્તિ ઉદ્ભૂત થઈ આવી. ત્યારબાદ સરદારે પણ મહારાજા સમક્ષ આવી પોતાના અસહ્નીય અપમાનની અને ખંડણી મેળવવામાં નીવડેલી નિષ્ફળતાની કથા નિવેદન કરી દીધી. આથી મહારાજાનું હૃદય અત્યંત પ્રજવલીત થઈ રહ્યું. એ રીતે ઉભય રાજ્યોએ રણક્ષેત્રમાં ઉતરી પડવાની તૈયારીઓ કરવા માંડી. આથી શહેરમાં દારૂણ તોપોના અવાજો વારંવાર સંભળાવા લાગ્યા. તોપોના ભયાનક ધ્વનીથી પૃથ્વી પણ કંપાયમાન થવા લાગી. આ રીતે અલ્પ સમયમાં સંગ્રામની ભીષણ જવાળારૂપ તૈયારી ભડભડવા લાગી. સહસ્રાવધિ સૈનિકો સમરવેદીમાં પ્રાણાહુતી આપવા ઉત્સુકતા ધરાવવા લાગ્યા, કિંતુ પોતપોતાની ગૌરવતાના સંરક્ષણ વાસ્તે પ્રાણ વિસર્જન કરવો એ એક આનંદદાયક પ્રસંગ હોય એવી માનીનતા ધરાવવા લાગ્યા. એ સઘળા સમય દરમ્યાન ઉભય રાજ્યો શત્રુરાજ્યના અનુયાયીઓને પરહેજ કરી શૃંખલાબદ્ધ સ્થિતિમાં કારાગૃહ નિવાસી બનાવવા લાગ્યા. આથી ધીરે ધીરે ભયાનક વૈર અને ઉશ્કેરણીના પોકારો ચતુર્દિશામાં વ્યાપ્ત થઇ રહ્યા અને યુદ્ધ તરંગોનું પુર સમુદ્રની ભરતી ઓટવત્ ઉભરાઇ રહેવા લાગ્યું. આ સમય

દરમ્યાન એક સમયે હું રાજગઢથી આઠેક માઈલ ઉપર આવેલા અંબિકાદેવીના દેવસ્થાનમાં નવરાત્રિના દિવસો હોવાથી મારા સમવયસ્ક સખીવૃંદસહિત દર્શન કરવા ગઈ. એ વેળાએ મારી સાથે ઘોડેસ્વારની એક ટુકડી મારા સંરક્ષણ વાસ્તે આવેલી હતી. મેં જે વખતે એ સરઘસ સહવર્ત્તમાન માજીના પવિત્ર દેવમંદિરમાં પ્રવેશ કર્યો કે, એક ભયંકર અને સર્વત્ર પ્રસરી રહેલી શાન્તિને ભગ્ન કરતી કીકીયારી સંભળાવા લાગી. અને ક્ષીતિજમાં ધુળીકાના ગોટેગોટ વ્યાપી જવા લાગ્યા. કેમ જાણે ધુમસથી નભોમંડળ આચ્છાદન થયું હોય !

“ આ શું ! આટલો કોલાહલ શાથી ? શું શત્રુઓ તો નહિ હોય ? ” આવી તરેહના ભયંકર વિચાર પ્રવાહમાં મારી સ્નેહશીલ સહીયરો સહિત હું ઘસડાવા લાગી. અને સૈન્યાધ્યક્ષના ઉત્તેજનથી મારી સાથેના રણધીર રક્ષકો પણ શસ્ત્રાસ્ત્રથી સજ્જીત થઈ શૌર્યથી આમેજ થઈ રાહ જોતા ઉભા.

“ સમય સાયંકાળનો હતો, અનિલ મંદ મંદ વહન થતો હતો, સૂર્યનારાયણ અસ્તાચળ તરફ સવેગે માર્ગક્રમણ કરી રહ્યા હતા. એવામાં હરહર મહાદેવના પોકારોથી ચતુર્દિશા વ્યાપ્ત થઇ રહી. અને પવનવેગે ધસી આવતા કેટલાક સૈનિકો ઉભરાતા તીડવત્ ટૂટી પડયા. આ રીતે અમારા અને અરિદળના સૈનિકો વચ્ચે નાનું સરખું પણ તુમુલયુદ્ધ થયું, પરંતુ સહસ્ત્રાવધિ સૈનિકો પાસે મુઠ્ઠીભર સૈનિકોનું શું ગજું ? વૃક્ષમાંથી પડતાં શુષ્ક પર્ણવત્ સૈનિકો ક્રમે ક્રમે પડતા ગયા અને જોતજોતામાં પ્રત્યેક સૈનિકે સમરજ્વાળામાં પ્રાણાહુતી અર્પણ કરી દીધી. તે વેળાએ બનેલા ભયંકર બનાવથી ભયચકિત બનેલી હું મારા મનોવ્યાધિનું શું વર્ણન કરૂં ? આ વેળા કીનાખોર અને જુલ્મી શત્રુ સૈનિકોના હાથે મારા ભડવીર રક્ષકો કપાતા જોઇ મારી હૃદયગુહામાં ભયંકર વૈર જ્યોતિ પ્રજવલિત થઈ રહી. હું ભયાશ્ચર્યમાં ગરકાવ થતાં ગદ્‌ગદ્ કંઠે બોલી ઉઠી કે, જુઓ છો શું ? લાવો એક સમશેર, એટલે દુશ્મનોનું કાળજું ભેદી રક્તસરિતા વહેવડાવું. અરે ! પણ મારો એ વેળાનો આર્તનાદ—કરૂણ સ્વર સાંભળે કોણ ? સહુ

સહુને સ્વાત્મ રક્ષતાનો સવાલ થઈ પડયો હતો. તેમ બહાદુર સૈનિકોએ મારી એ દીન યાચનાને અનુમોદન આપ્યું નહિ. એ રીતે મારી યાચનાનો અનાદર થયો. વળી એવા ભયંકર કોલાહલમાં મારો કરૂણ મંદસ્વર સંભળાય પણ કયાંથી ? મારી સહચરીઓ ચુપચુપ ગુપ્તસ્થાનમાં ભરાઇ બેઠી. આથી મારા ગભરાટ અને ભયાતુરતામાં દ્વિગુણીત ઉમેરો થયો. માનવસ્વભાવવત્ આપત્તિકાળમાં હું ઇશ્વર સ્મરણ કરવા લાગી. સમર ક્ષેત્રને ધ્વનીત કરતા કાળસરખા કરાળ યોદ્ધાઓ શત્રુ સૈનિકોના હાથે કપાયા. તે જોતાં મારૂં હૃદય કંપાયમાન થયું.

“ હા ! વિધાતા ! આ તારો કેવો ભયંકર કોપ ? અહા ! કુટિલ કાળ ! ! આ તારૂં કેટલું અભદ્ર કૃત્ય ? અરેરે પ્રભુ ? ! મારા ચર્મ ચક્ષુઓથી હું આ શું નિહાળું છું ? અહા ! વિધાતાની કેવી અમંગળ અભદ્ર અભિલાષા ? સંસારનાં અભદ્ર અને અટપટાં દ્રશ્યો મારી દૃષ્ટિ આગળ પ્રત્યક્ષ કરી તું મને શા માટે પજવે છે ? અરેરે ! હું પણ કેટલી મંદભાગિની ! શું એ મારા મંદભાગ્યની વિલક્ષણ રેષા નહિ કે ? આવા વિવિધ વિચાર વમળમાં મારૂં મનોનાવ ઝોલાં ખાવા લાગ્યું. આ દારૂણ દુ:ખથી સ્તબ્ધ અને ભયાતુર બનેલી મારી હૃદયગુહામાં ઉલ્કાપાતો થવા લાગ્યા. આંખોમાંથી ઉત્કટ અશ્રુબિંદુ ટપકવા લાગ્યાં. એ અશ્રુધારાથી હૃદય પ્રદેશ ભીંજાયું અને હૃદયના વિદીર્ણતાથી કટકા થવા લાગ્યા. અરેરે ! મ્હારે લીધે આ બહાદુર સૈનિકોની કેટલી ભયંકર દશા થઇ છે ? હવે હું આ વિપત્તિમાંથી કેવી રીતે મુક્ત થાઉં ? અહા ! વૈરનો પ્રવાહ કેટલો ભયંકર વહે છે ? હરી ! હરી ! ! આ કેટલું ભયંકર દુ:ખ ? માતાપિતાનો વિયોગ ! અહા ! ! કેટલો હૃદયવેધક છે ? શું એ નરાધમો મારૂં હરણ કરી જશે ? અરેરે ! એવી અભદ્ર કલ્પનાથી મારૂં હૃદય વીંધાઇ જાય છે. અરે એ દુષ્ટોના પંઝામાં સપડાયા પૂર્વે જ મારા આ દુર્ભાગી જીવનનો અંત લાવવો તેમાં શું ખોટું ? કારણ કે આ વિટમ્બનાનો અવધિ જણાતો નથી. આવું દુ:ખી જીવન લંબાવવામાં પણ શું સાર છે ? એમ વિલક્ષણ અને શોકાતુર મુદ્રા કરતી હું

તે વેળા ત્વરાથી દેવાલયની બહાર ગઇ અને જોતજોતાંમાં એક અંધકારયુક્ત ઉંડા કુવા ઉપર આવી ઉભી. ક્રોધાકુળ બનેલી હું મારૂં દેહભાન પણ ભૂલી ગઇ હતી. હું ત્વરાથી મહામાયા અંબિકાદેવીનું સ્મરણ કરી આ પતિત પંચ મહાભૂતનો ત્યાગ કરવા તત્પર થઇ ગઇ. એવામાં એકાએક વિલક્ષણ કલ્પનાનો મારા હૃદયમાં ઉદ્દભવ થયો.

"સહસા વિદધીત ન ક્રિયામ્."

"આ વિચારથી આત્મઘાત કરતાં મન સ્થંભી ગયું. કે તેજ ક્ષણે અંધકારમાં કોઇ અજ્ઞાત વ્યક્તિએ મારો કોમળ હાથ પકડયો. આથી મારૂં હૃદય ભય અને શોકથી દોલાયમાન બન્યું. અને તે કૃષ્ણ વસ્ત્રધારિણી.આકૃતિએ એક દ્વિતીય સૈનિકને ફરમાશ કરી કે 'આ મુગ્ધ બાળાને મારા અશ્વ પાસે ઉચકી જાઓ.' આ તેના ફરમાનથી મેં કલ્પના કરી કે, આ કોઈ સૈન્યાનાયક છે.

"ઉપર્યુક્ત ભયંકર આક્રમણથી હું ચૈતન્ય રહીત અને સ્નાયુશૂન્ય બની ગઈ અને પોતાની સૈન્યાના વિજય થવાથી સરદારની ફરમાશથી પ્રયાણને વાસ્તે તે તૈયાર થઈ ગઇ. સર્વેએ કેનકપુરના મહારાજા કેનકસેનના નામની જય ઘોષણા બોલાવી, જેનો તુમુલ ધ્વની નભોમંડળમાં વ્યાપી રહ્યો. છેવટે મને પણ બળાત્કારપુર્વક ઉચકી સરદારના અશ્વ ઉપર બેભાન સરખી અવસ્થામાં નાખી દીધી અને તુરતજ આ અરિદળ પ્રયાણ કરી ગયું. પુનઃ એ શાન્તિજનક સ્થળે નિઃસ્તબ્ધતા અને શૂન્યતા પ્રસરી રહી. એ રીતે મારા ચૈતન્ય શૂન્ય શરીરને ઉચકી શત્રુ સૈનિકોએ પ્રસ્થાન કર્યું. ત્યારબાદ કેનકપુરના કારાગૃહમાં મને બંદીવાન બનાવવામાં આવી." કુમુદા બહેન ! એ વેળાના હૃદયવેધક દુઃખની શું વાર્તા કરૂં ? એ દુઃખ પ્રસંગનું સ્મરણ થતાં મારૂં હૃદય કંપાયમાન થાય છે અને હૃદયમાં દાહ થાય છે, પરંતુ દેવીકૃપાથી મારા સમસ્ત દુઃખનો કેવી આશ્ચર્યકારક રીતે પરીહાર થયો તે દુઃખમય વૃત્તાંત તમારી સમક્ષમાં હું હવે પછી નિવેદન કરીશ. એમ બોલતાં બોલતાં રાજબાળા સૌભાગ્યવતીની આંખોમાંથી અશ્રુબિંદુઓ ટપકવા લાગ્યાં અને ઉત્કટ ચળકતાં અશ્રુબિંદુનો ચળકાટ કુમુદાના હૃદયને પણ વિદીર્ણ કરી રહ્યો અને અશ્રુધારા ચાલતી રહી.

પ્રકરણ ૨૧ મું.

પ્રણય દાન.

સૌભાગ્યવતી એક રાજસુતા છે અને વળી તે આટલી પ્રણયકાન્ત ઉત્સુક યૌવના છે. તે સાથે તેના સંબંધમાં ઉદ્‌ભૂત થયેલા અનેક દુઃખ પ્રસંગોયુક્ત તેનું આત્મવૃત્તાંત સાંભળીને કુમુદાને અત્યંત આશ્ચર્ય થયું. તદુપરાંત આવા સ્વર્ગિય રાજવૈભવ-સૌખ્યમાં રહી પવિત્ર પ્રેમ ટકાવી રહી છે. એ જાણી તેને વિશિષ્ટ આશ્ચર્ય ઉત્પન્ન થયું. તેનો દુઃખપૂર્ણ સત્ય વૃત્તાંત સાંભળતાં તેનું હૃદય શોકભારથી આચ્છાદન થઈ રહ્યું. કેટલીક વારે આંસુ લૂછતી રાજબાળા નીચે પ્રમાણે આત્મવૃત્તાંત કહેવા લાગી.

" પ્રેમલુબ્ધ પ્રણયપાત્રના વિશુદ્ધ પ્યારના ઉભરાતા હૃદય-મંદિરના ઉભરાઓ નૈસર્ગિક રીતે જ પ્રણયપાત્રોને આકર્ષે છે. સમસ્ત સૃષ્ટિ પ્રેમસુધારસમાં દ્રવતી હોય તેમ સત્ય પ્રણયપ્રતીત કરે છે. આજે હું એવાજ વિશુદ્ધ પ્રેમ નિર્ઝરમાં ડુબી રહી હતી. પરંતુ એ સ્નેહ સરિતાને પતિરૂપ સ્નેહસાગરમાં લીન થવા જેટલીજ અછત હતી. પ્રણયપાત્રના સાહજીક મીલનથી મારા મનની એવીજ વૃત્તિ આજે થવા પામી હતી. એવી વિલક્ષણ સ્થિતિનો અનુભોગ કરતી હોઉં એવી જ મારી ત્રિશંકુવત્ પર્યાવસ્થી થઇ રહી હતી. તે વાસ્તે અત્રે વિશિષ્ટ ઉલ્લેખ કરવો હું ઉચિત ધારૂં છું. કુમુદા ! જ્યારથી હું શત્રુ સૈનિકોના હાથમાં બંદીવાન બની ત્યારથી મારૂં ખીલતું યૌવન આ વેગશૂન્ય અને દુઃખપૂર્ણ જણાતું હતું અને ઉષાકાલીન તુષાર બિન્દુઓ દ્રવીત થવાથી જેમ ગુલાબ કુસુમોની અપૂર્વ સૌંદર્યતાનો વિસ્તાર થાય છે તેવીજ રીતે અશ્રુથી મારૂં વદન વિભૂષીત રહેતું હતું. એટલે કે એ સઘળો સમય હું રોદનમાં જ વ્યતીત કરતી હતી.

" હમણાં લગભગ સાયંકાળ થયો હતો. ભગવાન સહસ્ર-

રશ્મી ભાનુદેવ નભોમંડળમાંથી અસ્તાચળ પાછળ કૂદી પડવાની તૈયારી કરી રહ્યા હતા. વિશાળ આકાશમાં શ્વેત સ્વચ્છ છટા પ્રસરેલી હોવાથી એક પ્રકારની વિચિત્રતાનો ભાસ થતો હતો. આ વેળા ઘટિકા યંત્રમાં ટન ટન પાંચના ટકોરા વાગ્યા. એ વેળા મારી સાથેના સર્વ સૈનિકોસમેત હું કુનકપુરમાં પ્રવેશ પામી. રાજમહેલ કાસારકિનારેજ બંધાવેલો હોવાથી એક યૌવનાએ બાળક ઉચક્યું હોય એવું અપૂર્વ સૌંદર્ય જળપ્રદેશમાં પ્રતિત થતું હતું !

"રાજ્યકાર્યભારથી શ્રમીત બનેલા રાજા કુનકસેન તેમજ રાજકુમાર ચંદ્રસિંહજી તળાવ સમિપના એક વિરામ સ્થાનમાં ખુરશીઓ ઉપર વાતચિત કરતા બેઠેલા હતા. અને આ શાન્તિજનક સ્થળે મંદ સુગંધિત શીતલ અનિલ લહરીઓનું આસ્વાદન ચાખતા હતાં. એટલામાં મને શૃંખલાબદ્ધ સ્થિતિમાં જ સૈન્યાધ્યક્ષે રાજા સન્મુખ ઉપસ્થિત કરી અને સર્વ વૃત્તાંત સવિસ્તર કહી સંભળાવ્યું. એ વિલક્ષણ વાર્તા સાંભળતાં તે વેળા રાજાના વદન ઉપર આશ્ચર્ય આનંદ અને શોકની છાયા છવાયેલી જણાતી હતી, પરંતુ પોતાના શત્રુ રાજ્યની જ રાજકન્યા આમ એકાએક આકસ્મિક રીતે સપડાઇ જવાથી છેવટે આનંદ છાયા મુખમંડળ ઉપર પ્રાધાન્યતા ભોગવતી હોય તેમ પ્રત્યક્ષ થવા લાગ્યું. મહારાજા કુનકસેન મંદસ્મિત ફરકાવતાં જ બોલ્યા.

"શાબાશ છે ! કુરૂણસિંહ ! તમારા સમાન પ્રતાપશાળી સૈનિકો મારા રાજ્યમાં છે, તે પણ એક મહદ્‌ભાગ્યની નિશાની છે. આથી હું એવી માનીનતા ધરાવતો થયો છું કે, આ કુનકપુરના સ્વાતંત્ર્ય સૂર્યનો ઉદય સદાને માટે થઈ જશે. હાલ તુર્ત તો આ રાજબાળાને આપણા કારાગૃહમાં પ્રવેશ કરાવો. અને પુનઃ છટકી ન જવા પામે તેવો બંદોબસ્ત કરજો." રાજાએ અગમચેતી વ્યક્ત કરતાં જ કહ્યું. આથી આ સરદારનું નામાભિધાન કુરૂણસિંહ હશે એમ મેં જાણ્યું.

"આ સઘળો વખત રાજકુમાર ચંદ્રસિંહ સ્નેહસુધા વર્ષાવતા મારી તરફ તાકી રહ્યા હતા. કેમ જાણે મારા યૌવન—

સૌંદર્યનું નિદિધ્યાસન કરતા હોય ? તે મંદ શીતળ હવાનું આસ્વાદન કરતા હતા. છતાં પ્રસ્વેદથી ઘેરાઇ જવા લાગ્યા. અને શૂરવીર છતાં કામદેવના કટાક્ષથી કંપીત થતા હતા. હૃદસ્થ વિકારોનું ગોપન કરવા છતાં રોમાંચથી આચ્છાદિત થતા હતા. આથી લજ્જાતુર બનેલી હું ભોંય તરફ જોઇ રહી. પુનઃ ઉંચુ જોતાં ચંદ્રપ્રતિ નિહાળતા ચકોર પેરે તેમની દૃષ્ટિ પ્રેમના કિરણો ફેંકતી હોય તેમ પ્રતિત થતું હતું. આથી સ્વાભાવિક નૈસર્ગિક પ્રેમથી મારૂં હૃદય પણ તેમના પ્રતિ આકર્ષાતું હોય તેમ હું અનુભવવા લાગી. પ્રેમ લહરોમાં નાચતા હૃદયમાં નવલભાવ ઉદિત થયો. ખરેખર પ્રણયી પાત્રોના હૃદયમાં પ્રેમ આમ સ્વાભાવિક રીતે જ ઉદિત થતો હશે એવી માનીનતા હું આ વેળા જ ધરાવતી થઇ. ઉભય પ્રતિ પ્રેમનાં આન્દોલનો ફેંકાવા લાગ્યાં. રાજકુમાર આડી નજરે વારંવાર મારી સામે જોતા હતા. કેટલીકવારે પ્રેમ ઉલ્લાસથી નાચતાં ચક્ષુઓ સમેત ઉભય એકી ટસે નિહાળી પ્રેમસુધારસનું પાન કરવા લાગ્યાં અને સ્તબ્ધ થઈ રહ્યાં. આનંદ અને શોકના ઉભરાથી ડોલતી કમલીનિવત્ ઉભરાતા પ્રેમપ્રવાહમાં હું ડુબી રહી; તેમની પ્રેમજ્યોતિથી પ્રકાશતા ચક્ષુઓ અને ગુલાબી પ્રેમોન્નત વદનકમળ ઉપર મારી દૃષ્ટિ આકર્ષાઇ રહી. મારૂં હૃદય શોકાનંદના ઉભરાથી ઉભરાઇ રહ્યું. વદન ઉપર પ્રશ્વેદ બિન્દુ છૂટવા લાગ્યાં અને મારૂં શરીર મન અને પ્રાણ એ પ્રેમમૂર્તિ પ્રતિ આકર્ષાઇ રહ્યાં. કામદેવ એકસમાન ઉભયને વ્યથિત કરતો જોઇ હું કામદેવની ઉપકારિણી બની રહી. અને આ ચંદ્ર મારા દુઃખરૂપ અંધકારનો પરિહાર કરવા વાસ્તે જ નિર્માણ થયેલ હોય તેમ મને બહાવરી બનાવવા અન્ય સ્વરૂપ ધરી આ સ્થળે આવ્યા હોય તેમ જણાતું હતું. પ્રેમની ઉન્નત અભિલાષાનું પાન કરતા અને મોહિત બનેલા રાજકુમાર પણ મારી પ્રતિ નિહાળી રહ્યા. કેમ જાણે પ્રેમઘેલછાથી ઉન્મત્ત બનેલું હૃદય ચોરાઇ ગયું હોય ? આ રીતે ઉભયનું મન પ્રીતિની સાંકળથી ગુંથાઇ ગયું. એ રીતે પ્રેમીપાત્રો પરસ્પર ભેટી, પ્રેમાચ્છાદનથી સંસારને પણ વિસરી જાય છે અને પોતાના પ્રણય પાત્રવિના અન્ય સર્વને વિસ્મૃત થાય છે.

" આ પ્રમાણે મોહ અને પ્રણયનિદ્રામાં પડી એકાગ્ર દૃષ્ટિથી નિરીક્ષા કરતા અમે ઉભય મોહબાણુથી વીંધાવા લાગ્યાં, પણ એટલામાં રંગમાં ભંગ પડયો. મહારાજાની ફરમાશથી સરદાર તથા અન્ય સૈનિકો સમેત શૃંખલાબદ્ધ સ્થિતિમાં હું કારાગૃહ પ્રતિ પ્રયાણ કરવા લાગી. પુનઃ એકવાર, ભય, શોક, લજ્જા અને પ્રણયના હૃદયધ્વનીનો સાક્ષાત્કાર અનુભવતી હું પસાર થવા લાગી. રાજકુમાર પણ સંપર્ણ પ્રકારે આકર્ષાયેલા જ હતા. કારણ કે દૃષ્ટિમર્યાદામાંથી લોપ થતાં સુધી તેઓ ચકોરવત્ મારા પ્રતિ જોતા જ રહ્યા. " कामातुराणाम् न भयं न लज्जा " આ સૂત્રની સત્યતા આ સ્થળે પ્રત્યક્ષ થઈ રહી.

" જોતજોતામાં કારાગૃહ સમિપમાં આ કાળ ,સરખા ક્રુર સૈનિકો સમેત હું પણ આવી લાગી. કારાગૃહ શહેરના બાહ્ય વિભાગમાં જ હતું તેને ફરતી કિલ્લેબંધી કરેલી હતી. ગઢની દિવાલ દસ બાર હાથ ઉંચી હોય તેમ પ્રતીત થતું હતું. આ કારાગૃહની આસપાસ કેટલાંક તરૂવરો પવનના ઝપાટાથી નાચતાં હોય તેમ હાલક ડોલક થતાં હતાં. આ કારાગૃહમાં રાજ્યકેદીઓ જ ગોંધાતા હશે તેમ મેં સહજ અનુમાન બાંધ્યું. કારણ કે કારાગૃહના આંતરિકભાગમાં સર્વત્ર શાન્તિ અને શૂન્યતાનો સંચાર થયેલો જ દૃષ્ટિગોચર થતો હતો. આ કારાગૃહમાં ચોતરફ વિશાળ ઓરડાઓ હતા અને પૂર્વવિભાગમાં છૂટ ઓસરી આવેલી હતી. છેવટે કેટલોક માર્ગક્રમણ કરી એક ઓરડા આગળ મને થોભવું પડયું, કારણ કે સૈનિક પહેરેગીરો આ સ્થળે દ્વાર ખોલતા હતા. આથી મેં ભયાતુરતાથી એક ભયંકર ચીશ પાડી અને રૂદન કરવા માંડયું. પરંતુ મારૂં રોદન સર્વથા અરણ્યરોદનવત્ નિરર્થક નિવડયું. કારણ કે આ યમદુતો સરખા સૈનિકોના હૃદયમાંથી દયાના દેવતા ક્યારનાએ પલાયન કરી ગયા હતા. આ બદમાશોએ ઓરડામાં એક મંદ દીપક પ્રકટાવી મને અંદર ધક્કેલી દીધી અને પોતાની સાથે માર્ગમાંથી ખરીદી લીધેલ મીઠાઈ અને એક જળપાત્ર યથોચિત્ સ્થળે મૂકીને પુનઃ દ્વાર વાસી તાળું મારી અન્ય બે સૈનિકોને ઉચિત્ બંદોબસ્ત રાખવાનું કહી સરદાર ચાલ્યો

ગયો હોય તેમ તેઓની વાતચિત ઉપરથી મેં તેજ ક્ષણે અનુમાન બાંધ્યું.

"આ ઓરડામાં રાજ્યકેદીઓ સારૂ જુની પુરાણી બે ત્રણ ખુરશીઓ એકાદ ટેબલ અને બીજો જરૂરી અસબાબ ગોઠવ્યો હતો. શયન વાસ્તે એક સાદો પલંગ પાથર્યો હતો. પ્રવાસના શ્રમથી શ્રમિત થવાથી આખરે હું શય્યા ઉપર લેટવા લાગી. મેં કેટલીકવાર આંખો મીંચી શ્રમને શાન્ત કર્યો. '**चिन्तातुराणाम् न सुखं न निद्रा**' એ સુત્રાનુસાર નિદ્રાદેવી તો આજે છેક કઠોર અને શત્રુવટ ધરાવતી થઇ હતી. એ રીતે હું આંખો વિકસાવતી એક બારી તરફ જોવા લાગી. એ સમયે રજની વલ્લભચંદ્ર સૌંદર્યતા–સુધારસ ધારા વર્ષાવતો પૂર્વદિશાની ક્ષિતીજની સહજ ઉંચે ચઢેલો જણાતો હતો.

"તેનાં શીતલ મંદ કિરણો મારા શયન સ્થાનમાં પણ પ્રવેશ પામી ચુકયાં હતાં. અંધકારની સત્તાને નષ્ટ કરતી ચંદ્રિકા સૌંદર્ય પ્રસરાવતી આકાશમાં હસી ઉઠી હતી. કેટલીક ઘટિકા પર્યંત તેનું સૌંદર્ય–માધુર્ય નિહાળી હું શૈયાપર લેટવા લાગી. આ સ્થળે સર્વત્ર શૂન્યતા ,અને શાન્તતા પથરાઈ રહી હતી. હૃદયમણીના વિચારોમાં મારૂં ચિત્ત આકર્ષાયલું હતું. મસ્તીષ્કમાં અલ્પ સમય પૂર્વના વિચારો ઉદ્ભવવા લાગ્યા. ભાવી ભર્તારનું પ્રત્યક્ષ ચિત્ર ખડું થયું. આવી અસહ્ય હૃદયસ્થ ઉત્સુકતાથી હું બારી પાસે જઇ ઉભી. આ વખતે ચંદ્રે પોતાનાં ચંચળ કિરણોથી નભોમંડળને સૌંદર્યતામય કરી મેલ્યું હતું. નિશાનાથ ચંદ્ર પણ વિરહીજનોને દગ્ધ કરતો હોય તેમ કામદેવતાની વ્હારે ચડયો હતો. એ રીતે ચંદ્રિકા સુખસંચારીણિ હોવા છતાં મારાં વિરહી હૃદયને અગ્નિજ્વાળાતુલ્ય દુઃખદાયીની અને અંધકારમય જ ભાસતી હતી.

"આ પ્રમાણે વિરહરૂપી પ્રચંડ સરિતાના વેગમાં તણાતી હું કારાગૃહની બારીમાંથી બાહ્યપ્રદેશમાં જોવા લાગી અને અશ્રુપ્રવાહ વહેવડાવવા લાગી. સમિપની વૃક્ષરાજીમાંથી આવતા શીતળ મંદ અનિલને ધગધગતા અંગારાવત્ તે વેળા હું અનુભવતી હતી. મુખકમળ ઉપર મ્લાનતા વિસ્તરી રહી. તે

વેળા પ્રિયજનની ઇષ્ટ મુર્ત્તિમાં લીન બનતાં બનતાં દુ:ખીત હૃદયગુહામાંથી મંદ રવ થઈ રહ્યો:—

"અરેરે! મેં મંદભાગિનીએ તેમને બહુ સતાવ્યા. મ્હારા લીધેજ તેમના હૃદયમાં કંપારી છૂટી હશે. અરે મૂર્ખ મન! એને મળવાને વૃથા તલપાપડ શાને બને છે? તને તેટલો ઉંચો અધિકાર શાનો હોય? અરેરે! મેં એવાં શું પુણ્ય કર્યાં હશે કે આવા કામદેવ સરખા રાજપુત્રનો મારા ઉપર પ્રેમ! તોપણ તે પ્રેમવાસ્તે હું હતાશ જ બની, એ પણ મારૂં ભાગ્ય લેખાય. અરેરે! અચાનક આ શું થયું? અંબિકાદેવીના દર્શનાર્થે પ્રયાણ શું? તેમાંથી શત્રુ સૈનિકોના પંજામાં સપડાવું શું? પ્રણયપાત્રનો વિરહ શો? તેના પ્રેમની વ્યથા શી? મ્હારૂં અહિં આવવું અને મારી આવી દુ:ખમય સ્થિતિ થવી ક્યાં સરજાયલી હશે? ખરેખર! મારૂં હૃદય મોહવશ—પ્રેમવશ બની રહ્યું છે. આટલું આકર્ષણ શાથી? કોણે કર્યું? શું રાજકુમારે કર્યું? કે યૌવને કર્યું? કે કામદેવતાએ કર્યું? તે કશું હું સમજી શકતી નથી. હું તો મારા હૃદયમણીના મુખચંદ્રને જોતાં જ તેમના ચંદ્રમુખદર્શનમાં તન્મય સરખી પરતંત્ર અને સ્તબ્ધ સરખી અને વિલાસચેષ્ટામય થઈ ગઇ છું. એ તેં શું હશે? રખેને રાજકુમારે કાંઇ કામણ ટુમણ કર્યું હોય? અરેરે! દયાહીન કામદેવે મને પણ મોહવશ બહાવરી બનાવી મુકી છે. આવી વિલક્ષણ તરંગમાળા મારા હૃદયમાં તે વેળા ચાલતી હતી

"ઉપર્યુક્ત વિરહવ્યાધિનો અનુભોગ કરતી હું સ્તબ્ધ અને શાન્ત બની રહી. અને હૃદયના અસહ્ય વ્યાધિની ગભરામણથી મેં મારી પ્રિયકરણી શીયળ રક્ષણી કટાર હાથમાં લીધી અને તેને હૃદયમાં હુલાવી આત્મઘાત કરવા તત્પર બની ગઈ. એવા કટાકટીના વિપદ વખતે સામેની બારી સાનિધ્યમાં કાંઈક પરિચીત ગેબી ધ્વની સંભળાયો. આથી હું એકાએક ચમકી ઉઠી. પ્રણયકાન્તે મોહવશ બનાવેલી અને વિવર્ણતાએ રતિક્રીડામાં વ્યુત્પન્ન કરેલી કંપતી કંપતી હું બારી સામે નીરિક્ષા કરી રહી. એટલામાં સહસા કાંઇક ઉચ્ચારણ થતું

સંભળાયું. આથી અચાનક હૃદયકંપ રોમાંચ, અશ્રુપાત અને ઉત્સુકતાના આવિર્ભાવો હૃદયમાં ઉદ્‌ભૂત થયા. તે અપરિચીત આકૃતિ બોલી:–

"બાળા ! ધૈર્ય ધરો ! હું તમારો પ્રેમભેદ પામી ગયો છું. તેને માટે શોક ન કરો. અડગ ધૈર્યનું અવલંબન કરો. આશાની ઉષામાં સુખ–સૂર્ય ઉદિત થાય છે તેમ અપ્રતિમ પરિશ્રમ કરવાથી જ સર્વ દુઃખનો પરીહાર થાય છે, માટે આટલું ભયંકર સાહસ શા માટે ? આત્મઘાતનું ભયંકર પાપ શા માટે લેવું જોઇએ ?" એમ આશ્વાસનયુક્ત પ્રશ્નો પુછતી તે આકૃતિ ક્ષણભર અવાચ્ય રહી.

"આટલા ઉદ્‌ગારો સાંભળતાં તે અજ્ઞાત વ્યક્તિ તરફ સાહજીક મારી ચિત્તવૃત્તિ આકર્ષાઇ રહી. મેં પણ ઉત્સુકતાપૂર્ણ દૃષ્ટિએ તે આકૃતિ તરફ જોયા જ કર્યું, એટલામાં કંપીત થતા હાથમાંથી કટાર સરી પડી. તે સ્વર પરિચીત હોય તેમ ભાન થયું અને સાહજીક બોલી જવાયું:—

"શું, નાથ ! આખરે દાસીની વ્હારે ધાયા ? શું હું આ સત્ય જ નિહાળું છું ? કે પછી સ્વપ્નમાં પરિભ્રમું છું. ના, રે, ના, હું જાગૃતજ છું. શું દુષ્યંત સામે શકુન્તલા પણ આ રીતે જ અનુરાગીણી બની તેના મુખચંદ્રને અવલોકતી હતી ? આહા ! રાજકુમાર મને તો સર્વગુણનિધિ જ જણાય છે. આહા! તેમનામાં એવા શા ગુણો ભર્યા હશે કે, હું તેમને નિહાળી આટલી મુગ્ધ બની જાઉં છું ?" એમ બોલતી શ્રમથી તંદ્રાનો અનુભોગ લેતી હું સ્નેહભરી દૃષ્ટિ ઠારી અવાચ્ય બની રહી.

"રાજબાળા ! પ્રિયે ! આહા ! પ્રેમનો પ્રવાહ કેવો અકલ્પનિય અને અનવરૂદ્ધ છે તે હું આજે જ અનુભવું છું. કોણ જાણે શાથી મારા મનમાં પ્રેમનો અંકુર ફુટયો છે ? તેની કલ્પના પણ મારા હૃદયથી પરિત્યકતા બની છે. રાજબાળા ! હું તમને કેવી રીતે સુખી કરી શકું એજ વિચારવમળમાં મારૂં દિલ ગુંથાયું છે; માટે ધૈર્ય ધરો ! સુંદરી ! આત્મઘાતરૂપ અઘોર પાપ લેવાનું કિંચિત્ પણ પ્રયોજન નથી.

પ્રિયે ! આવા નિર્જીવ કારણસર આટલી ઉદ્વિગ્નતા કરવી ન ઘટે.” આટલું બોલી રાજકુમારે મંદસ્મિત ફરકાવ્યું.

“મહારાજ ! મારા હ્રુદયમણી ! હું મારા ક્ષુદ્ર જીવિત હ્રુદયને તમારા પદકમળની સેવામાં સમર્પી બેઠી છું. પ્રભુ ! શું મારી આટલી પ્રેમયાચનાનો સ્વીકાર કરી આપની મહાશયતાનું પરિપાલન નહિ કરશો કે ? નાથ ! આટલો અંતરાય શામાટે જોઇએ ? હવે શરમ શાની ? અને શા માટે ? સત્વર અંદર પ્રવેશ કરો પ્રભુ ! આપના ચંદ્રમુખ દર્શનની હું અભિલાષીની છું. શું મારા વિશીર્ણ બની ગયેલા વદનની આટલી દયા પણ નહિ આવે નાથ ? ” એમ ગદ્‌ગદ્ કંઠે મેં કહ્યું.

“ઉપરોકત વાતચિત મારા મુકુટમણી–પ્રણયકાન્ત સાથે તે વખતે થઇ હતી. તે મેં તમારી સમક્ષમાં જેવી ને તેવીજ નિવેદન હમણાં કરી છે.' ત્યાર બાદ મારા પ્રણયકાન્તે મારી પ્રેમયાચનાનું પરિપાલન કરવા, પોતાની પ્રેયસીને ભેટવા આ ભયંકર કારાગૃહનું ગુહ્યદ્વાર ખોલી અંદર પ્રવેશ કર્યો. આથી મારા સૌંદર્યની સમસ્ત તેજસ્વિતા એકત્ર થઇને મારા મુખપ્રદેશ ઉપર જ પ્રવાહિત થઈ રહી. મારા હ્રુદયમાં પ્રમોદ અને હર્ષનો અવિકલ આવિર્ભાવ થઈ રહ્યો અને અનુરાગપૂર્ણ દૃષ્ટિથી તેમના મુખચંદ્રનું દર્શન કરવામાં હું લીન બની રહી. ત્યાર બાદ એ મારા હૃદયમણિ સાથે મેં ક્ષત્રિયોને વાસ્તે ઉચિત એવું ગાંધર્વ લગ્ન કરી નાખ્યું. એ રીતે અમારૂં નવલયુગ્મ પ્રેમબંધનથી બંધાઇ ગયું. અહા ! તે પરમાનંદ સુખનું શું વર્ણન કરૂં ? કુમુદા ! કેમ જાણે સ્વર્ગના નંદનવનનું જ સૌખ્ય ઉપસ્થિત થયું હોય એવું એ સુખ ! મારા મુકુટમણિએ કારાગૃહના બાહ્ય ભાગમાં બે અશ્વો એ વખતે રાખ્યા હતા. ત્યાર બાદ પ્રેમાલિંગન દઇ અમે ઉભય જણાં ગૂપચૂપ ગુહ્યદ્વાર વાટે કારાગૃહ બહાર નિપૂણ નિશાચરવત નિકળી આવ્યાં અને અશ્વારૂઢ થઈ પ્રેમવાર્તામાં લીન બનતાં અમે ત્વરાથી માર્ગક્રમણ કરવા લાગ્યાં. અને અતિવ ત્વરીતવેગે પ્રવાસ કરતાં અમે અર્ધનિશા વખતે જ આ રાજ્યગઢના પાદરમાં આવી લાગ્યા. ઉભય પ્રેમથી ભેટી પડયાં. એ વેળા બ્હેન કુમુદા ! એ મારા

હૃદયમણિએ મારી કરાંગુલિ ઉપર પ્રણય નિશાની માટે પોતાની છબીવાળી મુદ્રિકા પહેરાવી દીધી. એટલે મેં પણ મારી મુદ્રિકા એ મારા નેત્રમણિની કરાંગુલિમાં પહેરાવી દીધી. ત્યાર બાદ તેમણે મને સમયોચિત આશ્વાસન આપ્યું અને મને છેલ્લું પરિરંભણ—આલિંગન આપી મારા પ્રેમ દેવતાએ મારો ત્યાગ કર્યો. પોતાના અશ્વને દોડાવી મૂકી જોતજોતામાં દૃષ્ટિમાંથી ગેબ થઈ ગયા. એ વેળાના વિરહ દુઃખની હું શું વાત કરૂં ? કુમુદા ! એ પ્રસંગનું સ્મરણ થતાં મારૂં હૃદય કંપાયમાન થાય છે. ત્યારથી જ મારૂં હૃદય ગુહા વિરહ—વહ્નિથી ભડભડ બળી રહ્યું છે. એ વેળા એ મારા નેત્રમણીથી વિખુટી પડેલી હું હતાશ બની રહી અને એ વેળા પ્રસરેલી અંધકારયુક્ત નિશામાં અંધકારનું ભેદન કરતી હું ગૂપચૂપ રાજમહેલમાં ગુપ્તદ્વારવાટે આવી લાગી. એ રીતે મારી પ્રત્યક્ષતાથી આ મારાં સ્નેહશીલ માતાપિતાના જીવમાં જીવ આવ્યો હોય તેમ મને તે વેળા પ્રત્યક્ષ થતું હતું. ત્યાર બાદ કોપાયમાન બનેલા મારા પિતાએ વૈરવૃત્તિથી તે રાજ્ય ઉપર આક્રમણ કર્યું અને કનકપુરના રાજા કનકસેનની તેના સૈન્યસમેત ખુવારી કરી. તત્ક્ષણાત તે રાજ્ય ઉપર પોતાની આણ વર્તાવી દીધી. એ યુદ્ધ પછી મારા મુકુટમણિની શું પર્યાવસ્થા—દુરાવસ્થા થઈ તેના કશા સમાચાર નહિ મળવાથી મારા હૃદયમાં અત્યંત કારી ઘા વાગ્યો છે. કુમુદા ! પ્રણયપાત્ર—પ્રિયજનના વિયોગ કાળે પ્રેયસીની કેવી પર્યાવસ્થા થાય છે તે દુઃખની કલ્પના તેવાં પ્રણય પાત્રો જ અનુભવે છે. એ રીતે મારા હૃદયમણિ કોઇ ગુપ્ત સ્થાનમાં ભરાઇ ગયા છે અને ત્યારથી જ હું આવા ભયાનક માનસિક વ્યાધિની અનુભવિની બની છું. ત્યાર પછીની સર્વ ઘટના તમને સુવિદિત જ છે એટલે તત્સંબંધે કિંચિત પણ પિષ્ટપેશણ કરવું અનાવશ્યક છે. ”

ઉપર્યુક્ત પોતાનું ગુહ્ય આત્મવૃત્તાંત કહી રાજબાળા સૌભાગ્યવતી અવાચ્ય રહી એટલે પુનઃ દિવાનખાનામાં સર્વત્ર શાન્તિ અને શૂન્યતા પ્રસરી રહી.

પ્રકરણ ૨૨ મું.

પ્રેમલુબ્ધ કાન્તિલાલ.

"અરેરે ! પ્રભુ !! હું કેટલો મંદભાગી છું ? મારી નિર્દોષ પુન્યશીલ પ્રિયતમા મારી માનસિક નબળાઇનો ભોગ થઇ પડી. અરેરે ! મેં હાથે કરીને જ ઇષ્ટને બદલે અરિષ્ટ આદર્યું છે. જે દુર્ભાગ્યચક્રે હું પત્નીપ્રેમથી હતાશ બન્યો છું, તેજ દુર્ભાગ્યયોગે હું આટલા આપદ્‌કાળને પાત્ર બન્યો છું. હું પણ દેશ વિદેશ શોધખોળ કરીને કંટાળ્યો, પરંતુ પ્રિયમૂર્ત્તિનો કોઈ પણ સ્થળે પત્તો મળતો જ નથી. પત્નીની શોધખોળમાં આટઆટલું પરિભ્રમણ કર્યું છતાં કશી બાતમી મળી જ નહિ. એજ પૂર્વજન્મના પાપ કર્મનો પ્રભાવ લેખી શકાય. આસપાસના ગામોમાં ભ્રમણ કરતો અંધકારયુક્ત રાત્રિએ હું આખરે કુંદનપુરના પાદરમાં જ આવી લાગ્યો છું. અરેરે ! મારી સુકોમળ સ્નેહલતા–હૃદયેશ્વરી કયાં પરિભ્રમતી હશે ? હાય ! હાય ! કયે સ્થળે રઝળતી રવડતી હશે ?" આમ અંતઃકરણમાંથી ઉષ્ણ ઉદ્‌ગારોના ઉભરા વ્યક્ત કરતો ભગ્ન હૃદયે પરિભ્રમણ કરતો એક વિરહી સ્વાર અંધારામાં એકાએક માર્ગક્રમણ કરી રહ્યો હતો. ભાગ્યચક્રથી પ્રિયાંગનાના પ્રણય પાત્રના મુખોદ્‌ગારો આવા જ હોય તે સર્વથા સંભવનીય અને સ્વાભાવિક જ છે.

અંધકારયુક્ત અર્ધનિશાનો પ્રશાંત સમય ! ગાઢ ભીષણ અંધકાર, તેમાંયે નભોમંડળ અભ્રાચ્છાદિત હોવાથી તારામંડળ ક્વચિદ્‌ ક્વચિદ્‌ ચમકતું પ્રત્યક્ષ થતું હોવાથી વિશિષ્ટ અંધકાર વ્યાપી રહેલો જણાતો હતો. તદુપરાંત જંગલી પશુઓની ભયંકર ચીસો અને આવું જનશૂન્ય સ્થાન નિહાળી ક્ષુદ્ર અને ધૈર્યહીન મનુષ્યના તો હાંજા જ ગડગડી જાય ! ત્યારે આવી ભયાનક અંધારી રાત્રિએ પ્રિયવાચક ! આ ઘોડેસ્વાર કોણ છે ? અને શા માટે પરિભ્રમણ કરે છે ? તે વિષે અત્રે ઉલ્લેખ કરવો ઉચિત જ લેખાશે. તે આપણી આ કથાની એક નાયકા

કુમુદાનો પતિ કાન્તીલાલ છે. કુમુદા લોપ થઇ ત્યારથી તેની શોધખોળ કરવાને કાંઈક બાતમીના આધારે કાન્તીલાલ કેટલાક દિવસો થયાં કુંદનપુર સમીપના પ્રદેશમાં જ ભ્રમણ કરતો હતો. **'मनसा चिंतितं कार्यं दैवमन्यत्र चिन्तयत्'**[1] એ સૂત્ર આ યુવક મનમાં જ બડબડયો. તેના મનમાં વારંવાર એમ થઇ આવતું કે, મારી પ્રિયાંગનાનું મેં પંચદેવની સમક્ષમાં પાણીગ્રહણ કર્યું છે; તે વાસ્તે પણ મારે તેના પ્રતિ ઉચિત સ્નેહ દર્શાવવો જ જોઇએ. તેના બદલે મેં મંદમતિએ મૂર્ખતાને લીધે તેનો સમૂળગો ત્યાગ કર્યો. કેટલું અનુચિત્ કર્મ લેખાય? કુમુદા કદાચિત્ મારા અનુચિત વર્તનથી હતાશ બની મહીયરમાં ચાલી ગઇ હશે, કિંવા આસપાસના ગુપ્તસ્થાનમાં ભરાઈ રહી હશે. એવી વિલક્ષણ શંકાશીલતાની પાંખ ઉપર ઉડયાં કરતું તેનું ભગ્ન હૃદય વાનરપેરે ક્ષણમાં આ લતા ઉપર અને બીજી ક્ષણે બીજી લતા ઉપર ઉછાળા મારી રહ્યું હતું—પરિભ્રમણ કરી રહ્યું હતું. ખુદ મુંબઇમાં જ કશો પણ પત્તો ન લાગવાથી અધીરો બની આ અભાગી યુવક સ્વપત્નીની શોધખોળમાં અટન કરતો હતો. અહા ! પ્રેમલુબ્ધ યુવક ! તારી હૃદયહારિણી પ્રેમમયી પુન્યશીલામાં સંમોહ પામી તે માટે તેં કેટલું સાહસ કર્મ આદર્યું છે? અહો ! પ્રેમ દેવતા ! તારી અકળિત લીલાની પણ બલિહારી જ કહી શકાશે. તારા જ પ્રબળ પાસમાં બંધનયુક્ત થયેલો આ પ્રેમપીપાસુ યુવક પોતાની પ્રણયધર્મ ભગ્નતાનું પાયશ્ચિત કરવા આમ પરિભ્રમે છે. એ રીતે પ્રણય પાત્રો પવિત્ર પ્રેમધર્મમાં ચુસ્ત અને લીન બની અન્યને નિહાળી શકતાં જ નથી. એ રીતે વિશુદ્ધ પ્રેમ નિર્ઝરનો લોપ થવો સર્વથા અસંભવનીય જ છે. અને પત્નીવિયોગથી તેનો એક એક દિવસ પણ એક એક યુગ જેટલો અસહ્ય અને અલંઘનીય નિવડયો છે. પ્રિયતમાના પ્રેમાર્દ્ર મધુરા શબ્દો તેને અત્યંત દુઃખદાયક અને ચિત્તવેધક થઇ પડયા છે, અને જેમ જેમ સમય વહન થાય છે તેમ તેમ ઉત્સુકતા અને અકળામણમાં વૃદ્ધિ થતી જાય

---

૧. મનવડે ચિંતન કરેલું કાર્ય કંઈ હોય છે ત્યારે દૈવે ચિંતન કરેલું કાર્ય કાંઇ જુદું જ હોય છે.

છે. અને તેના જ પરિણામે તે ગૃહત્યાગ કરી આત્મત્યાગ કરવાનો અભિલાષ ધરાવતો હોય તેવું સાહસ આદરી રહ્યો છે.

કુમુદાની ભયંકર સ્થિતિની કલ્પનાના ઉદ્ભવથી તેનું ભગ્ન હૃદય કંપાયમાન થતું હતું. **साधुनाम् भयम् दुर्जनः*** એ સૂત્રનું સ્મરણ થતાં તેના ખિન્ન હૃદય ઉપર વજ્રપાત સરખી વેદનાનો દંશ થવા લાગ્યો. આથી પ્રિયમૂર્ત્તિને પુનઃ ભેટવાની તે અતીવ ઉત્સુકતા ધરાવતો હતો. કાન્તિલાલના ભગ્ન હૃદયમાં એકાએક વિચાર વાદળું આચ્છાદનં થઇ રહ્યું. તે હતાશ અને ભગ્ન હૃદયે જ બોલ્યો:-" અરેરે ! જગત્ નિયંતા પ્રભુ ! આ કેટલી દુઃખકર ઘટના ? અહો ? મેં કેવું અરિષ્ટ આદર્યું ? કેટલી સાહસિક વૃત્તિ કરી ? અરેરે ! અત્યારે તો મને ઘણોએ પસ્તાવો થાય છે, પરંતુ જળવહન થયા પછી પાળ બાંધવા સરખો એ પશ્ચાતાપ શા કામનો ? મૂર્ખ મન ! તારી દુષ્ટ મતિએ જ તને દુઃખ દીધું છે. તો હવે નિરર્થક પસ્તાવો કરવામાં શું સાર ? અરેરે ! મારી કોમળ લતા ? તું ક્યાં છે ? તારા ભોળા ભર્તારનો ત્યાગ કરી તું કયા સ્થાનમાં ગેબ થઇ ગઈ ? અરેરે ! આટલું સંકટ ઉપસ્થિત કરવાને હું પોતે જ કારણભૂત બન્યો છું. સુંદરી ! તારો તેમાં અલ્પ પણ દોષ નથી. અહા ! તે વેળાની તારી કેટલી કરૂણ અવસ્થા ?" કુમુદાના અંતર દુઃખની કલ્પના પણ અત્યારે આ અભાગી યુવક કરી રહ્યો. કુલીન કુમુદા પતિપરાયણ પતિપ્રેમોત્સુકા પ્રેમઘેલી ઉછળતી યૌવના છે. અલ્પ દુઃખના આંચકાથી પણ તે સુકોમળ કંપતી લતા પેરે કંપાયમાન થાય છે. તે આ ભાગ્યહીન ભર્તારને સુવિદિત જ હતું, અને આથી એવી અમંગળ શંકાનો ઉદય થતો કે, રખેને આ દુઃખના આઘાતથી પત્નીની નાજુક સૌંદર્યભરિત શરીરલતાની કરાળ કાળના મુખમાં આહુતી અપાય ? તો પછી મારી કેવી દુર્દશા ? યુવકના હૃદયમાં વળી પણ વિચારમાળા ચાલી રહી.

"અરેરે ! પ્રિયદેવી ! તારૂં ચંપક પુષ્પ જેવું સુંદર શરીર કેવળ શુષ્ક અને તેજ વિહીન જ બની રહ્યું હશે. અરેરે ! વ્હાલી ! પ્રિયતમા ! હું કેટલો દુર્ભાગી છું કે આવી દુરા-

* સાધુ પુરૂષને દુર્જનનો ભય રહે છે.

વસ્થામાંજ તારો અંત આવેલો નિહાળીશ? હા! દેવ! હવે હું શું કરૂં? ઓ પ્રભુ! આ મારી કેવી દુર્દશા થઇ રહી છે? અરેરે! પ્રિયા! તારા વિયોગ દુઃખની કલ્પના હું અત્યારે જ કરી શકું છું. અહો! તારૂં પ્રીતિમય હૃદય સ્ફાટિકવત્ કેટલું નિર્મળ અને ચળકતું છે? અત્યારે જ મને તેનું સાચું જ્ઞાન થાય છે. સુંદરાંગી! પ્રિયતમા! તેં મારી સાથે પ્રીતિના ઉત્સંગમાં ઉછળીને તારી પ્રણુયજ્યોત્સ્નાનો શીતળ પ્રકાશ મારા હૃદયપ્રદેશ ઉપર પ્રસરાંવ્યો છે; તે અવર્ણનીય આનંદનું વર્ણન કરવાનું સામર્થ્ય મારી કલ્પનામાં પણ ક્યાંથી હોય? તે આનંદ કેવળ અવર્ણનીય અને અકલ્પનીય જ છે. અત્યારે તો તારા વિરહવ્યાધિથી સઘળો આનંદ સૂર્યદર્શને નષ્ટ થતા તુષાર બિન્દુવત્ ઉડી ગયો છે-ભસ્મીભૂત બની ગયો છે. તારા પ્રણુય અને તજ્જન્ય વિરહ દુઃખથી મારા ભગ્ન હૃદયમાં ગુંચળાં વળી જાય છે; ભ્રમવાયુનો સંચાર થાય છે: અને કાર્ય શૂન્યતાનો પ્રવેશ થાય છે. એ સઘળાં અભદ્ર અમંગળ ચિન્હો તારા વિરહજનિત, દુઃખથી જ ઉદ્‌ભવ્યાં છે અને એ વિરહ વેદનાનો તારા દર્શન મીલનથી જ ધ્વંશ થાય તેમ છે. પત્ની વિનાનો સંસાર શૂનકાર છે અને સુંદરીવિહીન રાજમહેલ પણ સ્મશાનતુલ્ય દાર્શનિક થતો જણાય છે. પ્રિયાવિહિન મારૂં દુઃખમય જીવન શું કામનું? અરેરે! જેની સાથે સમગ્ર જીવન નિર્ગમન કરવાનું હોય, તેનો જ મેળાપ ન હોય, તો તે જીવન દુઃખપૂર્ણ અને વિષવત્ નિરર્થક છે." આવી તરંગમાળા આ યુવકના હૃદયમંદિરમાં ચાલતી હતી અને આવા પરિશ્રમથી તે પ્રસ્વેદથી ભીંજાઇ ગયો હતો--સ્નેહ સાગરમાં ડુબી રહ્યો હતો. વળી તે વિચારમાળા ચાલવા લાગી.

"અરેરે! પ્રિયમૂર્ત્તિ! પ્રિયતમા!! શું તું મારી અદૃષ્ટતાથી કસોટી તો નથી કરતી ને! શું હું કામ દેવતાના પાસલામાં બંધાઉં છું કે નહિ તે જોવાને વાસ્તે તો તું આમ પરિહાસ નથી કરતી ને! તેના વાસ્તે હું કહીશ કે તે કેવળ અસંભાવ્ય જ છે. અહા! પ્રિયા! તે વેળા મેં તારા કરેલા અનાદરથી તારા કપોળ પ્રદેશ ઉપર પ્રસ્વેદ બિન્દુ ટપકી અશ્રુ-

ધારમાં એકત્ર થઈ તારા સાળુના ભાગને અને સ્તનપ્રદેશને ભીંજવતાં હતાં. અને ભાલવિલુષિત તિલક પણ ધોવાઇ જતું હતું. મને પાનબીડી આપવા આવતી વેળાએ તારા ઉછળતા સ્તનમંડળ ઉપરને રેશમી સાળુ મંદ મંદ શ્વાસ–અનિલથી આન્દોલિત થતો ઉછળતો હતો. અરેરે ! પ્રિયા તે તારી પ્રણયદર્શક વિલાસચેષ્ટાનું સ્મરણ થતાં મારૂં ભગ્ન હૃદય શોકાગ્નિના અસહ્ય મારાથી દગ્ધ થઈ જાય છે." આ પ્રમાણે વિચાર ચગડોળે ચઢેલ આ યુવક અશ્રુધારા પાડતો માર્ગક્રમણ કર્યે જતો હતો. અત્યારે મોડી રાત્રિનો દ્વિતીય પ્રહર ચાલતો હોવાથી સર્વત્ર શૂન્યતા અને શાન્તિનો સંચાર થયેલો જણાતો હતો. સુદી ચતુર્થીનો ચંદ્ર તો કયારનોએ ગેબ થઇ ગયોં હતો. આથી પતિવિહિન સમસ્ત પ્રકૃતિ દેવીએ કૃષ્ણ વસ્ત્રો પરિધાન કર્યાં હોય તેમ ગાઢ ભીષણ અંધકારનું સામ્રાજ્ય વ્યાપી રહેલું જોવામાં આવતું હતું. તારકમંડળ અભ્રાચ્છાદિત નભોમંડળમાં પણ પોતાની પ્રતિભા દર્શાવતું મંદ મંદ ચમકી રહ્યું હતું. અત્યારે ઉકત યુવક અશ્વ દોડાવતો ગામમાં આવી પહોંચ્યો, અને આડી અવળી ગલીકુંચી વટાવી એક સામાન્ય દેખાવના ઘર આગળ આવી લાગ્યો. તુર્તજ અશ્વ ઉપરથી નીચે ઉતરીને દ્વાર ઠોકર્યું, અને મનહર ! મનહર ! એમ કહીને કેટલીક બુમો મારી.

મનહર, અત્યારે ગાઢ નિદ્રામાંથી જાગ્રત થતો હોય તેમ પ્રત્યક્ષ થવા લાગ્યું. કારણ કે બુમો માર્યા પછી કેટલીક વારે ગૃહનું દ્વાર ઉઘડયું. આથી મનહર અંધકારમાં ચમકી જતાં જ બોલ્યો:—" કાન્તીલાલ ! કાન્તીલાલ ! ! તમે આવી અંધારી રાત્રિએ એકાએક કયાંથી ? ટ્રેનનો તો ટાઇમ નથી." મનહર બોલ્યો હા ! હું કાન્તિલાલ ! એમ કહેતો યુવક ધ્રુજતા પણ મંદ પગલે વિચાર તંદ્રાનો અનુભોગ લેતો હોય તેમ આથી વિશિષ્ટ કશું ન બોલતાં અંદર પેઠો અને અંદરની પરસાળમાં જઈ બેઠો. એટલામાં કાન્તીલાલનો સસરો વિનોદચંદ્ર અને તેની નવલ સાસુ ઉભય, કાન્તીલાલ પાસે આવી બેઠાં તથા વિવિધ પ્રશ્નાવલી ઉપસ્થિત કરવા માંડી. એટલામાં પત્નીપ્રેમથી હતાશ બનેલો યુવક પિતાતુલ્ય વિનો-

દચંદ્રના સાનિધ્યમાં રોઇ પડયો. હજુ કાંઇ પણ સમાચાર મળ્યા નથી તે આગમચ આ કુતૂહલ શું ? એ વિચારમાં બિચારી નવલ સાસુ ચકિત બનતી સ્તબ્ધ થઇ રહી. બિચારો વિનોદચંદ્ર પણ જમાઇના આવા વિલક્ષણ શોક અને રૂદનથી મુઝવણમાં પડયો. તો પણ ધૈર્યનું અવલંબન કરી તે બોલ્યો:—" કાન્તીલાલ ! કાન્તીલાલ ! ! આ શું ? આટલી હૃદયવ્યથા અને ઉદ્વિગ્નતાનું કારણ શું ? સ્વસ્થ થાઓ ! અને શું ઘટના બની ગઇ છે, તે મારી સમક્ષમાં સવિસ્તર નિવેદન કરો, કે જેથી દુઃખ વિદીર્ણ થઈ શકશે. " વિનોદચંદ્રે ચમકી જતાં પૂછયું.

" પુજ્યશ્રી ! આપની લાડકવાઈ પુત્રીનું એકાએક અદ્રશ્ય થઇ જવું અને તત્સંબંધની શોધખોળ જ મને અત્યારે અંધારી રાત્રિએ અહિં સુધી ઘસડી લાવવાને કારણભૂત બની છે. હા ! એથી વિશિષ્ટ દુર્ભાગ્ય અન્ય શું હોઈ શકે ? " કાન્તીલાલે એમ બોલતાં બોલતાં ઉષ્ણ નિઃશ્વાસ મૂકયો.

" કાન્તીલાલ ! કાન્તીલાલ ! ! હાય ! હાય ! શું એ મારી રત્ન સરખી સદ્દગુણી પુત્રિ અમને આ વૃદ્ધાવસ્થાએ દુઃખસિંધુમાં ગબડાવી ગઇ ? કે કોઇ પાપીષ્ટના પંજામાં સપડાઇ ગઈ ? અરેરે ! તે કોમળ લતા આટલી ક્રુર શાને બની ? હેં ! હેં ! ! શું આ ભયંકર વાર્તા સાચી છે ? અરેરે ! શું હું એ મારૂં પુત્રીરત્ન ગુમાવી બેશીશ ? શું એ દુષ્ટા બની ? અને તમારો પણ ભવ બગાડવા તૈયાર થઈ ગઇ ! અહા ! ઓ જગન્નિયંતા પ્રભુ ! કેટલી ભયંકર વાર્તા ? આ મારા વાસ્તે કેટલો હૃદયદ્રાવક પ્રસંગ ? " વિનોદચંદ્ર નિરાશાથી ભગ્ન હૃદયે જ બોલ્યો.

કાન્તીલાલ ગદ્દગદ્દ કંઠે બોલ્યો:—" હું તમને શું ઉત્તર આપું તે સમજાતું નથી. અરેરે ! તે સ્નેહલતા તો કેવળ નિર્દોષ છે. માત્ર દોષપાત્ર હું પોતે જ છું. " એમ કહેતાં કહેતાં કાન્તીલાલે નિઃશ્વાસ ઉપર નિઃશ્વાસ નાંખ્યા.

વિનોદચંદ્ર કાતરતાથી કાન્તીલાલના મુખમંડળ સામે તાકી રહ્યો. તેના ઉભય નેત્રોમાંથી અશ્રુબિંદુ સરવા લાગ્યાં. તે એકાએક ચમકી જતો જ બોલ્યો:—

"નિર્દોષ ! શું એ પવિત્ર પુત્રી નિર્દોષ છે ! એમ શા આધારે તમે કહી શકો છો ? કાન્તીલાલ ! ત્યારે આ ભયંકર ઘટના માટે વિશિષ્ટ દોષપાત્ર કોણ ? અને શા માટે ? કહો, કહો, કાન્તીલાલ ! આ સંદિગ્ધ વાર્તાનું ખરૂં હાર્દ્ર શું છે ?" એમ બોલતાં બોલતાં વિનોદચંદ્રનું મુખમંડળ આંસુના પ્રવાહમાં સ્નાન કરી રહ્યું.

કાન્તીલાલ રોતો રોતો બોલ્યો:–"એ દુઃખદાયક પ્રસંગના મૂળરૂપ મેંજ મૂર્ખતાના પરિણામે સ્વયં મારા સંસાર સુખની આહુતી આપી છે." એમ કહેતાં કહેતાં તો તેના કોમળ કંઠે કંટક પડયા હોય તેમ તે અવાચ્ય બની રહ્યો.

"શું શોધખોળ કરવાથી પણ એ લોપ થયેલું પુત્રીરત્ન પુનઃ પ્રાપ્ત થવું સર્વથા અસંભવનીય લાગે છે ? ત્યારે શું આ ભયંકર યાતનાનો પરિહાર થઇ શકે એ કેવળ અસાધ્યવત્ જણાય છે ? ઓ પ્રભુ ! આ આપત્તિના અખાતમાંથી તું અમને ઉગારી લેજે નાથ !" એમ કહેતાં કહેતાં તેની આંખોમાં અશ્રુધારા ઉભરાઈ આવી અને એ તેના રૂપેરી આંસુડાનો ઉત્કટ ચળકાટ નવલ સાસુના ભગ્ન હૃદયને પણ વિદીર્ણ કરી રહ્યો.

"મેં જ મારા ભાગ્યનું બલિદાન આપ્યું છે ! સંસારના પરમ સુખને મેંજ કચાળ્યું છે ! અને હું દુષ્ટ જ એ દુષ્કાર્યનો પોષક બન્યો છું." કાન્તીલાલે કરૂણસ્વરે જ કહ્યું.

"અને શું કથળી ગયેલા પ્રારબ્ધને સુધારવું કેવળ દુષ્કર છે ? શું એ મારી સુકોમળ સુતા–લતા સદાને માટે કરમાઇ જશે ? ઓ જગન્નિયંતા પ્રભુ ! અમારી વૃદ્ધાવસ્થામાં પણ તું આટલું કષ્ટ શાને આપે છે ? શું એ પુન્યશીલાનો છેવટે પત્તો પણ નહિ લાગે કે ? અહા ! કેટલું દુર્ભાગ્ય ?" એમ કહી વિનોદચંદ્રે ગાઢ નિઃશ્વાસ નાંખ્યો.

"આપ કિંચિત્ પણ આશાભગ્ન બનશો નહિ. અને જ્યાંસુધી હું તમને પુત્રીવિહીન જોઇશ ત્યાં સુધી હું તેની શોધખોળ માટે સમસ્ત સૃષ્ટિમાં પરિભ્રમણ કરીશ. એ રીતે પ્રભુ સર્વ સારૂં જ કરશે. હાલ તુર્ત તો અહિંથી કેટલાંક અનિવાર્ય કારણસર હું રાજગઢપ્રતિ જ પ્રસ્થાન કરીશ અને

તે વાસ્તે હું પ્રભાતે જ અત્રેથી નીકળી જઈશ. વાસ્તે નિશ્ચિંત રહો ! દુનિયામાં સુખ દુઃખનું ચક્ર પ્રાણી માત્ર ઉપર એમજ ભ્રમણ કર્યા કરે છે અને તે કવખતે પણ પ્રભુ ઇચ્છાને વશ વર્તિ શાન્તિથી રહેવું એ જ પરમ ધર્મ છે." એમ કહી કાન્તિલાલે આશ્વાસન આપ્યું.

ઉપરોક્ત કાન્તીલાલના આશ્વાસનથી વિનોદચંદ્ર અને તેની નવલ પ્રિયા ચંદનગવરીના શોકમાં કિંચિત્ ઘટાડો થયો અને ધૈર્યબળ ઉત્પન્ન થયું. આ સ્થળે ઉલ્લેખ કરવો ઉચિત જ લેખાશે કે, વિનોદચંદ્રની જુની વધૂ સાથેના અણબનાવથી તેને ઇલાયદા મકાનમાં રાખી હતી અને કુસંપના બુરા સંજોગ વચ્ચે એ બનાવ બને તો તે કેવળ આશ્ચર્યકારક ન કહેવાય. ત્યારબાદ ચંદનગવરીએ પરશાળમાં જ પોતાના પતિ અને જમાઇ કાન્તિલાલની શયન શય્યા પાથરી દીધી. અને પોતે શોક પ્રવાહમાં ઘસડાતી ગૂપચૂપ અંદરના ઓરડામાં ચાલી ગઇ. વિનોદચંદ્ર અને કાન્તિલાલ નિદ્રાદેવીનું આવાહન કરતા શય્યામાં લેટી પડયા. વિનોદચંદ્રે કાન્તિલાલને દોષપાત્ર જોવાથી તેની આંખોમાં ક્રોધનાં કણ વર્ષી રહ્યાં હતાં, પરંતુ કાન્તિલાલ અંતરથી પસ્તાવો કરતો જોઇ અને પોતાની મૂર્ખતાથી રડતો જોઇ તેનો ક્રોધાગ્નિ મંદ પડયો હતો. આથી કેટલીકવારે રીસાઇ ગયેલી નિદ્રાદેવીએ તેને મહામુશીબતે આલિંગન આપ્યું. અને તે થોડીવારમાં નિદ્રાવશ થઇ રહ્યો. મનહર તો ક્યારનોએ નિદ્રાવશ બની પથારીમાં ઘોરતો પડયો હતો; પરંતુ વિવિધ વિચારે ચડેલો અને પ્રિયતમાના ચિંતનમાં લીન બનેલો કાન્તિલાલ નિદ્રાથી પરાઙ્મુખ જ બન્યો. આ રીતે આ નિર્ધન અને ગરીબડા ઘરમાં શૂન્યતા અને શાન્તતા છવાઇ રહી. જો કે કાન્તિલાલ શય્યાશાયી થયો તો પણ નિદ્રા તો આવી જ નહિ. મગજ ચક્રમાં પરિભ્રમણ કરતા ઉદ્ભૂત થયેલા વિચારોને દૂર હાંકી કાઢી નિદ્રાધીન થવાને ઘણાંએ ફાંફાં માર્યા, પણ સર્વ નિષ્ફળ ગયાં. વિચાર વંટોળે મગજમાંથી પોતાનું અડગસ્થાન છોડયું જ નહિ અને ભવિષ્યના વિવિધ વિચાર સાગરમાં કાન્તિલાલ સ્નાન કરી રહ્યો.

“ અહો ! પ્રિય દેવી ! પ્રિયતમા ! ! જ્યારે જ્યારે મને તારૂં સ્મરણ થાય છે, ત્યારે ત્યારે મને અત્યંત પશ્ચાત્તાપ અને દુઃખ થાય છે. કારણ કે વસ્તુતઃ મેં તને સુખના બદલે બહુધા દુઃખ જ દીધું છે. તે સાથે તારા સન્નારીને ઉચિત સદ્‌ગુણો, અતિવ ઉજ્વલ નિઃસીમ સૌંદર્ય, નિર્દોષ પ્રેમભરિત મંદહાસ્ય, શાન્ત અને ચાલાક જનોથી પણ અધિકતર ચાલાકી, સહનશીલ પ્રકૃતિ અને સન્નારીને શોભાસ્પદ દીસે એવા પવિત્ર દિવ્ય વિચારો, અત્યંત સહૃદયતા અને કુટુંબ પ્રીતિ, મારા પ્રતિનો અખુટ નિર્ઝર પ્રેમ, તેમજ પ્રાણાધિક લેખતી તારા સતીત્વથી ચળકતી મુખચંદ્રિકાનું સ્મરણ આવતાં મારા હૃદયમાં કંપારી છૂટે છે, હૃદયશાન્તિ ઉડી જાય છે અને મને અગાધ દુઃખ દરિયામાં ગરક કરી દે છે. અરેરે પ્રિયા ! તારા ગેબ થવાના અંતિમ અતિવ દુઃખપ્રદ સમાચાર વજ્રપાત સમ મારા હૃદયને વિદીર્ણ કરે છે. શોકની અનિવાર્ય સરિતા મારા ભગ્ન હૃદયને કલેશજન્ય દુઃખસિંધુ પ્રતિ આકર્ષી જાય છે. આ રીતે તારા વિયોગ કાળમાં મારૂં હૃદય દુઃખભારથી દગ્ધ થાય તો તે સર્વથા સ્વાભાવિક જ લેખાશે. અત્યંત ધૈર્યબળ ધારી મહાનુભાવ મુનીજનોનાં હૃદયો પણ ક્ષણવાર પ્રિયજનના વિયોગે ધૈર્યથી ચલાયમાન થાય છે. તો મારા સરખા ક્ષુદ્ર પ્રેમપિપાસુ યુવકનું શું ગજું ? ચાલાકજનોની ચાલાકી અને જ્ઞાનીજનોનું જ્ઞાન અને દક્ષતા પણ જ્યાં કુંઠીત બની જાય છે, યોગિજનોની અકળ શક્તિનો પ્રકાશ જ્યાં મંદતાને ધારણ કરે છે અને પત્ની વિયોગના કારી ઘાથી સત્યવાદી નરરત્નોનાં સત્ય વચનો પણ કવખતે જ્યાં પરિવર્તન પામી જાય છે ત્યાં મારા સરખા સંસારલુબ્ધ યુવકનું શું ગજું ? અરેરે પ્રિયમૂર્ત્તિ ! અરેરે ! યૌવનાના વિકસીત થતા ઉદયકાળમાં જ, પ્રેમધર્મ વિભાગિની બનવાની પ્રગતિમાં જ અને પતિપ્રેમના પકવજ્ઞાનનું મીષ્ટ ફળ ચાખતાં પહેલાં જ તથા સંસારિક સુખામૃતનો અનુભોગ લેતાં આગમચ જ તારા ચિત્તવિદારક વિરહજન્ય દુઃખે મારૂં જીવન દુખમય અને શોકમય બનાવી મુકયું છે. ”

ઉપરોકત વિચારપ્રવાહમાં તણાતા યુવકની આંખોમાંથી પ્રત્યેક પળે અશ્રુધારા સરતી હતી. હૃદયમાં વિરહાગ્નિએ ઘમસાણ જંગાવ્યું અને પુનઃ વિચારમાળા ચાલી રહી.

“ અહા ? મેં ખરેખર સંભ્રમવાદી વિચારમાં લીન બની મારી પ્રિયકરણીને અત્યંત અભદ્ર અન્યાય આપ્યો છે. અહા ! આ વખતે મહાનુભાવ ભર્તુહરીનાં અમૃત વચનો મને યાદગાર થાય છે. તેઓ કોઈ પણ કાર્યના આરંભકાળમાં જ તેમના નીતિશતક નામક ગ્રંથમાં કેવું વિચારશીલ વર્તન રાખવાનો બોધ કરે છે:—

मालिनीवृत्त.

गुणवदगुणवद्वा कुर्वता कार्यमादौ
परिणतिरवधार्या यत्नतः पण्डितेन ।
अतिरभसकृतानां कर्मणामाविपत्ते-
र्भवति हृदयदाही शल्यतुल्यो विपाकः ॥*

ખરેખર મેં એ પવિત્ર સૂત્રામૃતપ્રતિ આંખ મિંચામણાં કરીને મરણ પર્યંત દુઃખદાયિની હૃદય ઉદ્વિગ્નતા ઉપસ્થિત કરી છે. પતિએ પોતાની પ્રિયતમાને ઉચિત જે પ્રણય, જે મૈત્રિત્વ, જે વ્યવહાર, જે સૌમ્યતા અને સુભદ્રતાસહ ઉચ્ચ સદ્‌ગુણો દાખવવાં જોઈએ તેના બદલે મેં તો તે સાધ્વી સુશીલ ધર્મશીલાને દુઃખદાન જ દીધું છે. અરેરે ! મારી જ સંભ્રમાવસ્થાથી તે મનહર માનુનિની દુઃખદાવસ્થા થઇ રહી છે. અહો તેમ છતાં એ પ્રેમવતી સુપત્નીનો મારા પ્રતિ કેવો ઉજ્વલ પ્રેમ ! તેની કસોટી કરતાં હવે હું તે પ્રેમશીલાના અનુગ્રહને પાત્ર થવાને ઉચિત જ નથી. સન્નારી એ કામ અને ભોગમાં સહાયકારીણિ લેખાય છે. એ રીતે પણ પતિએ પોતાની અર્ધાંગનાનું નિરંતર પરિપાલન ને સંરક્ષણ કરવું ઉચિત છે. તે મહાન નિયમનો પણ મેં મતિમંદતાથી ભંગ કર્યો છે.

* “ ગુણવાળું વા ગુણવગરનું કામ કરનાર પંડિતે પ્રથમથીજ આવી રીતે પરિણામનો વિચાર કરવો જોઇએ, (એટલે આ કાર્યનું પરિણામ સુખદાયક થશે વા દુઃખદાયક તે વિચારવું જોઇએ; તેમ ન કરે તો દુઃખ થાય.) અતિ ઉતાવળથી કરેલાં કાર્યનું પરિણામ મરણ પર્યંત શલ્ય પેઠે દુઃખદાયક થઈ પડે છે. ”

અરેરે ! એ સતીના દહન થતા હૃદયની સહજ ચિંગારી પણ મારૂં સર્વસ્વ ભસ્મીભૂત કરી નાખવાને સશક્ત છે. પરંતુ સતી બાળા કદી શ્રાપે નહિ એ રીતે મારા મહાન અપરાધની સજાથી જો કે હું અત્યારે તો બચી જાઉં છું પરંતુ મારી અંતિમ વેળાએ શી ગતિ થશે ? કર્યા કર્મ તો ભોગવવાનાંજ ! તે તો જન્માંતરે પણ ભોગવ્યેજ છૂટકો. અરેરે ! મેં દુષ્ટે મારા સુખમય સંસારને દુઃખમય અને વિફળ બનાવી દીધો છે. મ્હેં મતિમંદે મૂર્ખતાના પરિણામે અમૃત બિન્દુમાં વિષની કલ્પના કરી એ સ્નેહશીલ સુંદરીને દગ્ધ કરી છે. અહો ! મારી પ્રેમ-મૂર્ત્તિ ! પુન્યશીલ પ્રિયા ! તારા સદ્દગુણ રત્નની કસોટી હું ન જ કરી શકયો. જે વખતે યૌવનવતી યૌવના—રસિક પ્રિયા—કામદેવની પ્રેમપોથી પઢેલી રસીલી રંભા મને વિલાસના રંગોથી રંગવા આવી તે વેળાએજ મેં મહા મતિમંદતાથી તે પુન્યશીલાનો પરિત્યાગ કરી તેને હતાશ કરી. એ રીતે અમૃતનું પાત્ર ખારા સમુદ્રમાં નાખી દીધું. હવે ખારા જળથી આચ્છાદન થયેલું અમૃત મેળવવા મૂઢ મન વ્યર્થ ઉત્સુકતા શાને ધરાવે છે ? કયાં એ સુશીલ સાધ્વી ધર્મપત્ની અને કયાં આ પાપીષ્ટ ભ્રમિત ભર્ત્તાર ? મને તે ઉચ્ચ અધિકાર શી રીતે હોય ? અરેરે ! જગત નિયંતા પ્રભુ ! ભક્તવત્સલ ભગવાન્ !! મેં પૂર્વ ભવમાં એવાં શું પાપકર્મ કર્યા હશે કે આવી સાધ્વી સ્નેહશીલાનો પરિત્યાગ ? 'पूर्वदत्तेषु या कन्या'[1] એ સૂત્રાનુસાર પુન્યના પ્રભાવથી મને પથ્થરને રત્ન જડાયું પણ ભાગ્યહીનના નશીબમાં તે કયાંથી ટકે ? ખરેખર પુન્યશીલા અને પાપીષ્ટનો સંયોગ ચિરસ્થાયી ન બને એ સર્વથા સ્વાભાવિકજ છે." એ રીતે જેમ જેમ પોતાની પ્રિયતમા કુમુદાને આ હતભાગી યુવક યાદ કરતો ગયો તેમ તેમ પત્નીના વિરહ દુઃખથી તેનું હૃદય ચોગણું ચૂર્ણવિચૂર્ણ થતું ગયું. પરિત્યકતા પ્રિયદેવીના પ્રણય સ્વરોનું સ્વપ્ન હૃદયમાં ચમકી રહ્યું. જે રસીલી અને પ્રેમઘેલી પ્રતિપ્રાણા પ્રિયતમા સાથે જે જે પ્રીતિરંગોનો અનુભોગ લીધો હતો તે તે પ્રેમતરંગોનું ઉજ્વલ ચિત્ર આ હતભાગી યુવકના હૃદયપટ ઉપર આલેખાઇ રહ્યું. આલિંગન આપતાં અને ચુંબન કરતાં લજ્જાશીલતાથી છટકી જવા

---

૧ પૂર્વના દત્ત પ્રમાણે કન્યા પ્રાપ્ત થાય છે.

ચાહતી અને આલિંગન કરતાં કંપતી અને દૃષ્ટિસંધાન કરતાં શરમાઇ જતી એ રીતના રસિકતામાં વૃદ્ધિ કરતા પ્રિયતમાના રસિક ભાવોનું ચિત્ર આ યુવકના દિલને અત્યારે ડોલાયમાન કરી રહ્યું. તેના હૃદયમાં વળી મંદરવ થવા લાગ્યો:—

"દિધાં દુઃખો ભારી, દુષ્ટ મતિ મેં દિલ ધારી,
પ્રણયી એ પ્રિયાના, સૌખ્ય નાખ્યાં વિદારી;
દુઃખી એ દારાને કવણ રીતિએ મગન રાખું ?
કુલીન એ કાન્તાના સુખ ચહી દર્દ કાપું."

શોકસાગરમાં તરફડીયાં મારતો યુવક પોતાના પાપકર્મનું પ્રાયશ્ચિત કરવામાં લીન બની રહ્યો. દીનતા અને દયાર્દ્રતા વ્યક્ત કરતા વદને કાન્તીલાલનું હૃદય શોકજ્વાળામાં ભડભડ બળવા લાગ્યું અને પોતાની સાહસ અને અવિચારી વૃત્તિના પરિણામે ઉદ્ભવેલા દુંઃખોથી તે આકુળ વ્યાકુળ થવા લાગ્યો. પોતાની પવિત્ર પુન્યશીલ પ્રિયતમાના પ્રત્યે પ્રેમ અને દયાની ઉચ્ચ ભાવના ઉદ્ભૂત થઇ રહી. વળી તેની તરંગમાળા આગળ ચાલી.

"અરેરે પ્રિયા ! મારા સંભ્રમવાદી વિચારના પરિણામે તારી કેવી દુઃખદ દશા થઇ છે ? અરેરે ! હવે એ દુઃખોથી મુક્ત તને શી રીતે કરી શકીશ ? અહા ! મેં અધમ પાપકર્મથી તારા સરખી સુશીલ ધર્મશીલાને દુઃખ દીધું છે. તો પછી તેના પરિણામરૂપ મારા પણ વિરહજન્ય દુઃખોની ક્યાં સીમા છે ? પ્રિયતમાનો વિયોગ ! અહા ! તે અતીવ ચિત્તવેધક અને ભયંકર છે. મેં દુષ્ટ સંભ્રમવાદી વિચારોથી તે પવિત્ર પ્રિયતમા ઉપર કેવા અપવિત્ર અને અસત્ય આરોપો મુકયા છે ? અહા ! નાપાક નયનલાલના કુસંગના પરિણામે કેવાં દુઃખદાયક અંકુરો નવપલ્લવિત કર્યાં છે ? પાપીષ્ટના પાસે પ્રેમના અંકુરોને ઉદિત થતાંજ બાળી મુકયાં. યૌવન—સૌંદર્યના મીષ્ટ મધુમાં વિષનો સંચાર કર્યો. અહા ! દૈવની કેટલી વિચિત્ર ઇચ્છા ? હવે તો આત્મભોગે પણ એ પ્રિય મૂર્તિનો પત્તો મેળવવોજ ધર્મ્ય છે." એમ વિચારમાળા ગુંથતો કાન્તીલાલ તંદ્રાનો અનુભોગ લેતો શય્યામાં લોટવા લાગ્યો. મગજચક્રમાં ઉદ્ભૂત થયેલા વિચાર-વમળનો પરિહાર થયોજ નહિ. છેવટે બળાત્કારપૂર્વક તે તરંગોને હાંકી કાઢી મનઃસંયમ કરી નિદ્રાધિન બની રહ્યો. છતાં પણ મનોરાજ્યમાં વિવિધ સ્વપ્નો રમખાણુ કરવા લાગ્યાં. એ રીતે આ હતભાગી યુવકે અવશિષ્ટ રાત્રિ તંદ્રાવસ્થામાંજ વ્યતીત કરી.

પ્રકરણ ૨૩ મું.

અભાગ્યની વૃદ્ધિ.

દ્રુત–વિલંબિત છંદ.

જગતચક્ર ભલે અટકી પડે, સરિતને ગૃહ વાયુ ભલે ખડે;
ધર કરે ક્ષરંતા જઈ અક્ષરે, પણ પતિ પરણી ન સતી ફરે.

સૌભાગ્યવતી દિનપ્રતિદિન વિરહવ્યાધિથી ભયંકર માંદગીનો ભોગ થઇ પડી હતી. પ્રેમ અને આશાના હિંડાળે ચડેલું શરીરનૌકા મહાસાગરના પ્રચંડ તોફાને ચઢી ડુબવાની તૈયારી અત્યારે કરતું હોય એમ પ્રતીત થતું હતું. પ્રેમ સૃષ્ટિના ચમકારા મનમંદિરમાં ચમકી રહ્યા હતા. વિકસીત થતી પ્રીતિકળીમાં ચંદ્રસિંહના ઉજ્વલિત પ્રેમકિરણોએ પ્રવેશ કરી તેને વિશેષ વિરહવ્યથા ઉપજાવી હતી. આજે શયનગૃહમાં સૌભાગ્યવતીની સુશ્રુષા કરવામાં સમસ્ત દાસીમંડળ સમેત કુમુદા આંટા મારી થાકી રહી હતી; છતાં પણ સૌભાગ્યવતીના પ્રણય વ્યાધિનો ભયંકર રોગ વીકરાળરૂપ પ્રકડયેજ જતો હતો. આથી સર્વનાં હ્રદય શોકસાગરમાં ડુબી રહ્યાં હતાં; મુખ ઉપરની પ્રસરેલી લાલી ઉડી ગયેલી હતી. મુગ્ધ રાજબાળા સૌભાગ્યવતીના સુકોમળ શરીર ઉપર મદને પણ તનમનાટ મચાવી વ્યાધિમાં વૃદ્ધિ કરેલીજ જણાતી હતી.

હમણાં રાજબાળા સૌભાગ્યવતીનું દુઃખ સર્વાંશે કોઈ કળી શકતું નહોતું, તેમ તે કોઇ જાણતું હોય તો તે આપણી આ કથાની નાયકા કુમુદા અને રાજદાસી પ્રમીલાજ માત્ર જાણતાં હતાં. તેમ રાજા પણ શત્રુરાજ્યના રાજકુમાર સાથે પોતાની એકની એક લાડકવાઈ કન્યા વરાવે તે તદ્દન આકાશ કુસુમવત્ નિરર્થક લાગતું હતું. પ્રણય અને મદનના પાસમાં સપડાએલી તરૂણ રાજબાળા મ્લાન વદને ઉઠી જરા આમતેમ ફરવા લાગી. પણ આટલો શ્રમ પડતાં તો તેના કોમળ કમળ સરખા વદન ઉપર પ્રસ્વેદ બિન્દુ ટપકી તેના હ્રદયપ્રદેશનું ચુંબન કરવા લાગ્યાં; અને ત્યાંથી આશાભગ્ન થતી નિઃશ્વાસ મુકતી એક

મૃદુ શય્યા ઉપર લેટી પડી નિઃશ્વાસ ઉપર નિઃશ્વાસ નાંખતી ગઈ. પ્રણયકાન્તની છબી સુવર્ણ મુદ્રિકામાં જડી હતી તે નિહાળતાંજ આંખોમાં આંસુનું પૂર ઉભરાઇ આવ્યું. પ્રિયજનની છબી નિહાળવામાં લીન બનેલી બાળા લજ્જાશીલા બની ગઇ અને લજ્જાશીલ બનતી બાળા કેટલીક ઘટિકા પર્યંત છબી નિહાળવામાં ચકચૂર બની રહી. કેમ જાણે કંઇ ઇંદ્રિજાળ હોય ! અહો ! આ મુદ્રિકા વળી અહીં ક્યાંથી ? અહા ! આ મુદ્રિકા મારી આંગળીમાં ક્યાંથી આવી ? શું હું આ સત્ય જોઉં છું કે પછી સ્વપ્નાવસ્થાનોજ અનુભોગ કરૂં છું ! ના, ના, હું જાગૃતજ છું. એ મુદ્રિકા પોતાના પ્રિય કાન્ત તરફ્-થીજ મળેલી હતી. તેની સ્મૃતિ થતાં તે બાળા અવાચ્ય બની રહી. પુનઃ નિશ્વાસ મુકતી બોલવા લાગીઃ મારી આટલી દુરાવસ્થા શાથી ? હાય, હાય, પ્રિયજનનો વિરહ આટલો ભયંકર ? અરેરે ! તેમણે તો મને છેક બહાવરી બનાવી મુકી. ઇષ્ટજનના પ્રેમભારથી આ પ્રમાણે કચરાતી રાજબાળાના વ્યગ્ર ચિત્તને હૃદયશાન્તિ તો ક્યાં હતી વારૂ ? શાન્તિ તો પતિરૂપ પ્રભુના પદકમળમાંજ વસેલી હતી. તોપણ કૃત્રિમ શાન્તિ શોધતાં તેના હૃદયમાં કાંઇક પ્રેમના ભણકારા થવા લાગ્યા અને પ્રિયજનના ચિંતનમાં લીન બનેલી રાજબાળા કાંઇક ઉચ્ચારણ કરવા લાગી. તેનો મંદ રવ થઈ રહ્યો.

કામણ દીસે છે અલબેલા, તારી આંખમાંરે;
ભોળું ભાખ માં રે, કામણ દીસે છે અલબેલા.
મંદ હસીને ચિત્તડું ચોર્યું, કુટિલ કટાક્ષે કાળજ કોર્યું;
અધ પડિયાળી આંખે, ઝીણું ઝાંખમાંરે, ભોળું; કામણ.
નખશીખ રૂપ ઘણું રઢીયાળું, લટકયું સઘળું કામણગારૂં;
છાનાં ખંજન રાખે, પંકજ પાંખમાંરે, ભોળું; કામણ.

આ દયારામ કાવ્ય યાદ આવતાંજ તેની વિરહવ્યથાએ તેને મ્હાત કરી અને પ્રેમજ્વરની પીડાથી રાજબાળાનું શરીર વધારે માંદગીનો ભોગ થઈ પડયું. કેમ જાણે સ્વર્ગભુવનના સુખદર્શનમાં અપ્રતિહત ઉત્સુકતા ધરાવી રહી હોય !

આ વેળા રાજવૈદ્યે આપેલી દવા એક શીશીમાં ભરેલી હતી. તે શીશીમાં ખટપટી કુટિલચંદ્ર કારભારીએ પોતાની પઢાવેલી

એક દાસીને કાંઇક ઝેરી પડીકી તેમાં નાંખવા આપી હતી. આ વિષમાં એવો ગુણ હતો કે તેનું શરીરમાં સંચાલન થતાં તે પીનાર વ્યક્તિ અચેતનાવસ્થાનો ભોગ થઇ પડે. એ ઝેરી પડીકી આ કુટિલ દાસીએ સર્વની નજર ચૂકાવી દવાની શીશીમાં ભેળવી દીધી હતી, એની કોઇને કશી શંકા પણ પડી નહોતી. હવે દૈવવશાત્ રાજમાતાએ કુમુદાને દવાનો ત્રીજો ભાગ પાવાને આજ્ઞા કરી એટલે અભાગિની કુમુદાએ દવાનો એક ડોઝ માપી સૌભાગ્યવતીને દવા પાઈ દીધી. અહા ! કુમુદાને માથે સ્વલ્પ સમયમાં હડહડતું આળ ચડશે ત્યારે તે પુન્યશીલાંના દિલમાં કેવો ધાસ્કો પડશે? તેની હૃદયરૂપી ગુફામાં કેવી ભયંકર હોળી પ્રકટશે? તેનાં દગ્ધ દિલમાં કેવું કડકડતું તેલ રેડાશે? તેની કલ્પના કરવાનું કામ વાંચનાર સજ્જને સોંપીશું. કુમુદાને તો 'લેને ગઈ પુત અને ખો આઈ ખસમ' એ પ્રકારજ થઈ પડયો. અરેરે! તે રાક્ષસીના પ્રપંચનો ભોગ એક પવિત્ર બાળા થઈ પડી. કેટલું દુર્ભાગ્ય! ખરેખર, દુર્ભાગિની બાળાના આપદકાળમાં રાજવિભવનું સુખ ક્યાંથીજ સર્જાયેલું હોય? हतविधिलसितानां हीं विचित्रो विपाकः (माघ) એ સૂત્રાનુસાર દુર્ભાગ્યનું વાંદળું કુમુદાં ઉપર ટૂટી પડયું. ઝેરી દવાની અસર ત્વરાથી જણાવા લાગી, રાજબાળાની નસો ખેંચાવા લાગી, મસ્તક ચકરાવા લાગ્યું અને તે સાથેજ નેત્રો મીંચાઇ ગયાં! શરીરમાં ઉપરા ઉપર કેટલાક આંચકા લાગ્યા અને તે સાથેજ તે ચૈતન્યહીન–બેભાન બની રહી. થયું. કુમુદાનું પણ સાથે બલીદાન અપાઇ ચુકયું. તુરત સર્વત્ર રૂદન રાગ અને શોકકારક કોલાહલથી રાજમહેલ ગાજી ઉઠયો. અરે! હવે કુમુદાના દુર્ભાગ્યમાં અવશેષ શું રહેવાનું? રાજમાતાની આજ્ઞાથી દાસીમંડળ સમેત તેને શૃંખલાબદ્ધ બનાવી કારાગૃહમાં પરહેજ કરી દીધી અને તેને નિર્દોષ વ્યકત કરતી પ્રમીલાની પણ એજ અવદશા થઇ રહી. અરેરે! પાપકર્મનો પ્રભાવ કેટલો ભયંકર છે? ધર્મશીલાને પણ કેટલું સોશવું પડે છે? હરિ, હરિ! આ દુઃખી મંદભાગી કુમુદાના દુઃખનો અંત પ્રભુ ક્યારે લાવે છે, તેજ, વાંચનાર હવે આપણે જોવાનું છે.

જો કે પાપીષ્ટ દુરાત્મા કુટિલચંદ્ર આ રીતે બીજાને દુઃખી તો કરી શકયો છે, પરંતુ પરનું અહિત કરવા ચાહનાર પોતેજ પોતાનું ઉભય લોકનું કલ્યાણ થતું અટકાવે છે. રંકનું રક્ષણ કર્ત્તા પ્રભુ છે. જેનું કોઈ માલીક નથી, તેવા પવિત્ર જનોનું પ્રભુજ રક્ષણ કરે છે. હવે શું બને છે તેજ જોવાનું છે.

નવલરાણી રૂપવતીના સૌંદર્ય—માધુર્યમાં મુગ્ધ બનેલો સૌભાગ્યવતીનો પિતા રાજા મદનસિંહ કવચિદ્ કવચિદ્જ અન્ય રાણીઓના મહેલમાં પ્રવેશ કરતો હતો. અહોનિશ નવલપ્રિયાના પ્રેમપ્રવાહમાં લીન બની વિવિધ મદ્યપાનની ભયંકર જાળમાં ગુંચવાયેલો હતો. આ નવલરાણી ગમે તેવી સૌંદર્યવતી કે ગમે તેવા મધુરા કંઠવાળી કે ગમે તેવી નખરાંબાજ નાજની હતી પણ તે એક હલકી નીચ વૃત્તિવાળી રઝળતી રમા હતી, એટલે તે પોતાનું ચળકતું પોત પ્રકાશ્યાવિના કયાંથી રહી શકે? તે મહારાજાની ગેરહાજરીમાં કુટિલચંદ્ર નામક કારભારી સાથે વિહાર કરતી હતી અને રાજબાળા સૌભાગ્યવતીને પણ ઉકત બદમાશના પ્રેમપાસમાં સપડાવવા પ્રયાસ કરી રહી હતી. અમાત્યની સાન્નિધ્યતામાં સૌભાગ્યવતીને બોલાવી ભોળવતી હતી. કવચિદ્ કવચિદ્ કુકર્મની રસીક વાર્તાઓ કરી રાજબાળાના હૃદયમાં પાપજાળ પ્રસારવા મથન કરતી હતી. પરંતુ રાજબાળા તેની આ કાપટયમય દલીલોથી કેવળ નિરીહતા—નિઃસ્પૃહતાનુંજ દર્શન કરાવતી હતી, અને ધિક્કારનો વર્ષાદ વર્ષાવતી ગુપચૂપ બેબાકળી બની પોતાના નિવાસભુવનમાં પસાર થઈ જતી હતી. એ દુઃખપૂર્ણ વાર્ત્તા તેની સગી માતાને વ્યક્ત કરતાં ઉભયનાં હૃદયમાં દાવાનલ સમાન ભયંકર અગ્નિ ભભુકી ઉઠયો હતો. પાપીષ્ટ અમાત્યની અભિલાષા રાજબાળા સાથે વિહાર કરવાની હતી અને તે વિલાસ લાલસાની તૃપ્તિમાં જેમ જેમ સમય વહન થતો ગયો તેમ તેમ તેનું પાપશીલ હૃદય વિશેષ ઉત્સુકતા ધરાવતું થવા લાગ્યું. આથીજ તેણે નીચ દાસી દ્વારા ઉક્ત ખટપટાઓનો ભયંકર પ્રયોગ કર્યો હતો અને તેનું કાતિલ હથિયાર નવલરાણીની એક દુર્મતિ નામક અનુચરીને બનાવી હતી. કુટિલચંદ્રના અત્યાચારો—જુલ્મોની અરજીઓ મહારાજા

ઉપર જતી, પરંતુ કુટિલચંદ્ર તે અરજીઓ રાજા સન્મુખ ઉપસ્થિત કરતોજ નહોતો. નરાધમ અમાત્ય પોતાની બાજીમાં નિષ્ફળ જવાથી દુર્મતિ દાસીદ્વારા દવા પાવાનું સાહસ કર્મ તેણે આદર્યું હતું. જેવી રીતે દારૂણ દુઃખોનો અનુભવ કરવા પછી મનુષ્યની મનોવૃત્તિઓ તેજહીન બની જાય છે, તદનુસાર રાજબાળાના તિરસ્કારથી કુટિલચંદ્રના હૃદયનો ભાવ પણ તેજોહીન શુષ્ક બની ગયો હતો. રાજબાળાના દર્શનસ્પર્શની અસ્ફુટ સ્મૃતિએ એક પ્રકારની વ્યાકુળતાનો તેના મનમાં ઉદ્ભવ કરાવી દીધો હતો; પરંતુ ધારેલી ધારણા પાર ન પડતાં તેજ પોતાના ભયંકર કાવત્રાંનો ભોગ થઇ પડયો. વિવિધ મુગ્ધબાળાઓને સંકેતસ્થાનમાં પકડી મંગાવી, તેવી સુંદર તરૂણ યૌવનાઓને લલચાવી, ધમકાવી, તે હતાશ બાળાઓ સાથે વ્યભિચારમાં લીન રહેતો હતો. આથી તે બદમાશ આખા શહેરમાં ચર્ચાને પાત્ર થયો હતો. કેટલાક સજ્જન પુરૂષો નીતિની વાર્ત્તાઓ તેના મ્હોડે કહી આવા દુષ્કાર્યથી દૂર રહેવાની અને શહેરમાં તેના ગવાતા ભવાડાની વાર્ત્તા વ્યકત કરતા તો તત્કાળ તે બદમાશ તેવાં પવિત્રજનોને ધૂતકારી કાઢતો હતો. વળી રાજ્ય લક્ષ્મીની ટ્રેઝરી (તીજોરી)માંથી ગોટાળા કરી મોટી મોટી રકમો ઉચાપત કરી પોતાની દ્રવ્યલાલસા પણ તે પરિતૃપ્ત કરતો હતો; પરંતુ અંતે તો પાપનો ઘડો ભરાઈ રહેતાં ફુટી જાય છે, અને પ્રભુના દરબારથી અપરાધીને વ્યાજબી શિક્ષા થાય છે. કારણકે અન્યાય અને અધર્મ ઈશ્વરને વ્હાલા નથી. જેમ નીચે એક કવિ કથે છે તેમ ‘ यतो धर्मस्ततो जयः ’ એ પૂરવાર થયેલું સૂત્ર છે.

મનહર છંદ.

અજ્ઞાની માનવ મન, માયામાં મુદિત રહે,
મમત્વનું મનોબળ, જાલમ જણાવે છે;
સુનીતિ સુપંથ ત્યજી, અનીતિ આદર કરી,
પાપ પોથાં પઢી, પોત પાપી પ્રકટાવે છે.

છળબળે હરે વિત્ત, કુટિલ કૃતિ ચરિત્ર,
કલંકિત જગબત્રીસીએ ચીત્રાવે છે;

રંગી ભંગી તણો રંગ, કુટિલ કુમાંડી સંગ,
પાપ પુંજ વૃદ્ધિ થવા, ધાંધલ મચાવે છે.

રંગમોહોલ રચાવીને, પાપીષ્ટોને પધરાવી,
રંગીલી રમાને રંગે, ઉમંગે રોળાવે છે;
નરાધમ નર એવા, છતી દ્રગે અંધા બની,
પાપના પ્રવાહમાં નામ, બાપનું નામ બોળાવે છે.

ન્યાયાન્યાય ઇક્ષા નહિ, લક્ષ્મીના લાલિત્ય માંહી,
સૂચવે એ ન્યાય, યમસદને થવાનો છે;
ઉજ્વલ યૌવન રંગ, કાળબળે થાયે ભંગ,
અનીતિનો કાચો તાર, અંતે તુટવાનો છે.

અનીતિનું વિત્ત વીર, વિદ્યુત વિકાસ સમું,
ઝાંઝવાના નીર તણો, જેવો વિસ્તાર છે;
અનીતિનું વિત્ત વીર, ટકશે શું કદિ ચીર ?
ચારૂ અંબર પુષ્પવત્, ઇચ્છાજ નિઃસાર છે.

મતિમંદ મદ ધરે, પાપકૃતિ પ્રેમે કરે,
જ્ઞાત નહિ પુન્ય પુંજ, ખુટયે મહા હાણુ છે;
નીતિ પંથે વિચરજે, પુન્યકૃતિ આદરજે,
સુખદ સંસારમાંહી, એજ મીષ્ટ લ્હાણુ છે.

અહોરાત્ર ઇશ ભજી, અજ્ઞાન અનીતિ ત્યજી,
જ્ઞાનસુધા ઉર સજી, વિશ્વમાં વિચરજે;
શિવલાલ સત્ય ગ્રહી, આત્મરંગે રત રહી,
પાપજાળ પ્રલે થવા, નીતિ નાવે ચઢજે.

આણી પાસ નરાધમ અમાત્ય કુટિલચંદ્રે રાજગઢના સ્મશાનમાં રાજબાળા સૌભાગ્યવતીના શબ-મૃતક શરીર–ને દહન કરવાનું સ્થાન નિયંત્રિત કરી રાખ્યુંજ હતું. તેમાં પણ ભયંકર કપટજાળ પાથરી હતી. ભૂગર્ભ પ્રદેશમાં એક ગુહ્યાગાર તૈયાર કરાવી તે ઉપર એક યાંત્રિક પાટીયું ગોઠવ્યું હતું અને તે ઉપર સમચોરસ શીલા ગોઠવેલી હતી. એ ગુહ્યાગારમાં સૌભાગ્યવતીના ચૈતન્યહીન શરીરને ઉતારવાની ભયંકર તદબીર યોજેલી હતી. આ યુક્તિ કુટિલચંદ્રના પાપીષ્ટ સલાહકાર–સુહૃદોની સલાહથી અમલમાં મુકેલી હતી અને તેઓ દ્વારાજ એ કારસ્થાન પરિસમાપ્ત થવાની બદમાશે અભિલાષા ધરાવેલી

હતી. હવે સૌભાગ્યવતી મૃત્યુવશ થવાથી તેના શબને અગ્નિદાહ દેવાને શ્મશાનમાં સત્વર ઉચકી જવામાં આવ્યું. રાજગઢનું શ્મશાન ઉત્તર દિશાએ સાગર કિનારે આવેલું છે, તેની આસપાસ એક ભયંકર અરણ્ય હતું. તે જંગલમાં અન્ય અરણ્યોવત હિંસક પ્રાણીઓનો વાસ નહિ હોવાથી તે તદન શાન્ત અને નિઃસ્તબ્ધ હતું. તે સ્થળે વિશાળ ગગનચુંબીત તરૂરાજોથી એક પ્રકારની મનોહરતાનું ભાન થતું હતું.

રાજપુત્રીના માનુષી શરીરને જીવનશૂન્ય થઇ અનંત શાન્તિના અંકમાં જઈ પડેલું દેખી મહારાજનું હૃદય દુઃખથી વિદીર્ણ થઇ રહ્યું અને તે હૃદયભેદક આક્રંદ કરી રહ્યા હતા. રાજમાતાનું હૃદય પણ ભીષણ રોદનમાં પ્રવૃત્ત થયેલું જ રહેતું હતું. હમણાં તેની આંખોમાંથી અશ્રુનો પ્રવાહ નીકળતો જોવામાં નહોતો આવતો. કયાંથી આવે? તેના હૃદયમાં બળતા અગ્નિએ નયનોમાંના નીરને સર્વથા શોષી લીધું હતું; આથી નેત્રોમાંથી નીરને સ્થાને રકતધારા વહન થતી હતી. સગી સ્નેહશીલ માતાના દુઃખમાં પોતાની એકની એક પુત્રીના મૃત્યુથી શું અવધિ રહે? તેનું શરીર અગ્નિશિખામાં પ્રજવલિત થતાં કાષ્ટાવત ભડભડ બળી રહ્યું હતું અને નેત્રોમાંથી છલાછલ વહેતો અશ્રુપ્રવાહ હૃદય પ્રદેશ ઉપર ઉતરી તેને ભીંજવી રહ્યો હતો; તેની હૃદયગુહામાંથી નિકળતો કરૂણ રૂદનરાગ સર્વના હૃદયને વિદીર્ણ કરી સમગ્ર રાજમહેલને ગજાવી શોકવ્યાપ્ત અને ધ્વનિત કરી રહ્યો હતો. રાજમાતાની ચીરાયલી હૃદયગુહામાંથી નીચે પ્રમાણેના ઉદ્ગારો બહાર નીકળતાઃ “અરેરે! પ્રિય પુત્રી! આ તારી કેવી અધોગતિ! હાય! હાય!! આ તને શું થયું? શું મારી લાડકવાઈ પુત્રી મારો સદાને માટે ત્યાગ કરી ગઈ! અરેરે! હું કેવી પાપિની ક્રૂરકર્મા અને નૃશંસહૃદયા દુષ્ટા છું કે પોતાની પુત્રીનું સ્વર્ગપ્રયાણ થયું છતાં જીવતી રહી શકી છું! હા, પ્રભુ! મારા શરીરના આ પળેજ ટુકડે ટુકડા કેમ થઇ નથી જતા નાથ! અરેરે! શાણી સુતા! બેટા! મ્હારા લાડકવાયા દીકરા! તારા મૃત્યુવશ થવાના અવસાનના અત્યંત દુઃખદ બનાવથી મારા હૃદયમાં ભયંકર વજ્રપાતનો અનુભવ થાય

છે. અરેરે ! મારી લાડીલી પુત્રી ? આ તને શું થયું ? તારી અભાગિની માતાની પણ શું તને દયા ન આવી બાપુ ! અરેરે મારી આંધળાની આંખ તું કયાં ગઇ ? અરેરે બેટા ! શું આટલી નિર્દયતા ઘટે કે ? મેરૂ સમાન ધૈર્યબળવંતા મહાનુભાવ જનોનાં હૃદયો પણ દુઃખદ દર્શનથી શોકાવૃત બને છે. તો મારી અબળાની શી તાકાત ? અરેરે ! દૈવની અકળિત શકિત કળાતીજ નથી ! અરેરે ! મારી શાણી સુતા ! યૌવનના પ્રારંભકાળમાંજ જીવન સુખની લ્હાણુ લીધા વિનાજ અને સાંસારિક સુખની મીઠાશ ભોગવ્યા પૂર્વેજ પ્રિય પુત્રી ! પરલોક પ્રયાણ કરવું તને કેમ ગમ્યું હશે ? અરેરે ! પુત્રી ! તારા ભયંકર ભવિષ્યની કલ્પનાથી મારૂં હૃદય વિદીર્ણ થઇ જાય છે. અરેરે ! તારા મૃત્યુએ મારા જીવનમાં વિયોગરૂપી વિષ ભેળવ્યું છે.” આ પ્રમાણે રાજમાતાના રૂદન રાગથી સમસ્ત મહાલય ગાજી ઉઠયું હતું. તેની છલાછલ આંસુઓથી ઉભરાતી આંખોમાંથી ક્ષણે ક્ષણે અશ્રુધારા નીકળતી હતી અને તેના હૃદયમાં બળતા સ્નેહાગ્નિના ઉલ્કાપાતો થઈ સર્વે શોકસાગરમાં ડુબી જતા હતા. આજે રાજબાળા સૌભાગ્યવતીના સ્વર્ગ પ્રયાણુથી સમસ્ત રાજમહેલના દાસદાસીઓનાં હૃદયમાં પણ ભયંકર શોકની છાયા પ્રસરી રહી હતી. તદ્વત શહેરના આબાલવૃદ્ધજનોના નેત્રોમાંથી પણ અખંડ અશ્રુધારા વહન થતી હતી.

અત્યારે લગભગ દિવસના ચતુર્થ પ્રહરનો પ્રારંભ થવા લાગ્યો હતો. ભગવાન સૂર્યદેવ મંદ પ્રકાશી થતા હતા. સમુદ્ર કિનારા સમીપમાં કુટિલચંદ્ર કારભારીએ નિયંત્રિત કરેલા સ્થાને રાજબાળાનું શબ દહનક્રિયા માટે ઉપસ્થિત કર્યું અને જે સ્થળે ગુહ્યાગારનું ગર્ભદ્વાર હતું તેના ઉપરજ એ રાજબાળાનું મૃતક શરીર પધરાવી તેના ઉપર ચંદનકાષ્ટ ખડક્યાં અને ચંદનકાષ્ટ એટલી વિપુલતાથી ખડકયાં કે રાજબાળાનું શબ બિલકુલ જણાયું નહિ. એવામાં રાજબાળાના શબ નીચેનું પાટીયું ભૂગર્ભમાંથી કોઇ વ્યક્તિએ ખેંચી લીધું એટલે એક સામાન્ય ગાબડું પડયું અને નિમિષ માત્રમાં રાજબાળાનું

મૃતક શરીર ગુહ્યાગારમાં સરી પડયું. ગુહ્યાગારમાંની એક વ્યક્તિએ સરકી પડેલી રાજબાળાને પોતાના હાથમાં પકડી રાખી અને નિમિષમાત્રમાં રાજબાળાના શબને દૂર પાથરેલી શય્યા ઉપર મૂક્યું. પુનઃ લોહ જડીત પાટીયું યથાસ્થિત ગોઠવી દીધું. આ કપટજાળની કિંચિત પણ સ્મશાન આવેલા જનોમાંના કોઇને પણ બિલકુલ ખબર પડી નહિ. ઘણીજ ધામધુમથી સાધ્વી સૌભાગ્યવતીના શબને અગ્નિદાહ દેવામાં આવ્યો અને જોત જોતામાં સર્વભક્ષી અગ્નિદેવની કાષ્ટચિતામાંથી રક્તશીખા ભડ ભડ સળગતી નીકળવા લાગી. છેવટે રાજબાળાનું શબ ભસ્મીભુત થઈ જવાની માનિનતા ધરાવતા સમસ્ત રાજમંડળ અને પ્રજાજનોએ પુરપ્રતિ પ્રયાણ કર્યું.

આણી પાસ સાયંકાળ થયો, ભગવાન સૂર્યદેવ કુટિલ જનોનાં કાવત્રાંથી કોપાયમાન બની લાલચોળ સ્વરૂપ ધરાવતા અસ્તાચળ પાછળ ડુબી ગયા. આ વેળા રાજબાળા સૌભાગ્યવતીના શરીરમાંથી ઝેરની અસર નાબુદ થઈ ગઇ. એટલે જીવનરૂપી દીપક મંદમંદ પ્રકાશી રહ્યો. તેના શરીરની અવરોધ થયેલી શ્વાસોચ્છ્વાસની ક્રિયા ક્ષણે ક્ષણે ચાલવા લાગી અને એ રીતે આ બાળા ધીરે ધીરે ચેતનવતી બની ગઇ. શરીરમાં નવીન બળનું સંચાલન થવાથી શય્યામાંથી ચકિત બનતી બેઠી થઈ ગઇ અને મનોગત મંદસ્વરે કહેવા લાગી કે-'મને અત્યારે આવી ભયંકર ગુહામાં કોણ ઘસડી લાવ્યું? અને શા માટે?' એમ ભયાકુળ બનતી બાળાની વિચાળારમાળા ચાલવા લાગી. આ વેળા સૂર્યના પ્રીક્કા પડતા જતા મંદ પ્રકાશમાં કોઇ અપરિચિત વ્યક્તિ દૃષ્ટિગોચર થવા લાગી. તે અજ્ઞાત આકૃતિ પ્રતિ ભયભીત બનતી રાજબાળા એકી દ્રષ્ટે નિહાળી રહી અને એકાએક આવા ભયંકર દૃશ્યથી ચમકી જતી રાજબાળાએ એક હૃદયભેયક કરૂણ ચીસ પાડી. આ વેળા જો કે શ્મશાન યાત્રાએ આવેલા સકળજનો પ્રસ્થાન કરી ગયેલાજ હતા તોપણ આ અલૌકિક પતિપ્રેમી સદ્‌ગુણી રાજબાળાના પ્રાતિવ્રત્ય ઉપર સુપ્રસન્ન બનેલા દેવોએ તેની ફરિયાદ ઉંચકી લીધી હોય તેમ પ્રત્યક્ષ થવા લાગ્યું. આ વખતે એક યુવક

આ સ્થળે કુદરતી લીલાનું અવલોકન કરતો ભ્રમણ કરી રહ્યો હતો. તેણે ઉક્ત હૃદયવેધક ચીસ સાંભળી અને સત્વર તીવ્ર તપાસ કરી ગુહાદ્વાર ખોળી કાઢ્યું. એક બે લાતોના પ્રહારથી તેને વિદીર્ણ કરી અંધકારયુક્ત ગુહામાં પ્રવેશ કર્યો. આ નવીન યુવક કોણ હતો અને અત્યારે ક્યાંથી આવી ચડયો ? આ અજ્ઞાતયુવક આ રાજબાળાનો અધીશ્વર પ્રણયકાન્ત પોતેજ હતો. તે સદ્દભાગ્યવશાત નિસર્ગની અલૌકિક સૌંદર્યતાનું અવલોકન કરતો કરતો અને પોતાનાં ચક્ષુદ્વારા તેના સુધારસનું પાન કરતો અત્યારે અશ્વારૂઢ થઈને પરિભ્રમણ કરતો આવ્યો હતો. સૂર્યદેવ ક્ષિતિજમાં પ્રવેશ કરી અસ્તાચળ પાછળ ક્યારનાએ ગેબ થઈ ચૂકેલા હતા અને અસ્તાચળ પાછળ લોપ થયેલા સૂર્યનાં મંદ કિરણો હજુ પણ ફિક્કો પ્રકાશ પ્રસારી રહ્યાં હતાં. નીલવસ્ત્રોથી સજ્જીત થયેલી સૃષ્ટિ દૃષ્ટિને ઠારી રહી હતી. આ વેળા શીત સૌગંધિક મંદ અનિલ વનપુષ્પોને ડોલાયમાન કરી મગજની શાન્તિમાં અભિવૃદ્ધિ કરવા તે આવ્યો હતો. ઉકત રાજકુમાર ચંદ્રસિંહે ગુહામાં પ્રવેશ કરી જોયું કે એક સુકોમળ સુંદર યૌવનાને એક નરાધમ પિશાચ બળાત્કારપૂર્વક ઘસડી જતો હતો, અને તે અનાથ યૌવના તે બદમાશને ગાલી પ્રદાનથી વધાવતી પોતાના સંપૂર્ણ બળથી સામી થતી હતી; પરંતુ કાળસરખા કરાળ રાક્ષસ પાસે એક અનાથ કોમળ બાળાનું શું ગજું ? આથી તે નરાધમના ઘસડી જવા પ્રમાણે તે બાળા ઘસાડતી જતી હતી. આવું હૃદયદ્રાવક દૃશ્ય જોતાં આ નવીન યુવક બહુ ક્રોધાવેશથી લાલચોળ બની ગયો અને ચમકતી સમશેરના એકજ પ્રહારથી એ દુષ્ટ બદમાશને પરલોકને માર્ગે પહોંચાડી દીધો અને પછી સત્વર આ લલિત રાજબાળાનું આશ્વાસન કરવા લાગ્યો.

રાજબાળા આશ્ચર્યચકિત બની ગઇ અને લજ્જાશીલા બની હતી. તે અત્યારે ચંદ્રના ફીકા પડેલા પ્રકાશમાં એકાગ્ર દૃષ્ટે પોતાના દુષ્પ્રાપ્ય હૃદયમણીનું ચંદ્રવદન નિહાળી રહી—આનંદપૂર્વક જોઇ રહી.

“ કોણ ! હૃદયેશ્વર ! પ્રભુ ! તમે અહિંયાં અચાનક ક્યાંથી ?

હું પાપીષ્ટના પાસમાં સપડાયેલી છું એવા ખબર શાથી મળ્યા ? નાથ !" રાજબાળા મંદ અને ગદ્‌ગદ્ સ્વરે બોલી.

"તમારા પ્રેમદેવતાએજ એ તાર–સંદેશો મને સમયસર પહોંચતો કર્યો છે. પ્રાણ !" રાજકુમાર ચંદ્રસિંહે કહ્યું.

"એમ કેમ બની શકે ? પ્રભુ ! એ તો ખરેખર આશ્ચર્ય વાર્તાજ કહી શકાશે. એ તો ઠીક. પણ હવે તમારી આ ચર્ણરજ દાસી માટેનો અનુરાગ આપ પ્રત્યક્ષ વ્યક્ત ક્યારે કરશો ? તમારી આ રંકદાસી ઉપર હવે કાંઇક દયા કરો. નાથ !" રાજબાળાએ કિંચિદ્ અધૈર્યનું દર્શન કરાવતાં કહ્યું.

"સાયંકાળે કુદરતી લીલાનું પાન કરવા આવા જંગલોમાં હું નિકળી પડું છું. આજે આ બાજુમાં ઉતરી આવ્યો હતો એટલામાં તમારી ચીસે મારૂં આકર્ષણ કર્યું. અને સદ્‌ભાગ્યવશાત્ તમારૂં મીલન થયું કે જે આંપણ ઉભયને વાસ્તે એક અતીવ આનંદપ્રદ મેળાપ કહી શકાશે. અરેરે ! લાચાર છું પ્રિયા ! રાજ્ય ખટપટના ભયંકર મામલાને લીધેજ હું તમારા દર્શનથી દુર્ભાગી બની રહ્યો છું. એ સિવાય અન્ય વિશિષ્ટ કારણ નથી પ્રિયા !" ચંદ્રસિંહે હૃદયવ્યથા વ્યકત કરતાં કહ્યું. અને આ સુંદર રાજબાળાની પ્રવિત્ર વિશુદ્ધ સૌન્દર્યયુક્ત મુદ્રામાંથી ઝરી રહેલા પ્રેમસુધારસનું રાજકુમાર ચંદ્રસિંહ પાન કરી રહ્યો. અંધકારયુક્ત ગુહામાં અત્યારે જો કે ચંદ્રનો લોપ થયેલોજ જણાતો હતો તોપણ તે સુંદરીના મુખચંદ્રમાં ચાતકવત્ તે લીન બની રહ્યો હતો. એ રીતે અત્યારે ઉભય વચ્ચે સ્નેહ નિર્ઝરનું વહન થવા લાગ્યું.

આવા વિશુદ્ધ દંપતિઓના પવિત્ર પ્રેમના ભાવો સ્વર્ગીય અને અલૌકિક હોય છે. પ્રેમી પાત્રોના જીવનના અદ્‌ભૂત ચમત્કારાથી કોનું હૃદય ચકિત ન થાય ? પ્રણયી પાત્રોનાં હૃદયો પરસ્પરના વિયોગથી અત્યંત ઉત્સુક બની રહે છે અને પ્રણયપાત્રનાં પ્રેમવિહીન અવર સુખ ક્ષુદ્રવત્ જણાય છે. ઉભયનાં પરસ્પરનાં દર્શનથી ઉભય જણાએ અતીવ આનંદનો અનુભવ કર્યો અને ઉભયના હૃદયમાં વિકસીત થયેલો પ્રેમસુગંધ ચોપાસ પ્રસરી રહ્યો. નજરે નજરનું અનુસંધાન થવાથી ચકોરવત્ કેટલીક ઘટિકાપર્યંત આંખોએ પલકારો પણ માર્યો નહિ. લજ્જાશીલ

બનેલી સૌભાગ્યવતીના વીશીર્ણ બની ગયેલા વદન ઉપર આનંદની છાયા પથરાઈ રહી.

લજ્જાવિનિત થયેલી રાજબાળા સૌભાગ્યવતીએ કંપિત થતા રૂપાની ઘુઘરી સરખા મંદ મધુર સ્વરે પોતાની હૃદયવેધક દુઃખ પૂર્ણ આત્મકથા કહી સંભળાવી અને એ દુઃખદ હૃદયવેધક વૃત્તાંત સાંભળતાં ચંદ્રસિંહનું હૃદય દુઃખ અને શોકથી વિદીર્ણ થઈ રહ્યું.

લલીત લાવણ્યવતી રાજબાળાના ચંદ્રવદન ઉપર સ્નેહપૂર્ણ દૃષ્ટિ ઠારતાંજ ચંદ્રસિંહ બોલ્યોઃ–

" સુંદરી ! ચાલો, અત્યારે આવા ભયંકર જનશૂન્ય સ્થાનમાં વિશેષ સમય વ્યતીત કરવો એ ભયાચ્છાદિત છે. માટે યથાસમય નિર્ભયસ્થળે પહોંચી જઇએ. " ચંદ્રસિંહે કિંચિદ્ ભયનું દર્શન કરાવતાં કહ્યું.

" હા, નાથ ! ચાલો ત્યારે, વિલંબ કરવો અનુચિત છે. ત્વરાથી આ ભયંકર ગુહા બહાર નીકળી જઇએ. અરેરે પ્રભુ ! મારા માતાપિતાની અત્યારે કેવી દુઃખદાયક હૃદય વિદારક દુર્દશા થઈ રહી હશે ? " એટલું બોલતાં બોલતાં તો રાજબાળાની આંખોમાંથી આંસુનું પૂર ઉભરાઇ આવ્યું અને તેનો ઉત્કટ ચળકાટ ચંદ્રસિંહના હૃદયને પણ વિદીર્ણ કરી રહ્યો.

" પ્રિયા ! હતાશ ન થાઓ. આપણા નિર્ભય ગુપ્ત સ્થાનેથી તે કુશળ સમાચાર તેઓને ત્વરાથી પહોંચતા કરીશું. " ચંદ્રસિંહે રાજબાળાના મનનું સાન્ત્વન કરતાંજ કહ્યું.

ઉપરોક્ત પ્રેમવાર્તા કરતાં કરતાં ઉભય જણ આ ભયંકર ગુહાબહાર નીકળી આવ્યાં. ત્યારબાદ ચંદ્રસિંહ અશ્વ ઉપર સ્વાર થયો અને પોતાની પ્રિયતમાને પણ અશ્વ ઉપર ઉંચકી લીધી. ચપળ અશ્વને પુરપાટ વેગમાં દોડાવી મુકયો. એ રીતે આ નવલ દંપતિએ આ ભયંકર સ્થાનમાંથી પ્રસ્થાન કર્યું અને જોતજોતામાં આ પ્રેમવાસી યુગ્મ દૃષ્ટિ મર્યાદામાંથી ગેબ થઇ ગયું એટલે આ જનશૂન્ય સ્થાનમાં પુનઃ શાન્તિ અને શૂન્યતા વ્યાપી રહી.

પ્રકરણ ૨૪ મું.

પાપીનો પ્રલય અને ધર્મીનો જય.

રાત્રિનો પ્રથમ પ્રહર વ્યતીત થઇ ગયેલો હતો, નભોમંડળમાં શુભ્ર ચંદ્રિકા એકાએક હસી ઉઠી હતી, તારકમંડળ ચંદ્રપ્રકાશમાં પણ મંદમંદ ચમકી રહ્યું હતું અને સર્વત્ર શાંતિ અને નિઃસ્તબ્ધતા વ્યાપી રહી હતી. સૌભાગ્યવતી એક શત્રુરાજબાળા છે અને વળી તે આટલી પ્રેમશીલા છે, એટલું જ નહિ પણ તે અનેક દુઃખ પ્રસંગો ઉદ્‌ભૂત થયા છતાં તે પવિત્ર પ્રિયતમા પોતાનું પાવિત્ર્ય ટકાવી રહેલી છે; એ અદ્‌ભૂત વાર્ત્તા જાણતાં કનકપુરનો ભાવી રાજા ચંદ્રસિંહ આનંદસાગરમાં ડુબી ગયો હતો. ઘરમાં વૃદ્ધ રાજમાતા સગુણદેવી એક ચટાઈ ઉપર બેઠેલાં છે અને તેમની ડાબી બાજુ ઉપર રાજબાળા સૌભાગ્યવતી વિચારમાળા ગુંથતી લમણે હાથ ટેકાવી નિઃશ્વાસ ઉપર નિઃશ્વાસ નાંખતી બેઠેલી છે. ચંદ્રસિંહ એક સુખાસન ઉપર વિચાર નિમગ્નતાથી બેઠો છે. આ નાનકડું રાજકુટુંબ અજ્ઞાત સ્થિતિમાંજ પોતાનો જીવનપ્રવાહ વહન કરી રહ્યું છે. તેના કારણ વાસ્તે કહીશું કે શત્રુરાજ્યનો વૈરભાવ જ આવી દુઃખદાવસ્થા વાસ્તે કારણભુત બન્યો છે. ચંદ્રસિંહ ભયંકર ચિન્તાસાગરમાં અટવાતો હતો. એક તો પોતાના રાજ્યસુખનું અધઃપતન અને તદુપરાંત અત્યંત પ્રેમઘેલી પ્રિયતમા સૌભાગ્યવતીની ચિન્તાએ તેના ખિન્ન હૃદયને અત્યંત વિદીર્ણ બનાવી દીધું હતું. તેણે સ્વરાજ્યના સ્વાતંત્ર્ય રક્ષણ માટે પોતાનો પ્રાણ સુદ્ધાં સમર્પણ કરવાની અદ્‌ભૂત ઉત્કટ અભિલાષા ધરાવી હતી; પરંતુ તેની તે અભિલાષા મનમાંજ સમાઇ રહી હતી. વસ્તુતઃ તેની સંપૂર્ણ અભિલાષા નિષ્ફળ અને વિનાશવતી જ થઇ હતી. અત્યારે તે રાજકુમારના હૃદયમાં વિવિધ વિચારમાળા ચાલી રહેલી હતી. સૌભાગ્યવતીના કુશળ વર્ત્તમાનનો પત્ર કોનીસાથે રાજગઢ મોકલવો ? શું લખવું ? ઉભય પ્રશ્નો આ પ્રેમી રાજકુમારના હૃદયમાં ઉપસ્થિત થયેલા હતા; એવામાં પોતાનો જુનો આજ્ઞાધારક રાજભક્ત રઘુજી સ્મૃતિએ ચડયો અને તેજ આ કાર્યસિદ્ધિ પરિપૂર્ણ પાર ઉતારશે એવા વિલક્ષણ વિચારથી

રાજકુમાર ચંદ્રસિંહે તેને બોલાવી મંગાવ્યો. રઘુજી એક રાજપૂત યુવક હતો અને તેનામાં રાજધર્મનિષ્ઠાનો જુસ્સો ઉછળી રહ્યો હતો. તે રાજકુમારને પ્રણામ કરીને પ્રાર્થના કરતો બોલ્યો કે, "મહારાજ ! હું આપનો સદાનો રાજસેવક છું. આપના જ અન્નથી પોષાએલો રઘુજી આપના ચરણની સેવામાં સદાને માટે તત્પર છે. મહારાજ ! શી આજ્ઞા છે? ફરમાવો."

આણી પાસ રાજબાળા સૌભાગ્યવતી કપોલ પ્રદેશ ઉપર હાથ ટેકાવી વિચારમાં લીન બની રહી હતી. સામે મંદ દીપક બળતો હતો. તે આવી દુઃખકારક ચિન્તારૂપ અગ્નિના દંશની વેદનાથી અત્યંત આકુલ વ્યાકુલ બની રહી હતી. પાપીષ્ટ કુટિલચંદ્ર સાથેનું વેર કેવી રીતે લેવું એ તરંગમાળા અત્યારે બહુધા ચાલી રહી હતી અને અત્યારે સમસ્ત રાજમંડળ તથા ખુદ રાજા મદનસિંહ તેની ભયંકર કપટજાળને આધિન થઈ રહ્યા હતા, એવી અગાધ ચિન્તાથી ખિન્ન બનેલી રાજબાળાના હૃદયમાં કાંઈક ઉત્કટ વિચારોનું વાદળ ઉભરાઈ નીકળતાં તે એકાએક ટટાર થઇ ગઇ અને પોતાના પિતાને ઉદ્દેશીને નીચે પ્રમાણે પત્ર લખવામાં ગુંથાઈ ગઇ.

"પૂજ્ય પિતાશ્રી !

આપ મારી આ હૃદયવિદારક દુઃખમય વાર્તા સાંભળી અત્યંત ખિન્ન બની જશો. છતાં પણ મારા એક અજ્ઞાત રાજકુમારના વરદહસ્તે આબાદ બચી જવાથી આપ નિરતીશય આનંદિત થશો. આપના સમાન ચાલાક નૃપતિ એક કુટિલચંદ્ર સરખા બદમાશની પ્રપંચજાળનો ભોગ થયેલા નિહાળી કયું પાષાણ હૃદય શોકાદ્રતાથી નહિ દ્રવે? પિતાજી ! આપની અપ્રતિમ રાજસત્તાને અનેક રાજકર્તાઓ નમી જઇ માન આપે છે અને જેની વિરોચીત હાક શૂરા ભડવીરોને પણ કંપાવે છે, તેજ આપ અગાધ આપત્તિના અખાતમાં અત્યારે ડુબી રહેલા જોઇ મારૂં હૃદય શોકતાપથી વિદીર્ણ થાય છે. આપ કે જેણે વિવિધ વિકટ દુઃખવાદળને વિદીર્ણ કરી ભલભલા રણરંગ રાખ્યા છે; વસ્તુતઃ કોઇને તખ્તનશીનથી યમસદનમાં પહોંચતાં કર્યા છે, ને કંઈકને તખ્તનશીન બનાવ્યા છે, તે આજે અધમ અમાત્યને હાથે પરવશ બનેલા નિહાળી મારા હૃદયમાં નિરતિશય દુઃખનું સંચાલન થાય છે. મારે આપને

સવેળા ચેતવવા ઉચિત લેખાશે કે મારો ઘડો લાડવો કરવામાં નવલ રાજરાણી પણ શામિલ છે. એ સિવાય કુમુદ કિંવા પ્રમીલા ઉપર જો કદાચિત્ એ અધમજનોએ કૃષ્ણ કલંક મુકયું હોય તો તેઓને નિર્દોષ ધારી દુઃખમુક્ત કરશો. આ કુટિલચંદ્ર કારભારીએ નવલરાણીને ખોટા દિવસ રહેવાનું ઐહિક દૃષ્ટિથી વ્યકત કરી એક અજ્ઞાત બાળકને ખોળે લેવાની પ્રપંચ જાળ પ્રસારેલી છે. અને ટુંક વખતમાંજ તે અજ્ઞાત બાળકને રાજ્યની સત્તા સુપ્રત કરી આપનો ઘડો લાડવો કરવાની અભદ્ર આશા બાંધી છે. પ્રભુ! એ ભયસંકટ ચક્રમાંથી આપનું સદા સર્વદા રક્ષણ કરો. એવી તે જગતન્નિયંતા પ્રભુના પવિત્ર પદકમળમાં મારી પ્રાર્થના છે. એ નવલરાણીએ રણવાસની રાણીઓ ઉપર સત્તા જમાવી જે ત્રાસ વર્તાવ્યો છે તે કેવળ અવર્ણનીય અને અકલ્પનીયજ છે. ખુદ મને પણ મારૂં કૌમાર્ય નષ્ટભ્રષ્ટ કરવાને અને તેના દુષ્ટ ધર્મની દિક્ષા આપવાને તેણે ભયંકર નિશ્ચય કર્યો હતો, પરંતુ પ્રભુ કૃપાથી અત્યારે તે હતાશ બની છે. બાપુ! આપને મદ્યપાનમાં પ્રમત્ત બનાવી રાતદિવસનું ભાન ભુલાવી તેણે માથે છેડો નાંખી જે દુષ્કાર્ય કર્યા છે તેનું વર્ણન કરતાં મારૂં હૃદય દુઃખાતિશયથી કંપાય છે, અને નગરવાસી સુકુમાર યૌવનાઓનાં ધન અને ધર્મ એકીસાથે લુંટાઇ જવાથી તેઓ હૃદયવેધક વિલાપ કરે છે. પરંતુ તેની કોઇ દાદ દેતું નથી. અહા! કેટલું દુર્ભાગ્ય! તેનું વર્ણન કરવાની શક્તિ મારી ક્ષુદ્ર લેખિની ધરાવતી નથી. છતાં કિંચિદ્ શકિત હોય તો પણ એ અધમજનોનો અધમાચાર દર્શાવતાં કુંઠીત બને છે. આપ સાંભળીને આનંદિત થશો કે મારૂં રક્ષણકર્તા એક રાજયુવક છે કે જે યુવરાજને મેં મારી પ્રેમમાળા સમર્પણ કરેલી છે. પિતાજી! મારૂં અજ્ઞાત નિવાસસ્થાન વ્યકત કરતાં મારૂં હૃદય કંપાય છે. કારણ તે પાપાત્માઓનાં કાવત્રાંની હું પુનઃ ભોગ થઇ પડું એજ! આ કુશળ વર્તમાન મારાં પુજ્ય માતુશ્રીને વંચાવી તેમની ઉદ્વિગ્નતા અને શોકાતિશયતાનો પરિહાર કરશો. આવા ભયંકર મામલામાં પ્રભુ આપના સંરક્ષક થાઓ. એજ અંતિમ પ્રાર્થના!

લી. આપની ચર્ણરજ પુત્રી,

સૌભાગ્યવતીના સાષ્ટાંગ દંડવત્ પ્રણામ.

આ પત્રવાંચનથી રાજકુમાર ભાવી પ્રિયાની ચાતુર્યતા માટે પણ ચકિત બની ગયો. ઉપરોક્ત પત્ર રઘુજી ઉપસ્થિત થવાથી તેની સાથે ત્વરાથી રવાના Despatch કર્યો અને તે સાથે બદમાશના હાથમાં એ પત્ર ન જવા પામે તેની ઉચિત અગમચેતી આપી. દ્વિતીય દિવસે પ્રાતઃકાળમાં રાજભકત રઘુજીએ પોતાના ચપળ અશ્વ ઉપર સ્વાર થઈ રાજગઢ પ્રતિ પ્રસ્થાન કર્યું.

વિરપુરથી ઉપડેલો રઘુજી લગભગ સાયંકાળ સમયે રાજગઢના પાદરમાં આવી લાગ્યો. મહારાજા મદનસિંહજી હમણાં રાજ્યમહાલય સામેના ઉદ્યાનમાં સુશીતલ સૌગંધિક અનિલ લહરીઓનું આસ્વાદન ચાખવા પધારેલા હતા, એવા શુભ સમાચારથી રઘુજી આનંદમય બની ગયો. આવો એકાંત સંયોગ પુનઃ થવો અસંભવનીય ધારી વિશ્રાંતિ પણ લીધા શિવાય અશ્વને ધર્મશાળામાં બાંધી સીધે સીધો પોતે બગીચામાં ચાલ્યો ગયો. રાજનીતિજ્ઞ રઘુજીએ ઉચિત નમન કરી મહારાજાના કોમળ કરમાં ગુપચુપ ઉક્ત પત્ર સેરવી દીધો. જે પત્રદર્શન થતાંજ એ કાંઠામાં વહન થતી સરિતાસમાન જોતજોતામાં આનંદ વધી ગયો. લાંબા સમય પર્યંત મૌન્યમુખે નિમગ્ન રહીને અંતે મદનસિંહ રાજાએ પોતાના હૃદયસ્થ શોક અને કોપનો આવિર્ભાવ વ્યક્ત કરતાં કહ્યું:–" અરેરે ! આ શું ? શું હું આટલો વિષયાંધ અને ઘાતકી બની ગયો છું ? એ અધમજનોના હાથે મારી લાડકવાઇ પુત્રી પામર મનુષ્ય પેઠે મરે ? મારી અસાવધતાનો પાપીઓએ અભદ્ર લાભ લઇને બહુ અત્યાચાર ગુજાર્યો છે ! ઓ પ્રભુ ! મારા માથે આવું દુઃખવાદળ શાને નાખે છે, નાથ ! દુષ્ટો ! રાજબાળાના પાવિત્ર્યને ભગ્ન કરવાની શું અભદ્ર અભિલાષા તમે ધરાવતા થયા છો ? કેમ જ બને ? ચાંડાલો ! સ્વપ્નમાં પણ આશા ન ધરાવશો કે એક ધર્મશીલા, ધન કિંવા પ્રાણહાનીથી પોતાના અમૂલ્ય પાતિવ્રત્યનો લોપ થવા દે ? પાપાત્માઓ ! હવે તમારો ઘડો લાડવો ભરાઈ ચૂકયો છે. દુષ્ટ અમાત્ય ! તારી પાપવાસના ઉપર અગ્નિ વર્ષો. કિંતુ આ સર્વ દુષ્કાર્યોનું ઉત્પત્તિસ્થાન તો હું જ બન્યો છું. મારા મંદભાગ્યનો જ આ સર્વ અપરાધ છે. દુષ્ટ દારા જ આ ઉપદ્રવનું મૂળ છે. હાય ! હાય ! કેટલું દુર્ભાગ્ય ! શું ત્યારે એ પાપકર્મને વાસ્તે

આત્મઘાતનું પ્રાયશ્ચિત કરવું ? નહિ, નહિ. એ પાપાત્માઓને જ તેઓના ભયંકર પાપકર્મનું શાસન કરૂં. યુદ્ધકળામાં કુશળ, શત્રુને પરાજીત કરવામાં અદ્વિતીય અને મોટા મોટા નરેશોને નમાવી દેવામાં એક્કો એવો હું રાજગઢાધિપતી, તે હું અધમ અમાત્યના કાવત્રાંથી રંક બની ગયો છું, એજ અત્યંત ખેદનો વિષય છે. ધન્ય છે, મારી શાણી રાજસુતા ! બેટા ! તારાં પાવિત્ર્યતે. તારા શીલવ્રતનું સદા સર્વદા પ્રભુ રક્ષણ કરો. ખરેખર તું પુન્યશીલા છે. કુલોદ્ધારક મહાસતી સીતાના પદને લાયક છે. આશ્ચર્યની વાત તો એટલીજ કે, રાજ્યમાં જો આ રીતે અરાજત્વ ચાલતું હોય તો ભરૂંસે ભગવાન ભુલ્યા લેખાય ! પરંતુ વિશેષ આશ્ચર્ય તો એજ કે તે દુષ્ટોને સહાયભૂત હું જ બની રહ્યો છું. અફસોસ !" ગદગદ કંઠે નિઃશ્વાસ નાંખતો રાજા એટલું બોલી અવાચ્ય રહ્યો.

ઉપર્યુક્ત બદમાશોના અત્યાચારથી મહારાજાનો ક્રોધ સમુદ્રની ભરતીપેરે વૃદ્ધિ પામવા લાગ્યો. તેમની આંખોમાંથી ઉત્કટ અગ્નિકણો વરસવા લાગ્યા. તે ઘણી જ ઝડપે ચોકીની ડેલી પાસે આવ્યો અને ત્વરાથી ત્યાં પહેરો ભરતા પહેરેગીર સાથે સૈન્યાધ્યક્ષને ફરમાન મોકલ્યું કે, અમાત્ય કુટિલચંદ્રનાં ઘરબાર જપ્ત કરો, અને તેને અને તેના કુટુંબસમેત નવલરાણી રૂપવતીને પરહેજ કરો. પરંતુ આ ફરમાન થવા પૂર્વેજ કુટિલચંદ્ર જાસુસોની બાતમીના આધારે સહકુટુંબ પલાયન કરી ગયો હતો. આવા વિલક્ષણ સમાચાર સાંભળતાં મહારાજાનો કોપાનલ પ્રલયાગ્નિવત્ ભભૂકી ઉઠયો અને ઘણી જ ત્વરાથી કુટિલચંદ્રને કુટુંબસમેત્ પકડી લાવવાને એક સરદારની સરદારીતળે એક સૈનિક ટુકડી રવાના કરી દીધી, અને બીજીગમ પોતાની સાધ્વી સુતાને ધામધુમથી રાજગઢ લઈ આવવાને સૈન્યાધ્યક્ષને ફરમાન કર્યું. એટલે રથ અને મ્યાનાસમેત પાંચસો સ્વારોની ટુકડી સમેત તે સૌભાગ્યવતીને બોલાવી લાવવાને ઉપડી ગયો.

ઉપર્યુક્ત બંદોબસ્ત કર્યાબાદ રાજા ઘણીજ ઝડપે રાજમહેલમાં ગયો અને તે આનંદપ્રદ સમાચાર સૌભાગ્યવતીની સગી જનેતા વિમળમતીને નિવેદન કર્યા. આવા નિરતિશય

હર્ષપ્રદ સમાચાર સાંભળતાં વિમળમતીએ આનંદાતિશયથી જે રોમાંચનો અનુભવ કર્યો તેનું વર્ણન કરવાની શક્તિ અમારી આ ક્ષુદ્ર લેખિની ધરાવતી નથી. વસ્તુતઃ પુત્રીના પુનર્જીવનનો આનંદ સ્નેહશીલ જનેતાને માટે સર્વથા અવર્ણનીય અને અકલ્પનીયજ હોવો ઘટે છે; પરંતુ રાજા અને રાણીનાં હૃદયોમાં દુષ્ટજનોના અત્યાચારથી એટલો કોપાગ્નિ ભભૂકી ઉઠયો કે, તેમની આંખોમાંથી અગ્નિકણો વર્ષતા હોય તેમ પ્રત્યક્ષ થતું હતું. એ કોપાનલના આવેશમાં જ રાજા ઉદ્‌ગાર કાઢવા લાગ્યોઃ—“ પાપીષ્ટ ! નરાધમ ! કુલાંગાર જનો ! મારી સાથે પણ દગલબાજી ? શું મારી પ્રાણાધિક પ્રિયપુત્રી ઉપર આટલો અત્યાચાર ! એ પાપિની પ્રમદાનું મોઢું પણ હવે પછી નહિ જોવાની હું પ્રતિજ્ઞા કરૂં છું. અફસોસની વાર્તા છે કે, તું સ્ત્રીજાતિ છે નહિ તો આ ક્ષણે જ તને સ્વર્ગસદનના માર્ગે પહોંચતી કરત અને તારાં દુષ્કાર્યોનું ઉચિત ફળ ચખાડી દેત. દુષ્ટ અમાત્ય ! ભલે તું અત્યારે કદાચિત મારા શાસનથી છટકી જવા પામ્યો છે પરંતુ સર્વાંતર્યામી પ્રભુ તારા પાપ કર્મોનું અનુશાસન તને ભોગવતો કરશે જ. ”

આવા વિલક્ષણ સમાચાર દુષ્ટા નવલ રાણીને કયારનાએ પહોંચતા થયા હોવાથી તે અશ્વારૂઢ બની પલાયન કરી ગઇ હતી અને ઘોર અરણ્ય પ્રદેશમાં પ્રવેશ પામી પશ્ચાત્તાપથી બળતી હતી. તે આત્મગત કહેવા લાગીઃ—

“ અરેરે ! મારી કેટલી દુર્દશા ? શું હું આ સત્ય નિહાળું છું ? શું હું સ્વપ્નસૃષ્ટિમાં તો પરિભ્રમતી નથી ને ? હાય ! હાય ! શું મારૂં આટલું દુર્ભાગ્ય ? આહા ! આટલી હદસુધી અપમાનિત થવાનો આ દુઃખદ પ્રસંગ મેં જ ચાંડાલિનીએ ઉપસ્થિત કર્યો છે. અહા ! આ શો ચમત્કાર ! મૃત્યુ શય્યામાં સુતેલી સૌભાગ્યવતી કયાંથી કેવીરીતે આબાદ છટકી જવા પામી ? અરેરે ! તે વૈરિણી રાજસુતાએ તો મારૂં સત્યાનાશ વાળી દીધું. એ વિચારો મનમાં આવે છે ત્યારે તો અસંખ્ય વૃશ્ચિકોની દંશ વેદનાથી મારૂં હૃદય વિદીર્ણ થતું અનુભવું છું. ” આ પ્રમાણે બોલતી આ રખડતી રમા ભયંકર જંગલમાં પરિભ્રમણ કરી રહી હતી. વળી તેના હૃદયમાં વિચારમાળા ચાલી રહી.

“મારા ચિત્તમાં ચિતાગ્નિ પ્રદીપ્ત થાય છે. શરીર ભસ્મ થાય

છે, અને નેત્રોમાં અંધતા અનુભવાય છે તથા વિચારોનો લોપ થાય છે. અરેરે ! હવે આ અભાગિ જીવન શું કામનું ? તેને સત્વર ટૂંકું જ કરી નાખવું ઉચિત છે.” એમ કહેતાં કહેતાં તે મૃત્યુને આલિંગન દેવા ટટાર થઇ ગઇ.

નિશાનાથ ચંદ્રદેવતા મધ્યાકાશમાં વિરાજી રહ્યો હતો અને સમસ્ત સૃષ્ટિ ચંદ્રિકાના શાંત સુધારસમાં સ્નાન કરી રહી હતી. આ વેળા આ પરિત્યકતા નવલરાણીને નિહાળી નિશાચર પશુઓ ઉચ્ચ સ્વરે આક્રોશ કરતાં હતાં, કેટલાંક હિંસ્ર પ્રાણીઓ આક્રમણ કરવાની ચેષ્ટા કરતાં હતાં અને કેટલાંક હૃદયભેદક ચીસ પાડીને પલાયન કરતાં જણાતાં હતાં. રૂપવતીએ જાણતી હતી કે, આ ભયંકર અરણ્યપ્રદેશ છે છતાં તે અત્યારે તો પ્રબલાસમાન નિષ્કંપ જ બની હતી. કારણ કે તેના મનમાંથી મૃત્યુનો ભય પ્રયાણ કરી ગયેલો હતો. અત્યારે મૃત્યુના મુખમાં જ પ્રવેશ પામવા તે પરિભ્રમતી હતી. અંતે આ એકલી અટુલી અભાગિની રાણી સરિતા તીરે આવી લાગી. અને પોતાના નિર્ધારિત સ્થાને આવી પહોંચતાં તે અશ્વ ઉપરથી એક વિશાળ શિલા ઉપર ઉતરી પડી. પછી ગદ્ગદિત કરૂણ કંઠે તે ઉચ્ચારણ કરવા લાગી.

“ ખરેખર પતિના સુખવિનાનું સ્ત્રીનું જીવન વ્યર્થજ છે. કારણ કે ગમે તેવી લલના સુંદર હોવા છતાં પ્રણયકાન્તની પ્રાપ્તિ ન હોય તો તે સૌંદર્યતા દુઃખમય જ નિવડે છે. અહા ! આ પ્રશાંત રજનીદેવી અત્યારે પોતાના પ્રાણવલ્લભ ચંદ્ર દેવતાના સાન્નિધ્યમાં કેવી ગૌરવદના અને કાન્તિમાન દેખાય છે? પરંતુ એજ રાત્રિ ચંદ્રદેવના અસ્ત સમયે કૃપણવદના જ બની જાય છે. હાલ મારી પણ એટલીજ દુરાવસ્થા થઇ પડી છે. શિવ ! શિવ ! મારા પાપનો ક્યાં પાર રહ્યો છે ? હવે તો આ સરિતાજ મારી સદાને માટે સહચરી થશે. હે પાપીષ્ટ જીવ ! તું હવે આ સંસારની માયા મમતાને ત્યજી દે અને પરલોકમાં ચિત્ત રાખ. કારણ કે પતિનો ક્રોધાંત કોપાનલ તારા ઉપર સળગી રહ્યો છે. ચાલ, જીવ ! હવે રડે છે શાને ? ” એમ કહી આ હતભાગી દુષ્ટાએ આ સરિતાના ભયંકર જળપ્રવાહમાં ભૂસ્કો માર્યો અને સદાને માટે જળસમાધિ કરી દીધી. એ રીતે તે પાપિની પ્રમદાએ પોતાના પાપનું પ્રાયશ્ચિત્ત કર્યું.

મહારાજાએ નવલરાણીને પકડવા મોકલેલા રાજસેવકો તેના સુંદર રાજમહેલમાં આવી લાગ્યા તો સર્વત્ર શૂન્યતા અને શાન્તિનો સંચાર થયેલો જ જણાવા લાગ્યો. તપાસ કરતાં નવલરાણી નાસી છૂટેલી જણાવા લાગી. આ વિલક્ષણ સમાચાર મહારાજાને કાને જતાં તે આશ્ચર્ય સાગરમાં ગરક થઇ રહ્યા અને તેની શોધખોળ કરાવતાં આત્મઘાત કરવાની વાર્તા કર્ણોપકર્ણ રાજાના સાંભળવામાં આવી, એટલે રાજા મદનસિંહના મુખમાંથી સાહજીક ઉદ્ગારો નીકળ્યા કે, “પાપિની! તારા પાપનું પ્રાયશ્ચિત્ત એ જ હોવું ઘટે છે!”

આણીપાસ સૌભાગ્યવતી અને ચંદ્રસિંહને રથમાં બેસાડી અને ચંદ્રસિંહની માતુશ્રીને મ્યાનામાં બેસાડી રાજગઢમાં મોટી ધામધુમથી પ્રવેશ કરાવ્યો. પૂર્વનું વૈર ભૂલી જઇ મહારાજા મદનસિંહે તેને પોતાના પિતાનું કનકપુરનું રાજ્ય પાછું આપ્યું. ત્યારબાદ રાણી વિમળમતીની અનુમતિથી ચંદ્રસિંહ સાથે રાજકન્યા સૌભાગ્યવતીના લગ્નોત્સવની તૈયારીઓ કરવા માંડી. દેશ વિદેશના નોકરોને તે લગ્ન પ્રસંગે આવવાનાં ખાસ રાજસેવકો સમેત આમંત્રણ મોકલ્યાં. આ પ્રસંગે રાજરાણી વિમળમતીના આનંદનો શું પાર રહે વારૂ? આ વેળા વિપુલ મંગળ વાદ્યોના ધ્વનિથી રાજમહેલ ગાજી ઉઠયો હતો અને બંદિજનો સ્તુતિગાન લલકારતા હતા. ચંદ્રસિંહ અને તેની માતાને રાજમહેલમાં જ ઉતારો આપ્યો હતો. આ રીતે લગ્નોત્સવના માંગલિક શબ્દો સર્વ સ્થળે વ્યાપી રહ્યા હતા. જે સ્થળે શોકનું સામ્રાજ્ય પ્રવર્ત્તિ રહ્યું હતું તેજ સ્થળે અત્યારે આનંદસાગર ઉલટી રહેલો પ્રત્યક્ષ થતો હતો. હવે આ મંગળ પ્રસંગને સહજવાર પડતો મૂકીને આપણે હાલ તો આ વાર્ત્તાનાં મુખ્ય પાત્રો પ્રતિજ વળીશું.

પ્રકરણ ૨૫ મું.

સદ્ભાગ્ય યોગ.

પ્રિયતમાના વિરહજન્ય દુઃખ દરિયામાં ડુબી રહેલો કાન્તીલાલ આજે રાજગઢમાં લગ્નોત્સવ પ્રસંગે આવી લાગ્યો હતો. તેનો મિત્ર આ રાજ્યનો મુંબઇ ખાતેનો એજન્ટ તરીકેનો હોદ્દો ધરાવતા હતો. તેનું નામ વસંતરાય હતું અને તેના જ હૃદયપૂર્વકના આમંત્રણથી કાન્તીલાલ અત્યારે રાજગઢમાં પ્રવેશ કરવા પામ્યો હતો. પણ પ્રિયતમાના ચિંતનમાં લીન બનેલા હતભાગી કાન્તીલાલને હૃદયશાન્તિ તો હતી જ કયાં વારૂ?

કાન્તિલાલ અને કુમુદા ઉભય આ વાર્ત્તાનાં મુખ્ય પાત્રો જ છે અને અત્યારે સ્નેહસાગરમાં ડુબી રહેલાં તથા પ્રેમના નિશામાં ચકચૂર થયેલાં ઉભય પ્રણયી પાત્રો એકબીજાની પ્રસન્નતા વાસ્તે જ કાળજી ધરાવતાં થયેલાં છે—સમસ્ત જગતને ભૂલી એક બીજાને જ નિહાળી રહ્યાં છે. સમસ્ત તારકમંડળ જ્યારે ધ્રુવની આસપાસ પરિભ્રમણ કરે છે ત્યારે આ બે તારાનું જોડકું—દમ્પતિ વિશ્વના ક્રમની પરવા ન ધરાવતાં એક બીજાની પાછળ પાછળ ઘુમે છે. ખરેખર! પ્રણય મુગ્ધજનોનું આવું સંકુચિત ચિત્ત બની જાય છે. પ્રેમ એ જીવનવિકાસનું ઉચ્ચ લ્હાણું છે. લગ્ન એ પોતાનાજ કેંદ્રમાં સ્થિત થનારી પ્રેમોર્મિઓને વ્યક્ત કરી તે તે વિશ્વ નાટકમાં રમણ કરતી નિહાળવાની આદર્શરૂપ પાઠશાળા જ છે.

આ પ્રેમી દમ્પતિએ પોતપોતાનું મનોનાવ સ્નેહસાગરમાં વહેતું મુકયું હતું અને નવજાત પ્રેમની બંસીના મોહનાદના નિશામાં ચકચુર થયેલાં વરવધુ પ્રેમરસમાં રસબસ બની સમસ્ત જગતુને પણ ભૂલી ગયાં હતાં. આવાં દમ્પતિને માટે એક કવિ કહે છેઃ—"સોऽहं સોऽहं સતી રટે, **સાहं સાहं** કંથ." એ રીતે આ દમ્પતિ—પ્રિયતમ—પ્રેયસી પરસ્પરના ચિંતનમાં લીન બની ગયેલાં જ પ્રત્યક્ષ થતાં હતાં. અત્યારે કાન્તિલાલ જો કે લગ્નોત્સવ પ્રસંગે આવેલો હતો, છતાં પણ તેના કોમળ મગજમાંથી કુમુદાનું ચિત્ર ભુંસાઈ જવા પામ્યું નહોતું. પ્રેયસીની દુઃખદાવસ્થા વાસ્તે પોતાને જ કારણભુત થયેલો

નિહાળી તે વારંવાર શોકસાગરમાં ડૂબી જતો હતો. જ્યારે જ્યારે તેના વડિલ મિત્રથી વિખુટો પડતો ત્યારે ત્યારે તે પોતાની પ્રિય હૃદય દેવીના જ ચિન્તનમાં લીન બની જતો હતો. તેનો મિત્ર વસંતરાય આ રાજ્ય ઉપરાંત અન્ય કેટલાંક રજવાડાની એજન્સીનું કાર્ય કરી બાહોશ વકીલ તરીકે પણ ઉચ્ચ હોદ્દો ધરાવતો થયો હતો. પોતાના સુહૃદના આટલા ચિંતાતુરપણાને માટે પ્રસંગોપાત તે તેને શાન્ત્વન આપતો અને ઘણો .રો સમય તેના જ સહવાસમાં વહન કરી તેના વિરહવ્યાધિનું વિસ્મરણ કરાવતો હતો, છતાં પણ કાન્તિલાલ જ્યારે જ્યારે એકલો પડતો ત્યારે ત્યારે પુનઃ પોતાની પ્રેયસીના જ વિચારમાં તે નિમગ્ન રહેતો હતો. અત્યારે રાજબાળા સૌભાગ્યવતીના લગ્નોત્સવના દિવસો પસાર થતા હતા. આ પ્રસંગે ઉભય રાજરત્નોને અવર્ણનીય આનંદનો અનુભવ થતો હતો. કુમુદા સાથે રાજમંદિરમાં ભ્રમણ કરતી પ્રેમઘેલી રાજસુતા સૌભાગ્યવતી ઝાંઝરોના ઝણકારથી, વસ્ત્રાલંકારોના ચળકાટથી, મીશ્રિત થયેલી શરીર કાન્તિથી, અત્તર અને સેન્ટના સૌગંધ્યથી, મંદમંદ સ્મિત ફરકાવતી મુખચંદ્રિકાથી અને યૌવનભારના અસહ્ય બોજાથી રાજમંદિરને ગજાવતી ચંદ્રસિંહના હૃદયનું આકર્ષણ કરી રહી હતી. તે લજ્જાવિનીત બનતી, હૃદયના ઉમળકાથી, આનંદથી સંભ્રમશીલા બની જતી અને પોતાનાં મનોહર અંગઉપાંગોને ઢાંકવામાં વિશેષ પ્રયાસ કરતી ગુપચુપ ચંદ્રસિંહને નિહાળી લેતી. અત્યારે બાગ, બંગલા તેમજ મેમાન અને રાજરત્નોના તંબુઓ શણગારવામાં આવતા હતા અને મેમાનોનો સત્કાર કરવાને વિવિધ પ્રકારની યોજનાઓ થતી હતી; પરંતુ આ સર્વ આહ્લાદકારક લગ્ન પ્રસંગ પ્રતિ કાન્તીલાલનું હતાશ હૃદય કેવળ ખિન્નતાથી જ છવાયલું રહેતું હતું. બીજી બાજુ જેલયાત્રામાંથી મુકત બનેલી કુલીન કુમુદા પોતાની પ્રિય સખી સૌભાગ્યવતીની બરદાસ કરવામાં ગુંથાયેલી હતી; છતાં તે પણ ખિન્ન બની પ્રિયજનના ચિંતનમાં લીન બની જતી હતી. અહા ! પ્રેમપ્રાબલ્ય કેટલું અલૌકિક છે ? પ્રેમસાગરમાં તરતાં પ્રણયપાત્રો નૈસર્ગિક રીતે જ પ્રેમમુગ્ધ બની જાય છે. એમ આ પ્રેમમુગ્ધ દમ્પતિના સંબંધમાં પણ થયેલું આ

સ્થળે આપણાં ચર્મચક્ષુઓ સમક્ષ પ્રત્યક્ષ થાય છે. અહા ! પ્રેમનો કેટલો અપ્રકટ પ્રભાવ ? કેટલું અદ્ભૂત આકર્ષણ ? કુમુદા અત્યારે રાજબાળા સૌભાગ્યવતીને શૃંગારવામાં મશગુલ બની ગઇ હતી, એટલામાં પ્રમીલાએ તેને સમાચાર આપ્યા કે મુંબઇના એજંટ સાથે કોઇ કાન્તીલાલ નામક યુવક આ લગ્ન પ્રસંગે આવ્યા છે, અને તે પોતાની પત્ની માટે એટલા ચિંતાતુર રહે છે કે ન પૂછો વાત ! શું તેમનો પવિત્ર પ્રેમ ! જેમ જળવિહીન માછલી મૃત્યુવશ બની જાય છે તદ્વત્ તેમની વિરહ-વ્યથા પણ ભયાચ્છાદિત હોવાનું મેં સાંભળ્યું છે. કુમુદા બેન ! આ તમારી મુદ્રિકામાં જે છબી છે તેને જ મળતો તેમનો મનહર ચહેરો જણાતો હતો. કુમુદા ! દૃઢ વિશ્વાસ રાખજો કે તમારી ઇચ્છા હવે બહુધા પૂર્ણ થશે. પતિ તરફથી જે જે અણુચિંતિત સંકટ વાદળ પોતાને માથે ઉપસ્થિત થયું હતું અને જે પતિએ શત્રુની ગરજ સારી હતી તે પતિ આવેલ છે એ પ્રમોદમય સમાચાર સાંભળતાં જ તે પતિપ્રેમી પુન્યશીલ કુમુદા હર્ષથી ઉભરાઇ ગઈ. તે સાનંદાશ્ચર્ય યુક્ત મુદ્રા દર્શાવતાં બોલી ઉઠી:

“હેં ! હેં ! પ્રમીલા ! તું આ સાચું કહે છે ? શું તે સત્ય વાર્તા છે ? શું મારા હૃદયેશ્વર અહિં આવ્યા છે ? અને વળી શું તે મારા વાસ્તે ઝુરે છે ? અહા ! શું હું તેમની જીવન-સુખવિભાગીની બની શકીશ ? પ્રમીલા ! આવા શુભ સમાચાર માટે તારો મારા ઉપર મહદ્ ઉપકાર થયો છે. બ્હેન ! તે માટે હું અંતઃકરણપૂર્વક આશીર્વાદ આપું છું કે તું ચિરંજીવિની થજે. તારા આ આશ્વાસનથી મારા હૃદયમાં અત્યંત શાંતિ થઇ છે. મારા મનમાં પણ એમજ થયા કરે છે કે પ્રભુ અવશ્ય મારી આશા પરિપૂર્ણ કરશેજ.” કુમુદાએ અત્યંત આનંદનાં વચનો ઉચ્ચારતાં જ કહ્યું.

કુમુદાની આટલી ઉત્સુકતા અને પ્રતિપ્રેમ નિહાળીને સૌભાગ્યવતીને અત્યંત આશ્ચર્ય થયું. તેણે કુમુદાનાં ઉચિત વચનો સાંભળી રોમાંચનો અનુભવ કર્યો. પતિ કે જેના ત્રાસથી તેને પોતાનું વતન છોડવું પડયું હતું તેને વાસ્તે આટલો વિશુદ્ધ પ્રેમ નિહાળી કુમુદામાં કોઇ દેવીની ભાવના થવા લાગી. કોધા-

તુરતા અને શત્રુતા દાખવનાર પતિને મળવાની કુમુદાની જીજ્ઞાસા તેને અદ્‌ભૂત જણાતાં છતાં તેમાં સમાયલા પ્રતિપ્રેમનાં તેણે મનમાં જ વખાણુ કર્યાં. અહા ! નિર્દોષ ધર્મશીલાનાં હૃદય પોતાના હૃદયેશ્વરને નિહાળતાં કેટલા પ્રેમથી દ્રવે છે ? અહા ! દીર્ઘસમયના વિયોગ પછીનું આવા પ્રકારનું આકસ્મિક સંમેલન કેટલું ઉત્સુકતા અને આનંદપ્રદ થઇ પડે છે? રાજબાળા મનમાં જ બોલી રહી.

જોતજોતામાં સાયંકાળના પ્રશાંત રમણીય સમય આવી લાગ્યો. સૂર્યનારાયણુ અસ્તાચળ પાછળ ઉતરી જવાની તૈયારીમાં હોય તેમ જણાતું હતું. હમણાં અંધકારરૂપ શત્રુના પ્રતીકાર કરવાને મનુષ્યોએ દીપકરૂપ શસ્ત્રને સજ્જીત કરવા માંડયાં હતાં. શુકલપક્ષ ચાલતા હોવાથી નભોમંડળમાં નિશાનાથ ચંદ્ર ચઢી આવેલા જણાવા લાગ્યા. આ રીતે અંધકારના સર્વત્ર ઉચ્છેદ થતોજ પ્રત્યક્ષ થતા હતા. શુભ્ર ચંદ્રિકા સરિતાના કૃષ્ણુ જળપ્રદેશમાં પ્રવેશી તેને શોભાસ્પદ બનાવવા લાગી. આ વેળા સર્વત્ર શાન્તિ અને શૂન્યતા વિસ્તરવા લાગી. કેમ જાણે પ્રશાંત ચંદ્રિકાનું સમસ્ત સૃષ્ટિ અનુકરણુ જ કરતી હોય !

આ વેળા પતિપ્રેમથી હતાશ બાળા કુમુદા જ્યાં જ્યાં મેમાનોને ઉતારો આપવામાં આવ્યો હતા ત્યાં ત્યાં પરિભ્રમણુ કરી છેવટે મુસાફરી બંગલે આવી લાગી. આ વખતે તેણે સાધ્વીમાતાના આશ્રમમાંથી મેળવેલો ભગવો ડ્રેસ પહેરી લીધેલો હતો; છતાં તેના સૌંદર્યનું અવલોકન કરતાં તે કોઈ ગાંધર્વ કન્યા કિંવા સ્વર્ગની દેવબાળા હોયની એવોજ આભાસ થતો હતો. તેનું મુખમંડળ ગૌર અને ગંભીર હતું. અધર રક્તવર્ણીય જણાતા હતા. તે આવી સાધુડીના પહેરવેશમાં હોવા છતાં તેનું લાવણ્ય કાંઇક અલૌકિક જ હતું. એનાં ચંચળ નેત્રો ઉન્મિલિત હોવાથી જોનારને તે બાળા અત્યારે કાંઇક ચિંતાતુર હોય એમ પ્રત્યક્ષ થતું હતું અને અજ્ઞાત વ્યક્તિને તે કોઇ સાધ્વીબાળા સમાન પ્રતીભાશાળી જણાતી હતી. આ કોમળાંગીનું વદનકમળ પતિવિરહના પ્રહારથી જો કે તેજહીન જણાતું હતું, તોપણુ ફિક્કા પ્રકાશવાળી ચંદ્રિકાસમાન તે પ્રકાશ મારતું જણાતું હતું. જોત જોતામાં તે ધર્મશીલ બાળા મુસાફરી બંગલે આવી લાગી. આ વેળાએ સર્વ કોઇ ગામમાં લગ્નોત્સવ

જોવા ગયેલાં હોવાથી બંગલામાં એકસરખી શાન્તિ જળવાઈ રહેલી હતી; એક ચિંતાનિમગ્ન કાન્તીલાલ ગયેલો નહોતો. તે તો પત્નીની વિરહજન્ય વ્યાધિથી પીડિત હતો. કુમુદાએ કાંઈક ઉચ્ચારણ થતું સાંભળ્યું. આથી બંગલાના બાહ્ય વિભાગમાં પરશાળમાં જ ઉભાં રહીને પોતાના હૃદયેશ્વરના હૃદયમાંથી ઉદ્ભૂત થતા ઉદ્ગારો સાંભળવા લાગી.

આ હતભાગી યુવક આ વેળા ભારે નિઃશ્વાસ ઉપર નિઃશ્વાસ મુકતો હતો. આ વેળાએ પ્રેમયાતનાનો અનુભોગ કરતો ખિન્ન બનેલો તે અસ્વસ્થ હાલતમાં ખૂરસી ઉપરથી ઉઠયો. પ્રેમના દુઃખભારથી ક્રોધિત, વ્યાકુળ અને ચીડવાયલા અસ્વસ્થ મને તે ઉભો થયો અને ઉદ્ગાર કાઢવા લાગ્યો. "મારી હૃદયેશ્વરી ! પ્રિયા ! તારા દુઃખને માટે હું પાતકી કારણભૂત છું. આથી તે ઘોર પાતકનું પ્રાયશ્ચિત્ત કરવાનું મેં આજે નિશ્ચિત કર્યું છે. વ્હાલી ! તારા દુઃખ–વાદળનું કારણ મેં જ ઉદ્ભવાવ્યું છે તે જ ખેદનો વિષય છે. તેમાં તારો કાંઇ દોષ નથી. જ્યારથી તારી સૌંદર્યમયી મનોહર ચંદ્રિકાસમાન મુખજ્યોતિ મારાથી દૂર થઇ છે ત્યારથી મારા હૃદયમાં પ્રેમ અને વિરહાગ્નિની ભયંકર જ્વાળા પ્રજ્વલિત થઇ છે. મારી હૃદયદેવી ! માત્ર આ અભાગિ યુવકને લીધેજ આજે તારી અવદશા થઈ રહી છે; કારણ કે જો મારા મનમાં અપવિત્ર શંકાશીલતાનું સંચાલન ન થયું હોત તો પાજી કુમતીચંદ્ર તારી પવિત્રતા ઉપર દૃષ્ટિ પણ ન નાંખી શકત. હાય ! હાય ! પ્રિયતમા ! તને મેં મંદભાગીએ સુખસદનમાં વિહરાવવાને બદલે અગાધ દુઃખાગ્નિની ભયંકર જ્વાળામાં જ હડસેલી દીધી છે. મારી સાથે લગ્ન થયા પૂર્વે ભવિષ્યમાં આવાં સંકટો ઉપસ્થિત થશે એવી જો કલ્પના પણ તને ઉદ્ભવી હોત તો મારી સાથેનો લગ્ન સંબંધ બાંધીને તું આવી દુઃખદાવસ્થાને કદાપિ કાળે પણ વ્હોરી લેત નહિ ! વ્હાલી ! સર્વ દોષ મારો જ છે. મારા અભદ્ર ભાગ્યનો જ આ સર્વ પરિપાક છે ! '**हतविधि लसितानां ही विचित्रो विपाकः**'[1] એ માઘનાં વચનો યથાર્થ છે. અરેરે ! પાપીષ્ટ પ્રાણ ! આ તારૂં કેટલું દુર્ભાગ્ય ? બસ ! હવે આ ઝેરી જીવન ટૂંકું જ છે. મારાથી આ મનોવ્યાધિ હવે સહન થઇ શકે તેમ નથી.

---

૧ " દુર્ભાગ્યનું ફળ વિચિત્ર જ હોય છે. માઘઃ

આ દુઃખદાયક જીવન વ્યર્થ છે. એનો નિરર્થક દુઃખભાર શાને વહન કરવો ? હું આત્મવિદારક બનીશ. પ્રિયા ! સાધ્વી ! ! અવશ્ય આત્મઘાત કરીને પાપમુક્ત થઈશ." આમ બોલતાં સામેની દિવાલની ખીંટી સાથે લટકતી એક પહેરેગીરની સમશેરને તેણે ઉંચકી લીધી. તેને હૃદયમાં આલિંગન દેતાં પૂર્વે ગદ્‌ગદ્‌ કંઠે કરૂણ સ્વરે ઉચ્ચારણ કરવા માંડયું. "પ્રિયતમા ! ! દેવી ! તને હતભાગી અને દુઃખી કરનારને વાસ્તે આવું જ પ્રાયશ્ચિત્ત ઉચિત થઈ પડશે." એમ કહી જેવી ચળકતી સમશેર હૃદય પ્રદેશમાં ભોંકવા જાય છે કે, એકદમ એક તરૂણ સાધ્વીબાળાએ પાછલા દ્વારથી અંદર પ્રવેશ કરી સમશેર ઝુંટાવી દૂર ફેંકી દીધી અને તે સામેની દિવાલ સાથે અફળાતાં તેની ભયંકરતાનો ભયંકર ધ્વનિ સંભળાયો.

આ નવીન વ્યક્તિ આ વાર્તાની નાયકા કુમુદા હતી. તે આપણી કલ્પના બહાર તો નથી જ. તે સાધ્વીબાળા અત્યારે અલંકાર વિહીન અને ભગવાં વસ્ત્રધારિણી હોવા છતાં અને શોકસિંધુમાં ડૂબેલી છતાં સ્વાભાવિક નૈસર્ગિક સૌંદર્યતા ધરાવી રહી હતી. કોઈ કવિએ ખરેખર કહ્યું છે કેઃ—

નૈસર્ગિક સૌંદર્યને, જોઈએ નહિ શૃંગાર;
વિના ભૂષણે શોભતો, ચંદ્ર નભે નિર્ધાર.

આ વેળા આશ્ચર્ય, લજ્જા, શોક અને આનંદની છાયાથી કાન્તીલાલનું વદન છવાઈ રહ્યું. તે ચમકી જતો બોલ્યોઃ– "કોણ ? પ્રિય દેવી ! પ્રિયા ! તમે આ વેળાએ અહિં કયાંથી ? અહા ! એ પ્રિયમૂર્ત્તિ કે જેના ઉપર હું અત્યારે પૂજ્યભાવ ધરાવતો થયો છું તે શું તું પોતેજ છે ? ધન્ય છે મારી હૃદયેશ્વરી તારી ચાતુર્યતાને ! હું લક્ષાવધિ ધન્યવાદ આપું છું. અરેરે ! સંદિગ્ધપણાએ મારા હૃદયમાં નિવાસ કરી મારા અને તારા વચ્ચેના પ્રેમનિર્ઝરને દુષ્ફલિત બનાવ્યો છે. શું ! હું આ સત્ય નિહાળું છું ? શું તું પ્રાણપ્રિયા પોતેજ છે ?" એમ બોલતો કાન્તીલાલ આશ્ચર્યસાગરમાં ડુબી રહ્યો.

"હા, નાથ ! મારા મુકુટમણી ! ! એ જ હું આપની અભાગિની અર્ધાંગના છું. પ્રભુ ! આટલું ભયંકર સાહસ શાને ? આવા ભયંકર આત્મઘાતનું કારણ શું ? નાથ !" કુમુદા મૃદુ ગદ્‌ગદ્‌ કંઠે બોલી અવાચ્ય રહી.

" પ્રિય દેવી ! સુંદરી ! મારા ભયંકર પાતકનું આ પ્રાયશ્ચિત્ત છે પરંતુ આ અણીના ટાંકણે તું અહિં ક્યાંથી આવી ચડી ? મારા અહિં હોવાના સમાચાર તને કોણે કહ્યા ? "

" પ્રભુ ! તમારા પવિત્ર પ્રેમદેવતાએ. પરંતુ આપના મુખમંડળમાં વિશીર્ણતા અને શરીરમાં શુષ્કતા શાને દેખાય છે ? પ્રભુ ! આટલી ચિંતા શાને ? "

" પ્રિયે ! કુસુમકલીને શુષ્કતાયુકત નિહાળી ભોગી ભ્રમર જેમ હતાશ બને છે તેમ તારા વિયોગકાળમાં મારી હૃદયગુહામાં ભયંકર ચિંતાગ્નિ પ્રજ્વલિત થાય તે સર્વથા સ્વાભાવિક જ છે. પાપીષ્ટની પ્રપંચજાળમાં ગુંચવાઈ મારે તને વિયોગનું અસહ્ય દુઃખ આપવું પડયું છે, પરંતુ એ કપટ ખુલ્લું થતાં મારૂં હૃદય દુઃખથી વિદીર્ણ બની રહ્યું હતું અને તે પાપના નિવાર્ણાર્થે આ આત્મહત્યાનું પ્રાયશ્ચિત્ત કરવું મેં ઉચિત ધાર્યું હતું. એ પૂર્વ પ્રસંગનું સ્મરણ થતાં મને અત્યંત દુઃખ થાય છે. શું તું તે વાસ્તે મને ક્ષમા કરશે કે ? " એમ કહી કાન્તીલાલે ઉંડો નિઃશ્વાસ નાંખ્યો.

" પ્રભુ ! આપ આ શું કહો છો ? નાથ ! હું તો આપની ચરણરજ કિંકરી છું અને આપના મુખચંદ્રના દર્શનથી મારૂં મહદ્‌ભાગ્ય માનું છું. પ્રભુ ! મારા દુઃખને વાંસ્તે હું જ દોષપાત્ર છું; કારણ કે આપને સુખદાયીની બનવાને બદલે કેવળ દુઃખદાયીની જ બનેલી છું. નાથ ! આ દાસીના સર્વ દોષો ક્ષમા કરશો. હવે મને આપના પદકમળની દાસી બનાવો પ્રભુ ! શું આપને મારા વિશીર્ણ બની ગયેલા વદનની દયા નહિ આવે નાથ ! " એમ બોલતી બાળાના નેત્રોમાંથી જળ ધારા ચાલી રહી. તેના ઉત્કટ આંસુનો ચળકાટ કાન્તીલાલના દુઃખી હૃદયને અત્યંત વિદીર્ણ કરી રહ્યા.

" ધન્ય છે મારી હૃદયદેવી ! તારી પવિત્ર ભાવના અને ચાતુર્યતાને. હવે હું તારૂં જીવની પેઠે પરિપાલન કરીશ, પરંતુ તું આટલી વિશીર્ણવદના બની ગયેલી છે તે જોતાં મારૂં હૃદય વિદીર્ણ થાય છે. " એમ બોલતો કાન્તીલાલ ગળગળો થઇ રહ્યો.

" મારા મુકટમણી પ્રભુ ! આપને તો વિયોગકાળમાં કદાપિ વિવિધ જનસમાજના સહવાસથી અને વિવિધ પ્રદેશોનું નિરીક્ષણ કરવાથી, હૃદયશાન્તિ થઇ હશે; પરંતુ જે અબળાનું

સર્વસ્વ પતિજ છે અને પતિ વિના જેની ગતિ નથી તેવી અભાગિની અનાથબાળાનું જીવન કેવા કષ્ટમાં વ્યતીત થયું હશે, એની કલ્પના કદાચ આપના હૃદયમાં પણ ન હોય ! અરેરે ! પ્રસૂતાની વેદના પ્રસૂતા જ જાણે છે. એ રીતે મારી હૃદયવેદના હું જ જાણું છું. લાંબા કાળના વિયોગ પછી હમણાં આપના ચંદ્રવદન દર્શનથી મને આનંદ થાય છે, તે અલૌકિક અને અવર્ણનીયજ છે. પ્રભુ ! હવે મારી આપના પદકમળમાં ખોળો પાથરી એટલી જ અંતિમ પ્રાર્થના છે કે, પુનઃ આ રંક દાસીને આપના પદકમળથી વેગળી ન કરશો. નાથ ! એ ભયંકર દુઃખની કલ્પના થતાં મારૂં મન કંપાય છે." એમ બોલતાં બોલતાં કાન્તિલાલના કંઠની આસપાસ કમળદંડ સરખા બે હાથથી, વૃક્ષને વીંટળાતી વેલીવત્ કુમુદા લપટાઇ રહી એટલે કાન્તીલાલે વ્હાલીના વીશીર્ણ બની ગયેલા વદન ઉપર જીવનભર યાદગાર રહી જાય તેવું મધુરૂં ચુંબન ભરી લીધું. એ રીતે કેટલીક ઘટિકા પર્યંત ઉભય સ્વર્ગીય સુખમાં લીન બની રહ્યાં. આ પ્રકારે પ્રેમ દર્શન ચાલતું હતું એવામાં કોઇનો પદધ્વનિ શ્રવણ ગોચર થવા લાગ્યો એટલે દમ્પતિ ચમકી ગયાં. કાન્તીલાલે પ્રિયતમાના બાહુપાશમાંથી પ્રયાસવડે છુટી દ્વાર સમીપમાં જઇ જોયું તો પોતાનો વકીલ મિત્ર આવતો જણાયો. તેણે આનંદિત વદને આવતાંવેંત જ મંગળાચરણ કર્યું.

"કાન્તીલાલ ! કાન્તીલાલ ! ! તમારા વાસ્તે હું એક આનંદની વાર્તા લાવ્યો છું. તમારી નિમણુક કનકપુરના ભાવી મહારાજા ચંદ્રસિંહજીના પર્સનલ આસિસ્ટંટ તરીકે થવાની મેં ગોઠવણ કરી છે. આથી તમારો હૃદયસ્થ રોગ શાન્ત થશે એમ મારૂં માનવું છે; પરંતુ તે ચાન્સ તમને પ્રસન્ન છે કે કેમ ?" વસંતરાયે આતુરતા દર્શાવતાં પૂછયું,

"વસંતરાય ! વિનોદી વસંતરાય ! તમારો અભિપ્રાય ઉચિત જ છે અને તમે મારા સાચા હિતચિંતક છો એટલે તમારો અભિલાષ એજ મારી જીવનયાત્રાનો વિલાસ થશે. ધન્ય છે સુહૃદ ! તમારી ચાલાકીને માટે હું તમને હજારોવાર ધન્યવાદ આપું છું. તમારા પવિત્ર કાર્યમાં મને કિંચિદ્ પણ શંકા છે જ નહિ, તેમ મારો અભિપ્રાય પૂછવાની પણ આવશ્યકતા નથી." કાન્તીલાલે હર્ષાવેશમાં જ કહ્યું.

ઉપરોક્ત વાતચીત કરતા કરતા ઉભય મિત્રો મુસાફરી બંગલામાં દાખલ થયા પરંતુ વસંતરાય ત્યાં એક સાધુડીના ભગવા પોષાકમાં બેઠેલી અજ્ઞાત યૌવનાને નિહાળી આશ્ચર્ય પામ્યો અને તે ચમકી જતાં બોલ્યોઃ "આ કોણ છે ? કાન્તીભાઇ ! શું આ કુમુદા તો ન હોય ?" એમ ચમકી જતાં તે બોલ્યો.

કાન્તીલાલે સઘળી વિતકવાર્તા મિત્ર પાસે વ્યકત કરી અને કુમુદાએ પણ પોતાનું કરૂણ હૃદયવેધક આત્મવૃત્તાંત કહી સંભળાવ્યું. તે સાંભળતાં વસંતરાયની મુખમુદ્રા ઉપર વારંવાર શોક, હર્ષ, ભય, ચિન્તા અને ખેદની છટા પ્રસરી રહી. આ પ્રમાણે આ બંગલામાં શોકને બદલે આનંદનું સામ્રાજ્ય વ્યાપી રહ્યું અને પતિપ્રેમી પુન્યશીલ બાળા કુમુદાએ પણ પતિસેવામાં જ આ સ્વર્ગીય સુખરાત્રિ ગુજારી.

પ્રિય વાચક ! આ વાર્તાના કેંદ્રસ્થાન રામનાથ મહાદેવમાં કાન્તાની હતભાગી અવસ્થાનું કિંચિદ્ સ્મરણ શું અત્યારે થાય છે ખરૂં ? તે સ્નેહ સાગરમાં ઝુરતી પતિપ્રેમી બાળા પતિદર્શન પામી કેવી અદ્‌ભૂત રીતે કારાગૃહમાંથી છટકી જાય છે તે અદ્‌ભૂત ઘટના જાણવા, ચાલો આપણે પણ પેલી અંધકારયુક્ત ઓરડીમાં પ્રવેશ કરીએ.

પ્રકરણ ૨૬ મું.

પવિત્ર પરિચય.

Oh give me but a happy home,
To share with her I love;
Oh, let me from her path of life
Each anxious care remove.

T. Haynes Bayly.

"દુષ્ટ ! નર પિશાચ !! બદમાશ !!! શું આ પવિત્ર દેવસ્થાનમાં રહી ભ્રષ્ટાચાર ?" એમ કહી કાન્તા પોતાના પ્રિયતમને નહિ ઓળખવાથી તેનો હાથ તરછોડી દૂર ખસી ગઇ. તે ઓરડીમાં બળતો દીવો એટલો ઝીણો હતો કે તેનો પ્રકાશ તે આકૃતિ સુધી પહોંચી શકતો નહોતો. કુતૂહલપૂર્વક મૌનમુખે કાન્તા તે આકૃતિ તરફ દૃષ્ટિ ઠારી રહી, તો તેણે જોયું કે એક ભગવાં વસ્ત્રધારી યુવક ઉભો છે. તે અજ્ઞાત વ્યકિતએ આ સમયે સાધુનાં ભગવાં વસ્ત્રો ધારણ કર્યાં હતાં તેથી મંદ દીપક પ્રકાશમાં તે બાળા પોતાના પ્રણયકાન્તને ઓળખી શકી નહિ. ધીમે ધીમે તે મૂર્તિ પુનઃ કાન્તા પાસે આવી ઉભી અને તેને મંદ મૃદુ સ્વરે કહ્યું: "બાળા ! જરા પણ બ્હીશો નહિ ? હું તમારો હિતચિંતક છું." એટલું બોલી તે આકૃતિ અવાચ્ય રહી.

તે વિચિત્ર વર્તન ધરાવતી મૂર્તિને નિહાળતાં કાન્તા ચમકી, અને બીની પણ ખરી. અંધકારમાં ફીકાશ મારતા દીપક પ્રકાશમાં ઝાંખી દેખાતી અજ્ઞાત આકૃતિને કાન્તાએ અધૈર્યતાથી પૂછ્યું. "પરંતુ તું છે કોણ ? આવા પવિત્ર વિજનસ્થાનમાં મારી પાસે એકાએક આવવાનું પ્રયોજન શું ? મ્હને અત્યંત આશ્ચર્ય થાય છે." પરિત્યકત પતિનું લાંબે વખતે વિસ્મરણ થવાથી તેની અવહેલના કરતી કાન્તા બોલી.

તે સાંભળી આ નવયુવકે મંદહાસ્ય કર્યું. અંધકારમાં તેનું તે અટ્ટહાસ્ય કાન્તાને કોઈ બદમાશના ભયંકર હાસ્યના સરખું ભાસ્યું પણ તે શ્રવણગોચર થવાથી તે વધારે ભય પામી નહિ. તે પુનઃ બોલી: "આવું વિચિત્ર વર્તન દર્શાવવાનો તારો શું હેતુ છે ?"

એ પ્રશ્નનો કાંઇ જ ઉત્તર આપ્યા વિના તે આકૃતિ અવાચ્ય રહી. પરંતુ વિશેષ સમય જો આમ ગુપ્ત રહીશ તો કદાચ બ્હીકથી તે બાળા ચીસ પાડશે અને સઘળી ધારેલી ધારણા વિફળ અને ધૂળધાણી થઇ જશે, એવા વિચારથી તે અજ્ઞાત યુવકે પોતાના ભગવા પોશાકનો સત્વર ત્યાગ કર્યો, એટલે આંતરિક ગુપ્તપોશાક કુન્તાની દૃષ્ટિએ ચડયો અને સત્વર તે પોતાના નેત્રમણીને ઓળખી શકી. તે એકાએક ચમકી ઉઠી અને થોડો વખત સ્તબ્ધ ઉભી રહી. પછી પ્રેમ ભરેલે સ્વરે તે બોલી:—

“ દુઃખીજનોને દુઃખવિહીન કરવાનું ધર્મ કાર્ય બજાવનાર તમે કોઈ સાધુ પુરૂષ તો નથી જ ! અહો ! શું મારા મુકુટમણી ! કોણ પ્રાણનાથ ! આ રંક હતભાગી પરિત્યકતા કિંકરીનો અજાણતાં થયેલો મહદ અપરાધ ક્ષમા કરશો. આ બદમાશના અત્યાચારથી બળી જતી અબળાને હવે તે દુઃખપૂર્ણ પ્રસંગનું વિશેષ સ્મરણ કરાવીને વધારે દગ્ધ ન કરશો નાથ ! પણ કહો જોઉં, વ્હાલા ! મુકુટમણી ! આપ આવા વિજનસ્થાનમાં કયાંથી ? પ્રભુ ! ” કુન્તા આશ્ચર્ય પામતી અને લજ્જાવિનિત બનતી મંદદીપકના ફીકા પ્રકાશમાં પોતાના મુકુટમણીના ચંદ્રવદન સામે એકી દૃષ્ટે તાકી રહી.

“ પ્રિય દેવી ! એમાં તારો કિંચિત્ દોષ ન કહેવાય એ તો માત્ર તારા પાવિત્ર્યની કસોટી કરવા માટે જ મેં તે ગુપ્ત સ્વાંગ પરીધાન કર્યો હતો. દૈવવશાત્ બદમાશની ભયંકર કપટ જાળનો હું ભોગ થઈ પડયો. તે વૃત્તાંત દુઃખી પ્રસંગોથી ભરપૂર છે. બદમાશના કાપટયથી જે વેળા જળસમાધિ કરવાની હું તૈયારીમાં હતો તે વેળા તમે ફેંકેલા પાટીયા સાથે મડાગાંઠ વાળી હું અનિલદેવતા જે માર્ગપ્રતિ આકર્ષી જાય તે બાજુ તરફ ઘસડાતો તણાતો ચાલ્યો અને દ્વિતીય દિવસે આ વિજનસ્થાનના કિનારા સાન્નિધ્યમાં અચેતનાવસ્થામાં હું આવી લાગ્યો. તે ચિત્તભ્રમ કરનારી અને ભયંકર મૃત્યુવેળાની દુઃખદસ્થિતિની કલ્પના આવતાં મારા હૃદયમાં કંપારી છૂટે છે. તે ખરેખર જીવન મરણની વચ્ચેનો કટાકટીનો તકરારી વખત હતો. તે વખતે હું અતિશય કષ્ટથી અચેતન બની ગયો. તે ભયંકર

વખતે આ દેવાલયના પુજારી મહારાજની દૃષ્ટિએ મારૂં શબવત્ ભૌતિક શરીર ચડયું. ખરેખર તે યોગીરાજની દયાથીજ આપણો અત્યારે પુનઃ સંયોગ થયો છે. નહિ તો તારા હૃદયપ્રિયને પ્રાણદેવતા કયારનોએ આ મૃત્ય લોકનો ત્યાગ કરી કયાંઇએ પ્રયાણ કરી ગયો હોત! તે મહંત પુરૂષને પ્રભુએ ખરે અવસરે જ મોકલ્યા હશે; નહિ તો આજે મારા જીવન રાશીનો કયારનોએ અંત આવ્યો હોત. તે યોગીરાજે મારા જીવનની તૂટતી દોરીનું સદાને માટે સરંક્ષણ કર્યું છે. ત્યાર પછીનું દુઃખદવૃત્તાંત તારા જાણવામાં જ હશે." એમ કહી કીશોરલાલે પોતાનું દુઃખવૃત્તાંત સંક્ષિપ્તમાં પતાવી દીધું.

કાન્તા થોડીવાર સુધી સ્તબ્ધ-ચકિત થઇ રહી અને પોતાના મુકુટમણીની હૃદયવેધક ભયંકર દુઃખકથા સાંભળી તે શોકમગ્ન અને હતાશ બની ગઇ. તેના મુખચંદ્રકળા ઉપર શોક, આશ્ચર્ય અને આનંદની રેષાઓ વિસ્તરી રહી. તેના મુખમાંથી શબ્દ ફુટતો નહોતો, કેમ જાણે તે શકિતહીન બની ગઇ હોય! તેનું શરીર કંપતું હતું, તેનું હૃદય નિરાશા અંધકારથી આવૃત્ત થયું હતું અને તેની શૂન્યકાર દૃષ્ટિમાં ચૈતન્યનો લોપ થયો હોય તેમ તે ફિક્કાં જણાતાં હતાં. કેટલીકવારે તે આનંદાશ્રુ વર્ષાવતી બોલીઃ

"મારા મુકુટમણી! પ્રભુ! બદમાશોએ આપણને ઠગવાની બાજી રચી દુઃખદરિયામાં ધકેલી દીધાં છે. આપને સાગરશયન કરાવી તે પાપીષ્ટ નરાધમે મને સંકટ આપવામાં કશી મણા રાખી નથી, છતાં પણ પ્રભુકૃપાથી મેં મારા પવિત્ર શીલવ્રતનું અખંડ સંરક્ષણ કર્યું છે; અને મારી આવી હઠને લીધે તે બદમાશે મારા સુકોમળ શરીરને ચાબુક પ્રહારથી તારાજ કરી નાંખ્યું છે. તે ભયંકર અત્યાચારથી મને આપનું સ્મરણ થઇ આવતું હતું અને હું પ્રભુ ઉપરના વિશ્વાસથી અડગ રહી તે માર સહન કરતી, ચોધાર આંસુએ રડી પડતી; પરંતુ ધર્મભ્રષ્ટ ન થવાનો મારો દૃઢ નિશ્ચય કિંચિત્ પણ ડગ્યો નહિ. મારી આવી ધર્મશીલ હઠને લીધે કંટાળી આખરે તે બદમાશે આ મંદિરના પુજારી મહારાજ પાસે મોહિની મંત્રનો જાપ કરાવ્યો છે; પરંતુ 'मनसा चिंतितं कार्यं दैवं अन्यत्र चिंतयेत्' એ સૂત્રાનુસાર બદમાશની ધારણા ધૂળમાં મળી છે એટલે કે તે પ્રપંચ-

જાળના પરિણામે ઈશ્વરે મારા શીલવ્રતનું પાલન કર્યું છે. તે માટે તે જગતનિયંતા પ્રભુનો મહદ્ ઉપકાર થયો છે. નહિ તો મારૂં અત્યાર સુધી અખંડ રહેલું પાવિત્ર્ય કૌમાર્ય ક્યારનુંએ નષ્ટ થયું હોત અને મને દુષ્ટાચારની બળાત્કારપૂર્વક દિક્ષા આપવામાં તે સફળ થયો હોત. પરંતુ નાથ ! આવા ભયંકર કારસ્થાનમાંથી આપણે હવે સત્વર નાશી જવું ઉચિત છે. તેને માટે આપ કયો માર્ગ સલામત ધારો છો ? પ્રભુ ! કેમ બોલતા નથી ? અરેરે ! શું ભાવિ વિટંબનામાંથી મુક્ત થવાનો માર્ગ નથી જડતો નાથ ! શું આ આપત્તિમાંથી છૂટવાનો માર્ગ નથી જ ? હાય ! હાય ! આ શું થવા બેઠું છે. હા, વિધાતા ! તારી ગતિ અકળિત જ છે. 'कालस्य कुटिला गतिः' એ સૂત્ર ખરેખર સત્યપૂર્ણ જ છે. ઓ ઈશ્વર! આ આપત્તિરૂપ અખાતમાંથી તું અમોને બચાવી લેજે નાથ ! અરેરે ! હું કેવી મંદભાગિની છું. ?" એટલું બોલતાં બોલતાં કાન્તાના નેત્રોમાંથી અશ્રુધારા વહેવા લાગી. એ જોઈ કિશોરલાલના હૃદયમાં નિરતિશય દુઃખની ભરતી થવા લાગી. સત્વર કાન્તાના નેત્રોમાંથી ખરતાં મૌક્તિક દાણા જેવાં અશ્રુ બિંદુઓ લુછયાં અને પછી આશ્વાસન આપતાં કહ્યું: "પ્રિયે ! મારી પ્રાણેશ્વરી ! આટલો શોક શાને વારૂ !" એટલું બોલી તે અવાચ્ય રહ્યો કારણ કે નિરાશાના અંધકારથી તેનું હૃદય છવાઇ રહ્યું હતું.

"અરેરે પ્રભુ ! મારા નાથ ! આપણો માર્ગ શું કંટકમય છે ? મારા હૃદયવલ્લભ ! પલાયન વાસ્તે ઉચિત માર્ગ નથી જણાતો ? પ્રભુ !" કાન્તા ડુસકાં ભરતી અને આક્રંદ કરતી બોલી.

કિશોરલાલ કેવળ મૌન રહ્યો અને હૃદય સ્વસ્થ કરી દીર્ઘ સમયપર્યંત વિચારમગ્ન બન્યો. પરંતુ આ પરિચિત વિજનસ્થાનમાંથી ન્હાસી છૂટવાનો કોઈપણ માર્ગ સુઝી આવ્યો નહિ એટલે નિરાશ અને દુઃખપૂર્ણ હૃદયે પોતાની પ્રિયકરણીના મુખમંડળ ભણી નિષ્પંદ દૃષ્ટે નિહાળી રહ્યો. કેટલીકવારે પ્રેમભરેલે સ્વરે તે બોલ્યો:

"પ્રિયા ! આ વિજનસ્થાન કેવળ અપરિચિત છે એટલે ભાવિ વિટંબનામાંથી મુક્ત થવાનો માર્ગ મને જડતો નથી. બહુ દક્ષતાથી પુષ્કળ વિચાર કર્યો પણ કાંઈ ઉપાય જણાતો

નથી. કદાચ આ દેવમંદિરના બાહ્યભાગમાં દિવાલ કૂદી જઇ શકાય પરંતુ તેમ કરવા જતાં કદાચિત્ પહેરેગીરોના પંજામાં સપડાઈ જવાનો ગંભીર પ્રશ્ન ઉપસ્થિત થાય છે." એમ કહી પોતાની નિરાશાનું દિગ્દર્શન કરાવ્યું.

થોડો સમય ઉભય જણાં સ્તબ્ધ અને હતાશ ઉભાં રહ્યાં. પુનઃ સર્વત્ર નિરવતા, શાન્તતા અને રૂચિરતા વ્યાપી રહી; પરંતુ આ સમયની પ્રત્યેક પળ અત્યંત અણમોલ હતી. જેમ જેમ સમય વહન થવા લાગ્યો તેમ તેમ ઉભય જણાં ચિંતાગ્રસ્ત અને ભયત્રસ્ત થવા લાગ્યાં. આવા ભયંકર અને વિજનસ્થાનમાં પણ આ બાળા નૈસર્ગિક રીતેજ નિર્ભય હૃદયા હતી. પરંતુ પુનઃ તેના નિર્મળ હૃદયમાં ભયંકર કારાગૃહવાસની ભયાચ્છાદિત કલ્પના પ્રવેશ પામી એટલે અધૈર્ય દર્શાવતાં તે બોલીઃ—

"વ્હાલા ! હૃદયમણી ! મને ભવિષ્યમાં મહદ્ અનર્થ જણાય છે. અરેરે ! શું પાપીષ્ટના પંજામાં પુનઃ સપડાઇ જઈશું? અરેરે ! નાથ ! ત્યારે હવે કરવું શું ?" કાન્તાએ ગદ્‌ગદિત કંઠે કહ્યું. એ વિચિત્ર પ્રશ્નોનો ઉત્તર કિશોરલાલ વાળે તે પૂર્વે કોઇ પરિચિત પુરૂષે આ અંધકારવત્ ઓરડીમાં પ્રવેશ કર્યો અને પ્રેમભરેલ સ્વરે ધૈર્ય આપતાં કહ્યું. "નિર્ભય રહો ! હતાશ થવાનું કિંચિત્ પણ પ્રયોજન નથી, આ પવિત્ર દેવસ્થાનમાં જે ગુપ્ત માર્ગ છે તે દ્વારા આપણે જોતજોતામાં દૂર પ્રદેશમાં નાશી જઇ શકીશું."

ઉપરોકત આશ્વાસન સૂચક ગેબી ધ્વનિ સાંભળતાં આ દમ્પતિ ચમકયું અને કાંઇક આશા, કાંઈક આશ્ચર્ય અને કિંચિત્ આનંદ સાગરમાં સ્નાન કરી રહ્યું; પરંતુ તે નવીન વ્યકિત કોણ છે અને કેવી રીતે આ હતભાગી દમ્પતિનો આ ભયંકર કારસ્થાનમાંથી છૂટકારો કરે છે, તે અદ્દભૂત ઘટના જાણવા આપણે હમણાં તો આ ચાલુ કેંદ્રસ્થાન પ્રતિ જ ગમન કરીશું.

પ્રકરણ ૨૭ મું.

યોગી નહિ પણ રાજા.

And like the sweet days of the past,
May we have days in store;
Oh, give me this, and only this,
I'll never ask for more.

T. Haynes Bayly.

સર્વત્ર શાન્તિનો સંચાર! ઘોર અંધકાર! અભ્રાચ્છાદિત નભોમંડળ!! નિશાદેવી સમસમ કરતી પસાર થતી હતી. ક્યારેક ક્યારેક હિંસક વનપશુઓની ભયંકર ચીસો ત્યાંની પ્રચંડ શાન્તતાને ક્વચિદ્ ભગ્ન કરતી એટલુંજ. તે કરૂણ આર્તનાદ બંધ થયા પછી પુનઃ સર્વત્ર શાન્તતા છવાઈ જતી હતી.

દેવસ્થાનના યોગી મહારાજે કાન્તાને પોતાના પ્રિયતમનું દર્શન અને મીલન કરાવી જે ઉપકાર કર્યો હતો તે અવર્ણનીયજ લેખી શકાશે. પ્રિય વાચક! જેણે એ દુઃખી દમ્પતિના પ્રાણની રક્ષા કરી છે તેમજ પ્રાણથી પણ વિશેષ ઇજ્જતને જાળવી છે તેજ યોગીરાજનો તે ધ્વનિ સંભળાયો હતો. જે વેળા અંધકારમય ઓરડીમાં આ દુઃખી વિરહી દમ્પતિ બદમાશોના અત્યાચારમાંથી છૂટકારા વાસ્તે નિરાશાના ઘોર અંધકારમાં ભ્રમી રહ્યું હતું તે વિકટ પ્રસંગે શાન્તવન અને આશ્વાસનનાં વચનો તે યોગી મ્હારાજેજ ઉચાર્યાં હતાં. હવે તેણે ઓરડીમાં પ્રવેશ કરી કહ્યું: “ કીશોરલાલ! ધૈર્યભગ્ન થશો નહિ! ભયભિત્ બનવાનું કિંચિત્ પણ કારણ નથી. દેવાધિદેવ મહાદેવની કરૂણાથી હવે તમારો સ્વલ્પ સમયમાંજ છૂટકારો થશે. તમે અત્યાચારીના હાથમાંથી કેવળ મુક્તતા ધરાવતા થયા છો; એટલુંજ નહિ પણ નરાધમના હાથમાંથી સત્વર તમારો ઉદ્ધાર થયેલોજ જોઇ શકાશે. આમ કરવા પૂર્વે મારે એક અદ્વિતીય ધર્મનું પાલન કરવું આવશ્યક છે.” યોગીએ કિંચિત્ મર્મભર્યાં પણ દુઃખવિદારક વચનો ઉચ્ચાર્યાં.

“ મહાપુરૂષ યોગીરાજ! દ્વિતીય ધર્મપાલન કરવાનું શું

નિમિત્ત છે ! કહો જોઉં, ગુરૂદેવ ! આપનાં તે મહદ્ વચનોમાં શું હાર્દ સમાયલું છે ? અંતરાય ન હોય તો તે સંબંધી સત્વર ખુલાસો કરો. શું એટલી દયા નહિ દર્શાવો પ્રભુ !” કિશોરલાલે આર્જવતા કરતાં કહ્યું.

“વત્સ ! તે કથા અત્યંત ભેદપૂર્ણ અને ગુહ્ય છે. પણ તમ દમ્પતિ મારા ઉપકાર તળે દબાયેલ છો એટલે તમારામાં મને સંપૂર્ણ વિશ્વાસ છે જેથી તે ગુહ્ય કથા તમારી સમક્ષ હું વ્યકત કરીશ.” એમ કહી ગુરૂદેવે સાવધાનપૂર્વક કહ્યું:—

“ચાલાક યુવક ! તે ગુપ્ત વૃત્તાંત અતિશય ભેદભરીત અને ભયાવહ છે. તે શ્રવણ કરીને તમે શું કરશો ? તેમાં તમને કાંઇ રસ પડશે નહિ.”

“પણ તે જાણવાનું કુતૂહલ મારા મનમાં ઉદ્‌ભૂત થયું છે અને તેથી તે વિચિત્ર વૃત્તાંત આપે મને કહેવોજ પડશે.” કિશોરલાલે કાંઈક આગ્રહ અને ઉત્સુકેતા દર્શાવતાં કહ્યું.

યોગીએ દુ:ખપ્રસંગનું સ્મરણ થતાં નીચું જોયું, તેની આંખોમાંથી અશ્રુપ્રવાહ જોશભેર વહેવા લાગ્યો પણ સત્વર ગુપ્ત રીતે તેણે લુછી નાખ્યાં. સ્વલ્પ સમય વિચારનિદ્રામાં લીન બની એક દીર્ઘ નિ:શ્વાસ નાખીને યોગીરાજ બોલ્યા: “ચાલાક યુવક ! તે ગુપ્ત વૃત્તાંતના ઉલ્લેખ વાસ્તે કહીશ કે, કનકપુરના મહારાજા પણ તમારી પેઠે આ ગુપ્ત સ્થળમાં ભરાયેલા છે એટલે અત્યારે પલાયન વખતે તેને પણ વિસ્મૃત કરી દેવા તે અનુચિત અને પાપશીલ છે તેથી હું તેમને સમિપની ઓરડીમાંથી બોલાવું છું. ત્યાં પર્યંત ધૈર્ય ધરો. હતાશ થવાનું કિંચિત પણ પ્રયોજન નથી.” યોગીરાજે ખુલાસા ઉપર આવતાં જણાવ્યું.

યોગીરાજના આશ્વાસનથી કિશોરલાલના નિરાશ હૃદયમાં પણ આશાનું મંદ કિરણ ચમકવા લાગ્યું. યોગીરાજના વિચિત્ર વૃત્તાંત અને હૃદયને દગ્ધ કરે એવાં વાકયોથી તે વિચારમાં પડી ગયો. યોગીરાજે ત્યારબાદ દ્વિતીય ઓરડીનું દ્વાર ઉઘાડીને અંદર પ્રવેશ કર્યો. પુન: દ્વાર બંધ કર્યું અને તે અંધારી ઓરડીમાં એક પેટી હતી તે ઉઘાડી પોતાનો ચિરસ્થાયી ચકચકિત રાજમુકુટ અને પોશાક પરિધાન કરી દીધો. પોતાનાં સઘળાં શસ્ત્રો સજી લીધાં. પણ તે પોશાક ધારણ કરવામાં

સુસજ્જીત થવામાં કાંઈક સમય વહન થવાથી કિશોરલાલની મુંઝવણમાં વૃદ્ધિ થઇ. આથી પોતાની હૃદયદેવીને બહારજ ઉભી રાખી યોગીરાજના ગુપ્ત ગૃહના મુખદ્વારને હડસેલો મારી તેણે અંદર પ્રવેશ કર્યો. તો ત્યાં તેણે શું જોયું ?

એક સર્વાંગ સુશોભિત પુખ્તવયનો રાજપુરૂષ. પોતાના પૂર્ણ રાજવંશી પોશાકમાં સુસજ્જીત થવાથી તેનું મુખકમળ શરદના પૂર્ણ ચંદ્રવત્ પ્રકાશ મારી રહ્યું હતું. તેની ચળકતી આંખોમાં કેમ જાણે કોઈ અત્યંત ચળકાટ મારતા રત્નનું નૂર સમાયેલું હોય ! મંદહાસ્ય કરતું મુખકમળ અત્યારે કેમ જાણે ઉદિત થયેલા રજનીવલ્લભની સૌંદર્ય કળા જેવું ચમકી રહ્યું હતું. જેમ નૈસર્ગિક સૌંદર્યધારી સુંદરી પોતાના ચળકાટ પ્રસારક વસ્ત્રાલંકારમાં સુસજ્જીત થવાથી તેનું સૌંદર્ય–માધુર્ય વિસ્તારી રહે તેમ મૂળે રાજરત્ન અને વળી પોતાના રાજવંશી પોશાકમાં દર્શન દે તો પછી તેની તેજોમયી કાન્તિ વિષે શું પૂછવું ? અત્યારે તે પુરૂષ જાણે સ્વર્ગમાંથી કોઈ દેવપુરૂષજ ઉતરી આવ્યો હોયને એમ જણાતું હતું.

અભ્રાચ્છાદિત નિશાનાથ ચંદ્ર જેમ ઉષાના મંદ પ્રકાશમાં વિશેષ મંદપ્રકાશી બને છે તેમ યોગીશ્વાંગ વિભૂષિત મહારાજા પોતાની ગુપ્તતા કયા આશયથી જાળવી રહ્યાં હશે તે પ્રશ્ન કિશોરલાલના હૃદયમાં સહસા ખળભળાટ કરી રહ્યો. ટોપ, કવચ અને બખ્તર ધારણ કરી ઉભેલા રાજાને જોતાંજ કિશોરલાલ ચમકયો અને તે રાજમણીની સૌંદર્યપ્રભામાં અંજાઇ જઈ ધરણી ઉપર લેટી પડયો. એટલે પોશાક પહેરવામાંથી ફારગ થયેલા યોગીરાજ કિંચિત મંદ સ્મિત ફરકાવતાંજ બોલી ઉઠયા:–

“ વિવેકી યુવક કિશોરલાલ ! વિસ્મીત થશો ના ! હું તેજ સંસારત્યાગી યોગી છું. નિશ્ચિંત રહો. ઇંદુકલાના સામ્રાજયમાં જેમ અંધકારનું અસ્તિત્વ હોય છે તેમ તમારો સર્વ ભય વિદીર્ણ થશે. હું પણ એક રાજવંશી પુરૂષ છું. કહો કે કનકપુરનો ખુદ મહારાજા પોતેજ છું. આ અપરિચીત નિબીડ સ્થાનમાં કેટલાંક અનિવાર્ય દુ:ખવાદળના ઉત્ક્રમણથી ગુપ્ત રહું છું. ” રાજાએ સ્પષ્ટતાયુક્ત ઉલ્લેખ કરતાં કહ્યું.

કેટલીક ક્ષણ પર્યંત વિચારગ્રસ્તતામાં મગ્ન બનેલો યુવક બોલી ઉઠયો:

"શું ! શું ! આપ કનકપુરના મહારાજા છો ? અહા ! મારા પ્રાણુ રક્ષક મહારાજા સાહેબ ! શું આપ કનકપુરના ખુદ મહારાજા ! મારૂં કેવું મહદ્ ભાગ્ય ! આપ રાજેંદ્ર છતાં આવા વિજન સ્થાનમાં નિવાસ ! અહા ! કેટલી આશ્ચર્યકારક ઘટના ! કેટલો હૃદયદ્રાવક પ્રસંગ ! પ્રભુ ! ભોળાનાથ ! તારી અગમ્ય લીલાનો ક્યાં પાર છે, નાથ ! તે દેવાધિદેવની ચમત્કારી લીલામાં મહાનુભાવ યોગીજનો પણુ મતિભ્રમ બને છે તો પછી મારા સરખા ક્ષુદ્ર પ્રાણીનું શું ગજું ? કહો, કહો, કૃપાનાથ ! મહારાજા સાહેબ ! આપનું દુઃખી પ્રસંગોથી ભયપૂરીત સંપૂર્ણુ વૃત્તાંત મને કહી સંભળાવો. તે જાણુવા મારી પ્રબળ ઇચ્છા છે."

આ પ્રમાણે અહીં વાતચિત ચાલતી હતી, દરમ્યાન પોતાના પ્રિયતમને તે સ્થળે વિશેષ સમય વ્યતીત થવાથી કાન્તાના હૃદયમાં ભીતી અને અધૈર્યતાનો ઉદ્ભવ થયો.

તેથી તે અમંગળ–અભદ્ર કાલ્પનિક સૃષ્ટિની પાંખ ઉપર ઉડતી બાળા મંદ પગલે ગુપ્તદ્વાર સાન્નિધ્યમાં આવી ઉભી. આટલો પરિશ્રમ પડતાં તો કાન્તાના સુકોમળ ચંદ્રવદન ઉપર શિશિરબિન્દુ જેવાં પ્રશ્વેદબિંદુ ટપકવા લાગ્યાં. ધીરેથી પોતે ગુપ્ત ગૃહદ્વાર ઉઘાડયું તો એક રાજમણીના પદકમળમાં પોતાના પ્રણુયકાન્તને લેટી પડેલો નિહાળી ચકિત બની. અને સાનંદાશ્ચર્ય થઇ પોતાના પ્રિયતમને યોગી પુરૂષના પદકમળમાં લેટી પડેલો જોઇ પોતે પણુ લેટી પડી.

શરણાગત પ્રતિપાલક મહારાજા કનકસેનના પુન્યશીલ પદકમળમાં આ જોડું નિભ્રાન્તતાથી લેટી રહ્યું. પ્રાણુરક્ષક રાજાના દર્શનથી દમ્પતિનું હૃદય પ્રફુલ્લ અને આનંદપૂર્ણુ બની રહ્યું. તેમના હૃદયમાં આનંદની લહરો ઉઠવા લાગી અને ઉત્સાહનો પાર રહ્યો નહિ. રાજાએ જોયું કે દમ્પતિની આંખોમાંથી સ્ખલિત થતો અશ્રુપ્રવાહ પોતાના પાદપ્રક્ષાલનનું કાર્ય કરી રહ્યો છે એટલે તે પવિત્ર દમ્પતિને આશ્વાસન આપતાં રાજાએ કહ્યું. "હવે તમે બ્હીશો નહિ; હવે તમે સંકટમાંથી તદન મુક્ત થયાં છો. તમારી અભિલાષા પરિપૂર્ણુ થાઓ." એવી રીતે આશિર્વાદાત્મક વચનો ઉચારી ઉભયને સ્વસ્થ થવા રાજાએ ઈશારત કરી. સત્વર દમ્પતિ ટટાર થઈ ઉભા રહ્યાં; પછી રાજાએ તેમને પોતાની ઓળખાણુ આપતાં કહ્યું કેઃ—

"ચાલાક યુવક ! કનકપુર નામક રાજ્યનો હું રાજ્યાધિપતિ કનકસેન છું. રાજગઢના રાજાએ તે રાજ્યને આજે તારાજ—નષ્ટ કરી નાંખ્યું છે. તે પૂર્વે તે રાજ્યમાં હું પોતે રાજ્યતુલાની સત્તા ધરાવતો હતો. પરંતુ શત્રુપક્ષના અણચિંતીત આક્રમણથી રાજ્યવિભવનું સુખ મને ઘણાં દિવસ મળ્યું નહિ. અરિદળના અણચિંતીત આકસ્મિક હુમલાથી પલાયનનો માર્ગ ભયવીહિન ધારી તે રાજ્યનો મેં સત્વર પરિત્યાગ કર્યો છે; પરંતુ તે ભયકારક આફતના અખાતમાં ઉતરવાનું મૂળ ઉત્પતિ સ્થાન હું પોતેજ બન્યો છું.

"રાજ્યવિલાસમાં જેમ અનેક દેશી રાજાઓ રસિક અને પ્રેમાંધ બને છે તેમ તેમાંનો હું પણ એક છું. રાજ્યમદના ઐશ્વર્ય અને વિભવમાં મારૂં ચિત્ત અત્યંત ઉત્સુક અને લીન રહેવાથી રાજ્યમાં ચારેમેર અંધેરનું નિશાન જણાવા લાગ્યું. રાજ્યલક્ષ્મીનો દુર્વ્યય થવા લાગ્યો. મારી નિર્દોષ પ્રજા ઉપર ભયંકર જુલ્મનો વર્ષાદ વર્ષવા લાગ્યો. ધનવંત શાહુકારોનાં મન શંકાગ્રસ્ત અને વિપદ્ગ્રસ્ત રહેવા લાગ્યાં. કેટલાક બદમાશ અધિકારીઓ સંતુષ્ટ અને પ્રફુલ્લ રહેવા લાગ્યા. તે બદમાશોના નેતા શત્રુસેન નામક સરદારે તે મારી અવ્યવસ્થ સ્થિતિની અને રાજ્યના અંધેરની વાર્ત્તા શત્રુરાજ્યમાં પહોંચી જાય એવી ગોઠવણ કરી. એટલે રાજગઢના રાજા મદનસિંહે એક સબળ સૈન્ય સમેત મારા રાજ્ય ઉપર એકદમ હુમલો કર્યો. તે વેળા અર્ધનિશાનો ભયંકર સમય પ્રવૃત્તિ રહ્યો હતો. આ દારૂણ વેળાએ એક ભયંકર અને સર્વત્ર પ્રસરી રહેલી શાન્તિને ભગ્ન કરતી કીકીયારીનો ઘોર કર્ણવેધક ધ્વનિ સંભળાયો. રાત્રિ હતી અને વળી કૃષ્ણપક્ષ ચાલતો હોવાથી ઘોર અંધકાર વ્યાપી રહ્યો હતો. વાદળ પણ અભ્રાચ્છાદિત હતું અને વિદ્યુત ચમકારા પ્રસંગોપાત થતા હતા. અનિલદેવ કાંઇક રૂદ્રરૂપ ધારણ કરી પ્રબલ ગતિથી વહન થતો હતો. ક્વચિદ્ ક્વચિદ્ સમિપની વૃક્ષરાજીમાંથી ખરતાં પાંદડાંનો મંદ રવ સંભળાતો હતો. અત્યારે રાજમહેલના પહેરેગીરો અર્ધનિદ્રીત અવસ્થામાં જણાતા હતા. સર્વત્ર નિદ્રાદેવીનું એકચક્ર સામ્રાજ્ય વ્યાપ્ત થયેલું હતું. આવે વખતે ભયંકર અવાજ સંભળાયો. તે સાંભળતાંજ હું

મારી શૈયામાંથી સફાળો ચમકી ઉઠયો અને સમિપમાં પડેલી પિસ્તોલ ઉચકી લીધી. બનતી ત્વરાએ મારા બહાદુર અને નિમકહલાલ રક્ષકો સમેત હું રાજ્યમંદિરના બાહ્ય ભાગના ચોકમાં સમશેરબદ્ધ ઉભો રહ્યો; પરંતુ વિભવવિલાસમાં અનુરકત રહેવાથી મારા હાંજા ગરગડવા લાગ્યા. વિલાસપ્રિયતાનું ભયંકર સ્વરૂપ અત્યારે મારી ચર્મચક્ષુ સામે પ્રત્યક્ષ મૂર્તમાન થયેલુ જણાયું. શત્રુરાજ્યના પ્રબળ સૈનિકોના ભયંકર તોપના ગોળાના ધ્વનિથી મારી સુંદર રાજધાનીનો પ્રચંડ કિલ્લો ખળભળવા લાગ્યો. તોપના ગોળાના ફાટવાથી શહેરના નિર્દોષ માણસોનો કચ્ચરઘાણ નીકળી જવા લાગ્યો. એ રીતે થોડીવારમાં કિલ્લામાં ગાબડું પડવાના હૃદયવેધક સમાચાર મને મારા ગુપ્તચરે નિ દન કર્યા. તે કર્ણવેધક શબ્દોથી મારૂં હૃદય વિદીર્ણ થઈ રહ્યું. ળી વશેષ ભય ધરવાનું પ્રયોજન તો એજ હતું કે મારો સૈન્યનો નાયક–નેતા શત્રુપક્ષને અત્રે આકર્ષી લાવવામાં સાધનભુત બન્યો હતો. તે પાપીષ્ટ બદમાશે કાપટય અને છળપ્રપંચથી મારા રાજ્યતંત્રને છિન્નભિન્ન અને નષ્ટ કરી નાખ્યું. આવેલી આફત દૂર કરવાને તથા ઘેરો ઉઠાડવાને કિંવા કિલ્લાપરથી મારો ચલાવવા જેટલું સૈન્ય પણ મારી પાસે બાકી રહ્યું નહોતું. બારીકાઇથી તપાસ કરતાં જણાયું કે તે તો કયારનુંએ શત્રુપક્ષમાં પ્રવેશ પામી ચૂક્યું હતું. આથી હું હતાશ બન્યો અને દીર્ઘ વિચાર કરી મેં મારા પલાયનનો માર્ગ નિર્દિષ્ટ કર્યો. શત્રુપક્ષનું અતુલ પ્રાબલ્ય નિહાળી મેં મારા રણધીર રક્ષકોને આત્મભોગે પણ જ્યાં સુધી શત્રુસૈન્ય સામે ટકી શકાય ત્યાં સુધી ટકી રહી મને પલાયન વાસ્તે વિશેષ સુગમતા કરી આપવી એવી અંતિમ પણ હૃદયવિદારક ફરમાશ કરી દીધી. ત્યાર બાદ હું શયનગૃહમાં આવ્યો. ત્યાં તીવ્રતાથી નિરીક્ષા કરતાં મારી પ્રિયકરણી રાણી મારા બાળકુમાર સમેત કોઇ વફાદાર પરિજન સાથે રાજનગરનો પરિત્યાગ કરી ગુપચુપ પસાર થયેલી જણાઇ; પરંતુ મારી પ્રિય પુત્રી રાજકુમારીનો કશો પત્તો નથી. કારણકે તે વિપદ્ વખતે પણ હમેશની માફક ઘોરનિદ્રાને અનુભોગી રહી હતી. તેના શયનમંદિરનાં દ્વાર પુષ્કળ ખખડાવ્યાં પણ સાંભળે કોણ? આખરે તે રાજસુતાને ત્યાંજ ત્યજી મેં રાજનગરને તિલાંજલી

આપી. કારણકે ભય મારી સામેજ ડોકીયાં મારી રહ્યું હતું. આખરે મેં પલાયનને ઉચિત યોગી પોશાક ધારણ કર્યો અને મહેલના ગુહ્ય વિભાગમાંથી એક અંધકારાચ્છાદિત ભોંયરામાં પ્રવેશ કર્યો. તે ગુહ્યાગાર દ્વારા ભૂગર્ભમાંથી હું જોતજોતામાં કિલ્લા બહાર નીકળી ગયો. છતાં પણ મારા વિલાસી હૃદય-સાગરમાં ભયના ભણકારા–વિચાર તરંગો એવા ઉદ્‌ભૂત થયેલા હતા કે મારા શરીરને હચમચાવી દેતા હતા. અરેરે ! ચાલાક સજ્જન ! તે મારે માટે કેવો હૃદયદ્રાવક પ્રસંગ ! 'ઈશ્વરેચ્છા બલીયસી' એવું ધારી મેં તે દુર્ભાગ્યયોગમાં પણ ધૈર્યબળ ધારણ કર્યું. તે સ્થળે પૂર્વ સંકેત પ્રમાણે એક સૈનિક અશ્વ-સમેત વૃક્ષ તળે અંધકારમાંજ ઉભો હતો. સત્વર મેં ઘોડાપર સ્વારી કરી પલાયનનો માર્ગ સ્વીકારી લીધો અને છેવટે આ ગુપ્ત આશ્રમમાં ગુપ્તતાથી દિવસો વ્યતીત કરૂં છું. ત્યાર પછીના સર્વ વૃત્તાંતથી તમે સુજ્ઞાતજ છો. આ રીતે મારા રાજનગરનો ધ્વંશ થઈ ગયો. અરેરે ! ભાઇ ! વિધિની ઘટ-નાનો પાર પામવાને કોણ સમર્થ હોઇ શકે ?" એમ બોલતાં બોલતાં રાજાના નેત્રોમાં આંસુનું પૂર ઉભરાઈ રહ્યું અને તેના ઉત્કટ આંસુનો ચળકાટ કિશોરલાલના હૃદયને પણ વિદીર્ણ કરી રહ્યો. ઉપર્યુક્ત મહારાજા કનકસેને પોતાનું મર્મવિદારક કરૂણ આત્મવૃત્તાંત વ્યક્ત કરવાથી એ દમ્પતિના ચર્મચક્ષુમાં પણ છલાછલ આંસુનું પૂર ઝમી આવ્યું અને તેનાં આંસુનો ચળ-કાટ ફિક્કાશ મારતા મંદ દિપકના પ્રકાશમાં રાજાના હૃદયને પણ દગ્ધ કરી રહ્યો. થોડો સમય ત્રણે જણાં સ્તબ્ધજ ઉભાં રહ્યાં. અંતે એક ઉષ્ણ નિઃશ્વાસ નાંખતાં કીશોરલાલ બોલ્યો:–

"રાજેન્દ્ર મણી ! આપનું આ કરૂણાજનક અને હૃદય-દ્રાવક વૃત્તાંત સાંભળતાં મારૂં હૃદય દુઃખ અને શોકથી ચીરાઇ જાય છે. તમારૂં એ દુઃખપૂર્ણ અને ચમત્કારિક વૃત્તાંત સાંભળી હું અજબ થયો છું. અહા ! કર્મ સંયોગ કેટલો વિચિત્ર છે ? આ સ્થળે પણ ભયવાદળ આપણા ઉપર લટકી રહ્યું છે. તેમજ વાતચિતમાં રાત્રિનો તૃતીય પ્રહર પણ લગભગ વ્યતિત થવા આવ્યો છે એટલે હમણાં તો પલાયનને વાસ્તે સઘળી તૈયારી કરવી જોઇએ. મને ભય રહે છે કે અત્યારે પુનઃ રાક્ષસના પંજામાં સપડાઇ જઇશું."

" કિશોરલાલ ! આટલો ભય શા માટે ? ધૈર્યભગ્ન ન બનો. આપણે હવે મુંઝવણના છેક કિનારા ઉપર છીએ. આ જનશૂન્ય સ્થાનના સર્વ ગુપ્ત માર્ગથી હું પરિચીત છું; એટલે બદમાશોને હાથતાળી દઇને આપણે નિમિષ માત્રમાં નાશી જઈ શકીશું. ચાલો ત્યારે મારી સાથે ગુપચુપ આવો. "

એમ કહી રાજાએ તે ગુપ્ત ગૃહની દિવાલ સાન્નિધ્યની એક શીલા ઉચકી લીધી એટલે ભૂગર્ભમાં એક વિસ્તૃત ગુહ્યાગારનું વિલક્ષણ દૃશ્ય પ્રત્યક્ષ થઈ રહ્યું. કિશોરલાલે આ પ્રમાણે માથેથી ભય દૂર થયેલો જોઇ પોતાનાં આંસુ લુછી નાંખ્યાં અને રાજાના મુખ સ્હામું સ્મિત હાસ્ય ફરકાવતાં કહ્યુ: 'જીવનરક્ષક પ્રભુ ! ચિંતારૂપી અગ્નિ હવે પરિશાન્ત થયો. આ ગુપ્ત માર્ગેજ આપણાં સુભાગ્યનું દર્શન થશે. ખરેખર અમારા સરખા ક્ષુદ્ર પ્રાણીઓને માટે આપે એવું મહાન કષ્ટ ઉઠાવવાનું સાહસ કર્યું છે. ધન્ય છે એ આપના મહદ્ પ્રેમને. રાજાધિરાજ ! આપની પ્રજામાંના એક દીન દમ્પતિનો ઉદ્ધાર કરીને આપે જે રાજધર્મ બજાવ્યો છે, તે માટે ઇશ્વિર આપનું કોટી કોટી કલ્યાણ કરશે. એક રંક મનુષ્ય આ આશીર્વાદથી વધારે બીજું શું અર્પણ કરી શકે ? "

રાજાએ કીશોરલાલને કશો ઉત્તર નજ આપ્યો. કારણકે અત્યારે કશી પણ વાર્તા કરવાનો અવકાશ ન્હોતો રહ્યો. તેમણે તો સત્વર મંદ દીપક પ્રકટાવી ગુપચુપ ગુફામાં પ્રવેશ કર્યો. કીશોરલાલ અને કાન્તા પણ આનંદપૂર્વક તેમની પાછળ પાછળ ભૂગર્ભમાં ગેબ થઇ ગયાં, કે તુર્તજ રાજાએ યુક્તિપુરઃ સર પુનઃ તે ગુહ્યાગારનું મુખદ્વાર શીલાવડે બંધ કરી દીધું અને માર્ગ ક્રમણ કરવા માંડયું. તેની પાછળ પાછળ અંધકારનું ભેદન કરતું આ દમ્પતિ માર્ગ પસાર કરવા લાગ્યું. એ ગુફાનો ભયંકર રસ્તો પસાર કરતાં ત્રણે જણાને જીવતોડ શ્રમ કરવો પડયો. માર્ગ કાપવામાં પડેલા શ્રમથી થાકી ગયેલી કાન્તાના નેત્રોમાંથી અશ્રુધારા વહેતી હતી. અંતે ભયંકર ગુહ્યાગારનો અતી કઠિન રસ્તો કાપતાં તેઓ ગુફા બહાર નીકળી આવ્યાં. તે ગુફાનું દ્વિતીય મુખદ્વાર એક ભયંકર જનશૂન્ય સ્થાનમાં આવેલું હોય તેમ પ્રત્યક્ષ થવા લાગ્યું. તે ભયંકર અને અંધકારથી ઘેરાયલા વનપ્રદેશમાં પણ મહા કષ્ટે રાજાએ પલાયનનો

માર્ગ શોધી કહાડયો. રસ્તો સરલ ન્હોતો. પરંતુ ખાડા ટેકરાવાળો અને વાંકો ચૂંકો હોવાથી વારંવાર ખુદ રાજાને પણ કઠિન થઈ પડતું હતું. રાજા આ માર્ગથી પરિચીત હોવાથી ઘનઘોર વૃક્ષરાજીમાં પણ તે મહા કષ્ટે આગળ વધતો હતો. તેની પાછળ પાછળ આ દમ્પતિ પણ ટીચાતું કુટાતું માર્ગ ક્રમણ કરી રહ્યું હતું. તે પ્રમાણે બે ત્રણ દિવસમાંજ તે ઘનઘોર પ્રદેશ વટાવી એક સાંજે તેઓ એક શાંતિ સચવાય તેવા પ્રદેશમાં આવી પહોંચ્યાં અને સાયંકાળ થયેલો નિહાળી તે સ્થળેજ પડાવ કર્યો. થોડો વખત વીત્યાબાદ રાજા અને કિશોરલાલ કાંઈક વાતચિત કરતા બેઠા હતા તેવામાં સઘન–ઘનઘોર વૃક્ષરાજીમાં એક હૃદયવિદારક કરૂણ ચીસ સંભળાઈ. સર્વત્ર પ્રસરેલી શાન્તિને ભગ્ન કરતો એ રોદનધ્વની સાંભળતાં રાજા અને કિશોરલાલ એકાએક ચમકી ઉઠયા. રાજા ભયચકિત બનતો ચોમેર સુક્ષ્મતાથી દૃષ્ટિ ફેરવવા લાગ્યો અને પિસ્તોલ હાથમાં પકડી તે એક એક પગલું આગળ ભરવા લાગ્યો. તે કરૂણ સ્વર કોઇ દેવબાળાનોજ હોય તેમ પરિચય થવા લાગ્યો. કોઈ બદમાશોના હાથમાં કોઇ મંદભાગિની બાળા દગાફટકાનો ભોગ થઇ પડેલી હોય તેમ ભાન થયું. આથી કિશોરલાલ પણ કટીબદ્ધ થઈ તે સ્થળ તરફ જવા તૈયાર થયો એટલે આવા કટાકટીના વખતે કાન્તાએ પોતાની પાસેની એક કટાર પોતાના પ્રિયતમને સુપ્રત કરી. કિશોરલાલ તે જોતાંજ ચમકી બોલ્યો:—

"મારી પ્રિય દેવી! આ કટાર તારી પાસે કયાંથી? અને તે તારી પાસે ગુપ્તતાથી સાચવી રાખવાનું પ્રયોજન શું?"

"નાથ! પાપીષ્ટના પંજામાંથી અણીના વખતે છટકી જવાનો આ એક માર્ગ છે. પ્રભુ! દુષ્ટ બદમાશના ભયંકર કારસ્થાનમાંથી મારા શીલવ્રતનું રક્ષણ કરવા માટેજ મેં તેને સાથે રાખી છે. અને તે મ્હને ભયકર કારાગૃહમાંથીજ સદ્ભાગ્યવશાત પ્રાપ્ત થયેલી છે. પણ નાથ! તમે જાઓ, પેલી નિર્દોષ અબળાનું સત્વર રક્ષણ કરો. જુઓ, તે બાળાનું હૃદયવિદારક કરૂણ રૂદન સંભળાય છે." એમ કહી કાન્તાએ ધર્મપાલનની યાદી આપી.

તરતજ કિશોરલાલ ગુપચુપ જે દિશામાંથી ઉક્ત કરૂણ સ્વર

સંભળાતો હતો તે દિશાની વૃક્ષરાજીમાં જોતજોતામાં ગેબ થઈ ગયો અને નિમિષમાત્રમાં જે સ્થળેથી ઉપલો કરૂણસ્વર સંભળાતો હતો તે સ્થળે આવી પહોંચ્યો. ત્યાં તેને જણાયું કે એક સૌંદર્યધારીણિ બાલિકાનું શીયલ ભગ્ન કરવામાં બે બદમાશો ગુંથાયલા છે અને અન્ય બે બદમાશ ચોકીપહેરો ભરતા ઉભા છે. તે અત્યંત રૂપવતી તરૂણ બાલિકા સ્હામું ડોળા ઘુરકાવતા પિશાચ આકૃતિના પુરૂષોને નિહાળી તે ક્રોધવીવરા બ ! ગયો. આવો હૃદયદ્રાવક અને વિકટ પ્રસંગ નિહાળી કિશોરલાલે બળપૂર્વક ધસારો કર ઝટ કટારવડે એક બદમાશની છાતી વીંધી નાખી અને બોલ્યોઃ–" દુષ્ટ ! નરાધમ ! લે હવે રામનું નામ. " આટલું બોલતાં બોલતાં આપણા તે તરૂણ વીર કિશોરલાલનું શરીર કમ્પી ઉઠયું. એક બદમાશ યમસદનને માર્ગે પ્રયાણ કરી ગયો તે જોતાંજ અન્ય બદમાશ પોતાની સમશેર ખેંચી સામો થયો, અને કિશોરલાલ ઉપર ટુટી પડયો. જેવો કાન્તાના સૌભાગ્યચંદ્રને નષ્ટ કરવાને બદમાશ સમશેરનો પ્રહાર કિશોરલાલ ઉપર કરવા જાય છે. તેવોજ સઘન ઝાડીમાંથી અણુચિંતવ્યો પિસ્તોલનો ભયંકર બહાર સંભળાયો અને તત્ક્ષણ તેમાંથી છુટેલી ગોળીએ તે બદમાશની છાતીનું ભેદન કર્યું. ઉક્ત બદમાશ મૃત્યુવશ બની ધરણી ઉપર ઢળી પડયો. આ વિલક્ષણ ચમત્કૃતિથી કુપિત બનેલા ઉભય બાકી રહેલા બદમાશો એકદમ ધસી આવ્યા. પુનઃ જેવા તેઓ કિશોરલાલ ઉપર સમશેરનો પ્રહાર કરવા જાય છે તેવોજ વળી સર્વત્ર પ્રસરી રહેલી શાન્તિને ભગ્ન કરતો ધ્વનિ સંભળાયો. સણુસણાટ કરતી એક ગોળી બદમાશમાંના એકની છાતીનું ભેદન કરી આરપાર પસાર થઇ ગઈ. એટલે હતાશ બનેલો ચોથો બદમાશ અશ્વારૂઢ થઈ જોતજોતામાં નાઠો અને આ સઘન વૃક્ષરાજીમાં રાત્રિના ઘોર અંધકારમાં દૂર દૂર ભળી ગયો–ગેબ થઈ ગયો.

આ વેળા ઉક્ત સર્વાંગ સુંદર હતભાગીની બાલિકા એક તરૂરાજના થડીયા પાસે મરવા જેવી થઇ ગયેલી કંપતી ઉભી હતી અને તે પણ આ નવીન કુતૂહલ નિહાળી રહી હતી. કિશોરલાલ મંદ ગતિથી પગલાં ભરતો ભરતો તેની નિકટ આવી પહોંચ્યો અને તેને આશ્વાસન આપતાં કહ્યું: ' બ્હેન ! હવે

તમે ભય પામશો નહિ. પ્રભુ કૃપાથી હવે તમે સંકટમુક્ત થયાં છો.' તે આશ્વાસનનો ઉત્તર તે અજ્ઞાત યૌવના આપે તે પૂર્વે રાજા પણ ત્યાં આવી લાગ્યો. કિશોરલાલે રાજાનો અણીને વખતે બચાવ કરવાને માટે મહદ્ ઉપકાર માન્યો અને કંપિત થતી સુંદર બાલિકાને ઉદ્દેશી રાજાએ કહ્યું:—

"તું કોણ છે બ્હેન! નિર્ભય હૃદયે કહે. હવે બ્હીવાનું કશું પ્રયોજન નથી."

તે અજ્ઞાત યૌવનાએ થોડા ઘણા ભાનમાં આવતાં ઓઢણીના છેડાવડે અશ્રુ લુંછી વીણાને લજાવે તેવા કોમળ કંઠે લવવા માંડયું: "દુષ્ટ! નરાધમ! કુલાંગાર! દુર થા! શું તારી નીચ વાસનાને એક પુન્યશીલ સાધ્વી સુશીલા અભિનંદન આપશે કે? અહો! ગંધર્વ કુમાર! મારા હૃદયવલ્લભ! તમે હમણાં કયાં છો? મને આ બદમાશના અત્યાચારમાંથી છોડાવી જાઓ. નાથ! હું આપને બે હાથ જોડી પગે પડું છું અને વિનંતિ કરૂં છું કે મારી અરજ સ્વીકારશો." તે અજ્ઞાતયૌવના ભ્રમીત બનતી પોતાના હૃદયવલ્લભને સંબોધીને અને રાજાને બદમાશ ધારીને બોલી.

"અરે! ઘેલી બાળા! આ તું શું બોલે છે? બદમાશો તો કયારનાએ મરણશરણ થઈ ગયા છે. હવે તું નિર્ભય છે. અમે તો તને દુઃખમાંથી મુક્ત કરનાર પ્રવાસીજનો છીએ. જરા ભાનમાં આવી વાત કર. આટલી વિભ્રમશાળી ન બન." રાજાએ પુનઃ ઉત્સુકતાથી કહ્યું.

આ વચનોથી તે અજ્ઞાત યૌવના પૂર્ણ રીતે શુદ્ધિમાં આવતાં રાજાની કરેલી અવલેહના માટે તેણે ક્ષમા માગી. તે રાજાના ભાષણથી આશ્ચર્યચકિત બની ગઈ અને અત્યારે તે પોતાના મગજની સાથે હૃદયને પણ ગુમાવી બેઠી હતી એમ તેને જણાયું. થોડીવારે ભાનમાં આવતાં બાળા ગદ્ગદ્ કંઠે બોલી:—

"અચેતનાવસ્થામાં કરેલા આપના તિરસ્કાર માટે ક્ષમા કરશો. મહાપુરૂષ હું એક અનાથ હતભાગી બાળા છું. આ બદમાશો મારા શીલવ્રતને ખંડીત કરવાની તૈયારીમાં હતા, તે વિપદ્ વેળાએ આપે મારા શિયળનું સંરક્ષણ કરી જીવીતદાન અર્પ્યું છે માટે આપનો જે મહદ્ ઉપકાર થયો છે તે

અવર્ણનીયજ છે. પ્રભુ ! મારા સરખી એક હતભાગી રંકબાળાનું આત્મવૃતાંત અતિશય કરૂણાત્મક અને હૃદયવેધક છે. તે જાણુવાથી આપને કેવળ પરિતાપ અને શોકજ થશે. આમ હોવાથી તે જણુાવતાં મને દુઃખ થાય છે. ”

“ નહિ, નહિ, બ્હેન ! અમે પણ તારા સમાન દુઃખવાહક મનુષ્યોજ છીએ, એટલે તે તારી ભયભરીત દુઃખદ વાર્તાથી અમારા દુઃખમાં આશ્વાસન મળશે. વળી તારા સરખી દેવબાળાનું ભેદભર્યું વિચિત્ર ચરિત્ર જાણુવાને પણ અમને ઉત્કંઠા પ્રકટે તે સ્વાભાવિક છે. હું એક રાજપુરૂષ છું. મ્હારા ઉપર સંપૂર્ણ વિશ્વાસ ધરાવ. નિશ્ચિત રીતે તારો પરિચય આપ. ” રાજાએ ઉત્સૂકતાપૂર્ણ સ્વરે કહ્યું.

“ મહારાજ ! હું એક રાજબાળા છું. મારૂં નામ પ્રભાવતી અને કનકપુરના મહારાજા કનકસેનની હું એકની એક લાડમાં ઉછરેલી રાજકન્યા છું. ” તે અજ્ઞાત યૌવના નિઃશ્વાસ નાખતી બોલી.

“ રાજબાળા પ્રભાવતીની ઓળખાણુ સાંભળી રાજા ક્ષણુકાળ સ્તબ્ધ બની મૌન ધારણુ કરી રહ્યો. તેના હૃદયમાં શોકને સ્થાને આનંદ નૃત્ય કરવા લાગ્યો. આ વેળા પ્રીકાશ મારતા તારક મંડળના તેજમાં રાજા નિહાળી શકયો કે, ઉક્ત બાળિકા ખુદ પ્રભાવતીજ હતી. તેની આવી વિચિત્ર સ્થિતિ નીહાળી રાજાના કોમળ દયાશીલ હૃદયમાં અત્યંત વ્યથા થઇ. કેટલોક સમય રાજા સ્તબ્ધજ ઉભો રહ્યો. અંતે એક ઉગ્ર ઉષ્ણુ નિઃશ્વાસ નાંખી રાજાએ કહ્યું:—

“ અહો ! અદ્દભૂત દયાજનક પ્રસંગ ! શું ? તું મારી એકની એક પુત્રી પ્રભાવતી છે ? અરેરે શું દુઃખદરિયામાં ડુબી રહેલું મારૂં પુત્રીરૂપ રત્ન તું પોતેજ છે ? પ્રભાવતી ! આ તો ખરેખર મને ઈંદ્રજાળ જેવુંજ લાગે છે. અહા ! મંદભાગી રાજા ! તારા અંતિમ દિવસોમાં પણુ તારી ગુમ થયેલી પુત્રીને ભેટ ! બેટા ! હું તારો મંદભાગી પિતા છું. પ્રભાવતી ! શોક કરીશ નહિ. ભગવાનની આ વિચિત્ર ઇચ્છા ભાવિ મંગળને માટેજ છે. ” એમ કહેતો રાજા પોતાની લાડકવાઇ આત્મજાને ભેટવા તૈયાર થયો; એટલે પ્રિય પિતાના ચિંતનમાં

લીન બનેલી રાજકન્યા સાનંદાશ્ચર્યમાં ગરક બનતી પોતાના પૂજ્ય-પિતાને ભેટી પડી. તે વેળા પ્રભાવતીનાં ઉભય નેત્રોમાંથી અશ્રુ-ધારા પડવા લાગી. તે ધારા રાજાના હૃદયને પણ વિદીર્ણ કરી રહી.

જોયું ? પ્રિયવાચક ! કેવો અદ્ભૂત ચમત્કાર ! પ્રભુની કેવી અકળિત લીલા ! જે ભગવાન સમસ્ત જગતજનોને કાષ્ટની પુતળીવત નચાવી રહ્યા છે તેનીજ તે બધી લીલાનો વિસ્તાર છે. એક વૃદ્ધ પિતા પોતાની મૃત્યુશય્યા ઉપર પોતાના સ્વર્ગસ્થ પુત્રને પુનઃ ભેટે અને તે વખતે જે આનંદ થાય તેવા આનંદ પ્રવાહનો વેગ રાજાના હૃદયક્ષેત્રમાં વ્યાપી રહ્યો હતો. આ આનંદનું સ્વરૂપ અનુભવી વિના બીજાની શક્તિ વર્ણવી શકેજ નહિ.

અહીં રાજાએ પોતાની પુત્રીને ધીરજ આપી માર્ગક્રમણ કરવા માંડયું એટલે તેની પાછળ પાછળ પ્રભાવતી અને ત્યાર પછી કિશોરલાલ એ પ્રમાણે જવા લાગ્યાં. ધીમે ધીમે અંધકારનું ભેદન કરીને જે સ્થળે કાન્તા બેઠી હતી તે સ્થળે સર્વે આવી પહોંચ્યાં, એટલે આવા વિકટ પ્રસંગે કંપિત થતી કાન્તાની દેહલતા પુનઃ સજીવન થયેલી હોય તેમ જણાયું.

રાજા અને કિશોરલાલ ત્યાં બીછાવેલી શેત્રંજી ઉપર બેઠા અને રાજસુતા પ્રભાવતી પણ ગુપચુપ કાન્તાની સામિપ્યમાં બેઠી. ત્યારબાદ રાજાના અત્યાગ્રહથી રાજકન્યાએ પોતાની હૃદયવેધક અને દુઃખપૂર્ણ કર્મકથા નીચે પ્રમાણે કહી સંભળાવી.

“ પિતાજી ! જે ભયંકર રાત્રિએ શત્રુ સૈનિકોએ આપણા શહેર ઉપર આકસ્મિક આક્રમણ કર્યું તે ભયાનક ઘોર રાત્રિએ હું મારા શયનગૃહમાં એકાએક મારી શય્યામાં નિદ્રાવસ્થામાં ઘોરતી પડેલી હતી. વિશ્વવ્યાપિની નિદ્રાદેવીના પ્રબળ પાસમાં હું એવી ઘોરતી હતી કે તે ભયાનક રાત્રિએ શું બનાવ બન્યો તેથી હું અજ્ઞાતજ રહી ગઇ. આખરે પરોઢીયે હું ઉઠી. આ વેળા મેં જોયું તો પ્રભાત થવાને ઝાઝીવાર જણાતી નહોતી. પૂર્વ દિશામાં અરૂણોદય થવાની તૈયારી થતી હોય તેમ ઉષાનું મંદ-હાસ્ય વ્યક્ત કરતું હતું. વળી બહારના મનુષ્યોનો કોલાહલ અને ધમસાણ શ્રવણ કરી શ્રી ભગવાનનું સ્મરણ કરતી હું સત્વર ઉઠી અને મેં મારા શયનમંદિરનાં દ્વાર ખુલ્લાં કર્યાં કે બહાર શત્રુ-રાજ્યના સૈનિકો—પહેરેગીરો લટાર મારતા જણાયા. અરેરે ! બાપુ ! તે વિપદવેળાના ભયનું હું શું વર્ણન કરૂં ? તે દુઃખની

ભયંકર કલ્પના યાદ આવતાં મારૂં હૃદય કંપાય છે. આવું વિલક્ષણ કુતૂહલ જોતાં મારા અંતઃકરણમાં શૂળો ભોંકાઈ. ત્યાર બાદ એક સરદારે મારી સમિપમાં આવી મને બંદિવાન તરીકે પરહેજ કરવાની શત્રુસેનની દુષ્ટ વાંચ્છના વ્યક્ત કરી. તે વખતે મારા મનોરાજ્યમાં મહાન ઉલ્કાપાત થઇ રહ્યો. ત્યાર પછી દ્વિતીય પ્રહરે મારા શયનમંદિરમાં કે જ્યાં હું રૂદન કરતી બેઠી હતી ત્યાં તે બદમાશ આવ્યો અને પોતાની ભયંકર પાપશીલ અભિલાષા વ્યકત કરતાંજ તે બોલ્યો:-"રાજતનયા ! પ્રભાવતી ! તમારે હવે ચોરની પેઠે કિલ્લામાં ભરાઈ રહેવાની અગત્ય નથી. વહાલી પ્રભાવતી ! ચાલો મારી સાથે. આ સ્થાનનો ત્યાગ કરી સત્વર મારા વિલાસભુવનમાં પ્રવેશ કરો. હવે તમારૂં આ કરૂણરોદન ત્યજી દો. ત્હારા સરખી દેવબાળાનું હું મારા જીવનથી અધિક લાલનપાલન કરીશ. આ સર્વ સાહસનું તમેજ નિમિત્ત છો. માટે સત્વર તમારા પ્રેમપ્રિયુષવડે મારા સંતપ્ત હૃદયને પરિશાન્ત કરો. તમારા સરખું રાજરત્ન પ્રાપ્ત થવાથી હું મારૂં અહોભાગ્ય માનું છું."

"ઉકત બદમાશે આવાં પાપશીલ વચનો વદીને મારા કોમળ હૃદયને દગ્ધ પ્રદગ્ધ કર્યું. મારા સર્વાંગમાં કોપાનલ સળગી ઉઠયો અને તે કોપાગ્નિમાંથી અગ્નિકણો ખરવા લાગ્યા. મેં કાંઇક રૂદ્રસ્વરે કહ્યું "પાપીષ્ટ ! નરાધમ ! ! કુલાંગાર !!! અમારૂં લુણ ખાઇ અમારી સાથેજ અત્યાચાર ! ફટ ! ફટ ! નીચ ! નરપિશાચ ! તારૂં કલંકિત વદન દૂર કર. તારા સરખા કુલાંગારનું કૃષ્ણ વદન જોવામાં પણ પાપ છે. યાદ રાખજે કે તારા સરખા દુષ્ટાત્માને માટે પ્રભુનો દરબાર તૈયાર છે. ત્યાંજ તારો અંતિમ ન્યાય થનાર છે. જા, દુષ્ટ ! દુર થા." એ પ્રમાણે તે વખતે મેં દુષ્ટાત્મા શત્રુસેન પ્રતિ ધિક્કારનાં વચનો કહી એવો તિરસ્કાર કર્યો કે તે વેળા તો તે ત્યાંથી ત્વરાથી પસાર થઈ ગયો. પણ તે બદમાશે ત્યાર પછી મને મારા રંગભુવનમાંથી દૂર કરી એક ભયંકર કારાગૃહમાં બંદિવાન બનાવી. તે ભયંકર કારાગૃહમાં જે દિવસો નિર્ગમન થતા હતા તે દિવસો એક યુગ સમાન વ્યતીત થતા હતા. આ વિપદ્ વખત દરમ્યાન દુષ્ટ શત્રુસેન મારી પાસે આવી સામ, દામ અને દંડ ભેદાદિ યુક્તિપુરઃસર મારૂં કૌમાર્ય ભ્રષ્ટ કરવાને મથન કરી રહ્યો હતો; પરંતુ જેમ સિંહબાળ પોતાના ભયંકર રૂપને

ધારણ કરે છે ત્યારે વનપશુઓ પલાયનમ: કરી જાય છે તેમ મારા અડગ ધૈર્ય અને ઉગ્ર શીલવ્રતના પ્રભાવથી તે લાચાર બની જતો હતો. સમયના જવા સાથે આવા ભયંકર અત્યાચારથી મારૂં તેજસ્વી વદન કરમાઇ ગયું. ઘોરભિતિદર્શક અત્યાચારથી મારૂં સુંદર શરીર હાડપીંજરના રૂપમાં પરિવર્ત્તન પામવા લાગ્યું. આવા દુ:ખમય દિવસો પસાર કરવા કરતાં હું આખરે મારૂં આયુષ્ય ટુંકું કરવાના નિશ્ચય ઉપર આવી. તે વેળા મારા મનમાં આશ્ચર્ય, ભય, ગભરાટ અને સંતાપાદિ તુમુલ યુદ્ધ મચાવી રહ્યાં હતાં. આવા દુ:ખતાપથી કંટાળી હું એક દિવસે સાયંકાળે આત્મવિસર્જન વાસ્તે મારી પ્રિયકરણી કટાર કાઢી તેને હૃદયાલિંગન અર્પવા તૈયાર થઈ ઉભી હતી એવામાં એક ગેબી ધ્વની મારા કર્ણ સાથે અથડાયો એટલે હું એકાએક ભયચકિત થતી ચમકી અને તેજ પળે મારૂં સદાને માટે સંરક્ષણ થઇ ગયું. આખરે પરમાત્મા પ્રતિ કરેલી પ્રાર્થના ફળીભૂત થયેલી ગણાવા લાગી. મારી નિરાશામાં આશાના પ્રભાતનું મંદ કિરણ ચમકી રહ્યું. અચાનક એક અજ્ઞાત યુવકે ગુપચુપ એક ગુપ્ત માર્ગે કારાગૃહમાં પ્રવેશ કર્યો કે જેના વરદ હસ્તે મારૂં સદાને માટે રક્ષણ કર્યું. એ રીતે અંધકારમાંજ તે અપરિચિત વ્યક્તિએ મારો સુકોમળ હાથ પકડયો. આથી મારી ચિન્તાતુરતામાં વૃદ્ધિ થઇ. એટલામાં તે અજ્ઞાત યુવકે કહ્યું:—

'રાજકન્યા ! કિંચિત્ પણ ભયગ્રસ્ત બનવાંનું પ્રયોજન નથી. ધૈર્યભગ્ન ન બનો. રાજબાળા ! આશાભગ્ન અને અધૈર્યધારી થવાને કશી અગત્ય નથી.' આ વચનો સાંભળી થોડીવાર સુધી તો હું સ્તબ્ધ બનીનેજ ઉભી રહી. પણ તે મનમોહન ગંધર્વ કુમારે મારા મનનું આકર્ષણ કર્યું. તે નવયુવકને જોતાંજ મારૂં હૃદય એટલા વેગથી આકર્ષાયું કે તેની નાત, જાત જાણ્યા વિના હું તેને મારા મનથી હૃદયવલ્લભ માનવા લાગી. તે પરવશ સ્થિતિમાં હું શુદ્ધિહીના બની ગઇ. અહો ! તેના મુખચંદ્રની મનોહરતાએ તો મારા દિલને પરવશ બનાવી દીધું. તે વેળા હું બેભાન બની. મ્હારૂં અહંપણું ગળી ગયું અને હું કેવળ તન્મય બની રહી. તૃષાતુર ચાતકવત્ હું તેમના ઉજવલ મુખચંદ્ર તરફ અનિમેષ દૃષ્ટિ લગાવીને જોઇ રહી હતી. મારૂં ચિત્ત, પ્રાણ, યૌવન અને જીવન એ સઘળું તે ગંધર્વકુમારના મોહિની સ્વરથી કેવળ મુગ્ધ

અને પ્રમુદિત બની ગયું હતું. તે નવયુવકે મને પોતાની મોહિનીથી એટલી મનોમુગ્ધ કરી હતી કે, તે વખતે હું શુદ્ધિ વીહીન હતી. કેટલીકવારે હું ભાનમાં આવી અને ઉત્કંઠિત બનતાંજ બોલી.

"કોણ? કહો, કહો, પણ તમે છો કોણ? હું આશ્ચર્ય પામું છું. આવા ભયંકર સ્થાનમાં તમે અત્યારે શામાટે આવ્યા છો? મારી હિતૈષીતા ધરાવનાર તમે છો કોણ? અને તમે બદમાશ શત્રુસેનના પરિજન તો નથી ને! અરેરે! ચાલાક ગંધર્વરાજ! મને મારા માર્ગે જવા દો. સાંસારિક કષ્ટોથી હવે હું કંટાળી ગઇ છું. પ્રભુના પુન્યશીલ પદ કમળમાં જતી તમે મને શા માટે અટકાવો છો? મારા આત્મવિસર્જનમાં તમે શામાટે અંતરાય નાંખો છો?"

'રાજતનયા! સુંદરી! સાંસારિક સુખામૃતનો આસ્વાદ લીધા આગમચ અને યૌવનની માધુર્યતાના મહત સૌખ્યનો લ્હાવો લીધા પૂર્વે આમ હતાશ થઈ આત્મભોગ આપવાનું સાહસ કરો છો એ શું વારૂં? બાળા! શાન્ત થાઓ. હું તમારો હિતચિંતક છું. હવે તમારો સત્વર છૂટકારો થશે.' એમ તે ગંધર્વ કુમારે કહ્યું.

"શું તમે મારી હિતૈષીતામાં અભ્યુદય જુઓ છો? અહોહો! ચાલાક ગંધર્વ કુમાર! આવા ભયંકર સ્થાનમાં સમાયેલી ભયોત્પાદક ભીત શું તમારી કલ્પનામાં નથી આવતી? શું તમને નરાધમ શત્રુસેનની ઉગ્ર ક્રોધાકૃતિની ભીતિ નથી જણાતી? જાઓ, જાઓ, સજ્જન! તમે સત્વર ચાલ્યા જાઓ. કદાચ દુષ્ટાત્મા ચેતી જશે તો પ્રાણહાની સિવાય અન્ય કશો લાભ નહિ મળે. મારાં લાગ્યાં હું ભોગવી છૂટીશ." મેં કિંચિત્ ભયનું દર્શન કરાવી કહ્યું.

"રાજતનયા! હૃદયવલ્લભા! સુંદરી! વીરપુરૂષો સમરાંગણમાં ઉતરતી વખતે પ્રાણની દરકાર ધરાવે છે ખરા કે? અરે વીરબાળા! મ્હારા સરખો રાજપુત્ર શું એક અનાથ બાલિકાના શીલધર્મનું પાલન કરવાનું પુન્ય ઉપાર્જન કરવામાં પ્રાણાહુતી અર્પતાં અચકાશે ખરો કે? નહિ, કદિજ નહિ! રાજબાળા! કદિ ભગવાન અરૂણ દેવતા પૂર્વમાંથી પશ્ચિમ દિશામાં ઉદિત થયેલા જણાય અને શીતળતા ધરાવનાર નિશાનાથ ચંદ્ર કદિ તપ્તતા ધરાવતા થાય તોપણ હું મારા પૂન્યશીલ ક્ષત્રિધર્મથી ચ્યુત થનાર નથી." તે ગંધર્વકુમારે—યુવરાજે સત્યાગ્રહનું દર્શન કરાવતાં કહ્યું.

ઉપર પ્રમાણે વાર્ત્તાલાપ ચાલી રહ્યા બાદ આ ભયંકર સ્થળમાંથી સત્વર નાશી જવામાં રસ્તો સહીસલામત હતો.

એમ ધારી અમે ન્હાસવાનો પ્રયત્ન કરવા લાગ્યાં. ગુપચુપ તે અજ્ઞાતયુવક પાછળ પાછળ પ્રેમમુગ્ધ બની મેં પણ ભોંયરામાં પ્રવેશ કર્યો અને જતાં પૂર્વે તે ગંધર્વકુમારે ગુહાનું દ્વાર યથાસ્થિત પૂરી નાંખ્યું. અત્યારે નિશાદેવીનું સામ્રાજ્ય વ્યાપી રહ્યું હતું એટલે વળી ગુહ્યાગારની અંદર અંધારાનું તો 'પૂછવું જ શું ? રાત્રિનો ભયંકર સમય ! અજ્ઞાત તરૂણ ! અને શૂનકાર નિઃસ્તબ્ધ ભોંયરાના અતિશય સાંકડા માર્ગ ઉપર મહાન કષ્ટે હું ચાલતી હતી. ઘનઘોર અંધકાર હોવાથી માર્ગમાં ક્ષણે ક્ષણે અડચણ નડતી હતી, પરંતુ 'ઉક્ત યુવરાજ છાતીના કઠિન હોવાથી અત્યારે આવા ભયંકર ગુહ્યાગારમાં માર્ગક્રમણ કરવામાં વિશેષ ભીતિ નહોતી જણાતી. આખરે નિરતિષય દુઃખનો અનુભોગ લેતી હું તે મારા નેત્રમણી પાછળ પાછળ ગુહાના મુખદ્વાર સમિપમાં આવી ઉભી. અને આગળ માર્ગક્રમણ કરતાં અંધકારનું ભેદન કરી આખરે અમે ઉભય એક આશ્રમ સમીપે આવી પહોંચ્યા. આ સ્થળે ત્રણ ચાર પર્ણકુટીઓ જણાતી હતી. તેની આસપાસ એક નાનો બગીચો ખીલી રહ્યો હતો. શહેરના બગીચાઓ ગમે તેવા સારા અને વિશાળ હોય પણ તે એકાંત બગીચાની પાસે તે હિસાબમાં નથી એમ કહીએ તો ચાલે. તે બગીચાની આસપાસનો રમ્ય પ્રદેશ, વૃક્ષોપરથી કલકલ કરતાં પક્ષીઓનું મધુર ગાન, અને પુષ્પમાંથી રસ ચુમતા ભ્રમરોની ગુંજા તે સ્થલની રમણીયતા ખરેખર દર્શાવતાં હતાં. પર્ણકુટિ સમીપમાં પહોંચતાં એક વૃદ્ધ ઋષિ અને ઋષિપત્નીના ઉષાના ફીકા પ્રકાશમાં મેં દર્શન કર્યાં. ઋષિ પત્નીએ બીજે દિવસે કહ્યું કે બહેન ! આ રાયપુરના યુવરાજ છે અને અત્રે ગુપ્તતાથી નિવાસ કરે છે. એવી વિચિત્ર વાર્ત્તા સાંભળી મારા હૃદયમાં નૈસર્ગિક રીતેજ આનંદ નિર્ઝરનું વહન થવા લાગ્યું. પિતાજી ! તે મારા હિતચિંતક રાજકુમાર સાથે મેં મારૂં વાગ્દાનથી ગાંધર્વ લગ્ન કરેલું છે. પિતાજી ! દુષ્ટ શત્રુસેનનો પરાભવ ન થયો તેમજ આપના પુન્યશીલ મુખકમળના દર્શનથી પણ હું છેક હતાશ બનવાથી મેં તેવો વિલક્ષણ માર્ગ સ્વીકૃત કર્યો છે. બાપુ ! અવિનયને માટે ક્ષમા કરશો. પરંતુ ત્યાર બાદ બે ત્રણ વર્ષમાં તો ઉક્ત ઋષિ દમ્પતિએ પરલોકવાસ કર્યો. હવે તે વિજનસ્થાનની વસ્તીમાં અમે દમ્પતિ માત્ર રહ્યાં. એક દિવસે તે મારા મુકુટમણી ભયંકર અરણ્ય પ્રદેશમાં મૃગયા વિહાર માટે ગયા. પરંતુ

સાયંકાળ પર્યંત પુનઃ આશ્રમસ્થાન પ્રતિ વળ્યા નહિ. આથી મારી હૃદયઉદ્વિગ્નતામાં વૃદ્ધિ થવા લાગી. સાયંકાળ થવાથી ભગવાન સૂર્યદેવ અસ્તાચળ પાછળ કૂદી જવાની તૈયારી કરી રહ્યા હતા, નિશા સુંદરીની ભયાનક કૃષ્ણ છાયા મંદવેગે સમસ્ત જગત્‌માં ગાંભીર્યતાથી પ્રસરવા લાગી હતી, અને પર્વત પ્રદેશની નૈસર્ગિક સૌંદર્યતા ઉપર શ્યામ રંગની ચાદર પથરાવા લાગી. આથી મારા ચિત્તમાં કાંઈક વિશેષ ભયાતુરતા છવાઇ રહી. અત્યારે મને તે મનોરમ પ્રદેશ પણ ભયંકર અને દુઃખદાયક લાગ્યો. તે રમણીય સુંદર સ્થળ પણ અત્યારે મને દુઃખકર જણાતું હતું. પ્રિયજનના દર્શન વિના તે સર્વ નિરથક જણાયું. હું પર્ણકુટીનાં દ્વાર બંધ કરી તે મારા મુકુટમણીની પાછળ પાછળ નિકળી પડી. રસ્તો અનિશ્ચિત અને વિકટ તેમજ અપરિચીત હતો. સ્થળે સ્થળે પત્થર પડેલા હતા અને ખાડા ટેકરા તો અસંખ્ય જણાતા હતા. ચાલતાં ચાલતાં કંટકનાં ભોંકાવાથી જે દુઃખ ઉદ્‌ભૂત થતું હતું તે નિઃસીમ હતું. સર્વત્ર સ્તબ્ધતા અને શૂન્યતાનું એકચક્રે સામ્રાજ્ય વ્યાપી રહ્યું હતું. મંદપ્રકાશી તારામંડળનાં મંદ કિરણો માત્ર આકાશનેજ અપૂર્વ સૌંદર્યધારી કર્યા પછી પુનઃ નભોમંડળમાંજ ચમકી રહેલાં હતાં. એટલામાં ઘનઘોર વૃક્ષરાજીમાં ઉકત ચાર બદમાશોએ આવી મારો રસ્તો ઘેરી લીધો. મારી સામે અંધકારમાં ત્રણ ચાર તરવારોનું તેજ ચમકવા લાગ્યું, એ ઉક્ત ચાર બદમાશો શત્રુસેનના બાતમીદારો હતા, જેની ભયંકર જાળનો ભોગ હું બની હતી. તેમાંથી સુભાગ્યવશાત્ આપે મારી પવિત્રતાની રક્ષા કરી છે. મહદ્‌ભાગ્યની વાત છે કે અત્યારે હું મારા અદ્રશ્ય થયેલા પૂજ્યપિતાના મુખકમળનાં દર્શન કરવાને સદ્‌ભાગી બની છું. તે બદમાશોના મુખથી સદ્‌ભાગ્યે હું જાણી શકી છું કે તે મારા હૃયવલ્લભ, દુષ્ટ શત્રુસેનના કારાગૃહમાં, બંદિવાન બન્યા છે અને સ્વલ્પ સમયમાં તેનો શીરચ્છેદ કરવાની તૈયારી ચાલી રહી છે. અરેરે બાપુ! હું કેટલી મંદભાગિની કે મારા મુકુટમણી દુષ્ટ દૈત્યની ભયંકર કપટજાળનો ભોગ થઈ પડયા છે. હાય! હાય! દૈવ તેં આ શું ધાર્યું છે? શું મારો સૌભાગ્ય-સૂર્ય અસ્ત પામશે?" એમ બોલતી રાજકન્યા પ્રભાવતીનું ચિત્ત ભ્રમિત બની ગયું. તે કેમ જાણે ગાંડી બની ગઈ હોય? "કુમાર! મારા નાથ! ગંધર્વ રાજ!" એવા કરૂણ શબ્દો બોલવા લાગી અને તેના

નેત્રકમળમાંથી આંસુનું પૂર ઉભરાઇ આવ્યું. આવી તેની સ્થિતિ જોઇ રાજાનું હ્રદય અત્યંત વિદીર્ણ થવા લાગ્યું. થોડીવારે શાન્તચિત્ત કરી રાજાએ આશ્વાસન આપવા માંડયું.

"ધૈર્ય ધર બાપુ ! બેટા ! આટલી હતાશ થઇશ નહિ. તે દુષ્ટ શત્રુસેનના અંતિમ દિવસો હવે ભરાઈ ચૂકયા છે. જે દિવસો જાય છે તેમાં સત્વર તેનો વિનાશ થશે. આત્મભોગે હું આજેજ તે દુષ્ટ બદમાશનું શીરચ્છેદન કરી મારી પવિત્ર રાજગાદીને પાવન કરીશ." રાજાએ આશ્વાસનસૂચક વચનો ઉચ્ચાર્યાં.

ત્યારબાદ આવા નિબડ ભયંકર વિજનસ્થાનમાં રાત્રિ નિવાસ નહિ કરતાં ત્યાંથી રાજાની અનુમતિથી સર્વેએ તે સ્થાન છોડી આગળ પ્રયાણ કર્યું. ચાલતાં ચાલતાં એક ભયંકર વનમાં આવી પહોચ્યાં. જ્યાં અગાડી તેમને એક હ્રદયવેધક ધ્વની સંભળાયો અને "પકડો, પકડો, એજ દુષ્ટ નરાધમ રાજા અને તેની હઠીલી પુત્રી પ્રભાવતી ! તેઓ સર્વેને પરહેજ કરો. તેઓને કારાગૃહમાં દાખલ કરો અને કાલે સવારેજ તે સર્વને તોપના ગોળે ઉડાડી મૂકજો." શત્રુસેને ભયંકર આદેશ કર્યો.

રાજ્યાધિપતિ બનેલા શત્રુસેનની આજ્ઞા પ્રમાણે રાજા અને રાજકન્યા પ્રભાવતી સમેત સર્વને શૃંખલાબદ્ધ બનાવી કારાગૃહમાં નાંખ્યા. નરપિશાચ શત્રુસેનના સબળ સૈનિકોના અણચિંતવ્યા આક્રમણથી સર્વ જણાં સપડાઇ ગયાં. રાજકન્યા જો પોતાની સાથે પ્રેમલગ્ન ન સ્વીકારે તો બીજે દિવસે રાજા અને રાજકુમાર વિજયસિંહને તોપના ગોળે ઉડાડી મૂકવાની દુષ્ટ શત્રુસેને આજ્ઞા કરી. બંદીખાનામાં તે ભયંકર આદેશ પ્રભાવતીએ શ્રવણ કરતાં તે સુશીલા સાધ્વી અચેતન હતાશ બનતી ધરણી ઉપર ઢળી પડી. તેના સુંદર શરીર ઉપર સર્વત્ર ધૂળ છવાઇ રહી.

પ્રિય વાચક ! તે અત્યંત કરૂણારસિક દૃશ્યનું સ્મરણ થતાં પત્થર હ્રદયના માનવીનું ચિત્ત પણ ચૂર્ણવિચૂર્ણ બની જાય તો પછી સામાન્ય મનુષ્યની તો વાતજ શું કરવી ? પણ 'મનુષ્ય ધારે છે કાંઇ અને ઈશ્વર કરે છે બીજું.' એ પ્રમાણે પ્રભાવતીનો હ્રદયવલ્લભ અને પિતા ઉભય બદમાશ શત્રુસેનના તોપના ગોળે ચડી ચૂકેલા પણ કેવી અદ્દભૂતતાથી સદાને માટે બચી જાય છે તે પરમકૃપાળુ જગન્નિયંતાના અદ્દભૂત ચમત્કારનું અવલોકન કરવા ચાલો આપણે હમણાં તો વધસ્થાન ભણી વળીએ.

પ્રકરણ ૨૮ મું.

મનસા ચિંતિતં કાર્યં દૈવં અન્યત્ર ચિંતયેત્ ॥

કર્મ અરે અતિ ગહન ગતિ તારી;
કઠણ પ્રસંગે રાખવું મન વારી. (મળેલું)

અત્યારે સાયંકાળનો સમય હતો. દુષ્ટ શત્રુસેને કરેલા અતીવ અત્યાચારને લીધે મહારાજા કનકસેનનું મગજ ભ્રમી રહ્યું હતું. સૂર્યનાં મૃદુ કિરણોને લીધે સમીરનો શીતળ પ્રવાહ ત્વચાને માધુર્યભરિત લાગતો હતો, છતાં પણ અત્યારે આવી પડેલા વિકટ વિપદ્ પ્રસંગને નિહાળી મહારાજા કનકસેનનું હૃદય દુઃખનિમગ્ન બની રહ્યું હતું અને તે ભયંકર અત્યાચારને નિહાળી ભગવાન સૂર્યદેવ પણ અસ્તાચળ તરફ ત્વરિત ગતિએ પ્રયાણ કર્યે જતા હતા. ઉત્કટ વિકરાળ આંખોવાળા, ભયંકર આકૃતિવાળા અને કૃષ્ણ વસ્ત્રધારી સૈનિકોથી બંદીવાન બનેલા મહારાજા કનકસેન અને રાજકુમાર વિજયસિંહજીને તોપના ગોળે ઉડાડી દેવા માટે વધસ્થાનમાં લાવી ઉભા કર્યા હતા; છતાં પણ સાધ્વી સુશીલ રાજકુમારી પ્રભાવતી પોતાની પવિત્ર ભાવનારૂપ અંતિમ સ્ત્રીહઠનો પરિત્યાગ કરવામાં કિંચિત્ પણ ચલાયમાન થઇ નહિ, એટલે ક્રોધપૂર્ણ બનેલા શત્રુસેને તોપચીને તોપના ગોળે ઉભય રાજપુરૂષોને ઉડાડી મૂકવાનો ભયંકર આદેશ સંભળાવી દીધો. અહા ! કેટલો ગજબ ! કેટલો હૃદયદ્રાવક પ્રસંગ ! કેવી શોચનીય સ્થિતિ ! રાજસુતા પ્રભાવતી તારૂં પણ કેટલું દૌર્ભાગ્ય ! ત્રાસ અને અન્યાય નિહાળી ક્રોધાક્રાન્ત સૂર્યદેવ જોતજોતામાં અસ્તાચળ પાછળ લોપ થઇ ગયા. સર્વત્ર શૂન્યકાર જણાવા લાગ્યો. ક્યારેક ક્યારેક કોઇ ઘોરઘટા-વિસ્તારી રહેલા વૃક્ષમાં ભયંકર પક્ષી ચિત્કાર કરી શાન્તતાને ભગ્ન કરી રહ્યું; પણ દૈવબાળા પ્રભાવતીના સૌભાગ્ય સૂર્યને શત્રુસેનરૂપ રાહુ ગ્રાસ કરે તે પૂર્વે કાંઇક ચમત્કાર થયો કે જેના પ્રભાવથી ઉભય રાજરત્નો સદાને માટે જીવન ધરાવતા થઇ રહ્યા. તે અદ્ભૂત ચમત્કાર શાનો ? તે ઉભય રાજપુરૂષોના પ્રાણનું રક્ષણ કોણે કર્યું ?

રાજકુમાર ચંદ્રસિંહજી સાથે રાજકુમારી સૌભાગ્યવતીનું લગ્ન રાજગઢમાં ધામધુમથી થવાની વાર્ત્તા આપણે પૂર્વકથા વિભાગમાં અવલોકન કરી ગયા છીએ અને આથી કેટલાક દિવસો શહેરમાં તેને મેમાન તરીકે રાખી આખરે તેના પિતાનું રાજ્ય તેને સમર્પણ કરવા અને રાજા તરીકે સમસ્ત પ્રજાવર્ગમાં પ્રસિદ્ધિમાં મૂકવા રાજા મદનસિંહ રાજકુમાર ચંદ્રસિંહજી સમેત આકસ્મિક રીતે અત્યારે કનકપુરની સરહદમાં આવી પહોંચ્યા હતા. માર્ગમાંજ પ્રવાસીજનોએ તેમને ઉપલી બાબત નિવેદ કરી હતી એટલે એકદમ સૈનિકોની વિશાળ ટુકડી સમેત બરાબર અણીને વખતે વધસ્થાન આગળ તે બન્ને જણા આવી પહોંચ્યા અને તુર્તજ પિસ્તોલના કર્ણવેધક પ્રહાર કરી તોપચીઓને યમસદનમાં પહોંચતા કરી દીધા. અહા ! એકાએક આશો ચમત્કાર ? એ પ્રશ્નના મહત્વે સર્વ પ્રેક્ષકોના હૃદયમાં ગુંચવાડો ઉત્પન્ન કર્યો. પ્રેક્ષક વર્ગમાંથી કોઇ કહે એ તો સ્વર્ગના દેવતાએ સહાયતા કરી; ત્યારે કોઇ કહે, પાપીષ્ટના પાપકર્મોથી કંટાળો આવવાથી કુપિત થયેલા સાક્ષાત યમરાજે આ દુષ્કાર્યનો પરિહાર કર્યો છે; ત્યારે કોઇ કહે લુંટારાનું ધાડું આવ્યું. એવો કોલાહલ અને ધમસાણુ સર્વત્ર મચી રહ્યું હતું, એટલામાં રાજકુમાર ચંદ્રસિંહજીએ અશ્વ ઉપરથી ઉતરી મહારાજા કનકસેનને સપ્રેમ સકોતુક દંડવત પ્રણામ કર્યા. રાજા પણ સાનંદાશ્ચર્યમાં ગરક બનતો સૂર્યના ઝાંખા પ્રકાશમાં પુત્રને ચકોરીવત્ એકાકાર દૃષ્ટે આનંદપૂર્વક નિહાળી રહ્યો. રાજાએ પ્રેમપૂર્વક પુત્રને પોતાની પ્રબળ ભુજાઓમાં સત્વર ભીડીને આલિંગન આપ્યું. ઉભય પિતા પુત્રનાં નેત્રો પ્રેમાશ્રુથી દ્રવવા લાગ્યાં. કેટલીકવાર સુધી ઉભયનાં મુખ અવાચ્યજ રહ્યાં. ત્યાર બાદ રાજગઢાધિપતી સાથે રાજા કનકસેન સપ્રેમે ભેટી પડયો. એ રીતે ઉભય રાજકુટુંબોમાં વૈરને સ્થાને નિર્મળ પ્રેમનિર્ઝરનું વહન થઇ રહ્યું. અહા ! અત્યારનો સુખકર પ્રસંગ અત્યંત પ્રમોદપૂર્ણ અને ચિત્તરંજક હતો. સાક્ષાત ગતપ્રાણ થયેલો એકનો એક પુત્ર જેમ વૃદ્ધ પિતાને સ્વર્ગમાંથી ઉતરી આવી પુનઃ ભેટે અને જે આનંદથી તે વીરહી પિતાનું હૃદય ઉછળે, તદ્દવત અપૂર્વ આનંદ સાગરમાં ઉભય રાજકુટુંબો સ્નાન કરી રહ્યાં. પાપાત્મા શત્રુસેનને મહારાજા મદનસિંહજીની ફર્માસથી

સત્વર શૃંખલાબદ્ધ બનાવી કારાગૃહમાં કેદ કર્યો. અને કનકસેન મહારાજાની ફરમાશથી સત્વર પોતાની પુત્રીને તથા કિશોરલાલ અને તેની પ્રિયતમાને કારાગૃહમાંથી મુકત કરવામાં આવ્યાં.

મહારાજા કનકસેને પુનઃ રાજ્યારૂઢ થવાની પોતાની અનિચ્છા જણાવી અને વાનપ્રસ્થાવસ્થામાં દિવસો પસાર કરવાની પોતાની ઉત્કટ અભિલાષા વ્યકત કરી. આ કથાની નાયકા કુમુદા અને કાન્તા પરસ્પર સપ્રેમ સકૌતુક ભેટી રહ્યાં. કિશોરલાલ અને કાન્તીલાલ પણ પ્રેમાર્દ્રતાથી કુતૂહલતાપૂર્વક પરસ્પર ભેટી પડયા અને તેઓ પણ પૂર્વોકત અલૌકિક આનંદસાગરમાં ડુબી રહ્યા. ઉભય દમ્પતિએ પોતપોતાની દુઃખકથાઓ પરસ્પર વ્યકત કરી અને છેવટે પ્રભુકૃપાથી સર્વે ઉદ્ભૂત થયેલા દુઃખપ્રસંગોનો લય થયો. તેઓનો મનસંતાપ પરિશાન્ત થઈ ગયો.

કિશોરલાલે રાજબાળા પ્રભાવતીના સંકટ ઉત્ક્રમણ વખતે પોતાના પ્રાણ વિસર્જનની પણ તૈયારી કરી હતી, તે અદ્ભુત આનંદવાર્તા રાજબાળા પ્રભાવતીએ અત્યારે રાજકુમાર ચંદ્રસિંહજીને નિવેદન કરતાં રાજકુમારે તેનો અતિશય આભાર માન્યો, અને તે વાસ્તે કિંચિત્ બદલો અત્યારના સુખમય પ્રસંગે સમર્પણ કરવાની પોતાની અભિલાષા વ્યકત કરી, તેને પોતાના સૈન્યાધ્યક્ષનો હોદ્દો આપ્યો. વળી કાન્તીલાલને પણ તેની ચાલાકીને લીધે પોતાના દિવાનપદનો ઉચ્ચ અને ગંભીર હોદ્દો નિયત કર્યો.

અહા ! પ્રિય વાચક ! કેવો અવનવો બનાવ ! આજ રીતે આ સમસ્ત જગત રેંટમાળવત ભ્રમી રહ્યું છે. તડકા અને છાંયા માફક પ્રાણી માત્ર સુખ દુઃખ સિંધુમાં ડુબાડુબ બની જાય છે. એ વિશ્વના નિયામક પરમકૃપાળુ પ્રભુની વિચિત્ર અને અતીવ અદભુત નાટયલીલાનો વિસ્તાર છે એમ ધારી હર્ષશોકના પ્રવાહમાં ન આકર્ષાતાં મનસંયમ કરી ઈશ્વરના ગુણાનુવાદમાં લીન બનવું એજ પરમ સુખની વાત છે. ખરેખર દૈવની ગતિનો પાર પામવાને કોઇ સમર્થ નથી એ નિર્વિવાદજ છે.

પ્રકરણ ૨૯ મું.

T'is not in fate to harm me,
While fate leaves thy love to me;
T'is not in you to charm me,
Unless joy be shared with thee.

—*Moore.*

પ્રાતઃકાળનો વખત છે, ગ્રીષ્મં ઋતુ ચાલતી હોવાથી સૂર્યનો તાપ ત્વચાને દુઃખકર લાગે છે, ઉષા સુંદરી અરૂણોદયથી માધુર્યતા અને સૌંદર્યતા અનુભોગી રહી છે, મંદ મૃદુગતિથી વહન થતા અનિલ દેવની લહરીઓવડે રાજમહેલના ઉચ્ચ અને ભવ્ય શિખર ઉપરની પતાકા ફરફરી રહી છે. આજે રાજકુમાર ચંદ્રસિંહજીને રાજ્યારૂઢ થવાનો માંગલિક દિવસ હોવાથી કનકપુર નગરમાં મનુષ્યોનો સ્થળે સ્થળે મેળો ભરાયો છે, અને નગરજનોમાં ઉભરાતો ઉત્સાહ એથીજ પ્રતીત થાય છે કે ઘેરઘેર વિવિધ રંગનાં તોરણો લટકી રહ્યાં છે. કોઇ કોઇ સ્થળે વાદ્યયંત્રોનો મધુર કર્ણરોચક સ્વર શ્રોતાના ચિત્તને આનંદ મુગ્ધ–પ્રમુદીત કરી રહ્યો છે. રાજમહાલયના વિશાળ મકાનમાં તો આજના મંગળમય પ્રસંગે આસોપાલવનાં અને મોતીનાં તોરણો લટકી રહ્યાં છે. અત્યારે રાજમહેલના ભવ્ય હોલમાં દરબાર ભરાયો છે. સભાગૃહ લંબચોરસ અને વિશાળ છે. અને સ્થળે સ્થળે ગાદી તકીયાના વિરામાસનો અને ખુરશીઓની હાર લાગી રહી છે. દિવાલ સમીપમાં રાજ્યસિંહાસન છે. તેની બાજુમાં એક પ્રશસ્ત મંચ Sofa જણાય છે. તેના ઉપર મૂલ્યવાન જરીયન ગાદી બીછાવી છે અને આ વિરામાસન ઉપર મહારાજા મદનસિંહ બિરાજ્યા છે. તેને જમણે પડખે કનકપુરના વયોવૃદ્ધ અને જ્ઞાનવૃદ્ધ મહારાજા કનકસેન અને ડાબે પડખે રાજકુમાર ચંદ્રસિંહજી બિરાજેલા છે. તેની આસપાસ પૃષ્ટ ભાગે ચમર ઢોળનાર વાયુ નાંખનાર ઇત્યાદિ ખીદમતગારો ઉભા રહ્યા છે. નગરના ધનાઢ્ય શાહુકારો, અધિકારીઓ અને રાજવંશી પુરૂષો ઈત્યાદી સુંદર પોશાકમાં ઉપસ્થિત થયા છે. બદમાશ શત્રુસેનને પણ શૃંખલાબદ્ધ સ્થિતિમાં પિંજરામાં ઉભો

કરેલો જણાય છે. તેની આંખોમાં પશ્ચાત્તાપદર્શક અશ્રુબિન્દુઓ ઉભી આવ્યાં છે. મંગળ અને ચિત્તરંજક વાદ્યના ભિષણુ માધુર્યભરીત ધ્વની અને પવિત્ર મંત્રોચ્ચાર વચ્ચે મહારાજા મદનસિંહે રાજકુમાર ચંદ્રસિંહજીને સર્વની સંમતીને અનુલક્ષી ધામધુમ સહિત તેના પૂર્વજોની ગાદી ઉપર બેસાડયો અને ત્યાર બાદ ગાંભીર્યતાદર્શક પણ ખિન્ન અને ક્રોધભરિતવદને નીચે પ્રમાણે ભાષણ કર્યું.

"મહારાજા કનકસેન! વ્હાલા ચંદ્રસિંહજી! સરદારો અને મારી વ્હાલી પણ રંક પ્રજા! આજના આ માંગલિક અને આલ્હાદજનક પ્રસંગે રાજકુમાર ચંદ્રસિંહજીને તેમના પિતાનું રાજ્ય સુંપ્રત કરતાં મારા હ્રદયમાં જે આનંદ ઉભરાય છે તેનું વર્ણન કરવું અશકયજ છે. આવા એક મહા ચાલાક અને વીર રાજપુરૂષે મારી એકનીએક લાડકવાઈ પુત્રી સૌભાગ્યવતીનું બદમાશના હાથમાંથી સંરક્ષણ કર્યું છે. કહો કે મારી ઉજ્વલ ઈજ્જતનું પ્રતિપાલન કર્યું છે. તે પણ તે રાજકુમારના અપ્રતિમ રૂપગુણથી મુગ્ધ બનેલી છે. કહો કે તેને વરી ચૂકી છે; આજે તે મારા જામાત્ર અને કનકપુરના ભાવી રાજાને મારા હાથે રાજ્યારોહણ કરવાનું માન-ગૌરવ દૈવવશાત્ મને મળતાં હું મારા જીવનની સફળતા થયેલી જોઉં છું. દુષ્ટ, નરાધમ, નરપીશાચ! નિષ્ઠુર હ્રદયના શત્રુસેને મારૂં લુણ ખાઈ મારી સાથેજ દુષ્ટાચાર કર્યો છે. તેનાં અનેક કુકર્મોનું વર્ણન કરતાં મારૂં હ્રદય કંપાય છે. આ રાજધાનીનું નગર તે બદમાશના હાથ જવાથી મહાન અનર્થ થયા છે. નગરની નવયૌવન તરૂણીઓ તો તેના અપરિમિત સંકષ્ટ અત્યાચારથી અત્યંત વિલાપવિલાસીની અને શોકમુગ્ધ બની ગઇ છે. એ દુ:ખપ્રસંગનું હ્રદયદ્રાવક દ્રશ્ય મારી ચર્મચક્ષુ સમક્ષ પ્રત્યક્ષ થતાં મારા નેત્રોમાંથી અગ્નિકણો અને ઉષ્ણુ અશ્રુબિન્દુઓજ વહન થાય છે. કલ્પનાશકિતને પ્રસ્ફુટિત કરીને શરીરનાં રોમાંચ ખડાં થાય એવાં તેના પાપશીલ દુષ્કૃત્યોનું વર્ણન સાંભળીને મારૂં હ્રદય ભમી જાય છે. તે બદમાશની ક્રુરતાને માટે તેના શરીરની જીવતાંજ ત્વચા ઉતારી નાખવામાં આવે કિંવા તેને શૂળી પર ચડાવીએ તોપણ તે શાસન ઓછુંજ છે; એટલે તેને હવે જીવીતદાન આપવું તે

સર્વથા અનુચિતજ લેખાશે. પરંતુ તેને કેવા પ્રકારનું શાસન કરવું તે માટેની સત્તાતુલ્ય હું રાજપુરૂષ **ચંદ્રસિંહજીનેજ** સમર્પણ કરૂં છું, અને રાજમણી **ચંદ્રસિંહજીને** હું અંતિમ નિવેદન કરૂં છું કે બદમાશ **શત્રુસેનને** કલહ પ્રિય અને કુલાંગાર રાજ્યરીપુ ધારી દેશનિકાલનું દયાશીલ શાસન તો ત્વરીતપણે કરવું એ ઉચિતજ થઈ પડશે.”

મહારાજા **મદનસિંહજીનું** ઉપર પ્રમાણેનું સ્તુત્ય ભાષણ સાંભળીને સમસ્ત રાજસભા સ્તબ્ધ અને આશ્ચર્યચકિત બની રહી. તેમના વચનોમાં ન્યાયશીલતા અને હૃદયમાં દયાનો સંચાર જણાવવા લાગ્યો. આ પ્રમાણે એક છટાદાર પણ ટુંક ભાષણ કર્યા બાદ પોતાની વૃદ્ધાવસ્થાથી ઉચ્છ્વાસીત બનેલા મહારાજા **મદનસિંહજી** પોતાના વિરામાસન ઉપર બેશી ગયા. ત્યારબાદ સિંહાશન ઉપરથી ઉઠી રાજકુમાર–ભાવી રાજા **ચંદ્રસિંહજીએ** એક આવેશયુક્ત અને ગાંભીર્યતા ભરિત ભાષણ કર્યું.

“મારા પુજ્યપિતા ! અને પિતાતુલ્ય મહારાજા **મદનસિંહજી** ! સરદારો અને મારી પ્રાણાધીક પણ રંક પ્રજા ! આવા મહદ્ મંગળમય પ્રસંગે જે આનંદનું પુર મારા હૃદયમાં ઉભરાય છે તે કેવળ અવર્ણનિયજ છે. મારા વૃદ્ધ પિતાજીએ પુનઃ રાજ્યારૂઢ થવાની અનિચ્છા દર્શાવતાં **રાજગઢના** મહારાજાના વરદ હસ્તે મને મારા વડિલોનું રાજ્ય પ્રાપ્ત થતાં હું મારૂં અહોભાગ્ય માનું છું. આજે દીર્ઘ કાળે પણ મારી રંક અને વફાદાર નિર્દોષ પ્રજા નરાધમ **શત્રુસેનના** અત્યાચારથી મુક્ત થયેલી જોતાં મને અલૌકિક આનંદ થાય છે. પ્રજા એ જ રાજાને પ્રતિભાવિકાસી અને બળવાન બનાવે છે, અને કવચિદ્ રાજ્યગાદીથી ભ્રષ્ટ પણ બનાવી શકે છે. મ્હેં એવા ઘણા ગ્રંથો કે જેમાં આવા દાખલા હોય તેનું અવલોકન કર્યું છે, માટેજ હું પ્રજાને મારા પ્રાણથી પણ વિશેષ પ્રિય લેખું છું. મારી નિર્દોષ અને રંક પ્રજા ઉપર દુષ્ટ બદમાશોએ જે અત્યાચારો કર્યા છે તેનું હૃદયંગમ સ્મરણ થતાં મારા હૃદયના કટકે કટકા થઇ જાય છે. ધિક્કાર છે તે બદમાશને તથા તેનાં પાપકર્મોને અને તે સાથે તેના વીરોચીત ઉપનામને ! આજે

તે બદમાશરૂપ કંટક દૂર થયો છે અને તેની સાથે તેના ઘાતકીપણાનો પૂરો બદલો આપવાની તક પણ સમીપમાંજ ઉદ્દભૂત થયેલી છે. ટૂંકમાં હવે હું નિવેદન કરીશ કે પ્રજાપાલન એજ મારૂં કર્ત્તવ્ય અને પ્રાણ છે; અને એજ રાજધર્મને મારા જીવનની અંતિમ ઘડી પર્યંત પાલન કરવાને હું તૈયાર છું. પાપાત્મા શત્રુસેન જો કે તેના અત્યાચારના પરિણામે પ્રાણ દંડના સાશનને પાત્ર છે તો પણ દયાશીલ મહારાજા મદનસિંહજીની અનુમતી પ્રમાણે હું તેને દેશનિકાલની સજા ફરમાવું છું. એટલે તેણે સત્વર મારા રાજ્યની હદબહાર ચાલ્યા જવું અને પુનઃ મારા રાજ્યમાં પગ ધરવો નહિ. અને મ્હારા ચાલાક મિત્ર મી. કાન્તીલાલને મારા અમાત્યનો હોદ્દો હું અર્પણ કરૂં છું. કારણ અદ્યાપિ પર્યંતના તેમની સાથેના સહવાસથી હું એવી માન્યતા ધરાવતો થયો છું કે આ ચાલાક અને ન્યાયનિપુણ તરૂણ તે પદને ઉજ્વલીત અને શોભાસ્પદ બનાવશે. વળી રાજબાળા ભગિની પ્રભાવતીનું રક્ષણ કરનાર નરવીર કિશોરીલાલે પણ જે વીરોચીત પરાક્રમ દાખવ્યું છે તે પુણ્યપ્રદ સત્કર્મના કિંચિત્ બદલામાં હું તેમને મારા સૈન્યાધ્યક્ષનો હોદ્દો આપું છું.”

રાજરત્ન ચંદ્રસિંહજીએ ઉપર પ્રમાણે આવેશયુક્ત અને પ્રજાવત્સલતાદર્શક ભાષણ કર્યા બાદ પોતાની બેઠક લીધી. ત્યારબાદ સુશોભિત અને વિશાળ દરબાર ગૃહમાંથી ‘રાજકુંવરનો જય’ ‘ભાવી મહારાજાનો જય !’ એવા પ્રજાજનોના હર્ષ ભરેલા પ્રમુદીત ધ્વની વચ્ચે દરબાર જોતજોતામાં વીખરાઇ ગયો.

પ્રિય વાચક ! વિપદમાંથી મુક્ત થયા પછી નિરાશાવૃત **કાન્તીલાલ અને કિશોરીલાલ તેમની હ્રદયવલ્લભાઓ સમેત આખરે સુભાગ્યવશાત્ સૌખ્ય અને શાન્તિના રાજ્યવિભવમાં પ્રવેશ પામ્યા. ત્યારબાદ પોતાના આત્મીયજનોને પણ તેમણે બોલાવી ત્યાંજ રાખ્યાં. એ રીતે આ વાર્તાની નાયકા કુમુદા અને કાન્તા પતિરૂપ પ્રભુના પવિત્ર પદકમળની સેવામાં વ્યાપ્ત રહી, અને Virtue will shine at last (છેવટે સદ્દગુણજ ચળકી રહે છે, અર્થાત્ ધર્મનો જય થાય છે.) એ જન**

)

વણુ આ સ્થળે પ્રત્યક્ષ થઈ,
, સ્નેહ અને પ્રીતિને લીધે કેવી
...ના આર્ય યૌવનાઓ સુખ-સંપત્તિના
...ર્ગ ગમન કરે છે, વળી પતિ પ્રેમને માટે દુનિયાના
...ા વિભવને તિલાંજલી આપે છે, તેજ વિશુદ્ધ પ્રેમની
...ને કાંઈક ઝાંખી કરાવી છે. અને આ વાર્તાના છેવ-
ટમાં અમ...ા પ્રભુના પૂન્યશીલ પદકમળમાં અંતિમ યાચના
એટલીજ છે કે પ્રભુ! અમારા ભારતને નીચેની છ ચીજો આપે.

Sufficient wealth, unbroken health a friend,
A wife of gentle speech, a do-cile son;
And learning that subserves some useful end,
These are a living man's six greatest blessings.

Mahabharat.

સમાપ્ત.

આ પુસ્તક **અમદાવાદ**–સાંકડીશેરી–હજીરાની પોળ વાળી **એમ. એમ. પટેલની કંપની.** કે જે પ્રીન્ટીંગ એજન્સીનું કામ ઘણીજ સંતોષકારક રીતે કરે છે, તેમના મારફત છપાવવામાં આવ્યું છે.